संस्कृतछायोपेतं, सटीकगूर्जरानुवादसमन्वीतं,
'बोधिपताका' टीकया समलङ्कृतं

# सम्यक्त्वरहस्यप्रकरणम्



-: ग्रन्थसङ्कलनकर्ता :-

सुगृहीतनामधेयाः शास्त्रज्ञशिरोमणयश्च
पूज्यपादाः पूर्वाचार्यश्री सिद्धसेनसूरीश्वराः

-: टीकारचयिता :-

मुनिर्हितवर्धनविजयः

॥ चत्तारि अट्ठ दस दोय वंदिया जिणवर चउव्वीसं ॥

"बोधिपताका" टीकया समलङ्कृतं

सटीक गूर्जरानुवादोपेतं

संस्कृतछायासमन्वीतं

पू. पूर्वाचार्यवर्यश्रीसिद्धसेनसूरीश्वरेण सङ्कलितं

# सम्यक्त्वरहस्यप्रकरणम्



-: टीकाकारश्छायाकर्ताचानुवादयिता :-


तपोगच्छाधीशानां, संविग्ननिर्ग्रन्थाऽग्रणीनां,

पू.आ.दे. श्री वि. **रामचन्द्रसूरीश्वराणां** प्रशिष्याऽवतंस-

पू. गुरुदेव श्री **भव्यवर्धनविजयमहाराज्ञामन्तेवासिनां**

पू. गुरुदेव श्री **मङ्गलवर्धनविजयमहाराज्ञां** शिष्यः

**मुनिर्हितवर्धनविजयः**

# ग्रन्थसंस्तवः ।

- ग्रन्थाऽभिधानम् : **सम्यक्त्वरहस्यप्रकरणम्** ।
- ग्रन्थस्य गाथामानम् : ६६ / षट्षष्टयः
- भाषा : पाकृतम्पद्यबद्धम् ।
- विषयसङ्केतः : सम्यग्दर्शनस्य स्वरूपं दोषपरिहरणं विवक्षाभेदेन भेदभिन्नत्वम्माहात्म्यञ्च फलदातृत्वम् ।
- ग्रन्थकर्तारः : पू. पूर्वाचार्यवर्यश्री सिद्धसेनसूरीश्वराः ।
- कालनिर्णयः : नैतन्निश्चेतुं शक्यते साधनाऽभावात् ।
- ध्यानाकर्षकं पदम् : इदम्प्रकरणं हस्तप्रतिभ्यः संशोध्य प्रथममेव प्रगटीक्रीयते ।

✡ ✦ ✡

- टीकाऽऽह्वयम् : **'बोधिपताका'**
- टीकारचयिता : मुनिर्हितवर्धनविजयः
- भाषा : संस्कृतम् । गद्यबद्धम्
- टीकायाः श्लोकमानम् : प्रत्यक्षरगणनया किञ्चिदधिकानि विंशत्यधिकाऽष्टशतानि / ८२० श्लोकाना - मनुष्टुपः ।
- टीकारचनाकालः : विक्रमाऽर्कस्य २०६६ तमेऽब्दे, वीरजिनस्य २५३६ तमेऽब्दे, इसुख्रिष्टस्य २०१० तमेऽब्दे ।
- ऐतिह्यमवलोकनम् : ग्रन्थस्याऽस्यैकाऽपि वृत्तिर्नोपलभ्यतेऽतो निर्णीयते यदुताऽस्मिन् प्रकरणे प्रथमैव वृत्तिः 'बोधिपताका' ।
- वैशिष्ट्यम् : प्रस्तुतायां वृत्त्यां श्वेताम्बर - दिगम्बर - परम्पराया अनेकेषां शास्त्राणां शताधिकद्वात्रिंशत्प्रमीतानि/१३२ साक्षिस्थानानि सन्निहितानि सन्ति ।

॥ चत्तारि अट्ठ दस दोय वंदिया जिणवर चउव्वीसं ॥

'बोधिपताका' વૃત્તિ વડે સમલંકૃત,
પૂજ્યપાદ, પૂર્વાચાર્ય શ્રી સિદ્ધસેનસૂરીશ્વરજી મહારાજા દ્વારા
સંકલિત

# સમ્યક્ત્વ રહસ્ય પ્રકરણ

(સંસ્કૃત છાયા તથા સટીક ગૂર્જરાનુવાદ સહિત)


: ટીકાકાર તથા ભાવાનુવાદકાર :

નિર્ગ્રન્થશ્રમણપરંપરાના જાજવલ્યમાન નક્ષત્ર સમાન,
પૂ.આ.દે. શ્રી વિ. **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના પ્રશિષ્યરત્ન,
પૂ. ગુરુદેવ શ્રી **ભવ્યવર્ધનવિજયજી** મહારાજના શિષ્યરત્ન,
પૂ. ગુરુદેવ શ્રી **મંગલવર્ધનવિજયજી** મહારાજના શિષ્ય,
**મુનિ હિતવર્ધનવિજય**

: ટીકા સંશોધક :

સ્વ-પર શાસ્ત્ર વિશારદ,
**પૂ.આ.દે. શ્રી વિ. ચન્દ્રગુપ્તસૂરીશ્વરજી મહારાજ**

## ગ્રંથ પરિચય

| | | |
|---|---|---|
| ✧ ગ્રંથનું નામ | : | **सम्यक्त्वरहस्यप्रकरणम् ।** |
| ✧ ગ્રંથનું ગાથામાન | : | છાસઠ / ૬૬ |
| ✧ ભાષા | : | પ્રાકૃત (પદ્ય) |
| ✧ વિષય | : | સમ્યગ્દર્શનની વ્યાખ્યા, કરણીઓ, અતિચાર પરિહાર, માહાત્મ્ય અને ફળશ્રુતિ... |
| ✧ ગ્રંથકાર | : | પૂ. પૂર્વાચાર્યવર્ય શ્રી સિદ્ધસેનસૂરીશ્વરજી મહારાજા |
| ✧ ગ્રંથરચનાનો સમય | : | પર્યાપ્ત સામગ્રીના અભાવમાં નિર્ણય કરી શકાય તેમ નથી. |
| ✧ ધ્યાનાકર્ષક બાબત | : | પાંડુલિપિઓમાંથી સંશોધિત થઈને આ ગ્રંથ પહેલ વહેલો પ્રકાશિત થઈ રહ્યો છે... |

✡ ✦ ✡

| | | |
|---|---|---|
| ✧ ટીકાનું નામ | : | **'बोधिपताका'** |
| ✧ ટીકાકાર | : | મુનિ હિતવર્ધનવિજય |
| ✧ ટીકાની ભાષા | : | સંસ્કૃત (ગદ્ય) |
| ✧ ટીકાનું શ્લોકમાન | : | ૮૨૦/આઠસોને વીશ અનુષ્ટુપ શ્લોકોથી કંઈક વધુ. |
| ✧ ટીકારચનાનો સમય | : | વિક્રમ સંવત-૨૦૬૬, વીર સંવત-૨૫૩૬, ઈ.સં.૨૦૧૦ |
| ✧ ઐતિહાસિક નિરીક્ષણ | : | મૂળ ગ્રંથ ઉપર અદ્યાવધિ એક પણ ટીકાની રચના થઈ નથી તેથી 'बोधिपताका' વૃત્તિ પ્રસ્તુત ગ્રંથ ઉપરની પ્રથમ વૃત્તિ હોવાનો નિર્ણય થાય છે. |
| ✧ વૈશિષ્ટ્ય | : | પ્રસ્તુત ટીકામાં શ્વેતાંબર/દિગંબર પરંપરાના અનેકાનેક શાસ્ત્રગ્રંથોના એકસોને બત્રીશ / ૧૩૨ સાક્ષી પાઠો આપવામાં આવ્યાં છે. |

## સુકૃત અભિલાષી

રાજસ્થાન - ગઢશિવાના નિવાસી

**બાગરેચા પાતુબાઈ સોનમલજી પરિવાર**

**સુપુત્રો :** પારસમલ, જસરાજ, ચંપાલાલ, ભંવરલાલ

મોહનલાલ, ખીમરાજ, પુત્રવધૂ : કાજુબેન

**પૌત્ર :** કમલેશ, ચેતન, પ્રકાશ

**પૌત્રવધૂ :** સંગીતા, મંજૂ, અનીતા

**પ્રપૌત્ર :** ચિરાગ, દર્શન, મોક્ષેશ, પ્રશમ,

નિધિ, પલક, દીપા, યશ્વી

**પૌત્રી :** લલિતા, મંજૂ, પ્રવીણા

એવં સમસ્ત બાગરેચા પરિવાર

**ફર્મ : બાગરેચા પ્રકાશકુમાર જસરાજ - વાપી (ગુજરાત)**

**सटीक - सभावानुवाद**

**सम्यक्त्वरहस्यप्रकरणम्** ના

પ્રકાશનનો સંપૂર્ણ લાભ આપે પ્રાપ્ત કર્યો છે.
આપના આ પવિત્ર સુકૃતની વારંવાર અનુમોદના કરીએ છીએ
અને ભવિષ્યમાં પણ આપ આ જ રીતે સુકૃતોની શ્રેણિ રચતાં રહો એવી
શુભકામના પાઠવીએ છીએ.

**- કુસુમ-અમૃત ટ્રસ્ટ, વાપી**


-: પ્રકાશક + પ્રાપ્તિસ્થાન :-

**કુસુમ-અમૃત ટ્રસ્ટ**

શાંતિનગર, અલકાપુરી, વાપી (વેસ્ટ)-૩૯૬ ૧૯૧.

**રોહિતભાઈ : ૯૮૨૪૧ ૯૬૫૨૫**

**હરીશભાઈ : ૯૮૨૪૦ ૯૬૫૨૪**



✦ **આવૃત્તિ** : પ્રથમ

✦ **પ્રતિ** : ૭૦૦

✦ **પ્રકાશન** : વિ.સં. ૨૦૬૬, ભા.વ.-૩,
રવિવાર, ૨૬-સપ્ટેમ્બર, ૨૦૧૦

✦ **પ્રકાશન સ્થળ** : લલિતાબેન લલ્લુભાઈ ઝવેરી આરાધના ભવન
સાળવીના આદીશ્વર ભગવાન જૈન મંદિર
છાપરીયા શેરી જૈન સંઘ, સુરત.

✦ **નોંધ** : આ ગ્રંથ સંપૂર્ણતયા સ્વદ્રવ્યના વ્યય દ્વારા પ્રકાશિત થયો છે તેથી તેને ચતુર્વિધ શ્રી સંઘમાં સર્વત્ર સાદર સમર્પિત કરવામાં આવશે. જેમને ખપ હોય તેમણે રુબરુ અથવા પત્રના માધ્યમે ગ્રંથ મંગાવી લેવો.

✦ **મુદ્રક** : ***Tejas Printers***
F/5, Parijat Complex, Swaminarayan Mandir Road, Kalupur,
**AHMEDABAD**-380 001. • **(M) 98253 47620** • **PH. (O) (079) 22172271**

હજ્જારો ભવ્યોના અંતરમાં સમ્યગ્દર્શનનો
રત્નદીપક પ્રગટાવનારાં,

**પૂ.આ.દે.શ્રી.વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**




द्वेषं व्रजन्ति सहसा जिनशासनेऽपि,
ये हन्त ! मन्दमतयस्त्वयि शास्त्रपाणौ ।
भक्तिं तथा त्वयि गुरौ हृदये दधन्तो
भव्या व्रजन्ति तरसाऽप्यजरामरत्वम् ॥२१॥

- कल्याणमन्दिरपादपूर्तिकाव्यम् ।

સંયમ, સમતા અને સરળતાના સ્વામી,


**પૂ. ગુરુદેવ શ્રી ભવ્યવર્ધનવિજયજી મહારાજ**




વૈરાગ્ય ને સંવેગની સ્થિરતા અનુપમ ઉલ્લસે...
સિદ્ધાંતની નિષ્ઠા જીવનમાં દિન ને રાતે વસે...
ગુણલક્ષ્મી એવી આપની આત્મા અમારો અભિલષે..
**શ્રી ભવ્યવર્ધનવિજયજી નયને વસે હૃદયે વસે... ॥**

વિક્રમની ૧૫મી શતાબ્દીમાં લખાયેલી સમ્યક્ત્વરહસ્યપ્રકરણમ્ પ્રતની ફોટો કોપી.

(હસ્તપ્રતનું પહેલું પૃષ્ઠ)



## વિક્રમની ૧૫મી શતાબ્દીમાં લખાયેલી सम्यक्त्वरहस्यप्रकरणम् પ્રતની ફોટો કોપી.
## (હસ્તપ્રતનું અંતિમ પૃષ્ઠ)



# પ્રકાશકીય

સમગ્ર જૈન સંઘના મસ્તકને ગૌરવોન્નત બનાવનાર શ્રી सम्यक्त्वरहस्यप्रकरण ગ્રંથને તેમજ તેની ઉપર વર્તમાનકાળમાં રચાયેલાં बोधिपताका નામના અત્યંત ગંભીર ટીકાગ્રંથને સમસ્ત જૈન સંઘ સમક્ષ પ્રકાશિત કરતાં અમારું હૃદય ગદ્ગદિત થઇ રહ્યું છે. ચિત્ત આનંદવિભોર બની રહ્યું છે.

સ્વનામધન્ય, પૂજ્યપાદ પૂર્વાચાર્ય ભગવંત શ્રી સિદ્ધસેનસૂરીશ્વરજી મહારાજાએ सम्यक्त्वरहस्यप्रकरण ગ્રંથની આજથી એક હજાર થી બે હજાર વર્ષો પૂર્વે સંકલના કરી હતી. મૂળ આગમો અને આગમાનુસારી શાસ્ત્રગ્રંથોમાંથી સમ્યગ્દર્શનના વિષયને સ્પર્શતી છાસઠ જેટલી ગાથાઓને આ મહાપુરુષે ઉધ્ધૃત કરી અને તેનું ક્રમબદ્ધ સંયોજન કર્યું. એ પછી તેને सम्यक्त्वरहस्यप्रकरण એવું નામ આપ્યું.

શતાબ્દીઓની શતાબ્દીઓ પસાર થઇ ગઇ. આ ગ્રંથ શ્રુતના નાશની ભયાનક આંધીઓ વચ્ચે પણ જયવંત રહ્યો એ આપણું સૌભાગ્ય છે. આ ગ્રંથરત્ન ઉપર આટલાં વિરાટ સમય દરમ્યાન એકાદ પણ ટીકાગ્રંથની રચના થઇ નથી એવું ઇતિહાસની ઉપલબ્ધ સામગ્રીઓના સહારે નિશ્ચિત થાય છે.

પરમ હર્ષનો વિષય છે કે પૂજ્યપાદ મુનિરાજ શ્રી હિતવર્ધનવિજયજી મહારાજે सम्यक्त्वरहस्यप्रकरण ગ્રંથ ઉપર સર્વપ્રથમ ટીકાગ્રંથની રચના કરી છે અને તેનું बोधिपताका એવું પવિત્ર નામકરણ કર્યું છે.

बोधिपताका ટીકાગ્રંથમાં ટીકાકાર પૂજ્યશ્રીજીએ સમ્યગ્દર્શનના સ્વરૂપનું વ્યાપક, ગંભીર અને વિશદ વિવરણ ઉપલબ્ધ કરી દીધું છે. આ ટીકાગ્રંથમાં શ્વેતાંબર પરંપરાના અનેક શાસ્ત્રગ્રંથોની ઢગલાબંધ સાક્ષીઓ આપવામાં આવી છે તેમજ દિગંબર પરંપરાના પણ અનેક શાસ્ત્રગ્રંથોના અનેક સાક્ષીપાઠોને અહીં જિનાજ્ઞાની પરિપુષ્ટિ થાય તે રીતે ઉપસ્થિત કરવામાં આવ્યાં છે. અરે, मनुस्मृति જેવા હિન્દુ ગ્રંથમાં સમ્યગ્દર્શનનો કેવો મહિમા વ્યક્ત થયો છે તે પણ અત્રે ટીકાકારશ્રીજીએ સ્પષ્ટ કર્યું છે.

**શ્વેતાંબર - દિગંબર પરંપરાના આગમ વિગેરે શાસ્ત્રોના કુલ એકશોને બત્રીશ સાક્ષીપાઠો પ્રસ્તુત बोधिपताका ટીકામાં આપવામાં આવ્યાં છે. કલ્પના કરી લો કે ટીકાગ્રંથ કેટલો અર્થગંભીર અને અભ્યાસપૂર્ણ છે ! આધારભૂત અને આસ્થાસ્થાન સમાન છે !**

જૈન શાસ્ત્રોની પરંપરા તરફ નજર કરીએ છીએ ત્યારે સમજાય છે કે પૂર્વે પણ કેટલાંક શાસ્ત્રકારોએ એક જ ગ્રંથમાં સેંકડો શાસ્ત્રગ્રંથોના સાક્ષીપાઠો આપવામાં આવ્યાં હોય તેવા મૂલ્યવાન ગ્રંથો રચ્યાં છે. પ્રસ્તુત बोधिपताका ટીકાગ્રંથ આવા વિરલ ગ્રંથોની શ્રેણિમાં સ્થાન પામી શકે તેમ છે એવો વિદ્વાનોનો અભિપ્રાય છે.

આ ટીકાગ્રંથની બીજી એક વિરલકક્ષાની વિશેષતા એ છે કે અહીં અપાયેલાં એકશોને બત્રીશ સાક્ષીપાઠો પૈકીના મોટાભાગના સાક્ષીપાઠો સમ્યગ્દર્શનના એક જ વિષય સાથે અનુસંધાન ધરાવે છે. કદાચ જૈનશાસ્ત્રોની પરંપરામાં સાકાર થયેલી આ પ્રથમ ઘટના છે કે એક જ વિષયને સ્પર્શતાં આટલી મોટી સંખ્યાના સાક્ષીપાઠોને એક જ ગ્રંથમાં સમાવવામાં આવ્યાં હોય.

बोधिपताका માં અપાયાં છે એથી વધુ સંખ્યાના સાક્ષીપાઠો અન્યાન્ય ગ્રંથોમાં અપાયાં છે જરુર પરંતુ ત્યાં અનેક વિષયોને અનુલક્ષીને સાક્ષીપાઠોની સંખ્યાનો સરવાળો થયેલો છે જ્યારે અહીં લગભગ એક જ વિષયને અનુલક્ષીને આટલાં સાક્ષીપાઠો અપાયાં છે.

પ્રસ્તુત ગ્રંથની અનુક્રમણિકા વાંચવાથી ખ્યાલ આવશે કે આ ગ્રંથમાં કેવું વિષય વૈવિધ્ય પીરસાયું છે ! સમ્યક્ત્વ - મિથ્યાત્વ સંબંધી અનેક બાબતોના ઉંડાણ સુધી જવાનો કેટલો પ્રયત્ન થયો છે !

ગ્રંથને અંતે બે પરિશિષ્ટો આપી સાક્ષીપાઠોની તેમજ સંદર્ભગ્રંથો અને તેના પ્રણેતાઓની સૂચિ પણ રજૂ કરવામાં આવી છે જે વિદ્વાનો માટે વિશેષ ઉપયોગી બનશે. સમગ્ર મૂળ ગ્રંથ સહિત ટીકાગ્રંથનો સરળ અને ભાવપૂર્ણ ગુજરાતી અનુવાદ પણ આ ગ્રંથમાં સંમીલિત છે જેના સહારે સંસ્કૃત ભાષા નહિ જાણનારો સાધુ-સાધ્વી સમુદાય તથા શ્રાવક-શ્રાવિકા વર્ગ આ ગ્રંથનું અવગાહન કરી શકશે, ગ્રંથના ઉંડાણ સુધી પહોંચી શકશે અને તત્ત્વામૃતનું આચમન લઇ શકશે.

પ્રસ્તુત ગ્રંથમાં, દરેક મૂળ ગાથાની નીચે ગાથાની સંસ્કૃત છાયા આપવામાં આવી છે એ પછી મૂળ ગાથાનો ગાથાર્થ રજૂ કરવામાં આવ્યો છે. મૂળ ગાથાની સંસ્કૃત છાયા, મૂળ ગાથાનો ગાથાર્થ અને ટીકાનો ગૂર્જરાનુવાદ પણ ટીકાકાર પૂજ્યશ્રીએ તૈયાર કર્યાં છે. આ તેઓશ્રીજીનો વિશેષ ઉપકાર છે. આમ, છાયા, ગાથાર્થ, ટીકા અને સટીક અનુવાદ સાથે આ ગ્રંથ પ્રગટ થઇ રહ્યો હોવાથી અભ્યાસુ વર્ગ માટે તે વિશેષ ઉપકારક બનશે.

**અમારાં વાપી - શાંતિનગર સંઘના આદરણીય આરાધક શ્રી પાતુબેન સોનાજી બાગરેચા પરિવાર, ફર્મ : પ્રકાશકુમાર જસરાજજી બાગરેચા પરિવાર - વાપી તરફથી પ્રસ્તુત**

**सम्यक्त्वरहस्यप्रकरण ગ્રંથના પ્રકાશનમાં સંપૂર્ણ આર્થિક સહકાર પ્રાપ્ત થયો છે. આ પરિવારની ઉદાર ગુરુભક્તિ તેમજ શ્રુતભક્તિની વારંવાર પ્રશંસા કરીએ છીએ.**

ટીકાકાર પૂજ્યશ્રીજીએ જે દિવસે ટીકાની રચના સમાપ્ત કરી તે દિવસે તેઓશ્રીજીને વિચાર સ્ફૂર્યો કે ક્યાં વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાનું નિરવધિ પુન્ય અને ક્યાં અમારાં પુન્યની સીમા ! એ મહાપુરુષના ગુજરાતી વ્યાખ્યાન ગ્રંથો તેમના કાળધર્મ પછી પણ લાખ્ખો રુપિયાના સ્વદ્રવ્યના વ્યયથી પ્રકાશિત થયાં છે જ્યારે અમારાં દ્વારા રચાયેલાં આવા તાત્ત્વિક ગ્રંથો પણ સ્વદ્રવ્ય વડે પ્રકાશિત થઇ શકતાં નથી.

જૂઓ, યોગાનુયોગ ! બીજે જ દિવસે રાબેતા મુજબ ગુરુવંદન કરવા ઉપસ્થિત થયેલાં શ્રાદ્ધવર્ય શ્રી જસરાજજી બાગરેચાએ પૂજ્યશ્રીજીને વિનંતી કરી : મારે અમુક રાશિ સારાં માર્ગે વાપરવી છે. આપ માર્ગદર્શન આપો ત્યાં તેનો સદ્‌વ્યય કરીશ. આ સમયે પ્રસ્તુત ગ્રંથના પ્રકાશનની વાત પૂજ્યશ્રીએ તેઓને વિદિત કરી. તત્ક્ષણ તેઓએ ગ્રંથ પ્રકાશનનો લાભ પોતાને જ આપવાની વિનંતી કરી. જેનો સ્વીકાર થતાં આ પુન્યશાળી પરિવારને આવો મૂલ્યવાન લાભ પ્રાપ્ત થઇ રહ્યો છે.

ઉપરોક્ત વિગત અમને ટીકાકારશ્રીજી પાસેથી જાણવા મળી છે અને તે શ્રદ્ધાળુ જીવોને પ્રેરણા આપનારી હોવાથી અત્રે અમે પ્રસ્તુત કરી છે. શાસ્ત્રનિષ્ઠા આજે પણ કેવા ચમત્કારો કરે છે તેનો આ ઘટના પુરાવો છે.

ગ્રંથકાર પૂર્વાચાર્ય શ્રીમદ્‌ના ચરણોમાં કોટી-કોટી નમસ્કાર કરીએ છીએ. ટીકાકાર પૂજ્યશ્રીજીને શ્રદ્ધાપૂર્ણ વંદન કરીએ છીએ અને ભવિષ્યકાલીન જૈન સંઘ માટે સંવેગી પૂર્વાચાર્યોના ગીતાર્થતાપૂત વચનોની ગરજ સારનારાં પ્રસ્તુત સટીક सम्यक्त्वरहस्यप्रकरण નું સ્વાગત કરીએ છીએ. અંતરના ઉંડાણપૂર્વક આ ગ્રંથમણિનો સત્કાર કરીએ છીએ.

**- કુસુમ-અમૃત ટ્રસ્ટ, વાપી**

✦ **સમ્યક્ત્વ એટલે ભાવતીર્થ :**

રત્નત્રયીમાં જેનું પ્રથમ સ્થાન છે તે શ્રી સમ્યગ્દર્શન સાક્ષાત્ તીર્થ સમાન છે. વીતરાગે સ્થાપેલાં ધર્મતીર્થનું એક અંગ એવું નથી જેની સાથે સમ્યગ્દર્શન જોડાયેલું ન હોય. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર સ્વરૂપ રત્નત્રયીને આપણે ભાવતીર્થ કહીએ છીએ. અપેક્ષાએ એમ પણ કહી શકાય કે સંપૂર્ણ કક્ષાનું ભાવતીર્થ શ્રી સમ્યગ્દર્શન છે કેમકે સમ્યગ્દર્શનમાં સમ્યગ્જ્ઞાનનો અંશ અવશ્ય રહેલો છે અને સમ્યક્ચારિત્રનો અંશ પણ અવશ્ય ઉપસ્થિત છે. જ્ઞાન અને ચારિત્રની સંપૂર્ણ ગેરહાજરી જ્યાં છે ત્યાં સમ્યગ્દર્શનનું અસ્તિત્વ હોતું નથી. સમ્યગ્દર્શનની સંપૂર્ણ ગેરહાજરી જ્યાં છે ત્યાં જ્ઞાન અને ચારિત્રનું અસ્તિત્વ હોતું નથી.

આમ; સમ્યગ્દર્શનના અનુભવમાં જ્ઞાન અને ચારિત્રનું સંવેદન પણ સમાયેલું હોવાથી સમ્યગ્દર્શનમાં સંપૂર્ણ રત્નત્રયીનો સમાવેશ થાય છે તેમ સાપેક્ષપણે કહી શકાશે. સંપૂર્ણ રત્નત્રયી સમ્યગ્દર્શનમાં અવતરેલી છે એવું નિશ્ચિત થતું હોવાથી સમ્યગ્દર્શન એ સંપૂર્ણ કક્ષાનું ભાવતીર્થ છે એવું પ્રતિપાદન પણ યોગ્ય ગણાશે.

**શ્રી શત્રુંજય - ગિરનાર વિગેરે તીર્થો સ્થાવર તીર્થો છે અને અષ્ટ પ્રવચનમાતાનો ધારક સાધુ જંગમ તીર્થ છે. સ્થાવર અને જંગમ તીર્થોની તારકતા જે ભાવતીર્થને આધીન છે એવું વંદનીય કક્ષાનું ભાવતીર્થ એટલે શ્રી સમ્યગ્દર્શન.**

આગળ વધો ! સમ્યગ્દર્શનને ધારણ કરનારાં સમ્યગ્દષ્ટિ જીવો પણ અપેક્ષાએ જંગમ તીર્થ છે કેમકે તેમનામાં આંશિક જ્ઞાન અને આંશિક વિરતિ નિયતરૂપે વિદ્યમાન છે.

જે સ્વયં તીર્થતુલ્ય છે, જેને ધારણ કરનારાં જીવો તીર્થતુલ્ય છે, જેનો ઉપદેશ પણ તીર્થ છે અને એ ઉપદેશને ઝીલનારાં ગ્રંથો પણ તીર્થ છે એવું સમ્યક્ત્વ કેટકેટલું મહાન છે એની કલ્પના કરી જૂઓ ! વંદન છે, સમ્યગ્દર્શનને. વંદન છે, સમ્યગ્દષ્ટિ જીવોને...

✦ **सम्यक्त्वरहस्यप्रकरण :**

જે ગ્રંથના શબ્દે શબ્દમાં આવાં ભાવતીર્થ સ્વરૂપ સમ્યક્ત્વની સ્પર્શના કરાવવાનું બળ સમાયેલું છે એવો મહાન ગ્રંથ આજે અનાવૃત્ત કાળની લાંબી મજલ પૂરી કરીને સંઘ સમક્ષ પ્રકાશિત થઇ રહ્યો છે.

सम्यक्त्वरहस्यप्रकरण નામનો આ ગ્રંથ અદ્યાવધિ અપ્રકાશિત જ રહ્યો છે. પહેલ વહેલી વખત તેનું સંશોધન થયું છે અને પહેલ વહેલી વખત તેનું પ્રકાશન થઇ રહ્યું છે. છેલ્લાં દોઢસો

વર્ષમાં સેંકડો ગ્રંથોનો પાંડુલિપિઓમાંથી ઉદ્ધાર કરવામાં આવ્યો. આ ગ્રંથોના સંશોધન થયાં. લિપ્યંતર થયાં. પાઠશુદ્ધિઓ થઇ. પાઠભેદો નક્કી થયાં અને એ પછી તેનું અર્વાચીન શૈલિ અનુસારનું મુદ્રણ થયું. આમ થવાથી શાસ્ત્રજ્ઞાનની ગંગા સેંકડો સંઘજનો માટે સુલભ બની.

આ રીતે સેંકડો ગ્રંથોના સંશોધન પૂર્વના મહાન સંશોધકો દ્વારા થઇ ગયાં હોવા છતાં सम्यक्त्वरहस्यप्रकरण નું સંશોધન હજી બાકી હતું એટલું અહીં નોંધવું જોઇએ.

### ✦ ગ્રંથના સંશોધનની શરુઆત :

મારું એ અવર્ણનીય સૌભાગ્ય છે કે सम्यक्त्वरहस्यप्रकरण ગ્રંથનું अथ થી इति પર્યંતનું સંશોધન કરવાનું શ્રેયઃ મને સાંપડ્યું. મને પ્રાપ્ત થયેલાં આ શ્રેયના મૂળમાં ધર્મતીર્થપ્રભાવક, પૂ.આ.દે.શ્રી.વિ. મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા રહેલાં છે. તેઓ શ્રીમદ્દે વિ.સં. ૨૦૫૮માં,, सम्यक्त्वरहस्यप्रकरण ની એક હસ્તપ્રત મને આપી અને મને સૂચના કરી કે આ ગ્રંથનું લિપ્યંતર તારે કરવાનું છે, એ પછી સંશોધન કરવાનું છે અને ત્યાર બાદ ગ્રંથ ઉપર સંસ્કૃત ટીકા પણ રચવાની છે.

ત્યારે મારી ઉંમર બાવીશ વર્ષની. જીવનમાં સંશોધન કાર્યનો કોઇ અનુભવ લીધો ન હતો. એ સમયે માત્ર લિપ્યંતરનો અભ્યાસ મેં કર્યો હતો. જેની જાણ પૂજ્ય આચાર્યદેવશ્રીજીને થતાં મારાં ઉપકારી તેઓશ્રીજીએ પ્રસ્તુત કાર્ય મને સોંપી દીધું.

આ તબક્કે તેઓશ્રીજીનો ઉપકાર માનું છું કે મને સંશોધનની અને એથી આગળ વધીને ટીકાના નિર્માણની દિશાની મુલાકાત કરાવી. એ દિશામાં પ્રસ્થાન કરવાની પ્રેરણા આપી. આ પૂર્વે સંશોધનકાર્યની વાતો મેં કદી સાંભળેલી પણ નહિ. હા, ટીકારચવાના મનોરથો ઘણીવાર સેવ્યાં હતાં.

પૂ. ધર્મતીર્થપ્રભાવકશ્રીજી પાસે सम्यक्त्वरहस्यप्रकरण ની જે હસ્તપ્રત હતી તે તેઓશ્રીજીને ક્યાંથી, ક્યારે અને કઇ રીતે પ્રાપ્ત થઇ તે અમે જાણતાં નથી. આ માહિતી તાત્કાલિક તેઓશ્રીને પૂછી લેવાનું ત્યારે સ્ફૂર્યું નથી અને સંશોધન કાર્ય આગળ વધ્યાં પછી જ્યારે તેની સ્ફુરણા થઇ ત્યારે તેઓશ્રીજી વિદ્યમાન ન હતાં.

આ રીતે અમે આ ગ્રંથની હસ્તપ્રત પૂજ્યશ્રીજી પાસેથી મેળવી. પ્રથમ તેનું લિપ્યંતર કર્યું. લિપ્યંતર કર્યા પછી તુરંત ગ્રંથની સંસ્કૃત છાયા તૈયાર કરી જેથી અર્થનો નિર્ણય કરવામાં અને પાઠશુદ્ધિનો નિર્ણય કરવામાં અનુકૂળતા રહે. સંસ્કૃત છાયા કર્યા પછી ગ્રંથની મોટા ભાગની ગાથાનો અર્થ સ્પષ્ટ થઇ ચૂક્યો પરંતુ મૂળ ગાથાઓ પૈકીની કેટલીક ગાથાઓના પદો અમારી હસ્તપ્રતમાં જ લુપ્ત થઇ ચૂકેલાં હતાં. એક ગાથા તો સંપૂર્ણતયા વિલુપ્ત હતી. કેટલાંક સ્થળે પાઠો

શંકાસ્પદ હતાં. ગ્રંથની ગાથા સંખ્યા પણ સંદેહજનક હતી. જે પ્રત અમારી પાસે હતી તેમાં ૬૪ ગાથાઓ જણાતી હતી. જેમાંથી એક ગાથા વિલુપ્ત હતી. પૂર્વાપરના અનુસંધાન એમ કહેતાં હતાં કે એકથી બે ગાથા યા તો વધુ હોવી જોઇએ કે પછી ઓછી હોવી જોઇએ.

આ સ્થિતિમાંથી બહાર આવવું મુશ્કેલ હતું. આ જ ખરું સંશોધન હતું. અમે ધર્મતીર્થપ્રભાવકશ્રીજીને ઉપરોક્ત પરિસ્થિતિનું નિવેદન કર્યું. તેઓશ્રીજીને વિનંતી કરી કે પ્રસ્તુત ગ્રંથની વધુ હસ્તપ્રતો જો પ્રાપ્ત થાય તો તેના સહારે ત્રુટિત પદો વિગેરે નક્કી કરવા સરળ થઇ પડશે માટે વધુ હસ્તપ્રતો મેળવવાનો પુરુષાર્થ કરવો જોઇએ.

### ✦ सम्यक्त्वरहस्यस्तोत्र અને सम्यक्त्वरहस्यप्रकरण ભિન્ન છે :

પૂજ્યશ્રીજીએ વધુ હસ્તપ્રતો મેળવવાની મહેનત કરી. ગીતાર્થ ગંગામાંથી તેમજ કોબામાંથી પ્રતોની પ્રાપ્તિનો પ્રયત્ન થયો હતો એવું મને યાદ છે. જો કે ગીતાર્થ ગંગામાં પ્રસ્તુત ગ્રંથની હસ્તપ્રત ઉપલબ્ધ થઇ ન હતી. કોબા તીર્થમાંથી બે હસ્તપ્રતોની પ્રતિલિપિ મળી હતી પરંતુ તે પૈકીની એક પણ પ્રતિલિપિ અમને ઉપયોગી બની નથી.

કોબામાંથી મળેલી બંને પ્રતિલિપિઓ सम्यक्त्वरहस्यस्तोत्र ની હતી. નામની લગભગ સમાનતા હોવાથી અમે આ સ્તોત્રને सम्यक्त्वरहस्यप्रकरण જ માન્યું. તેનું લિપ્યંતર કર્યું. લિપ્યંતર થતાં એ ચોક્કસ થઇ શક્યું કે ઉપરોક્ત બંને ગ્રંથો ભિન્ન-ભિન્ન છે. એક નથી.

વાસ્તવિકતા એ હતી કે सम्यक्त्वरहस्यस्तोत्र ની ૯૦ / નેવું ગાથાઓ હતી. જે પૈકીની પચાશેક ગાથાઓ सम्यक्त्वरहस्यप्रकरण માંથી જ ઉધ્ધૃત થયેલી હતી. એ સિવાય ઘણી ગાથાઓ સંસ્કૃત ભાષામાં લખાયેલી હતી. એક ગાથા પ્રાકૃત. એ પછી સંસ્કૃત શ્લોક. આવી વિષમતા આ સ્તોત્રમાં દષ્ટિગોચર બની. એકથી નેવું ગાથા સુધી વિષયનું જે રીતનું સાયુજ્ય હોવું જોઇએ તે પણ ન હતું. પરસ્પર તદ્દન અસંબદ્ધ વિષયો એક-બીજી ગાથામાં મૂકેલાં હતાં. વધુમાં, સ્તોત્ર કહી શકાય તેવું માળખું પણ પ્રસ્તુત સ્તોત્રમાં હતું નહિ.

અમને આ સ્તોત્રના અભ્યાસ દ્વારા એમ લાગ્યું કે सम्यक्त्वरहस्यप्रकरण ની જ ગાથાઓ ઉધ્ધૃત કરીને તેની સાથે મતિકલ્પનાનુસારના બીજા શ્લોકો કે ગાથાઓ ગોઠવીને કોઇ ઉત્તર-કાલીન ગ્રંથકારે આ સ્તોત્ર બનાવ્યું હોવું જોઇએ અને તે પણ બે સૈકા જેટલાં સમય પહેલાં જ.

અંતે અમે सम्यक्त्वरहस्यस्तोत्र ની પ્રતને આધાર બનાવવાનું કેન્સલ કર્યું. ફરી તપાસ કરી ત્યારે કોબાથી જવાબ મળ્યો કે सम्यक्त्वरहस्यप्रकरण ની વધુ કોઇ પ્રત હવે ઉપલબ્ધ નથી.

## ✦ પ્રથમ ટીકા રચના :

વધુ હસ્તપ્રતો ન મળવાથી અમારું સંશોધન અટક્યું. સમય તેની ગતિ અનુસાર વીતતો ચાલ્યો. ધર્મતીર્થપ્રભાવકશ્રીજીની પ્રેરણા થઇ કે મોટાભાગની ગાથાઓનું સંશોધન તો તમે પૂર્ણ કર્યું છે તો હવે ટીકારચના શરુ કરો. શેષ ગાથાઓનું સંશોધન સમય જતાં કરી શકાશે.

વિ.સં. ૨૦૫૯ની સાલમાં ફાગણ મહિનો શુભ મુહૂર્ત બનીને આવ્યો. મુંબઇ-વાલકેશ્વર વિસ્તારના ચંદનબાળા એપાર્ટમેન્ટમાં અમારી આઠેક દિવસ જેટલી સ્થિરતા થઇ. એ આઠેક દિવસમાં सम्यक्त्वरहस्यप्रकरण ઉપર ટીકાની રચના કરી. ટીકાને महोदयिनी એવું નામ આપ્યું. सम्यक्त्वरहस्यप्रकरण ઉપર થયેલી આ પ્રથમ ટીકા રચના હતી અને મારાં જીવનમાં પણ ટીકા રચનાનો તે પ્રથમ પ્રયાસ હતો.

યોગાનુયોગ ફાગણ મહિનામાં જ ધર્મતીર્થપ્રભાવકશ્રીજીનું સ્વાસ્થ્ય અત્યંત નાદુરસ્ત થયું. આ સમયે મેં નવરચિત महोदयिनी ટીકા તેઓશ્રીજીને સુકૃતદાન તરીકે અર્પણ કરી.

ટીકામાં સાક્ષીપાઠો ઉમેરવાના બાકી હતાં. મૂળ ગ્રંથનું સંશોધન પણ અધુરું હતું તેથી ટીકા પણ અધૂરી રહી હતી. કામ અધુરું હોવાથી ટીકા સહિત પ્રસ્તુત ગ્રંથનું મેટર ત્યારે ફાઇલ કર્યું.

## ✦ સંશોધન : પૂર્ણતા તરફ :

વર્ષો વ્યતીત થઇ ચૂક્યાં. વિ.સં. ૨૦૬૫ની સાલમાં વાપી-શાંતિનગર સંઘમાં અમારો ચાતુર્માસ પ્રવેશ થઇ ગયો હતો. એ સાથે અધૂરાં સંશોધનને પૂર્ણ કરવાનો અમે સંકલ્પ કર્યો. એ માટે વધુ હસ્તપ્રતો મેળવવી જરુરી હતી.

પૂ.આ.દે.શ્રી.વિ. મુનિચંદ્ર સૂ.મ. (બાપજી મ.ના સમુદાયવર્તી) ને પત્રો લખ્યાં. તેમણે વડોદરા, ખંભાત વિગેરે અનેક સ્થળે તપાસ કરાવી પરંતુ વધુ હસ્તપ્રતો ઉપલબ્ધ ન બની. જો કે મૂળગ્રંથની અમે જે છાયા તૈયાર કરી હતી તેમાં અપૂર્ણ રહેલાં પદો તેઓશ્રીજીએ પૂર્ણ કરાવી આપ્યાં. તેઓશ્રીજીના આ પ્રકારના સહકાર બદલ તેઓશ્રીજીનો આભાર માનું છું.

અન્ય આચાર્યદેવોને પણ પત્રો લખ્યાં. તેઓ દ્વારા પણ યથાશક્ય પ્રયત્નો થયાં પરંતુ કોઇ નક્કર પરિણામ ન સાંપડ્યું. છેવટે અમે નક્કી કર્યું કે હવે વધુ કાલક્ષેપ કરવો નથી. જે ગાથાઓ કે ગાથા પદો વિલુપ્ત છે તેની પૂર્તિ કરી તે પૂર્તિને બ્રેકેટમાં પ્રિન્ટ કરાવી દઇશું જેથી મૂળ ગાથાઓના ત્રુટિત સ્થળોની અને તેની અમે કરેલી પૂર્તિની વિદ્વાનો ચોકસાઇ કરી શકે.

ચાતુર્માસ પૂર્ણ થયું અને વ્યાખ્યાન વાચસ્પતિ, પૂજ્યપાદશ્રીજીના શિષ્યરત્નો પૂ. મુનિરાજ શ્રી આત્મરતિ વિ.મ. અને પૂ.મુ.શ્રી હિતરતિ વિ.મ. વાપી પધાર્યા. તેમની સાથે

સંશોધન અંગે પ્રાસંગિક ચર્ચા થઇ. તેમના સૂચનથી પૂના સ્થિત ભાંડારકર ઇન્સ્ટીટ્યૂટમાં પણ પ્રસ્તુત ગ્રંથની હસ્તપ્રત મેળવવા માટે નવેસરથી પ્રયત્ન થયો પરંતુ ત્યાં પણ તે પ્રત હતી નહિ.

હસ્તપ્રતોનો સંગ્રહ કરનારી મુંબઇની એક સંસ્થામાં પણ તપાસ કરાવી પરંતુ ત્યાં પણ પ્રત ઉપલબ્ધ થઇ નહિ.

ઉક્ત મુનિવરો વિહાર કરીને અમદાવાદ પધાર્યા. તેમણે સ્વેચ્છાથી અમદાવાદ સ્થિત એલ. ડી. રિસર્ચ સેન્ટરની મુલાકાત લીધી. ત્યાં सम्यक्त्वरहस्यप्रकरण ની પ્રતો માટે ઉંડી તપાસ કરી અને મને પત્ર પાઠવ્યો કે એલ.ડી.માં પ્રસ્તુત ગ્રંથની પાંચ હસ્તપ્રતો છે.

અમે નવેસરથી તપાસ આદરી. થોડાં સઘન પ્રયત્નોને અંતે એલ.ડી.માંથી सम्यक्त्व-रहस्यप्रकरण ની ત્રણ પ્રતોની પ્રતિલિપિ પ્રાપ્ત થઇ. ત્રણે લગભગ પરિપૂર્ણ હતી. અર્થાંતર ઉભો કરે એવા પાઠાંતર પણ તેમાં પ્રાયઃ ન હતાં. એક પ્રત વિક્રમના પંદરમાં સૈકામાં લખાયેલી હતી. બીજી પ્રત સોળમા સૈકામાં લખાયેલી હતી અને ત્રીજી પ્રત ઓગણીસમાં સૈકામાં લખાયેલી હતી. અમે ત્રણે પ્રતોનું લિપ્યંતર કરાવ્યું. એનો અભ્યાસ કર્યો. આ પ્રતોના સહારે અમારાં તમામ અવરોધો દૂર થઇ શક્યાં. ત્રુટિત ગાથા પદો પણ પૂર્ણ થયાં. લુપ્ત ગાથા પણ પ્રાપ્ત થઇ અને ગ્રંથની ગાથા સંખ્યાનો પણ નિર્ણય થયો. ધર્મતીર્થપ્રભાવકશ્રીજીની હસ્તપ્રતમાં ચોસઠ ગાથાઓ હતી. તેમાં બે નો ઉમેરો થયો. ગ્રંથનું ગાથામાન છાસઠનું છે એવું તારણ પ્રાપ્ત થયું.

### ✦ પાઠોનું સંકલન અને શુદ્ધિકરણ :

મુખ્યત્વે અમે વિક્રમના પંદરમા સૈકાની હસ્તપ્રતને આધાર તરીકે સ્વીકારી છે. પંદરમા સૈકાની પ્રતના પાઠોને થોડાં અપવાદ સિવાય યથાવત્ સ્વરૂપમાં સ્વીકાર્યાં છે. ક્યાંક ઓગણીસમાં સૈકાની હસ્તપ્રતનો પાઠ વધુ ચોક્કસ લાગ્યો તો તેને સ્વીકાર્યો છે. બધી જ હસ્તપ્રતો દ્વારા પાઠોનું સંશોધન - શુદ્ધિકરણ કર્યાં પછી પણ મૂળ ગાથાના કેટલાંક પદો અમને અશુદ્ધ જણાયાં ત્યારે તેવા અશુદ્ધ પદોને યથાવત્ પ્રિન્ટ કરી તેની બાજુમાં ચોરસ બ્રેકેટ [ ] બનાવી તેમાં અમે શુદ્ધ પાઠોની પૂર્તિ કરી છે.

એક ખૂલાસો કરી દેવો અત્રે ઉચિત છે કે પંદરમા, સત્તરમા અને ઓગણીશમાં સૈકાની એલ.ડી.માંથી મળેલી પ્રતોમાં ગ્રંથની પહેલી ગાથામાં पणमामि जिणेसरं पास એવો પાઠ મળે છે છતાં અમે पणमामि जिणेसरं वीरं એવો પાઠ સ્વીકાર્યો છે. આ પાઠ ધર્મતીર્થપ્રભાવક શ્રીજીની હસ્તપ્રતમાં પ્રાપ્ત થાય છે. પૂ. પૂર્વાચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકર સૂ.મ.એ પ્રાયઃ દરેક ગ્રંથોના મંગલાચરણમાં શાસનપતિ, મહાવીર પ્રભુનું સ્મરણ-કીર્તન કર્યું છે તેથી ઐતિહાસિક દૃષ્ટિથી 'वीरं' પાઠ વધુ સંગત લાગતાં અમે તેને સ્થાન આપ્યું છે.

✦ 'बोधिपताका' ટીકાની રચના :

વિ.સં. ૨૦૬૬નો મહા માસ પ્રારંભાયો. પૂર્વે રચેલી महोदयिनी ટીકાને વ્યવસ્થિત કરવાની અમે શરુઆત કરી પરંતુ મારી જ રચેલી महोदयिनी વૃત્તિનો વર્ષો પછી અભ્યાસ કરતાં મને આ વૃત્તિથી સંતોષ થયો નહિ. તે ટીકાની શૈલીમાં પ્રૌઢતાની ઉણપ લાગી તેથી પૂરતાં પરામર્શ પછી નક્કી કર્યું કે महोदयिनी વૃત્તિને પ્રગટ કરવી નથી. તેના સ્થાને નવી જ ટીકા બનાવવી છે. महोदयिनी વૃત્તિ આજે પણ અપ્રગટ અવસ્થામાં અમારી પાસે અકબંધ છે.

એ પછી અમે નવેસરથી सम्यक्त्वरहस्यप्रकरण ઉપર ટીકા રચી. જે 'बोधिपताका' એવા નામકરણ સાથે આ ગ્રંથમાં પ્રસ્તુત છે. અમે રચેલી ટીકાનું મૂલ્યાંકન કરવાનું કાર્ય અમે અધિકારી વિદ્વાનોને સોંપીએ છીએ. આ અંગે કશું પણ કહેવાની અમને જરુરીયાત લાગતી નથી.

**बोधिपताका ટીકાની રચના થયાં પછી તેનું સંશોધન ષડ્દર્શનવેત્તા, પૂ. આ. દે. શ્રી. વિ. ચન્દ્રગુપ્તસૂરીશ્વરજી મ.સા. પાસે કરાવ્યું છે. તેઓશ્રીજીએ સમય કાઢીને સૂક્ષ્મેક્ષિકાપૂર્વક પરિમાર્જન કર્યું છે. આ બદલ તેઓશ્રીજીના અમે ઋણી છીએ.**

✦ **ગ્રંથકાર પૂ.આ.દે.શ્રી સિદ્ધસેનસૂરિ મહારાજા :**

सम्यक्त्वरहस्यप्रकरण ના કર્તા સ્વનામધન્ય, પૂ. પૂર્વાચાર્ય શ્રી સિદ્ધસેનસૂરીશ્વરજી મહારાજા છે. ગ્રંથની અંતિમ બે ગાથાઓમાં ગ્રંથકારશ્રીજીએ આ વાત સ્પષ્ટ કરી છે. વધુમાં તેઓશ્રીજીએ આ બે ગાથામાં એ પણ સ્પષ્ટ કરી દીધું છે કે પ્રસ્તુત ગ્રંથને તેઓ શ્રીમદે સંકલિત કર્યો છે. નવો રચ્યો નથી. સંકલન પણ પૂર્વના આગમાદિ શાસ્ત્રગ્રંથોની કંડિકાઓ દ્વારા કર્યું છે.

✦ **ગ્રંથ અને ગ્રંથકારશ્રીનો કાળ નિર્ણય :**

ગ્રંથકાર પૂજ્ય પૂર્વાચાર્ય શ્રી સિદ્ધસેનસૂરીશ્વરજી મહારાજા વિક્રમની કઇ શતાબ્દીમાં થયાં અથવા તો એથી પણ પૂર્વે થયાં તેનો નિર્ણય કરી શકાય તેમ નથી. ગ્રંથકારશ્રીજીના કાળનો નિર્ણય થઇ શકે તેમ નથી એથી પ્રસ્તુત ગ્રંથની રચના કયાં કાળમાં થઇ એનો પણ ચોક્કસ નિર્ણય કરી શકાય તેમ નથી.

ગ્રંથ અને ગ્રંથકારશ્રીજીના કાળનો નિર્ણય નથી થઇ શકતો તેનું કારણ ઇતિહાસની પર્યાપ્ત સામગ્રીનો અભાવ છે. ગ્રંથકારીશ્રીજીએ ગ્રંથને અંતે ન તો કોઇ સંવત દર્શાવી છે કે પછી ન તો પોતાની ગુરુપરંપરાનો નિર્દેશ કર્યો છે અને ન તો ગ્રંથની સમાપ્તિનું સ્થળ સૂચવ્યું છે. ઉપરોક્ત ત્રણ અંગો એવા છે જેના સહારે ગ્રંથ અને ગ્રંથકારશ્રીજીને ઇતિહાસની નજર વડે ઓળખવા આસાન બને છે. ત્રણ પૈકી એક પણ અંગનો સંકેત સુદ્ધાં તેઓશ્રીજીએ આપ્યો નથી. માત્ર ગ્રંથ અને ગ્રંથકારના નામનો નિર્દેશ કરીને ઉપસંહાર કરી દેવો ઉચિત ગણ્યો છે.

આ સ્થિતિમાં ચોક્કસ કાળ નિર્ણય કરવો અશક્ય છે. હા ! આ અંગે અનુમાનો જરુર થઇ શકે. ઇતિહાસની જે કાંઇ ત્રુટક સામગ્રીઓ ઉપલબ્ધ થઇ રહી છે તે આવા અનુમાનોનો આધાર બને છે. એક વાત નોંધવી જોઇએ કે આવા અનુમાનો સત્યની નજીક જવાનો પ્રયત્ન બને છે પરંતુ અંતિમ સત્ય બની શકતાં નથી.

✦ **ગ્રંથકારશ્રીજી અંગે ઉહાપોહ :**

જૈ...ાસનના શાસ્ત્રકારોની નામાવલિનો ઉંડાણમાં જઇને અભ્યાસ કરીએ છીએ ત્યારે નક્કી થાય છે કે 'પૂ.આ. શ્રી સિદ્ધસેન સૂરિ મ.' નામના સાત આચાર્યભગવંતો થયાં છે અને તે સૌ સૂરિદેવોએ નાની-મોટી ગ્રંથરચનાઓ કરી છે. જેમની નામાવલી પ્રસ્તુત છે :

(૧) सम्मतितर्क વિગેરે આકર ગ્રંથોના નિર્માતા, પૂ.આ.દે. શ્રી સિદ્ધસેન દિવાકર સૂરીશ્વરજી મહારાજા. જેઓ વિક્રમ સંવતની શરુઆત થઇ તે પૂર્વે થયાં છે.

(૨) तत्त्वार्थ सूत्र ઉપર ટીકા રચના કરનારાં પૂ.આ.દે. શ્રી સિદ્ધસેન સૂ. મહારાજા. આ આચાર્યદેવ દિન્નગણીની ગચ્છપરંપરામાં થયાં છે.

(૩) ત્રીજાં પૂ.આ. સિદ્ધસેન સૂ.મ. વિક્રમના બારમાં સૈકામાં થયાં. આ આચાર્ય ભગવંતે 'साहारण' પદથી અંકિત અનેક કૃતિઓનું નિર્માણ કર્યું. તેઓ પૂ.આ. બપ્પભટ્ટી સૂ.મ.ની શિષ્યપરંપરામાં સ્થાન પામ્યાં હતાં.

(૪) प्रवचनसारोद्धार ની બૃહદ્વૃત્તિ જેમણે રચી છે તેમનું નામ પણ પૂ.આ.દે. શ્રી સિદ્ધસેન સૂ.મ. હતું. તેઓ ચન્દ્રગચ્છની પરંપરામાં થયાં હતાં. લગભગ વિક્રમની બારમી શતાબ્દી જ તેમનો અસ્તિત્વકાળ હતો.

(૫) नमस्कारमाहात्म्य ગ્રંથની રચના કરનારાં મહાપુરુષનું નામ પણ પૂ.આ.દે. શ્રી સિદ્ધસેન સૂ.મ. છે. તેઓ પ્રાયઃ સિદ્ધપુર-પાટણ iાં વધુ રહ્યાં હતાં.

(૬) વિક્રમના તેરમા સૈકામાં પણ પૂ.આ.દે. શ્રી સિદ્ધસેન સૂ.મ. નામના આચાર્ય થયાં છે. જેઓ પૂ. સિદ્ધસાગરજી મ.ની પાટપરંપરામાં આવ્યાં હતાં.

(૭) વિક્રમની પંદરમી શતાબ્દીમાં 'નાણાકીય' નામના ગચ્છનું અસ્તિત્વ હતું. આ ગચ્છમાં ઉક્ત સમય દરમ્યાન પૂ.આ.દે. શ્રી સિદ્ધસેન સૂ.મ. નામના એક આચાર્ય થયાં છે.

વિક્રમ સંવત ૧૯૮૦માં एकविंशतिस्थानकप्रकरण ઉપર નૂતન ટીકા લખીને તેનું પ્રકાશન કરવામાં આવ્યું હતું. પરમાત્માના ૭૩માં પટ્ટધર પૂ.આ.દે. શ્રી વિજયાનંદ સૂ.મ.ના પ્રશિષ્ય પૂ.મુ.શ્રી ચતુર વિ.મ.એ ઉક્ત ટીકા રચી. તેનું પ્રકાશન શિનોરના

સદ્ગૃહસ્થ શ્રી ફૂલચંદભાઇએ કર્યું. આ ગ્રંથની પ્રસ્તાવનામાં પૂ.આ. સિદ્ધસેન સૂ.મ. સાત થયાં છે તેવો ઉલ્લેખ થયો છે. સાત આચાર્ય ભગવંતોની ઉપરોક્ત નામાવલિ પણ ત્યાં આપવામાં આવી. આમ, સમાન નામ ધરાવનારાં સાત સિદ્ધસેન સૂરીશ્વરજી થયાં છે એ તો નક્કી થયું પરંતુ સાત પૈકી કયાં સિદ્ધસેનસૂરિ મહારાજે सम्यक्त्वरहस्यप्रकरण ની રચના કરી છે તે ચોક્કસ કરી શકાતું નથી.

હાલ सम्यक्त्वरहस्य ની જેટલી હસ્તપ્રતો મળી છે તેમાં સૌથી પ્રાચીન પ્રત વિક્રમની પંદરમી શતાબ્દીની છે. આ પ્રતના આધારે એટલું તો પ્રમાણિત થઇ જ જાય છે કે ઓછામાં ઓછાં છસ્સોથી સાતશો વર્ષ પૂર્વે પણ પ્રસ્તુત ગ્રંથનું અસ્તિત્વ હતું.

આ ગ્રંથ એથી પણ વધુ પ્રાચીન છે એનો પૂરાવો એ છે કે પંદરમા સૈકાની પ્રતમાં પણ ગ્રંથકાર અથવા ગ્રંથકાર સાથે સંબંધિત વ્યક્તિએ પ્રત લખાવ્યાંનો ઉલ્લેખ નથી.

અંતે એટલાં તારણ પર અમે પહોચ્યાં છીએ કે આજથી સાતશોથી વધુ વર્ષો પહેલાંના તેરશો વર્ષ દરમ્યાન આ ગ્રંથ લખાયો હોવો જોઇએ એટલે આ ગ્રંથને એક હજારથી બે હજાર વર્ષ પ્રાચીન માનવામાં અતિશયોક્તિ નથી.

## ✦ અમે અપનાવેલી સંપાદન પદ્ધતિ :

- ✧ પ્રત્યેક મૂળ ગાથા મોટા ટાઇપમાં પ્રિન્ટ કરાવી છે.
- ✧ મૂળ ગાથાની ઉપર તે ગાથાની ટીકાની विषयनिर्देशिका આપી છે અને તેની જ નીચે તેનો ભાવાર્થ આપ્યો છે.
- ✧ મૂળ ગાથા પછી તેની સંસ્કૃત છાયા રજૂ કરી છે.
- ✧ તેની પછી મૂળ ગાથાનો ગાથાર્થ રજૂ કર્યો છે.
- ✧ ત્યારબાદ बोधिपताका વૃત્તિનું મેટર ઉપસ્થિત કર્યું છે.
- ✧ ટીકામાં અવતરિત થયેલાં સાક્ષીપાઠોને બોલ્ડ ટાઇપમાં પ્રિન્ટ કરાવ્યાં છે.
- ✧ ટીકાની સમાપ્તિ થયાં પછી તે ગાથાની ટીકાનો ગુજરાતી ભાવાર્થ રજૂ કર્યો છે. જ્યાં વિષયોનો વિસ્તાર વધુ છે તેવા ભાવાર્થમાં પેટાશીર્ષકો આપીને વિષયોનું પૃથક્કરણ કર્યું છે.
- ✧ પેટાશીર્ષકોને તેમજ ભાવાર્થ દરમ્યાન આવતાં હૃદયસ્પર્શી પેરેગ્રાફ્સને બોલ્ડ ટાઇપમાં પ્રિન્ટ કરાવ્યાં છે.
- ✧ ભાવાર્થના લખાણમાં પણ ટીકાના સાક્ષીપાઠોને પૂરેપૂરા પ્રિન્ટ કરાવ્યા છે તેમજ તેની નીચે તેનો સારાર્થ રજૂ કર્યો છે જેથી વાચકો વિષયોના વર્ગીકરણ પૂર્વક તેના ઉંડાણ સુધી જઇ શકે.

- આ ગ્રંથને અંતે બે પરિશિષ્ટો ઉમેર્યાં છે. પહેલાં પરિશિષ્ટમાં સંદર્ભ ગ્રંથોના નામ, તે ગ્રંથના જેટલાં સાક્ષીપાઠો આપ્યાં હોય તે દરેક પાઠોના આદિપદ, તે સાક્ષીપાઠો મૂળગ્રંથની કઇ ગાથાની ટીકામાં અવતરિત છે તે દર્શાવવા મૂળગ્રંથની તે-તે ગાથાનો ક્રમાંક અને ગુજરાતી ભાવાનુવાદમાં તેનું સ્થાન ક્યાં છે તે દર્શાવવા માટે તે-તે પાઠોના ગુજરાતી ભાવાનુવાદનો પૃષ્ઠ ક્રમાંક... આ બધું જ પહેલાં પરિશિષ્ટમાં દર્શાવ્યું છે.
- બીજા પરિશિષ્ટમાં સંદર્ભ ગ્રંથોના અને ગ્રંથકારોના નામની સૂચિ પ્રસ્તુત કરી છે.
- ગ્રંથના પ્રારંભમાં ટીકાના ભાવાનુવાદને અનુલક્ષીને વિસ્તૃત વિષયાનુક્રમણિકા રજૂ કરી છે.
- પ્રસ્તાવનાની પૂર્વે સંસ્કૃત અને ગુજરાતી બંને ભાષામાં ग्रंथसंस्तव પ્રસ્તુત કર્યો છે અને તેમાં મૂળ ગ્રંથનું તેમજ ટીકાગ્રંથનું ટૂંકુ છતાં ઉપયોગી વિહંગાવલોકન કરાવ્યું છે.
- ટીકાના પ્રત્યેક અક્ષરની ગણના કરીને તેનું શ્લોક પ્રમાણ નિયત કર્યું છે અને શ્લોકપ્રમાણની વિગત ग्रंथसंस्तव ના પેજ ઉપર આપી છે.

આમ, વિષયના સર્વાંગીણ બોધ માટે તેના ઉંડાણ સુધી જવાનો અને વાચકને પણ ત્યાં સુધી પહોંચવામાં સહાયભૂત બનવાનો અમે અમારાં ક્ષયોપશમ અનુસાર પ્રયાસ કર્યો છે.

### ✦ ઉપસંહાર :

અંતે એક જ મનોરથ છે, જે ભાવતીર્થનું આલંબન લઇને અનંતા જીવો જંગમ તીર્થ બન્યાં છે, ક્રમશઃ તીર્થપતિ પણ બન્યાં છે એ શ્રી સમ્યગ્દર્શન સ્વરૂપ ભાવતીર્થ આપણાં સહુના અસંખ્યાતા આત્મપ્રદેશોમાં તન્મય, તદાકાર અને તદ્રૂપ બની રહો !

સમ્યગ્દર્શન સ્વરૂપ ભાવતીર્થને આપણાં આત્મામાં તન્મય, તદાકાર કરવામાં પ્રસ્તુત सटीक-सम्यक्त्वरहस्यप्रकरण નામનું ગ્રંથ તીર્થ સહાયભૂત બનો ! આ ગ્રંથતીર્થ હજ્જારો લાયક જીવોને ભાવતીર્થની સ્પર્શના કરાવનારું બની રહો ! આ ગ્રંથતીર્થ ચિરકાળ પર્યંત ભાવતીર્થની પ્રતિષ્ઠા વધારનારું બનો ! આ ગ્રંથતીર્થ ચિરકાળ જયવંત વર્તો !

**- મુનિ હિતવર્ધનવિજય**

વિ.સં. ૨૦૬૬, શ્રા.વ. ૨,
ગુરુવાર, તા. ૨૬-૦૮-૨૦૧૦
સુતરીયા ઉપાશ્રય, છાપરીયા શેરી,
મહીધરપુરા, સુરત.

## વિષય દર્શન

પૃષ્ઠ ક્રમાંક


✦ પ્રકાશકીય .......... ૧૧
✦ પ્રસ્તાવના .......... ૧૪
✦ વિષયદર્શન .......... ૨૩
(૧) ભાવમંગળની વ્યાખ્યા .......... ૨૯
(૨) જ્યાં પાપ છે ત્યાં મોહ છે જ .......... ૩૦
(૩) ચાર અતિશયોનું વર્ણન .......... ૩૦/૩૧
(૪) ગીતાર્થ જ ગુરુપદ માટે યોગ્ય છે .......... ૩૩
(૫) અભવ્યોમાં પ્રતિબોધની ત્રૈકાલિક અયોગ્યતા .......... ૩૫
(૬) દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી શ્રુતજ્ઞાનની સાગર સાથે તુલના .......... ૩૬
(૭) પાપબુદ્ધિ જીવોની વ્યાખ્યા .......... ૩૭
(૮) દ્રવ્યાદિક સંસારનું સ્વરૂપ .......... ૪૩
(૯) ગ્રંથિભેદ પછી અંતર્મુહૂર્તમાં પણ મોક્ષ મળે .......... ૪૪
(૧૦) યથાપ્રવૃત્તિકરણ .......... ૪૪
(૧૧) કર્મસ્થિતિઓનો પરસ્પર સંબંધ .......... ૪૬
(૧૨) શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ કોને કહેવાય .......... ૪૭
(૧૩) અશુદ્ધ યથાપ્રવૃત્તિકરણ અને અભવ્યને ગ્રૈવેયકની પ્રાપ્તિ .......... ૪૭
(૧૪) અપૂર્વકરણ .......... ૪૮
(૧૫) અનિવૃત્તિકરણ .......... ૫૦
(૧૬) અંતરકરણ અને પ્રથમ સમ્યક્ત્વની પ્રાપ્તિ .......... ૫૧
(૧૭) ત્રિપુઞ્જી કરણ .......... ૫૧
(૧૮) કાર્મગ્રંથિક મત .......... ૫૨
(૧૯) સૈદ્ધાંતિક મત .......... ૫૩
(૨૦) દ્રવ્ય અને ભાવ સમ્યક્ત્વની વ્યાખ્યા અને વિવરણ .......... ૫૬
(૨૧) એક પ્રકારે સમ્યક્ત્વ .......... ૬૩
(૨૨) બે પ્રકારે સમ્યક્ત્વ : ત્રણ રીતે .......... ૬૪

(૨૩) ત્રણ, ચાર અને પાંચ પ્રકારનું સમ્યક્ત્વ ............................ ૬૫
(૨૪) ઔપશમિક સમ્યક્ત્વ ............................................ ૬૫
(૨૫) સાસ્વાદન સમ્યક્ત્વ ........................................... ૬૭
(૨૬) ક્ષાયોપશમિક સમ્યક્ત્વ ........................................ ૬૮
(૨૭) વેદક સમ્યક્ત્વ ................................................ ૬૯
(૨૮) ક્ષાયિક સમ્યક્ત્વ ............................................... ૭૦
(૨૯) દીપક, કારક અને રોચક સમ્યક્ત્વ ................................ ૭૦
(૩૦) નિસર્ગરુચિ સમ્યક્ત્વ ........................................... ૭૪
(૩૧) ઉપદેશરુચિ અને આજ્ઞારુચિ સમ્યક્ત્વ ............................ ૭૪/૭૫
(૩૨) સૂત્રરુચિ, બીજરુચિ અને અભિગમરુચિ સમ્યક્ત્વ ................. ૭૫/૭૬
(૩૩) વિસ્તારરુચિ, ક્રિયારુચિ, સંક્ષેપરુચિ અને ધર્મરુચિ સમ્યક્ત્વ ..... ૭૬/૭૭
(૩૪) ભિન્નગ્રંથિક જીવોના ચારિત્રપતનનું કારણ : અવિરતિકર્મ ............ ૭૮
(૩૫) સમ્યક્ત્વથી પતિત એકાંતે પતિત છે ................................ ૭૯
(૩૬) અવિરતિ નિકાચિત નથી તેમના સંયમપતનનું કારણ ................... ૮૧
(૩૭) સમ્યક્ત્વના અભાવમાં ભાવઅનુષ્ઠાનનો જ અભાવ છે ................ ૮૨
(૩૮) ધર્મનું રહસ્ય : જિનાજ્ઞા ........................................... ૮૪
(૩૯) સમ્યક્ત્વની છ ભાવનાઓ ......................................... ૮૫
(૪૦) સમ્યક્ત્વ અને મિથ્યાત્વની વ્યાખ્યા ................................ ૯૧/૯૨
(૪૧) એક પ્રકારનું મિથ્યાત્વ ............................................ ૯૨
(૪૨) મિથ્યાત્વના બે પ્રકાર : બે રીતે ................................... ૯૩
(૪૩) મિથ્યાત્વના ત્રણ પ્રકાર ........................................... ૯૩
(૪૪) ચાર પ્રકાર : બે રીતે ............................................. ૯૪
(૪૫) મિથ્યાત્વના પાંચ પ્રકાર .......................................... ૯૬
(૪૬) છ પ્રકારે મિથ્યાત્વ ............................................... ૯૭
(૪૭) મિથ્યાત્વના આઠ પ્રકારો ......................................... ૯૭
(૪૮) મિથ્યાત્વના દશ પ્રકારો .......................................... ૯૮
(૪૯) મિથ્યાત્વના એકવીશ પ્રકારો ....................................... ૯૯
(૫૦) દ્રવ્ય અપાય કરતાં ભાવ અપાય વધુ વિનાશક છે ..................... ૧૦૨

(૫૧) મિથ્યામતિનો પરિચય વ્યભિચાર સમાન છે ........................ ૧૦૩
(૫૨) ક્રિયાનયનું સમ્યક્ત્વ અને નિશ્ચયનયનું સમ્યક્ત્વ .................... ૧૦૬
(૫૩) મિથ્યાત્વી દેવોને માનવામાં દર્શનાચારનો ધ્વંસ ...................... ૧૦૮
(૫૪) મિથ્યામતિના સ્થાનોમાં જવામાં ત્રણ દોષો રહેલાં છે
૧લો દોષ : ઉન્માર્ગની માર્ગ તરીકે સ્થાપના ........................ ૧૧૦
(૫૫) બીજો દોષ : મિથ્યાત્વની વૃદ્ધિ.................................. ૧૧૧
(૫૬) ત્રીજો દોષ : બોધિબીજની હત્યા ................................ ૧૧૧
(૫૭) ભાવપ્રાણોની સામૂહિક હિંસા એટલે મિથ્યાત્વ ................ ૧૧૧/૧૧૨
(૫૮) મિથ્યાત્વનો પ્રચારક દુર્લભબોધિ બને છે ........................... ૧૧૪
(૫૯) કોણિકનું દૃષ્ટાંત ............................................... ૧૧૭
(૬૦) તો મિથ્યાત્વી અને સમ્યક્ત્વી એક સરખાં ........................ ૧૧૮
(૬૧) દ્રવ્ય અને ભાવ મિથ્યાત્વ / દ્રવ્ય અને ભાવ મૂઢતા ................. ૧૨૦
(૬૨) મિથ્યાત્વીનો પરિચય તપ અને સંયમના સર્વનાશનું કારણ છે ......... ૧૨૨
(૬૩) ૬૦ / સાંઇઠ પ્રકારના મિથ્યાત્વ કૃત્યો .................... ૧૨૬ થી ૧૨૮
(૬૪) કુટુંબની સંસારવૃદ્ધિ અથવા મોક્ષમાં વડિલની ભૂમિકા........... ૧૩૦/૧૩૧
(૬૫) સમ્યક્ત્વનો મહિમા ............................................ ૧૩૪
(૬૬) સમ્યક્ત્વને અપાયેલી ૧૨ ઉપમાઓ .................... ૧૩૫ થી ૧૩૮
(૬૭) સમ્યક્ત્વની પરમદુર્લભતા ...................................... ૧૩૯
(૬૮) સમ્યક્ત્વની સામે ત્રણ લોકનું સામ્રાજ્ય તુચ્છ છે .................... ૧૪૧
(૬૯) સમ્યક્ત્વની રક્ષા કરો ! તેની પુનઃ પ્રાપ્તિ અત્યંત દુર્લભ છે ........... ૧૪૩
(૭૦) સમ્યક્ત્વ વિનાનું ચારિત્ર કેવું ?
સઢ વિનાના જહાજ જેવું ........................................ ૧૪૯
(૭૧) મૂળ વિનાના વૃક્ષ જેવું.......................................... ૧૪૯
(૭૨) ગુરુથી ભ્રષ્ટ શિષ્ય જેવું.......................................... ૧૪૯
(૭૩) સેનાપતિ વિનાના લશ્કર જેવું ................................... ૧૫૦
(૭૪) તુંબ વિનાના ચક્ર જેવું .......................................... ૧૫૦
(૭૫) મૂળ વિનાના કમળ જેવું ......................................... ૧૫૦
(૭૬) પાયા વિનાની મહેલાત જેવું...................................... ૧૫૧

(૭૭) ઇંધણ વિનાના અગ્નિ જેવું ........................................ ૧૫૧
(૭૮) હૃદય વિનાના પુરુષ જેવું ........................................ ૧૫૧
(૭૯) સમ્યક્ત્વ વિનાની રત્નત્રયી સંપૂર્ણ નિષ્ફળ ........................................ ૧૫૩
(૮૦) સમ્યક્ત્વ વિનાનું અનુષ્ઠાન એટલે અંધકારમાં કરેલો શણગાર ......... ૧૫૫
(૮૧) સમ્યક્ત્વની દુર્લભતાનું તાત્પર્ય ........................................ ૧૫૭
(૮૨) કયું સમ્યક્ત્વ કેટલીવાર મળે અને કેટલો સમય ટકે ?.......... ૧૫૭/૧૫૮
(૮૩) સમ્યક્ત્વ પ્રાપ્તિની યોગ્યતા માટેના ૮ અને ૧૩ ગુણો........... ૧૬૦/૧૬૧
(૮૪) એક ભવમાં સમ્યક્ત્વના અને વિરતિના આકર્ષોની સંખ્યા ....... ૧૬૨/૧૬૩
(૮૫) સમગ્ર ભવચક્રમાં સમ્યક્ત્વના અને વિરતિના આકર્ષોની સંખ્યા .. ૧૬૨/૧૬૩
(૮૬) સમ્યક્ત્વ માટે હિંદુગ્રંથનો અભિપ્રાય ........................................ ૧૬૫
(૮૭) શાસ્ત્ર પ્રત્યેની શ્રદ્ધામાં સમ્યક્ત્વ સમાયેલું છે ........................ ૧૬૬
(૮૮) સમ્યગ્દૃષ્ટિનું જઘન્યથી અને ઉત્કૃષ્ટથી ભવભ્રમણ .................... ૧૬૯
(૮૯) સમ્યગ્દૃષ્ટિને મોક્ષ ન મળે ત્યાં સુધી સદ્ગતિ સુલભ છે .............. ૧૭૧
(૯૦) તે વૈમાનિક દેવલોકનું જ આયુષ્ય બાંધે છે ........................ ૧૭૨
(૯૧) દ્રવ્યસુખ અને ભાવસુખ : બન્ને સમકિતી પાસે અધિક ................ ૧૭૨
(૯૨) સમ્યક્ત્વની આરાધનાથી તીર્થંકર નામકર્મ પણ બંધાય ............... ૧૭૪
(૯૩) ઇન્દ્રો અને વિમાનપતિ દેવો નિયમા સમ્યગ્દૃષ્ટિ ........................ ૧૭૫
(૯૪) નરક પણ શ્રેષ્ઠ, દેવલોક પણ કમનસીબ ........................................ ૧૭૭
(૯૫) મિથ્યાત્વ એટલે કદન્ન અને સમ્યક્ત્વ એટલે તેનું ઔષધ............. ૧૭૭
(૯૬) ગ્રંથકારની પ્રશસ્તિ ........................................ ૧૭૯
(૯૭) ટીકાકારની પ્રશસ્તિ ........................................ ૧૭૯
(૯૮) સાક્ષી પાઠોની સૂચિ (પરિશિષ્ટ-૧) ........................................ ૧૮૦
(૯૯) સંદર્ભ ગ્રંથો અને ગ્રંથકારોની સૂચિ (પરિશિષ્ટ-૨) ........................ ૧૮૬
(૧૦૦) અભિપ્રાય પત્રો ........................................ ૧૮૯

॥ ऊँ ह्रीँ श्रीँ अर्हं नमः ॥
॥ ऊँ नमो भगवते श्रीपार्श्वनाथाय ॥
॥ जयइ महप्पा महावीरो ॥
॥ श्री गौतमो यच्छतु वाञ्छितम्मे ॥
॥ ऊँ ऐँ नमः ॥

* **ટીકાકારનું મંગલાચરણ :**

यत्प्रसादेन भव्यानामिष्टशाली फलेग्रहिः ।
विघ्नहारी कृपाराशिः पार्श्वनाथो विराजताम् ॥१॥
अनक्षरे ययोल्लासः सर्वश्रुतस्य तत्क्षणम् ।
कल्याणभूमहाधारां याचे सद्गुरुसद्दयाम् ॥२॥
प्रकरे सिद्धसेनेन सङ्कलिते श्रुताऽर्णवात् ।
अथ बोधिपताकाऽऽख्या वृत्तिः प्रायोऽग्रिमोद्यते ॥३॥

* **ભાવાર્થ :**

જેમની કૃપાથી ભવ્યજીવોના મનોરથોનો વૃક્ષ ફળને ધારણ કરનારો બને છે, જેઓ વિઘ્નોને દૂર કરનારા છે, કૃપાના ભંડાર છે, એવા શ્રી પાર્શ્વનાથ પ્રભુ શોભા પામો ! ॥૧॥

કલ્યાણરૂપી ધરતીનો જે આધાર છે, અક્ષરજ્ઞાન પણ નહિ ધરાવનારી વ્યક્તિમાં સમસ્ત શ્રુતજ્ઞાનને જે તત્ક્ષણ પ્રગટ કરી દે છે, એવી સદ્‌ગુરુભગવંતની દયાને અમે પ્રાર્થીએ છીએ. ॥૨॥

પૂર્વાચાર્ય શ્રી સિદ્ધસેનસૂરિ મહારાજે શાસ્ત્રોના સાગરમાંથી ઉદ્ધરીને જે પ્રકરણને સંકલિત કર્યું છે એવા 'सम्यक्त्वरहस्यप्रकरण' ઉપર હવે 'बोधिपताका' ટીકા લખાઇ રહી છે. જે આ ગ્રંથ ઉપરની સૌ પ્રથમ ટીકા છે. ॥૩॥

✡ ✦ ✡

* **विषयनिर्देशिका :**

मङ्गलोपादानेऽनन्यनिमित्तत्वं प्रणामयोगस्येति संवदन्नाह—

* **ભાવાર્થ :**

મંગલ એ જો ઉપાદાન છે તો તેમાં અનન્ય નિમિત્ત પ્રણામની ક્રિયા છે; એવું કહે છે—

* मूलम् :

**पत्तभवोदहितीरं मोहाईजलणउल्हवणनीरं ।**

**अन्नाणतिमिरसूरं पणमामि जिणेसरं वीरं ॥१॥**

* छाया :

प्राप्तभवोदधितीरं मोहादिज्वलनोद्द्रवणनीरम् ।

अज्ञानतिमिरसूर्यं प्रणमामि जिनेश्वरं वीरम् ॥१॥

* ગાથાર્થ :

સંસાર સાગરના કિનારાને પામેલાં, મોહાદિ દોષોની આગને ઓગાળી નાંખનારાં નીર સમાન, અજ્ઞાનરૂપી અંધકારને ભેદવા માટે સૂર્ય જેવા, જિનોમાં મુખ્ય, મહાવીર પ્રભુને પ્રણામ કરું છું. ॥૧॥

* 'बोधिपताका' वृत्तिः :

जिनवचनसारस्वादनरूचिः सारश्चेदं मोक्षार्थिजनेभ्यः पाययितुकामः पूर्वाचार्यवर्यः, श्रीमान् सिद्धसेनसूरिः सम्यक्त्वरहस्याऽभिधं प्रकरणं सङ्कलयति । यथा सम्यक्त्वं जिनशासनस्य सारं तथा मङ्गलविधिर्ग्रन्थारम्भस्य सारं जिनशासने सम्यक्त्वस्योपकरणत्त्ववत् तस्यास्तत्रोपकरणत्वात्, एवम्मङ्गलविध्यवच्छिन्ना ग्रन्थारम्भविधिस्तस्या एव तद्रूपत्वात् । किमत्र मङ्गलञ्चेद्, मोहोदयजनितस्य चित्ताशयस्य गलनम्भावमङ्गलम्, तच्च प्रणामयोगेनोपपत्तिकन्निर्निमित्तस्योपादानस्याऽभावात्, विवक्षितोपादाने प्रणामयोगस्याऽनन्यनिमित्तत्वादत्र प्रणामयोगेन मङ्गलविधिः प्रस्तूयते । पत्तेति । 'वीरं पणमामि' सिद्धार्थराजसुनुश्चतुर्विंशतितममर्हन्तं तदाज्ञारूचिप्रकर्षेण प्रणौमि । कीदृशं वीरनाथम् ? 'पत्तभवोदहितीरं' 'प्राप्तम्' - घातिक्षयेन प्रगटितम् 'भवोदधेस्तीरम्' अनन्तजन्मपरम्परायाः समापनम्येन तम् । पुनः कथम्भूतं वीरनाथम् ? 'मोहाईजलणउल्हवणनीरं' पापेषु व्याप्यत्वं मोहस्य तेषु तेनाऽविनाभावित्वात्, मोहेनाऽविनाऽभाविन्यष्टादशाऽपि पापस्थानानि, पापेनाऽविनाभावी मोहः, एतदपेक्षयाऽत्र मोहस्याऽऽद्यत्वं विवक्षितम्, मोहाद्यष्टादशपापस्थानान्येव ज्वलनस्तदुद्द्रवणस्तत्सर्वक्षय एव, सर्वक्षयः क्षायिकचारित्रसम्भवोऽतः क्षायिकचारित्रमेव नीरं तदाप्तवन्तम् ।

पुनः कथंरूपम् तम् ? 'अन्नाणतिमिरसूरं' अज्ञानोदय एव निबिडं तमस्तस्य भूयान् प्रचारः छद्मस्थेषु, एवम्विधस्य तमसो भेदनकारी परमात्माऽतः स एव सूर्यः, आश्रिताऽज्ञानभेदनसाधनं प्रभोर्ज्ञानातिशयोऽतोऽत्राऽनेन पदेन स सूचितः, एवञ्चाऽज्ञानमेव भावापायः, तस्य सत्त्वे द्रव्याऽपायस्याऽपि सत्त्वन्तस्य प्रतीकारे द्रव्याऽपायस्याऽपि प्रतिक्रियात्वम्, द्रव्यस्य भावाऽधीनत्वादाश्रितानामज्ञानभेदनेन भाववद् द्रव्याऽपायमप्यपहारी वीतरागसूर्य एवमत्राऽपायाऽपगमातिशयोऽन्तर्हितः । पुनः कीदृशं तम् ? 'जिणेसरं' राग-द्वेषजेतृत्वाज्जिनाः केवलिनस्तेभ्यो जिनत्वोपपादकपथप्रदर्शकत्वेन तेषु धुर्यत्वादर्हन् जिनेश्वरः, पथप्रदर्शनम्देशनया देशना च देवकृतातिशयशालिन्येवं वचनातिशयः पूजातिशयश्च यथाक्रममत्र संस्थितौ, तं जिनेश्वरम् ॥१॥

*** ટીકાનો ભાવાર્થ :**

૧. જિનવચનનો નિષ્કર્ષ મેળવવાની જેમને અભિલાષા છે અને આ નિષ્કર્ષને મોક્ષાર્થી જીવોને પીવડાવવા માટે જેઓ ઉત્કંઠ છે એવા પૂર્વાચાર્ય ભગવંત શ્રી સિદ્ધસેનસૂરીશ્વરજી મહારાજે પૂર્વકાલીન શાસ્ત્રગ્રંથોમાંથી જુદી-જુદી ગાથાઓનું સંકલન કરીને આ 'सम्यक्त्व रहस्य प्रकरण' નામનો ગ્રંથ રચ્યો છે. આ ગ્રંથની અહીં શરુઆત થઇ રહી છે.

૨. જેમ સમગ્ર જૈન શાસનનો સાર સમ્યક્ત્વ છે તેમ ગ્રંથના પ્રારંભિક કાર્યોનો સાર 'માંગલિક' છે કેમકે જેમ સમ્યક્ત્વ એ પૂરા જૈનશાસનમાં વ્યાપીને રહેલું ઉપકરણ છે તેમ 'માંગલિક' પણ ગ્રંથના પ્રારંભ માટેનું તેવું જ ઉપકરણ છે. ન્યાયની શૈલીમાં કહીએ તો 'માંગલિક' જ ગ્રંથનો પ્રારંભ છે. ગ્રંથનો પ્રારંભ અને માંગલિક જુદા નથી. એથી અહીં સૌ પ્રથમ 'માંગલિક' કરવામાં આવે છે.

૩. મંગલ એટલે શું ? એવો પ્રશ્ન જો ઉપસ્થિત થતો હોય તો તેનો ઉત્તર પ્રસ્તુત છે : મોહનીયકર્મના ઉદયથી વ્યાકુળ થયેલાં મનના પરિણામોને ખંખેરી નાંખવા તે જ भावमङ्गल છે. આવા ભાવમંગલની પ્રાપ્તિ માટેનું નિમિત્ત પ્રણામયોગ છે. નિમિત્ત વિનાનું ઉપાદાન જગતમાં હોતું નથી. ભાવમંગળને જો ઉપાદાન છે. તો તેની પ્રાપ્તિ માટેનું એકમેવ નિમિત્ત પ્રણામયોગ છે. આથી અહીં પ્રણામની ક્રિયા દ્વારા માંગલિક કરવામાં આવે છે.

૪. वीरं पणमामि = સિદ્ધાર્થ રાજાના પુત્ર અને ચોવીશમાં અરિહંત શ્રી મહાવીર પરમાત્માને તેમની આજ્ઞા પ્રત્યે રુચિનો વિકાસ કરવા દ્વારા હું પ્રણામ કરું છું.

આ ગાથામાં મહાવીર પરમાત્મા માટે ૪ વિશેષણો પ્રયોજાયાં છે અને તેમાં ચાર અતિશયોનું વર્ણન સંકલિત થયેલું છે જે નીચે મુજબ છે.

૫.	पत्तभवोदहितीरं = અનંતકાળથી ચાલી આવેલી જન્મોની પરંપરાને સમાપ્ત કરી દેવી એ જ સંસાર સાગરનો કિનારો છે. જન્મોની અનંત પરંપરા એટલે સંસાર સાગર અને જન્મ પરંપરાની સમાપ્તિ એટલે ભવસાગરનો કિનારો. આવો કિનારો જેમણે ઘાતિકર્મોના ક્ષય દ્વારા પ્રગટ કર્યો છે તેવા આ અરિહંત છે.

૬.	मोहाईजलणउल्हवणनीरं = તમામ પાપોમાં સર્વત્ર વ્યાપીને રહેલું તત્ત્વ કોઇ હોય તો તે મોહ છે. મોહ વિનાનું એક પણ પાપ આ જગતમાં નથી કેમકે તે બેની વચ્ચે અવિનાભાવ સંબંધ રહેલો છે. **મોહ વિનાનું પાપ નથી અને પાપ વિનાનો મોહ નથી.** અઢારે અઢાર પાપસ્થાનકોમાં મોહ વ્યાપીને રહેલો છે. આ અપેક્ષાએ પાપસ્થાનકોમાં પ્રથમ મોહ છે.

મોહ વિગેરે પાપો અગ્નિ જેવા છે. આ અગ્નિનું સંપૂર્ણ ઉપશમન તો જ થાય જો મોહ વિગેરે પાપોનો પૂરેપૂરો ક્ષય કરવામાં આવે. પાપોનો સર્વક્ષય ક્ષાયિક ભાવના ચારિત્ર દ્વારા શક્ય બને. આથી ક્ષાયિકભાવનું ચારિત્ર એ નીર જેવું છે.

મોહ વિગેરે પાપોની આગને જેમણે ક્ષાયિક ભાવના ચારિત્રરૂપી જળ દ્વારા નામશેષ કરી દીધી છે એવા આ અરિહંત છે.

૭.	अन्नाणतिमिरसूरं = આ વિશેષણ દ્વારા પ્રભુના બે અતિશયો સૂચિત થાય છે. એક, જ્ઞાનાતિશય. બે, અપાયાપગમાતિશય.

**જ્ઞાનાતિશય** = અજ્ઞાનનો ઉદય ગાઢ અંધકાર સમાન છે. આ અંધકારની પક્કડ છદ્મસ્થ જીવોમાં પુષ્કળ હોય છે. છદ્મસ્થ જીવોના અજ્ઞાન-અંધકારને પરમાત્મા પોતાના જ્ઞાનાતિશય દ્વારા ભેદે છે. **અંધકારને ભેદી નાંખે તે સૂર્ય. અજ્ઞાનને વિખેરી દે તે પરમાત્મા.** અહીં વિશેષતા એ છે કે છદ્મસ્થ જીવોના અજ્ઞાનને વિખેરવાનું માધ્યમ જ્ઞાનાતિશય બને છે. આથી આ વિશેષણ દ્વારા પ્રભુનો જ્ઞાનાતિશય સૂચિત થાય છે.

**અપાયાપગમાતિશય** = આ અતિશય એટલે જીવોના રોગ-શોક વિગેરે દ્રવ્ય અપાયોને દૂર કરનારો અતિશય. તે પણ આ જ વિશેષણ દ્વારા સૂચિત થયેલો છે. તે આ રીતે. અજ્ઞાન જેવો ભાવ અપાય બીજો કોઇ નથી, જે છદ્મસ્થ જીવોમાં વ્યાપેલો છે. **જ્યાં ભાવ અપાયનું અસ્તિત્વ છે ત્યાં દ્રવ્ય અપાયનું પણ અસ્તિત્વ છે અને જ્યાં ભાવ અપાયનો પ્રતિકાર છે ત્યાં દ્રવ્ય અપાયનો પણ પ્રતિકાર છે.** નિયમ એ છે કે દ્રવ્ય અપાયો ભાવ અપાયોને આધીન છે. જ્યારે પરમાત્મા જીવોના ભાવ અપાય રૂપ અજ્ઞાનને દૂર કરે છે ત્યારે તેમના દ્રવ્ય અપાય રૂપ રોગ-શોકાદિક સ્વતઃ નિર્મૂળ થવાનાં જ છે. આ અપેક્ષાએ ઉપરોક્ત વિશેષણ દ્વારા અપાયાપગમાતિશયનું સૂચન પણ થઇ જાય છે.

૮.	जिणेसरं = રાગ-દ્વેષને જીતે તે જિન. દરેક કેવળી ભગવંતો 'જિન' છે. તેમને જિન બનવાનો માર્ગ દર્શાવનારા અરિહંત હોવાથી અરિહંતો કેવળીઓમાં અગ્રેસર છે અને તેથી જ જિનેશ્વર છે. આ વિશેષણ દ્વારા પરમાત્માના વચનાતિશયનું અને પૂજાતિશયનું પ્રતિપાદન થઇ રહ્યું છે.

**વચનાતિશય** = પરમાત્મા દેશના દ્વારા રાગ-દ્વેષને જીતવાનો માર્ગ દર્શાવે છે. આ દેશના વચનાતિશયવાળી હોય છે. આથી पथप्रदर्शकत्त्वेन પદ દ્વારા પ્રભુનો વચનાતિશય સૂચવાયેલો છે.

**પૂજાતિશય** = પ્રભુની દેશના જેમ વચનાતિશયથી મંડિત છે તેમ દેવકૃત અન્ય અતિશયોથી પણ મંડિત છે. એથી જ્યાં દેશનાનો સ્વીકાર થાય છે ત્યાં દેવકૃત અતિશયોનો પણ સ્વીકાર થાય છે. આ દેવકૃત અતિશયો પરમાત્માના પૂજાતિશય સ્વરૂપ છે. જે આ રીતે पथप्रदर्शकत्त्वेन પદ દ્વારા જ સૂચિત થઈ જાય છે.

✡ ✦ ✡

*** विषयनिर्देशिका :**

अगीतार्थे सर्वथाऽगुरुत्वमभव्ये च त्रैकालिकाऽप्रतिबोध्यत्वमित्यादि प्रतिपादयन्नाह–

*** ભાવાર્થ :**

અગીતાર્થોમાં ગુરુ તરીકેની યોગ્યતા નથી અને અભવ્યોમાં પ્રતિબોધ પામવાની ત્રૈકાલિક ગેરલાયકાત છે ઇત્યાદિ વાતોનું પ્રતિપાદન કરે છે–

*** मूलम् :**

**मुणिऊण सुअहराणं गुरूण पासम्मि समयनिदिट्ठं ।**
**सम्मत्तस्स रहस्सं भणामि भविआण बोहत्थं ।।२।।**

*** छाया :**

ज्ञात्वा श्रुतधराणां गुरूणां पार्श्वे समयनिदिर्ष्टम् ।
सम्यक्त्वस्य रहस्यं भणामि भव्यानां बोधार्थम् ।।२।।

*** ગાથાર્થ :**

આગમાદિ શાસ્ત્રોએ નિર્દેશેલું સમ્યક્ત્વનું રહસ્ય શ્રુતધર ગુરુદેવો પાસેથી જાણીને ભવ્યજીવોના બોધ માટે વર્ણવું છું. ।।૨।।

*** 'बोधिपताका' वृत्तिः :**

मुणिऊणेति । 'गुरूणपासम्मि' गीतार्थ एव गुरुः, अगीतार्थे स्वोपकारसामर्थ्यस्याऽप्यशकत्वात्, परोपकृतिविधेः स्वोपकाराऽनन्तरवर्तित्वाद्, गुरोस्तु स्व-परोपकार सामर्थ्य-

शालित्वात् तस्मिन् गुरुत्वस्य सर्वथा नोपपत्तिः, पूर्वाऽऽचार्यैरधिकृतङ्गीतार्थ एव गुरुत्वम्यथोपदेशमालायां धर्मदासगणी—

**पडिरूओ तेअस्सी जुगप्पहाणागमो महुरवक्को ।**
**गंभीरो धीमंतो उवएसपरो य आयरिओ ॥**

**अपरिस्सावी सोमो संगहसीलो अभिग्गहमई अ ।**
**अविकत्थणो अचवलो पसन्नहियओ गुरू होई ॥**

एवम्पञ्चवस्तुके हरिभद्रसूरिवरः—

**पव्वज्जाजोग्गगुणेहिं संगओ विहिपवण्णपव्वज्जो ।**
**सेविअगुरुकुलवासो सययं अक्खलिअसीलो अ ॥१०॥**

**सम्मं अहीअसुत्तो तत्तो विमलयर बोहजोगाओ ।**
**तत्तण्णू उवसंतो पवयणवच्छल्लजुत्तो अ ॥११॥**

**सत्तहिअरओ अ तहा आएओ अणुवत्तगो अ गंभीरो ।**
**अविसाई परलोए उवसमलद्धीइ कलिओ अ ॥१२॥**

**तह पवयणत्थवत्ता सगुरुअणुन्नाय गुरुपओ चेव ।**
**एआरिसो गुरु खलु भणिओ रागाइरहिएहिं ॥१३॥**

तथा च महोपाध्याययशोविजयो गणी 'गुरुतत्त्वविनिश्चये'—

**ववहारं जाणंतो ववहारं चेव पन्नवेमाणो ।**
**ववहारं फासंतो गुरुगुण जुत्तो गुरू होइ ॥१॥ [द्वितीयोल्लासे]**

एवमागमाऽभिप्रायेण पूर्वाचार्यपरम्पराऽभिप्रायेण चाऽपि गीतार्थे एव गुरुत्वस्य सम्मतिः तेषां गीतार्थगुरूणां 'पार्श्वे' अनुशास्तिस्वीकृत्या । कीदृशानां तेषां ? 'सुअहराणं' अधीताऽऽगमानान्तत्परमार्थवेदिनाञ्च 'सम्मत्तस्स समयनिदिट्ठं रहस्सं' तुर्यगुणस्थानं सम्यक्त्वन्तच्च जिनाज्ञानुरागसम्भवम्, कष-छेद-तापपरीक्षाशुद्धं शास्त्रम्, शास्त्रपरिपाट्य-नुकूलं सम्यक्त्वस्य नय-निक्षेप-प्रकार-माहात्म्याद्यभिज्ञानमत्र रहस्यभूतम् । 'मुणिऊण'

पञ्चप्रकारै स्वाध्यायैः समभ्यस्य, धर्मकथायाः विनियोगरूपत्वात् सा पूर्वप्राप्तस्वाध्याय-चतुष्टयोत्तरवर्तित्वादत्र च विनियोगस्य प्रसङ्गत्वात् पञ्चापि प्रकाराः गृह्यन्ते । "भविआण बोहत्थं भणामि" अभव्ये प्रतिबोधस्य त्रैकालिकाऽशक्यत्वाद् दुर्भव्येऽचरमावर्तित्वेन तथा-विध तथाभव्यत्वस्याऽपरिपाकात् भव्ये च पूर्वद्वयबाध्यस्याऽनुपस्थितित्वात् स एव प्रतिबोधार्हस्तस्य लाभाय व्याख्यामि ॥२॥

*** टीકાનો ભાવાર્થ :**

૧. ગુરુણ = ગુરુ કોને કહેવાય ? ગીતાર્થ મુનિને જ. તાત્ત્વિક રીતે ગુરુપદને ધારણ કરવાની લાયકાત ગીતાર્થ આત્મા પાસે છે, અગીતાર્થ પાસે નહિ. ગુરુ તેને કહેવાય જેમનામાં આત્મોપકાર કરવાનું સામર્થ્ય છે તદુપરાંત પરોપકાર કરવાનું સામર્થ્ય પણ છે. આ બન્નેય પ્રકારનું સામર્થ્ય ગીતાર્થમાં જ ઘટે છે. અગીતાર્થો પોતાના આત્માનો ઉપકાર કરવાનું સામર્થ્ય પણ ધરાવતાં નથી અને પરોપકાર કરવાનાં સામર્થ્યને તો લવલેશ પણ પામેલાં નથી. સાચો પરોપકાર સ્વોપકાર થયાં પછી જ થઇ શકે છે. એ પહેલાં નહીં. જ્યાં સ્વોપકારની પણ શક્તિ નથી ત્યાં પરોપકારની શક્તિ ક્યાંથી ખીલે ?

૨. પૂર્વાચાર્યોએ પણ ગીતાર્થોમાં જ ગુરુત્વનો સ્વીકાર કર્યો છે.

उपदेशमाला માં પૂ. ધર્મદાસગણી ફરમાવે છે કે—

**पडिरुओ तेअस्सी जुगप्पहाणागमो महुरवक्को ।**
**गंभीरो धीमंतो उवएसपरो य आयरिओ ॥**

**अपरिस्सावी सोमो संगहसीलो अभिग्गहमई अ ।**
**अविकत्थणो अचवलो पसन्नहियओ गुरू होइ ॥**

સારાર્થ : (૧) જે તેજસ્વી છે, (૨) યુગપ્રધાન સમાન છે, (૩) મધુરભાષી છે, (૪) જોનારને આકર્ષે તેવા રૂપવાન છે, (૫) ગંભીર છે, (૬) બુદ્ધિમાન છે, (૭) ધર્મદેશનામાં પ્રવીણ છે, (૮) શાંત છે, (૯) જરૂરી ઉપકરણનો સંગ્રહ રાખનારાં છે, (૧૦) પ્રત્યુત્પન્ન બુદ્ધિવાળા છે, (૧૧) અપરિશ્રાવી છે, (૧૨) ચંચળ નથી, (૧૩) નિંદા કૂથલી નથી કરતાં, (૧૪) હૃદયથી પ્રસન્ન રહેનારાં છે; તે ગુરુપદ માટે લાયક છે.

૩. ઉપરોક્ત તત્ત્વને पञ्चवस्तुक ગ્રંથમાં પૂ. પૂર્વાચાર્યશ્રી હરિભદ્રસૂરિ મ. એ પણ પુષ્ટ કર્યું છે—

**पवज्जाजोग्गगुणेहिं संगओ विहिपवण्णपव्वज्जो ।**
**सेविअगुरुकुलवासो सययं अक्खलिअसीलो अ ॥१०॥**

सम्मं अहीअसुत्तो तत्तो विमलयरबोहजोगाओ ।
तत्तण्णू उवसंतो पवयणवच्छल्लजुत्तो अ ॥११॥
सत्तहिअरओ अ तहा आएओ अणुवत्तगो अ गंभीरो ।
अविसाई परलोए उवसमलध्धीइ कलिओ अ ॥१२॥
तह पवयणत्थवत्ता सगुरुअणुन्नाय गुरुपओ चेव ।
एआरिसो गुरु खलु भणिओ रागाइरहिएहिं ॥१३॥

સારાર્થ : (૧) દીક્ષાર્થીના સોળ ગુણોથી જે યુક્ત છે, (૨) જેમણે વિધિવત્ દીક્ષા સ્વીકારી છે, (૩) એ પછી ગુરુકુળવાસનું સેવન કર્યું છે, (૪) સંયમના પર્યાયમાં બ્રહ્મચર્યને અસ્ખલિતપણે જાળવ્યું છે, (૫) સારો સૂત્રાભ્યાસ કર્યો છે, (૬) કદાગ્રહથી રહિત જ્ઞાન ધરાવનારાં છે, (૭) તત્વજ્ઞ છે, (૮) ઉપશાંત છે, (૯) ખૂબ શાસનરાગ ધરાવે છે, (૧૦) પરહિતકરણમાં તત્પર છે, (૧૧) આદેય વચની છે, (૧૨) અનુવર્તક છે, (૧૩) ગંભીર છે, (૧૪) સદ્ગતિગામી છે, (૧૫) ઉપશમલબ્ધિ વિગેરેને પામ્યાં છે, (૧૬) દેશક છે, (૧૭) જેમનાં ગુરુપદને ગુરુભગવંતે અનુમત કર્યું છે... આવા સત્તર ગુણ ધરાવનારો આત્મા ગુરુપદ માટે લાયક છે એમ અરિહંતે કહ્યું છે.

૪. ગીતાર્થમાં જ ગુરુપદની લાયકાત છે આ વાતનું પ્રતિપાદન પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે 'गुरुतत्त्वविनिश्चय' માં આ રીતે કર્યું છે :

ववहारं जाणंतो ववहारं चेव पन्नवेमाणो ।
ववहारं फासंतो गुरुगुणजुत्तो गुरू होइ ॥१॥ [द्वितीयोल्लासे]

સારાર્થ : શુદ્ધ સાધ્વાચારને જાણનારો, પાળનારો અને શુદ્ધ આચારની જ પ્રરૂપણા કરનારો સાધુ ગુરુપદ માટે યોગ્ય છે.

૫. सुअहराणं = ગીતાર્થને જ ગુરુ કહેવાય એ સાચું. આવા ગુરુ શ્રુતધર હોવા જોઈએ. આગમોનો જેમણે અભ્યાસ કર્યો છે અને આ અભ્યાસ દ્વારા પારમાર્થિક પરિણતિ સુધી જે પહોંચ્યા છે તે શ્રુતધર છે.

૬. सम्मत्तस्स समयनिदिट्ठं रहस्सं = સમ્યક્ત્વ એટલે ચોથું ગુણસ્થાનક. શાસ્ત્ર તેને કહેવાય જે કષ, છેદ અને તાપ આ ત્રણ પરીક્ષામાં ઉત્તીર્ણ બનેલું હોય. આવા શાસ્ત્રોની પરિપાટીને વફાદાર રહીને સમ્યગ્દર્શનના નય, નિક્ષેપ, પ્રકારો અને માહાત્મ્ય વિગેરેનું જ્ઞાન મેળવવું એ સમ્યક્ત્વના રહસ્યની પ્રાપ્તિ સમાન છે.

૭. मुणिऊण = પૂર્વોક્ત ગીતાર્થ ગુરુભગવંત પાસે ઉપરોક્ત સમ્યગ્દર્શનના રહસ્યને ગ્રંથકારે પાંચ પ્રકારના સ્વાધ્યાય વડે જાણ્યું છે એમ 'मुणिऊण' = પદની ટીકામાં કહેવાયું છે.

પાંચે પ્રકારના સ્વાધ્યાયના વિધાનની અહીં શી જરૂર છે? આ પ્રશ્નનું સમાધાન પ્રસ્તુત છે.

"ગ્રંથકાર હવે સમ્યક્ત્વના રહસ્યનો વિનિયોગ કરવા માંગે છે. ધર્મકથા નામનો પાંચમા નંબરનો સ્વાધ્યાય વિનિયોગ સ્વરૂપ છે જે તેમને પ્રાપ્ત થયો છે. ધર્મકથા નામનો સ્વાધ્યાય તેની પૂર્વેના વાચના, પૃચ્છના, પરાવર્તના અને અનુપ્રેક્ષા આ ચાર પ્રકારનો સ્વાધ્યાય કર્યા પછી જ પ્રાપ્ત થાય છે. આથી ગ્રંથકારે પાંચે પ્રકારના સ્વાધ્યાય વડે સમ્યક્ત્વના રહસ્યને જાણ્યું છે તેમ માનવું જોઇએ."

૮. भविआण बोहत्थं भणामि = પ્રસ્તુત, સમ્યક્ત્વના રહસ્યને ભવ્યજીવોના બોધ માટે કહું છું એવું ગ્રંથકાર કહે છે. અહીં 'ભવ્યજીવો' એવો ઉલ્લેખ કેમ કરવો પડ્યો ? તેનું કારણ રસપ્રદ છે.

અભવ્ય જીવોમાં પ્રતિબોધ મેળવવાની ત્રૈકાલિક ગેરલાયકાત છે માટે તેમને પ્રતિબોધ આપી શકાય તેમ નથી. દુર્ભવ્ય જીવો હજી અચરમાવર્તકાળમાં રહેલાં છે તેથી તેમના તથા-ભવ્યત્વનો પણ એવો પરિપાક થયો નથી કે તેમને પ્રતિબોધ આપી શકાય.

આમ, અભવ્ય અને દુર્ભવ્યોમાં પ્રતિબોધની ગેરલાયકાત નામનું જે 'બાધ્ય' રહેલું છે તે ભવ્યજીવોમાં રહેલું નથી તેથી અહીં ભવ્યજીવોનો જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

✡ ✦ ✡

* **विषयनिर्देशिका :**

अभिन्नग्रन्थिकाः पापबुद्धय इति प्रतिपादयन्नाह–

* **ભાવાર્થ :**

ગ્રંથિભેદ નહિ કરી શકેલાં જીવો પાપબુદ્ધિવાળા છે એવો અભિપ્રાય રજૂ કરે છે–

* **मूलम् :**

**सुअसायरो अपारो आउं थोवं जीओ [उ] दुम्मेहा ।**
**तं किंपि सिक्खिअव्वं, जं कज्जकरं च थोवं च ।।३।।**

* **छाया :**

श्रुतसागरोऽपार आयुः स्तोकं जीवस्तु दुर्मेधा ।
तत्किमपि शिक्षितव्यं यत्कार्यकरञ्च स्तोकञ्च ।।३।।

* **ગાથાર્થ :**

શ્રુતજ્ઞાન સાગર જેવું અપાર છે, આયુષ્ય અલ્પ છે, આત્મા પાપબુદ્ધિવાળો છે તેથી કંઇક એવું શીખવવું જોઇએ જે અલ્પ હોય અને કાર્યસાધક હોય. ।।૩।।

* 'बोधिपताका' वृत्तिः :

सुअेति । 'सुअसायरो अपारो' गणधरग्रथितं जिनराजसम्मतं द्वादशाङ्गादि श्रुतं समुद्रसमं गम्भीराशयत्वात्, तच्च चतुर्धा पारातीतम्, तदेवम्, द्रव्यतोऽनन्तद्रव्यविषयशालित्वात्, क्षेत्रतोलोकाऽलोकप्रकाशकत्वात्, कालतस्त्रिकालसङ्ग्रहित्वाद्, भावतश्च गुणशुद्धेरसङ्ख्यस्थानत्वात् ।

'आउं थोवं' अस्मादृशानामायुः परिमीताऽवधिकं कर्मस्थितेस्तथास्थितित्वेन, यदुद्गीर्णमुत्तराध्ययनसूत्रे भगवद्भिः—

**कुसग्गे जह ओसबिन्दुए थोवं चिट्ठई लंबमाणए ।**
**एवं मणुआण जीविअं समयं गोयम ! मा पमायए ॥**

'जीओ उ दुम्मेहा' जीवस्तु पापबुद्धिरभिन्नग्रन्थिकत्वात्, नन्वसङ्ख्यजीवानाम्भिन्नग्रन्थिकत्वेनेदं वचनमयथार्थम्, प्रवाहाऽपेक्षयैतत् प्रतिपादनम्, प्रवाहोऽभिन्नग्रन्थिकानामेव तेषामनन्तसङ्ख्यकत्वादत इदमविपरीतम् । सत्येतस्मिन् 'जं कज्जकरं' ग्रन्थिभेदोऽत्रकार्यन्तत्र कारणमयं शास्त्राऽधिगमः, एवंविधः शास्त्राऽधिगमो यो ग्रन्थिभेदनकारी । 'थोवञ्च' अल्प विस्तारम् । 'तं किंपि सिक्खिअव्वं' तथाविधं बोधवाक्यमभिधेयम् ॥३॥

* **ટીકાનો ભાવાર્થ :**

૧. सुअसायरो अपारो । ગણધર ભગવંતોએ ગુંથેલું અને તીર્થંકર ભગવંતે સંમત કરેલું દ્વાદશાંગી વિગેરે શાસ્ત્ર અહીં 'શ્રુત' તરીકે ગ્રહણ થયું છે અને તેને સમુદ્રની ઉપમા આપવામાં આવી છે કેમકે સમુદ્ર જેમ ગંભીર ભાવોથી ભરેલો છે તેમ દ્વાદશાંગી વિગેરે શ્રુત પણ ગંભીર આશયોથી સભર છે.

દ્વાદશાંગી વિગેરે શ્રુતજ્ઞાનનો સાગર અપાર છે. ચાર રીતે. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી.

(A) દ્રવ્ય = અનંત દ્રવ્યોનો વિષય શ્રુતજ્ઞાનમાં સમાયેલો હોવાથી શ્રુતજ્ઞાન પારાતીત છે.

(B) ક્ષેત્ર = અનંતલોક અને અનંતાનંત અલોકનું પ્રકાશન શ્રુતજ્ઞાનના માધ્યમે થાય છે માટે પણ તે પારાતીત છે.

(C) કાળ = ભૂત, ભાવિ અને વર્તમાન એમ સકળ કાલનો સંગ્રહ શ્રુતજ્ઞાનમાં થાય છે માટે પણ તે પારાતીત છે.

(D) ભાવ = ગુણવિશુદ્ધિના અસંખ્ય સ્થાનોવાળું શ્રુતજ્ઞાન છે તેથી પણ તે પારાતીત છે.

૨. आउं थोवं । આપણા જેવા જીવોનું આયુષ્ય પણ અલ્પકાલીન છે. આયુષ્યની અલ્પ-કાલીનતાનું કારણ આયુષ્યકર્મની સ્થિતિની અલ્પતા છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં પ્રભુ મહાવીર દેવે આયુષ્યની અસ્થિરતા વર્ણવતાં કહ્યું છે :

**कुसग्गे जह ओसबिन्दुए थोवं चिट्ठई लंबमाणए ।**

**एवं मणुआण जीविअं समयं गोयम ! मा पमायए ॥**

**સારાર્થ :** ઘાસની ટોંચ ઉપર રહેલું ઝાકળબિંદુ જેમ વધુમાં વધુ થોડો સમય ત્યાં ટકી શકે છે તેમ મનુષ્યનું જીવન પણ ઝાકળબિંદુ જેવું જ છે એથી હે ગૌતમ ! ક્ષણનો પણ પ્રમાદ ન કરીશ.

૩. जीओ उ दुम्मेहा । જીવો પણ લગભગ પાપબુદ્ધિ છે. પાપબુદ્ધિ એટલાં માટે છે, હજી ગ્રંથિભેદ કરી શક્યાં નથી. અહીં એક પ્રશ્ન થાય છે કે જગતમાં ગ્રંથિભેદ કરી ચૂકેલાં જીવો કાયમ અસંખ્યાતા તો હોય જ છે પછી જીવો અભિન્નગ્રંથિક હોવાથી પાપબુદ્ધિ છે એવું કહેવું અવાસ્તવિક નથી ?

સમાધાન : ઉપરોક્ત વિધાન પ્રવાહની અપેક્ષાએ કરવામાં આવ્યું છે તેથી સાચું છે. ગ્રંથિભેદ કરી ચૂકેલાં જીવો કાયમ માટે અસંખ્યાતા હોવા છતાં પ્રવાહ તો ગ્રંથિભેદ નહીં કરી શકેલાં જીવોનો જ રહે છે કેમકે ગ્રંથિભેદ નહીં કરી શકેલાં જીવો કાયમ માટે અનંતા છે. આમ, પ્રવાહ અભિન્નગ્રંથિકોનો હોવાથી ઉપરોક્ત વિધાન સાચું છે.

૪. जं कज्जकरं थोवञ्च तं किंपि सिक्खिअव्वं ।

શ્રુતજ્ઞાન અપાર છે, આયુષ્ય અલ્પ છે, જીવો પાપબુદ્ધિ છે, જ્યાં આવી વિષમ સ્થિતિ છે ત્યાં એવો કાંઇક અલ્પ ઉપદેશ આપવો જોઇએ જે કાર્યસાધક બને.

કયું કાર્ય અહીં પ્રસ્તુત છે અને તેમાં સાધક બનનાર કોણ છે ? પ્રસ્તુત ગ્રંથ સમ્યક્ત્વ અંગેનું પ્રતિપાદન કરનારો હોવાથી ગ્રંથિભેદ અહીં કાર્ય છે અને ગ્રંથિભેદ સ્વરૂપ કાર્યને સાધી આપનારું કારણ શાસ્ત્રનો અધિગમ=પરિચય છે તેથી ગ્રંથકારે અહીં એવો શાસ્ત્રોપદેશ આપવાની ભાવના વર્ણવી છે જે ગ્રંથિભેદનું નિમિત્ત બને.

✡ ✦ ✡

*** विषयनिर्देशिका :**

प्रथमसम्यक्त्वलाभविधिं सविस्तरं वर्णयन्नाह–

*** ભાવાર્થ :**

સમ્યક્ત્વની પહેલ વહેલી પ્રાપ્તિના અંગોનું વિસ્તારથી વર્ણન કરે છે–

* मूलम् :

**मिच्छत्तमहामोहंधयारमूढाणं इत्थ जीवाणं ।**
**कम्मट्ठगंठिभेया जायइ सम्मत्तपरिणामो ॥४॥**

* छाया :

मिथ्यात्वमहामोहान्धकारमूढानामत्र जीवानाम् ।
कर्माष्टग्रन्थिभेदाज्जायते सम्यक्त्वपरिणामः ॥४॥

* **ગાથાર્થ :**

મિથ્યાત્વમોહનીયના મહાન અંધકારથી મૂઢ બનેલાં જીવોને આઠ પ્રકારના કર્મોની ગ્રંથિનો ભેદ થવાથી સમ્યક્ત્વનો પરિણામ પ્રગટે છે. ॥૪॥

* **'बोधिपताका' वृत्तिः :**

मिच्छत्तेति । 'इत्थ' द्रव्यादिचतुर्भेदभिन्नेषु संसारेषु, द्रव्यत आत्मद्रव्यस्यैव विवक्षाविषयत्वात् कर्मपरिणामाऽधीनेष्वनन्ताऽऽत्मसु, क्षेत्रतश्चतुर्दशरज्ज्वात्मकेषु लोकेषु, कालतोऽनाद्यनन्तेषु, भावतश्चाऽकुशलाऽध्यवसायरूपेषु, कुशलाऽध्यवसायस्याऽभिन्न-ग्रन्थिकेष्वसम्भवादत्रैतस्याऽग्रहणम् । 'जीवानां' भव्याऽभव्ययोः प्रथमपदवर्तिनाश्चरमावर्त्यचरमाऽऽवर्तिनोरप्याद्यपदस्थायिनाम् । कीदृशां तेषां ? 'मिच्छत्तमहामोहंधयार मूढाणं' सदसद्विवेकाऽऽशय एवाऽन्तर्ज्योतिस्तदपनायित्वेन मोहः परं तमस्तत्राऽपि मिथ्यात्वमोहनीयं विकटतरमनुद्धृतेऽस्मिन् चारित्रमोहस्योद्धाराऽशकत्वादतस्तदेव महामोहान्धकारस्तेन मोहितानाम् । 'कम्मट्ठगंठिभेया' कर्माष्टकग्रन्थिभेदात्, ननु ग्रन्थिस्तु मोहस्यैव नान्यकीयाऽतः कर्माष्टकग्रन्थेर्विधानमागमाऽपरतन्त्रम्, न हि, अन्यकर्मणां विशेषतो घातिनां संक्षयेऽपि ग्रन्थिभेदस्य बलवदुपादानरूपत्वात् तत्प्राधान्येनाऽत्र 'कर्माष्टक' इत्युल्लिखितम्, ग्रन्थिभेदोपादानस्यैवंविधं प्राधान्यं पूर्वाचार्यैरनुमतं यदुदाहृतवान् भगवान् हरिभद्रसूरिः सम्बोधप्रकरणे–

**अंतमुहुत्तेण वि कोइ, गंठिं भिच्चा लहेइ सिवं ॥**

'सम्मत्तपरिणामो जायइ' तुर्यगुणस्थानस्पर्शना सम्भवति । इदमत्र प्रासङ्गिकम् - ग्रन्थिभेदव्याख्यानप्रसङ्गादत्र प्रथमसम्यक्त्वलाभविधिः सविस्तरं निरूप्यते । करणत्रयस्याऽविनाभावी सम्यक्त्वलाभोऽनादिमिथ्यादृशां कार्मग्रन्थिकमतेन सैद्धान्तिकमतेन चाऽपि, तत्र प्रथमं यथाप्रवृत्तिकरणम्, नेदं पुरुषार्थविशिष्टसम्भवम्परं भवितव्यताप्रधानम्, नाऽत्र सप्रणिधाना निर्जराप्रवृत्तिः परमप्रणिधानवतो जीवस्य सोढकष्टस्य स्वतोजाता निर्जराप्रवृत्तिः, अत्राऽऽयुर्वर्ज्जानां सर्वकर्मणां स्थितिरेकैवकोटाकोटिसागरावधिमाप्नोति, एककोटाकोट्यामपि पल्योपमस्य न्यूनाऽसङ्ख्येयभागत्वमावहति, तदेव यथाप्रवृत्तिकरणम् ।

भव्योऽभव्यो वाऽनादिमिथ्यादृग् यावदनन्तवारमपीदं नदी-गिरि पाषाणदृष्टान्तवद् भवितव्यताप्रामुख्येन विदधाति, यदभिहितं बृहत्कल्पभाष्ये सङ्घदासगणिक्षमाश्रमणेन—

**गिरिसरियपत्थरेहिं आहरणं होइ पढमए करणे ।**
**एवमणाभोगियकरणसिद्धितो खवण जा गंठी ।।९७।।**

एतद् व्याख्यातं श्रीप्रभसूरिणा धर्मविधिप्रकरणेऽपि—

**मिच्छत्तमोहएगूणहत्तरिं कोडिकोडिमयराणं ।**
**नियमा खवेइ जीवो अहापवत्तेण करणेण ।।८।।**
**एवं गिरिसिरिदुपलक्कमेण काऊण गंठिभेयं तु ।**
**कोडाकोडीअंतो जा पत्तो गंठिदेसम्मि ।।९।।**

सोत्कर्षे मोहनीये शेषषण्णामायुर्वर्ज्जानां कर्मणां स्थितिर्नियमेनोत्कृष्टा भवति, खण्डितोत्कर्षे मोहनीये ज्ञानादेरुत्कृष्टबन्धेन मोहादिषण्णां कर्मणामुत्कृष्टबन्धो भवति न चाऽपि भवति, यथाप्रवृत्तौ मोहनीयस्योत्कर्षनाशे शेषषण्णामुत्कर्षनाश एवङ्कारणात् ।

अचरमाऽऽवर्तिनोयथाप्रवृत्तिकरणमशुद्धमवश्यप्रतिपातित्वाद्, शुद्धमशुद्धम्वा चरमावर्तिनः यदप्रतिपातिग्रन्थिभेदेन तत्छुद्धमन्यदशुद्धम् । शुद्धयथाप्रवृत्तिकरणं पर्याप्तः पूर्णपञ्चेन्द्रियः संज्ञी चाऽबद्धायुर्देवो मानवो वा तिर्यग्नारको वा कर्तुमलमशुद्धयथाप्रवृत्तिकरणमपूर्णेन्द्रियोऽपर्याप्तोऽपि करोति । शुद्धयथाप्रवृत्तिं प्राप्तोऽन्तमुहुर्तेनैवाऽपूर्वकरणमारुह्य ग्रन्थिं भिनत्ति । कृताऽशुद्धयथाप्रवृत्तिरभिन्नग्रन्थिकोग्रन्थिसमीपं सङ्ख्येयमसङ्ख्येयञ्चाऽपि समयं तिष्ठति,

यदुक्तवान् हरिभद्रसूरिः सम्बोधप्रकरणे—

**भव्वोवाऽभव्वो वा गंठिसमीवट्ठिओ न भिंदंतो ।**

**संखिज्जमसंखिज्जं कालं चिट्ठेइ जइ को वि ॥८७५॥**

एतदवस्थाविशिष्टोऽभव्यो भव्यो वा कश्चित् नवपूर्वावधिश्रुतमपि लभते परमलब्ध सम्यक्त्वतया तच्छ्रुतमपि द्रव्यश्रुतमेव, नांशमपि भावश्रुतत्वेन परिणमति । अभव्यानां ग्रैवेयकसुखाऽवाप्तिः कृतयथाप्रवृत्त्यामशुद्धायामेवम्भूताभ्यां द्रव्यश्रुत-चारित्राभ्यां घटते, यदुदाहृतमग्रगाथायाम्—

**दव्वसुयस्स लाहो, हविज्जपुव्वं विमुत्तदिक्खम्मि ।**

**जिणरिद्धिदंसणाओ, उवरिमगेविज्जगसुहट्ठं ॥८७६॥**

**एवमभव्वाणं चिय भव्वाणं पुणमभिन्नदसपुव्वा XX ॥८७७॥**

एवं शुद्धयथाप्रवृत्तिः भव्यानामेव नह्यभव्यानाङ्किन्तु यथाप्रवृत्तेरनन्त सङ्ख्यात्वमुभयेषामपि ।

द्वयमपूर्वकरणम् । अनादिमिथ्यादृग्भिर्घनराग-द्वेषाऽऽशयाः सततमनुभूतास्तानपि भिन्दन्नध्यवसायविशेष एवाऽपूर्वोऽप्राप्तपूर्वित्वात्, सोऽत्र वेद्यते तदपूर्वकरणम् । एतत्करणम्पुरुषार्थप्रधानङ्गुरुपदेशवशान्निसर्गत्वेन वाऽवगम्यते, अत्र वर्तमानो जीवो ग्रन्थिं भिनत्ति । ग्रन्थिस्तु घनराग-द्वेषाऽऽशय एव, जिनाज्ञारागोत्कर्षद्वारा तदप्रतिकूलेन केनाऽपि योगानुष्ठानद्वारा राग-द्वेषोद्घनस्य सम्भेदो 'ग्रन्थिभेद' पदेन परिचीयते सिद्धान्ते,

यदुदाहृतं सम्बोधप्रकरणे हरिभद्राचार्येण—

**गंठित्ति सुदुब्भेओ कक्खडघणरूढगूढगंठिव्व ।**

**जीवस्स कम्मजणिओ घणरागद्दोषपरिणामो ॥८६८॥**

**भित्तूणं तमपूव्वकरणेण अज्झप्पज्झाण सुद्धेण XX ॥८६९॥**

एवं धर्मविधिप्रकरणेऽपि—

**तत्तो अपुव्वविरियस्सुल्लासवसादपुव्वकरणेणं ।**

**गंठिं भिंदइ जीवो जो भव्वो जेणभणियमिमं ॥१०॥**

• भवसिद्धिकाः सलब्धय एवैनं ग्रन्थिभेदनं साधयति परे निष्पक्षवत्यः पिपीलिका इवाऽभिन्नग्रन्थिका अप्राप्ताऽपूर्वकरणादेव प्रतिपतन्ति, क्वचिद् भवसिद्धिका अपि सत्त्वहानितया प्रतिपतन्ति । अत्र राग-द्वेषरसस्य चतुःस्थानीयत्वं निर्धूय तं द्वि-स्थानीयत्वमापादय्यते । रसहानिरेव ग्रन्थिभेदनं कर्मशास्त्रपरिपाट्या ।

तृतीयमनिवृत्तिकरणम् । प्रथमंयथाप्रवृत्ति सग्रन्थिकम्, द्वयमपूर्वङ्ग्रन्थिमुल्लङ्घयत्, तृतीयञ्चाऽनिवृत्ति सन्निहिते सम्यक्त्वे भवति ।

यदुक्तम्बृहत्कल्पभाष्ये सङ्घदासगणिना–

**जा गंठि ता पढमं गंठिं समइच्छओ हवइ बीयं ।**
**अनियट्टीकरणं पुण सम्मत्तपुरक्खडे जीवे ।।९५।।**

सम्यक्त्वमवश्यम्भावितया लाभयन्तोऽध्यवसाया एव अनिवृत्तिकरणम् । अनिवृत्तिं प्रविष्टोऽन्तर्मुहूर्तादेव सम्यक्त्वं लभते, अत्र प्रविशन् मिथ्यादृष्टिः प्रविष्टोऽप्यन्तर्मुहूर्तम्मिथ्यादृष्टिरनादिमिथ्यात्वस्येदमन्तिमाऽन्तर्मुहूर्तम् । अत्रात्माऽभ्यन्तर्मुहूर्तन्तादृग्विरचयति यत्रोषरभूमौ तृणवदेकमपि मिथ्यात्वमोहदलिकं नोदयं याति, मिथ्यात्वस्याऽन्तरकरणादिदमेव सार्थनामाऽन्तरकरणम् ।

अनिवृत्तिकरणस्य स्थितिद्वयमेवम्प्रकारम्, प्रथममन्तर्मुहूर्तप्रमाणं समिथ्यात्वोदयम्, द्वयमप्यन्तर्मुहूर्तमानं निशान्तमिथ्यात्वोदयम् । यथा वनदवो रणं प्रविशन्नेवोपशाम्यति तथाऽनिवृत्तिं प्रवर्तमानस्याऽन्तरकरणं प्रविशतो मिथ्यात्वमोहनीयं तत्क्षणमुपशाम्यत्यतोऽन्तरकरणं प्रविशन् प्रथमसमयमेव सम्यक्त्वमौपशमिकं लभते ।

अन्तरकरणमध्यवसायबलेनाऽवाप्यतेऽत्र चाध्यवसायोत्कर्षेणैवाऽऽत्मा मिथ्यात्वमोहपुद्गलानां त्रिपुञ्जीकरणमपि विदधाति, मिथ्यात्वमोहं मदनकोद्रवशोधनोदाहरणेन विशोधयन् काञ्चन पुद्गलानखण्डशुद्धान् काञ्चिदर्धशुद्धान् कानपि चाऽशुद्धान् घटयति, शुद्धिरत्र मिथ्यात्वरसस्य, ये शुद्धीकृतास्ते सम्यक्त्वमोहपुद्गला अर्धशुद्धीकृतास्ते मिश्रमोहस्य ये चाऽशुद्धास्ते मिथ्यात्वमोहस्य । तदनन्तरमन्तरकरणं समापयति, अथौपशमिकसम्यक्त्वाच्च्युतो यः सम्यक्त्वमोहोदयमाप्नोति स क्षायोपशमिकसम्यग्दृष्टिर्भवत्यन्यश्च

मिश्रोमिथ्यादृष्टिर्वा पतितसम्यक्त्वी स्याद् । इदङ्कार्मग्रन्थिकमतम्, अनेन मताऽभिप्रायेणाऽनादिमिथ्यात्वी प्रथमवेलायामुपशमदर्शनमेवाऽवाप्नोति त्रिपुञ्जीकरणञ्चाऽप्यन्तरकरणं स्थितः सन्नेव विदधाति,

यदुद्गीर्णं विशेषावश्यकवृत्त्यां कोट्याचार्यैः—

**"कार्मग्रन्थिकास्त्विदमेव मन्यन्ते यदुत - सर्वोऽपि मिथ्यादृष्टिः प्रथमसम्यक्त्वलाभकाले यथाप्रवृत्त्यादिकरणत्रयपूर्वकमन्तरकरणं करोति, तत्र चौपशमिकं सम्यक्त्वं लभते पुञ्जत्रयञ्चासौ विदधात्येव । अत एवौपशमिकसम्यक्त्वाच्च्युतोऽसौ क्षायोपशमिक सम्यग्दृष्टिर्मिश्रो मिथ्यादृष्टिर्वा भवति ॥ [५३० तम गाथायाः वृत्त्याम्]**

सैद्धान्तिकमतस्त्वेवम् - अनादिमिथ्यादृष्टिः प्रथमसम्यक्त्वलाभकाले औपशमिकं क्षायोपशमिकम्वा क्षायिकं सम्यक्त्वमासादयति । योऽपूर्वकरणेनैव त्रिपुञ्जीकर्तुमशकोमन्द परिणामत्वात् सोऽनिवृत्तिमारुह्य तत्राऽन्तरकरणं विधाय तस्मिन् संविशन्नौपशमिकं सम्यक्त्वमाप्नोति, औपशमिकदर्शनाच्युतोऽसौ नियमेन मिथ्यादृष्टिर्भवति ।

अपूर्वकरणमारूढाः प्रवराऽध्यवसायशालिनोऽत्रैव ग्रन्थिभेदन्तदनन्तरं त्रिपुञ्जीकरणं करोति ततोऽनिवृत्तिकरणमासाद्य क्षयोपशमसम्यक्त्वं प्राप्नुवन्ति, एतेऽन्तरकरणं न कुर्वते, कालान्तरेण गतसम्यक्त्वा मिश्रा मिथ्यादृष्टयोवाऽपिजायन्ते । अपूर्वकरणवर्तमानः कश्चन ग्रन्थिं सम्भिद्य मिथ्यात्वमोहमशेषं क्षपयति स क्षायिकसम्यक्त्वं लभते,

यदुक्तम्मलयगिरिसूरिणा बृहत्कल्पभाष्यस्य वृत्त्याम्—

**"कोद्रवदृष्टान्तेनाऽपूर्वकरणेन मिथ्यात्वं त्रिपुञ्जं कृत्वाऽनिवृत्तिकरणेन तत्प्रथमतया क्षायोपशमिकसम्यक्त्वमासादयति । ततः परिणामवशतः कालान्तरेण मिश्रं मिथ्यात्वं वा गच्छन्ति । यस्त्वपूर्वकरणमारूढोऽपि मन्दाध्यवसायतया मिथ्यात्वं त्रिपुञ्जीकर्तुमसमर्थः सोऽनिवृत्तिकरणमुपगतोऽन्तरकरणं कृत्वा तत्र प्रविष्टो न किञ्चिदपि वेदयते स च त्रयाणामन्यतमदप्यवेदयमान उपशमकः सम्यग्दृष्टिरुच्यते ॥"**

इदमेव विशेषतः स्पष्टीकृतं कोट्याचार्यैर्विशेषावश्यकवृत्त्याम् ।

"अनादि मिथ्यादृष्टिः सन्नकृतत्रिपुञ्जो मिथ्यात्वमोहनीयस्याऽविहित शुद्धाऽशुद्ध-मिश्र-पुञ्जत्रयविभागोऽक्षपित मिथ्यात्वो लभते सम्यक्त्वम् तस्याऽपान्तरकरणप्रविष्ट-स्यौपशमिकं सम्यक्त्वमवाप्यते । क्षपितमिथ्यात्वपुञ्जोऽप्यविद्यमानत्रिपुञ्जो भवति, अतस्तद् व्यवच्छेदार्थमुक्तम्, अक्षपितमिथ्यात्वः सन् योऽत्रिपुञ्जः सम्यक्त्वं लभते तस्यैवौपशमिकं सम्यक्त्वमवाप्यते, क्षपितमिथ्यात्वः क्षायिकसम्यक्त्वमेव लभत इति भावः XX ॥" [५२९ तम गाथायाः वृत्त्याम्]

इति ग्रन्थिभेदमाश्रित्य प्रथमसम्यक्त्वलाभविधिः ॥४॥

*** ટીકાનો ભાવાર્થ :**

૧. इत्थ - અહીં इत्थ પદનો અર્થ 'સંસારમાં' એવો કરવામાં આવે છે અને સંસારને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ તેમ જ ભાવ દ્વારા ઓળખાવી તેનું અનુસંધાન આગળના પદ સાથે કરવામાં આવે છે.

(A) દ્રવ્યસંસાર : પ્રસ્તુત ગ્રંથમાં પ્રધાનતયા આત્મદ્રવ્યની વિવક્ષા કરવામાં આવી છે એથી આપણે આત્મદ્રવ્યની અપેક્ષાથી દ્રવ્યસંસારનો વિચાર કરવો જોઈએ. કર્મના પરિણામને વશ થયેલાં અનંતા આત્માઓ સંસારમાં છે અને તેઓ દ્રવ્ય સંસાર સ્વરૂપ છે.

(B) ક્ષેત્ર : ચૌદરાજલોક રૂપ વિશ્વ એટલે ક્ષેત્રસંસાર.

(C) કાળ : અનાદિ ભૂતકાળ, અનંતો ભવિષ્યકાળ અને વર્તમાનકાળ એ કાળસંસાર છે.

(D) ભાવ : આત્મામાં રહેલાં અપ્રશસ્ત ચિત્તપરિણામો એટલે ભાવસંસાર. અહીં પ્રશ્ન થાય છે કે પ્રશસ્ત ચિત્તપરિણામોને શા માટે ભાવસંસાર તરીકે રજૂ ન કર્યા ? એનો ઉત્તર એ છે કે ચિત્તના પ્રશસ્ત અધ્યવસાયો જેણે હજી ગ્રંથિભેદ નથી કર્યો એવા જીવોમાં પ્રગટતાં નથી. અહીં ચોથા શ્લોકના પહેલાં બે પદોમાં ગ્રંથિભેદ નહિ કરી શકેલાં જીવોની ચર્ચા થયેલી છે તેથી અપ્રશસ્ત અધ્યવસાયોનો જ ભાવસંસાર તરીકે સ્વીકાર થાય તે ઉચિત છે.

૨. जीवानां = ઉપરોક્ત ચારે પ્રકારના સંસારમાં બે પ્રકારના જીવો રહ્યાં છે. એક, ભવ્ય અને અભવ્ય. બે, ચરમાવર્તી અને અચરમાવર્તી. આ પૈકી ભવ્ય અને એ પણ ચરમાવર્તી આત્માઓ અત્રે અપેક્ષિત છે. અન્યો નહિ.

૩. मिच्छत्तमहामोहंधयारमूढाणं : સાચા અને ખોટાંનો વિવેક એ અભ્યંતર ચક્ષુ છે. મોહ, આ ચક્ષુઓને ઓઝલ કરી દેનારો છે અને એથી જ તે મહાન અંધકાર સમાન છે. એમાં પણ મિથ્યાત્વ મોહનીય તો અત્યંત ગાઢ અંધકાર જેવો છે કેમકે મિથ્યાત્વ મોહનીયના ક્ષય કે ઉપશમ અથવા ક્ષયોપશમ વિના ચારિત્રમોહનીયનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ શક્ય નથી.

ભવ્ય અને ચરમાવર્તી આત્માઓ પણ સમ્યક્ત્વને નથી પામતાં ત્યાં સુધી મિથ્યાત્વના ગાઢ અંધકારથી અંધ બનેલાં છે.

૪. कम्मट्ठगंठिभेया सम्मत्तपरिणामो जायइ : મિથ્યાત્વના અંધકારથી અંધ બનેલા ચરમાવર્તી ભવ્યો આઠ પ્રકારના કર્મોની ગ્રંથિનો ભેદ કરે છે. એ પછી સમ્યક્ત્વનો પરિણામ તેમને હાંસલ થાય છે.

અહીં એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે ગ્રંથિ તો માત્ર મોહનીયકર્મની જ હોય છે તેથી ગ્રંથિનો ભેદ પણ મોહનીયકર્મ સાથે સંલગ્ન છે. જો આમ છે તો આઠ કર્મોની ગ્રંથિના ભેદનું ગ્રંથકારનું વિધાન આગમ વિરુદ્ધ છે એવું નથી લાગતું ?

આ પ્રશ્નનો જવાબ છે, ગ્રંથકારનું વિધાન આગમ વિરુદ્ધ નથી. કેમ કે આગમે, મોહનીય કર્મની જ ગ્રંથિ દર્શાવી છે તે જેમ સાચું છે તેમ અન્ય તમામ કર્મોના અને તેમાં ય બળવાન એવા ઘાતિકર્મોના ક્ષયમાં મોહનીયકર્મની ગ્રંથિનો ભેદ પ્રબળ ઉપાદાન બને છે એ પણ એટલી જ વાસ્તવિક હકીકત છે.

ગ્રંથિભેદ નામનું ઉપાદાન તૈયાર થાય છે એ પછી જ અન્ય કર્મોનો સંપૂર્ણ ક્ષય શક્ય બને છે. ગ્રંથિભેદનું આવું પ્રાધાન્ય પૂર્વાચાર્યોએ પણ સ્વીકાર્યું છે. પૂ. પૂર્વાચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજે सम्बोधप्रकरण નામના ગ્રંથમાં લખ્યું છે—

**अंतमुहुत्तेण वि कोइ, गंठिं भिच्चा लहेइ सिवं ॥**

અર્થ : ગ્રંથિભેદ કરીને કોક આત્મા માત્ર અંતર્મુહૂર્તમાં મોક્ષપ્રાપ્તિ કરી લે છે. આમ, ગ્રંથિભેદનું આવું પ્રાધાન્ય હોવાથી અહીં આઠ કર્મોની ગ્રંથિનું વિધાન થયું છે. આ પ્રકારનો ગ્રંથિભેદ કરીને આત્મા ચોથા ગુણસ્થાનકની સ્પર્શના સ્વરૂપ સમ્યગ્દર્શન ગુણની પ્રાપ્તિ કરે છે.

**✦ સમ્યક્ત્વની પ્રાપ્તિનો ક્રમ :**

પ્રસ્તુત, ગાથામાં ગ્રંથિભેદનું વિધાન થયું છે તેથી તેને અનુલક્ષીને અનાદિ મિથ્યાદષ્ટિ આત્માને સર્વપ્રથમવાર સમ્યગ્દર્શનની પ્રાપ્તિ શી રીતે થાય છે ? તેનું વિવરણ અત્રે રજૂ કરવામાં આવે છે.

(૧) યથાપ્રવૃત્તિકરણ (૨) અપૂર્વકરણ અને (૩) અનિવૃત્તિકરણ. આ ત્રણ કરણ કર્યા વિના અનાદિ મિથ્યાદષ્ટિ આત્માને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઇ શકતી નથી. આગમિક મત પણ આ જ છે અને કાર્મગ્રન્થિક મત પણ ત્યાં સંમતિ આપે છે.

હા, જેણે એક વાર સમ્યક્ત્વ મેળવી લીધું છે એ પછી તેને ખોઇ પણ ચૂક્યો છે એવો આત્મા ફરી વાર સમ્યગ્દર્શન મેળવવાનો પુરુષાર્થ કરે ત્યારે તેને આ ત્રણ પૈકીના એક પણ કરણ કરવા પડતાં નથી.

**✦ પહેલું, યથાપ્રવૃત્તિકરણ :**

યથાપ્રવૃત્તિકરણ માટે પુરુષાર્થ કરવો પડતો નથી. તે સ્વયં પ્રાપ્ત થઇ જતું હોય છે. આ કરણ પુરુષાર્થપ્રધાન નથી પરંતુ ભવિતવ્યતાપ્રધાન છે. આત્મા કર્મોની નિર્જરા દ્વારા

યથાપ્રવૃત્તિકરણ સુધી પહોંચે છે તે વાસ્તવિકતા છે પરંતુ આ નિર્જરા દુઃખ સહન કરવાના પ્રણિધાનપૂર્વકની નથી.

જીવે પ્રણિધાન વિના જે કષ્ટો સહન કર્યાં, એથી જે કર્મોની નિર્જરા થઇ તેના બળે યથાપ્રવૃત્તિકરણની પ્રાપ્તિ થઇ છે.

આયુષ્ય કર્મ સિવાયના સાતે સાત કર્મોની સ્થિતિ જ્યારે માત્ર એક કોટાકોટી સાગરોપમની બની જાય છે અને આ છેલ્લાં એક કોટાકોટી સાગરોપમમાં પણ પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ જેટલો તે કર્મસ્થિતિઓનો વધુ હ્રાસ થાય છે ત્યારે આત્માને યથાપ્રવૃત્તિકરણની પ્રાપ્તિ થાય છે. શાસ્ત્રીય દૃષ્ટિથી કર્મસ્થિતિઓનો આ પ્રકારનો હ્રાસ એટલે જ યથાપ્રવૃત્તિકરણ.

આવું યથાપ્રવૃત્તિકરણ આપણા સહુના આત્માને અનંતકાળમાં અનંતીવાર પ્રાપ્ત થયેલું છે. આ કરણ અનાદિ મિથ્યાદૃષ્ટિ ભવ્યને પણ અનંતીવાર પ્રાપ્ત થાય છે અને અભવ્યને પણ એટલી જ વાર પ્રાપ્ત થાય છે.

પર્વતની ટોંચ ઉપરથી કોક ઝરણું વહી રહ્યું છે, વહેતું વહેતું તે તળેટી પર પહોંચે છે, એ પછી નદી બનીને ખળખળ વહેતું જાય છે, બને છે એવું કે પર્વતની ટોંચ પરથી નીચે ઉતરતી વેળાએ કેટલાં ય શિલાખંડોને આ ઝરણાંએ પોતાની સાથે લઇ લીધાં, ઘણાં ખરા શિલાખંડો થોડાં આગળ વધીને થંભી ગયા. કોક ટૂકડાઓમાં વહેંચાઇ ગયા અને તે પૈકીનો કોક ખંડ લાંબે સુધી પાણી સાથે વહેતો રહીને એવો લીસો, ગોળ-મટોળ બન્યો જેવો આકાર શિલ્પી પણ આપી શકે નહિ.

અહીં પત્થરને જે આકાર મળ્યો તેમાં પત્થરનો પુરુષાર્થ કામ નથી કરતો, નદીનું પણ તેને આકાર આપવાનું પ્રણિધાન નથી હોતું તેમ છતાં તેને ભવિતવ્યતાના સહારે આકાર મળી જાય છે. આને કહેવાય, **गिरिसरितापाषाण** નો ન્યાય. આ ન્યાયથી અનાદિ મિથ્યાત્વી ભવ્યને અને અભવ્યને અનંતીવાર યથાપ્રવૃત્તિકરણ સાંપડતું હોય છે.

**'बहत्कल्पभाष्य'** નામના આગમસૂત્રમાં પૂર્વધર આચાર્ય શ્રી સંઘદાસગણિ ક્ષમાશ્રમણે યથાપ્રવૃત્તિકરણને નીચેના શબ્દોમાં ઓળખાવ્યું છે–

**गिरिसरियपत्थरेहिं आहरणं होइ पढमए करणे ।**

**एवमणाभोगियकरणसिद्धितो खवण जा गंठी ।।९७।।**

**સારાર્થ :** 'गिरिसरितापाषाण' ન્યાય આ યથાપ્રવૃત્તિકરણમાં પ્રવર્તે છે. અનાભોગ = પુરુષાર્થ કે પ્રણિધાન વિના આ કરણની પ્રાપ્તિ થાય છે અને આ કરણ કરનારામાં હજી રાગ-દ્વેષની ગ્રંથિનું અસ્તિત્વ છે.

પૂ. પૂર્વાચાર્ય શ્રી શ્રીપ્રભસૂરિ મહારાજે **'ધર્મવિધિ પ્રકરણ'**માં આ જ વાતની નીચે મુજબ પુષ્ટિ કરી છે–

**मिच्छत्तमोहएगूणहत्तरिं कोडिकोडिमयराणं ।**

**नियमा खवेइ जीवो अहापवत्तेण करणेण ॥८॥**

**एवं गिरिसिरिदुपलक्कमेण काउण गंठिभेयं तु ।**

**कोडाकोडीअंतो जा पत्तो गंठिदेसम्मि ॥९॥**

**સારાર્થ :** મિથ્યાત્વમોહનીયકર્મની ઓગણોસીત્તેર કોટાકોટી સાગરોપમ જેટલી સ્થિતિનો ક્ષય આ યથાપ્રવૃત્તિકરણ વડે થાય છે. આ યથાપ્રવૃત્તિકરણ થાય ત્યારે આત્મા ગ્રંથિદેશ સુધી આવ્યો કહેવાય. એ પછી ગ્રંથિભેદ કરે.

### ✦ કર્મસ્થિતિઓનો પરસ્પર સંબંધ :

મોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સીત્તેર કોટાકોટી સાગરોપમની છે. શેષકર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ તેનાથી ઓછી સંખ્યામાં છે.

યથાપ્રવૃત્તિકરણ દ્વારા મોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિનો નાશ થાય છે અને એ સાથે આયુષ્ય સિવાયના બાકીના તમામ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિનો પણ નાશ થાય છે. આમ, બધાં જ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ આ રીતે નાશ પામી. બધાં જ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિનો સાગમટો નાશ કેમ થયો ? એ સમજવા માટે કર્મસ્થિતિઓનો પારસ્પરિક સંબંધ સમજવો પડે.

કર્મસ્થિતિઓનો પારસ્પરિક સંબંધ કાંઈક આવો છે—

(अ) મોહનીયકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ જ્યારે બંધાય છે ત્યારે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય, નામ ગોત્ર અને વેદનીય આ છ કર્મોની સ્થિતિનો પણ ઉત્કૃષ્ટ બંધ થાય છે. જ્યાં સુધી આત્મા ઉપર મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિનું અસ્તિત્વ છે ત્યાં સુધી ઉપરોક્ત છ કર્મોની સ્થિતિ પણ ઉત્કૃષ્ટ જ રહે છે.

(ब) જ્ઞાનાવરણીયકર્મ કે એવા મોહનીયકર્મ સિવાયના છ પૈકીનાં કોઈ એક કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ જ્યારે બંધાય છે ત્યારે મોહનીયકર્મનો અને શેષ તમામ કર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ થાય જ એવો નિયમ નથી. થાય પણ ખરો અને ન પણ થાય.

(क) ઉપરના બે નિયમ દ્વારા એ નક્કી થયું કે મોહનીયકર્મના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સાથે બાકીના છ કર્મોના ઉત્કૃષ્ટ સ્થિતિબંધને સંબંધ છે પરંતુ અન્ય કોઈ કર્મના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સાથે આવો સંબંધ નથી.

(ड) હવે મૂળ મુદ્દો પકડીએ - યથાપ્રવૃત્તિકરણ દ્વારા મોહનીયકર્મની ઉત્કૃષ્ટસ્થિતિનો સૌ પ્રથમ ધ્વંસ થાય છે. શેષ છ કર્મોની ઉત્કૃષ્ટસ્થિતિ તો મોહનીયકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ ઉપર આધારિત હતી. આધાર જ્યાં તૂટ્યો ત્યાં આધારિત શી રીતે ટકી શકે ? માટે આ છ કર્મોની સ્થિતિ પણ મોહનીય કર્મનો સ્થિતિનાશ થાય છે તે સાથે જ નાશ પામતી જાય છે.

### ✦ શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ કોને કહેવાય ?

જો કે આગમગ્રંથોમાં યથાપ્રવૃત્તિકરણના શુદ્ધ અને અશુદ્ધ એવા વિભાગ પાડવામાં આવ્યાં નથી પરંતુ આગમરચના પછીના સમયમાં પૂ. પૂર્વાચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજા જેવા ગીતાર્થ અને આગમધર મહાપુરુષોએ જે યોગગ્રંથોની રચના કરી તેમાં યથાપ્રવૃત્તિકરણના શુદ્ધ અને અશુદ્ધ એવા વિભાગો ઉપસ્થિત કર્યાં છે.

ભલે, આ વિભાગો આગમગ્રંથોમાં લખાયેલાં નથી છતાં તે આગમ અવિરુદ્ધ છે, આગમપ્રણીત તત્ત્વને વધુ સરળ બનાવીને સમજાવનારાં છે માટે સ્વીકાર્ય છે.

યથાપ્રવૃત્તિકરણ વડે કર્મસ્થિતિનો જે રીતે હ્રાસ થાય છે તે જ રીતે શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ વડે પણ થાય છે છતાં યથાપ્રવૃત્તિકરણ અને શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ વચ્ચે અંતર છે.

ગ્રંથિભેદ કરાવ્યાં વિના જે પતન પામતું નથી તેવું યથાપ્રવૃત્તિકરણ શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ છે અને ગ્રંથિભેદ કરાવ્યાં વિના જ જે પતન પામી જાય છે તે અશુદ્ધ યથાપ્રવૃત્તિકરણ છે.

અશુદ્ધ યથાપ્રવૃત્તિકરણ આત્મા અનંતીવાર કરે છે. જ્યારે શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ એક જ વખત કરવું પડે છે. અચરમાવર્તમાં રહેલાં જીવો જ્યારે યથાપ્રવૃત્તિકરણ કરે છે ત્યારે તે અવશ્ય અશુદ્ધ જ હોય છે. ચરમાવર્તમાં આવેલાં જીવોનું યથાપ્રવૃત્તિકરણ અશુદ્ધ પણ હોઇ શકે અને શુદ્ધ પણ.

પૂર્વે અનંતી વખત્ જે કર્યું છે અને કાળક્રમે ગુમાવ્યું છે, ફરી ફરી વાર કરીને દરેકવાર ગુમાવ્યું છે એ જ યથાપ્રવૃત્તિકરણ જ્યારે છેલ્લી વખત કરવામાં આવે ત્યારે તેને શુદ્ધ કહેવાય. આવું શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ એક અંતર્મુહૂર્તમાં ગ્રંથિભેદ કરાવીને રહે છે.

શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ અસંજ્ઞી અને અપૂર્ણ પંચેન્દ્રિય જીવો નથી કરી શકતાં. સંજ્ઞી તેમજ પૂર્ણ પંચેન્દ્રિય જીવો જ શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ કરી શકે છે. એ પણ આગામી ભવનું આયુષ્ય બાંધ્યું ન હોય તેવી અવસ્થામાં. અશુદ્ધ યથાપ્રવૃત્તિકરણ અસંજ્ઞી એકેન્દ્રિયો પણ કરી જાણે છે.

### ✦ અશુદ્ધ યથાપ્રવૃત્તિકરણ અસંખ્ય કાળ સુધી પણ ટકે :

શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ જેને પ્રાપ્ત થયું છે તે એક અંતર્મુહૂર્તમાં જ અપૂર્વકરણને પ્રાપ્ત કરી લે છે અને અપૂર્વકરણ દરમિયાન ગ્રંથિનો ભેદ કરે છે. આમ, શુદ્ધ યથાપ્રવૃત્તિકરણની સ્થિતિ અંતર્મુહૂર્ત જેટલી જ છે.

જ્યારે અશુદ્ધ યથાપ્રવૃત્તિકરણ કરનારો આત્મા યથાપ્રવૃત્તિકરણની અવસ્થામાં સંખ્યાત અને અસંખ્યાતકાળ સુધી પણ ટકી શકે છે. આ સમયે તે એક તરફ ગ્રંથિભેદની નજીક પહોંચ્યો છે પણ ગ્રંથિભેદ કરી શકતો નથી અને બીજી તરફ કર્મની સ્થિતિને એક કોટાકોટી સાગરોપમથી વધુ લાંબી પણ બનવા દેતો નથી. તેથી તેના યથાપ્રવૃત્તિકરણનો ભ્રંશ થતો નથી.

**'सम्बोधप्रकरण'** માં પૂ. પૂર્વાચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજે કહ્યું છે—

**भव्वोवाऽभव्वोवा गंठिसमीवट्ठिओ न भिंदंतो ।**

**संखिज्जमसंखिज्जं कालं चिट्ठेइ जइ को वि ॥८७५॥**

સારાર્થ : ગ્રંથિની નજીક પહોંચી ગયેલો પણ તેને ઓળંગી નહિ શકતો ભવ્ય અથવા અભવ્ય આ સ્થિતિમાં સંખ્યાત કે પછી અસંખ્યાતકાળ પસાર કરી દે છે.

**✦ અભવ્યને ગ્રૈવેયકની પ્રાપ્તિ :**

અશુદ્ધ યથાપ્રવૃત્તિકરણના અસંખ્યકાળ દરમ્યાન જ અભવ્યના આત્માઓ નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિ કરે છે.

અશુદ્ધ યથાપ્રવૃત્તિકરણને પણ ગુમાવી દેનારો આત્મા નવમા ગ્રૈવેયક સુધી પહોંચે તે સંભવિત નથી કેમકે એ અવસ્થામાં તો તે નવકારનો 'ન' પણ બોલી શકે તેમ નથી.

શાસ્ત્રોનો અભિપ્રાય છે, અશુદ્ધયથાપ્રવૃત્તિકરણના અસંખ્યકાળ દરમ્યાન આત્મા નવપૂર્વ સુધીનું શ્રુતજ્ઞાન પણ ગ્રહણ કરી શકે છે, દ્રવ્યચારિત્ર પણ આરાધી શકે છે અને દ્રવ્યશ્રુત + દ્રવ્યચારિત્રના પ્રભાવે નવમા ગ્રૈવેયક સુધી પહોંચી જાય છે.

ભવ્યો અને અભવ્યો આ રીતે અસંખ્યાતી વખત જિનશાસનની દીક્ષા પામે છે, નવ પૂર્વ સુધીનું જ્ઞાન મેળવે છે અને અંતે નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિ કરે છે. હા, એમનું નવપૂર્વ જેટલું જ્ઞાન પણ 'ભાવશ્રુત' બની શકતું નથી. અંશત પણ નહીં કેમકે ગ્રંથિભેદ હજી થયો નથી.

'संबोधप्रकरण' માં વિધાન થયું છે કે—

**दव्वसुयस्स लाहो, हविज्ज पुव्वं विमुत्तदिक्खम्मि ।**

**जिणरिद्धिदंसणाओ, उवरिमगेविज्जग सुहडुं ॥८७६॥**

**एवमभव्वाणं चिय भव्वाणं पुणमभिन्न दसपुव्वा XX ॥८७७॥**

સારાર્થ : આ અવસ્થા [ગ્રંથિભેદ વિનાની અને યથાપ્રવૃત્તિકરણવાળી] માં આત્મા નવપૂર્વના જ્ઞાનનો લાભ પણ પામે અને દીક્ષા પાળીને ગૈવેયકમાં પણ ઉત્પન્ન થાય. હા, દશમું પૂર્વ તો તે જ પૂર્ણ કરે જે નિયમા ભવ્ય હોય અને ગ્રંથિભેદ પણ કરેલો હોય.

આમ, શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ ભવ્યો જ કરી શકે, અભવ્યો નહિ. તે બંને અશુદ્ધ યથાપ્રવૃત્તિકરણ અનંતીવાર કરે એવું પણ સંભવે.

**✦ અપૂર્વકરણ :**

અનાદિ મિથ્યાદૃષ્ટિ આત્માએ રાગ-દ્વેષના ઘનિષ્ઠ પરિણામોને પ્રતિસમય ધારણ કર્યાં છે પરંતુ રાગ-દ્વેષના દૃઢ પરિણામોને ભેદી શકે એવો અતિદૃઢ શુભપરિણામ અનુભવ્યો નથી. રાગ-દ્વેષના ઘનિષ્ઠ પરિણામોને ભેદી નાંખે એવો અતિદૃઢ શુભપરિણામ જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે આત્મા આ અપૂર્વકરણમાં આરૂઢ બને છે.

અપૂર્વ એટલે પૂર્વે પ્રાપ્ત નહિ થયેલાં અને કરણ એટલે શુભ પરિણામોની અનુભૂતિ. શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ થયાં પછી એક જ અંતર્મુહૂર્તમાં આત્મા અપૂર્વકરણમાં આરૂઢ બને છે અને અપૂર્વકરણના સમય દરમ્યાન ઉત્તરોત્તર અધિક શુભ અધ્યવસાયોને ધારણ કરતો જાય છે. આ જ અપૂર્વકરણ દરમ્યાન અનાદિકાળથી આત્મા સાથે એક-મેક થયેલી રાગ-દ્વેષના પરિણામોની ગ્રંથિને તે ભેદી નાંખે છે.

ગ્રંથિ એટલે રાગ-દ્વેષના અતિ તીવ્ર પરિણામો.

ગ્રંથિભેદ એટલે એથી પણ અધિક તીવ્ર એવા શુભ પરિણામોની પ્રાપ્તિ દ્વારા રાગ-દ્વેષના તીવ્ર પરિણામોનું ઉલ્લંઘન.

જિનાજ્ઞાનો રાગ જ્યારે અતિગાઢ અવસ્થાને પામે છે અથવા જિનાજ્ઞાને અપ્રતિકૂળ એવા યોગ-અધ્યાત્મના કોઇ પણ અનુષ્ઠાનનો રાગ જ્યારે અતિગાઢ અવસ્થાને પામે છે ત્યારે 'ગ્રંથિભેદ' શક્ય બને છે. આવા શુભપરિણામો દ્વારા રાગ-દ્વેષના પરિણામોના ઉલ્લંઘનને જ આગમમાં 'ગ્રંથિભેદ' કહ્યો છે.

પૂ. પૂર્વાચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજે 'सम्बोधप्रकरण' માં ફરમાવ્યું છે કે—

**गंठित्ति सुदुब्भेओ कक्खडघणरुढगूढगंठिव्व ।**
**जीवस्स कम्मजणिओ घणरागद्दोषपरिणामो ॥८६८॥**
**भित्तूणं तमपूव्वकरणेण अज्झप्पज्झाणसुद्धेण XX ॥८६९॥**

સારાર્થ : રાગ અને દ્વેષના ભેદી ના શકાય તેવા ગૂઢ અને દઢપરિણામને 'ગ્રંથિ' કહેવાય. જે મોહનીય કર્મથી જનિત છે. અપૂર્વકરણ દરમ્યાન આવી ગ્રંથિને આત્મા શુદ્ધ અધ્યાત્મ દ્વારા ઓળંગે છે.

'ધર્મવિધિપ્રકરણ'માં પણ કહ્યું છે કે—

**तत्तो अपुव्वविरियस्सुल्लासवसादपुव्वकरणेणं ।**
**गंठिं भिंदइ जीवो जो भव्वो जेणभणियमिमं ॥१०॥**

સારાર્થ : ભવ્યજીવો અપૂર્વ વીર્યોલ્લાસ પ્રાપ્ત કરે ત્યારે અપૂર્વકરણ કરે અને એ દરમિયાન 'ગ્રંથિભેદ' કરે.

અપૂર્વકરણની પ્રાપ્તિ માટે આત્માએ અપૂર્વ પુરુષાર્થ કરવો પડે છે. જે રીતે યથાપ્રવૃત્તિકરણ ભવિતવ્યતાના બળે પ્રાપ્ત થયું હતું તે રીતે આ કરણ મળે તેમ નથી. આ કરણ પુરુષાર્થ પ્રધાન છે.

સદ્‌ગુરુના ઉપદેશથી અથવા તો નૈસર્ગિક રીતે એટલે કે જાતિસ્મરણજ્ઞાન વગેરે સ્વતઃ ઉત્પન્ન ઉપદેશથી જ્યારે આત્મા ચિત્તની વિશુદ્ધિને પામતો જાય ત્યારે તેને અપૂર્વકરણ સાંપડે.

સલબ્ધિક અને પ્રાય: આસન્નભવ્ય જીવો જ અપૂર્વકરણમાં આરૂઢ બને છે. સલબ્ધિક પદનો અર્થ અહીં પાંચ ઇન્દ્રિયોને અને છ પર્યાપ્તિને મેળવનાર એવો કરવાનો છે. ભવસિદ્ધિક પદનો અર્થ આસન્નભવ્ય કરવાનો છે.

જે રીતે ઉડવાની શરૂઆત કરનારી કીડી પાંખો તૂટી પડવાથી જમીનદોસ્ત થઇ જાય છે તે જ રીતે જેઓ ભવસિદ્ધિક અને સલબ્ધિક નથી તેઓ પણ અપૂર્વકરણ મેળવવાની મહેનત કરે છે અને મેળવ્યાં વિના જ વિનિપાત પામે છે.

કાર્મગ્રન્થિક દષ્ટિથી વિચારીએ તો - અપૂર્વકરણની પ્રાપ્તિ પહેલાં અનાદિ મિથ્યાદષ્ટિમાં મોહનીયકર્મનો રસ ચાર સ્થાનનો હતો, અપૂર્વકરણ પ્રાપ્ત થતાં તે રસ ઘટવા માંડ્યો. એટલો નબળો થયો કે તેણે ચોથું સ્થાન ગુમાવ્યું, ત્રીજું સ્થાન ગુમાવ્યું અને માત્ર બે સ્થાનનો બની ગયો. બસ, આનું જ નામ ગ્રંથિભેદ. કર્મશાસ્ત્રોની પરિભાષામાં ગ્રંથિભેદ એટલે રાગ-દ્વેષના રસનું ચતુઃસ્થાનીયત્વ ખતમ કરી દેવું અને તેને દ્વિસ્થાનીય બનાવવો.

✦ **અનિવૃત્તિકરણ :**

પહેલાં, યથાપ્રવૃત્તિકરણમાં રાગ-દ્વેષની ગ્રંથિ યથાવત્ છે પરંતુ ગ્રંથિના ભેદની સન્મુખ અવસ્થા મળી છે. બીજા, અપૂર્વકરણ દ્વારા રાગ-દ્વેષની ગ્રંથિને ભેદી નાંખવામાં આવી છે અને એ પછી ત્રીજું અનિવૃત્તિકરણ ત્યારે મળે છે જ્યારે આત્મા સમ્યક્ત્વની એકદમ નજદીક સુધી પહોંચી ગયો છે.

બૃહત્કલ્પ-ભાષ્ય નામના આગમમાં પૂ. પૂર્વધર આચાર્ય શ્રી સંઘદાસગણીએ આ પ્રકારનું કથન કર્યું છે.

**जा गंठि ता पढमं गंठिं समइच्छओ हवइ बीयं ।**

**अनियट्टीकरणं पुण सम्मत्तपुरक्खडे जीवे ॥९५॥**

સારાર્થ : ગ્રંથિભેદ પહેલાં પહેલું કરણ, ગ્રંથિભેદ કરતાં બીજું કરણ અને સમ્યક્ત્વની નજીક પહોંચતાં ત્રીજું અનિવૃત્તિકરણ પ્રાપ્ત થાય છે.

અનિવૃત્તિકરણ પુરુષાર્થપ્રધાન છે. બીજું અપૂર્વકરણ જેણે આદર્યું છે એવા અનાદિ મિથ્યાદષ્ટિને અપૂર્વકરણની સમાપ્તિ પછી તત્ક્ષણ અનિવૃત્તિકરણની પ્રાપ્તિ થાય છે. અપૂર્વકરણનો સમય જેમ અંતર્મુહૂર્તનો હતો તેમ અનિવૃત્તિકરણનો સમય પણ અંતર્મુહૂર્તનો છે.

અનાદિ સંસારમાં નહીં અનુભવેલો શુભ અધ્યવસાયોનો ઉલ્લાસ અપૂર્વકરણમાં અનુભવવા મળ્યો હતો, અનિવૃત્તિકરણમાં શુભપરિણામોનો એથી પણ અધિક ઉલ્લાસ અનુભવવા મળે છે. એવા શુભપરિણામો જે અવશ્ય સમ્યગ્દર્શનનું પ્રગટીકરણ દે. अ એટલે નહિ અને નિવૃત્તિ એટલે પીછેહઠ. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કર્યા વિના જ્યાંથી પીછેહઠ થતી નથી એનું નામ અનિવૃત્તિકરણ. આ કરણમાં પ્રવેશેલો આત્મા એક અંતર્મુહૂર્તમાં સમ્યક્ત્વને પામી જાય છે.

. અનિવૃત્તિકરણમાં પ્રવેશે છે ત્યારે આત્મા મિથ્યાદૃષ્ટિ છે. પ્રવેશ્યાં પછી એક અંતર્મુહૂર્ત સુધી તે મિથ્યાદૃષ્ટિ છે. એ પછી સમ્યકૃત્વની નિશ્ચિત પ્રાપ્તિ થાય છે.

અનિવૃત્તિકરણની બે અવસ્થાઓ છે. પહેલી અવસ્થા એક અંતર્મુહૂર્ત પ્રમાણની છે અને તે મિથ્યાત્વના ઉદયથી વાસિત છે. બીજી અવસ્થા પણ એક અંતર્મુહૂર્ત પ્રમાણની છે પરંતુ તેમાં મિથ્યાત્વનો અંશમાત્ર પણ ઉદય હોતો નથી.

અનિવૃત્તિકરણનું પહેલું અંતર્મુહૂર્ત અનાદિ મિથ્યાત્વનું છેલ્લું અંતર્મુહૂર્ત છે. આ અંતર્મુહૂર્તમાં આત્માને પરિણામોનો એવો ઉલ્લાસ પ્રગટે છે જેથી મિથ્યાત્વના ઉદયને રોકી દેવા માટેનું સામર્થ્ય પ્રાપ્ત થાય.

**✦ અંતરકરણ અને પ્રથમ સમ્યકૃત્વની પ્રાપ્તિ :**

પરિણામોના આવા ઉલ્લાસ દ્વારા અંતે તે મિથ્યાત્વના ઉદયને રોકી પણ દે છે. મિથ્યાત્વના ઉદયને આંતરવો-રોકવો એનું જ નામ અંતરકરણ.

અનિવૃત્તિકરણના એક અંતર્મુહૂર્તમાં આત્મા એવા પેટા અંતર્મુહૂર્તની રચના કરે છે જ્યાં મિથ્યાત્વના એક પણ દલિકનો ઉદય નથી. આ પેટા અંતર્મુહૂર્તને શાસ્ત્રીય ભાષામાં અંતરકરણ કહેવાય. ઉખરભૂમિમાં જેમ એકાદ તણખલું પણ નથી મળતું તેમ અંતરકરણના સમયગાળામાં મિથ્યાત્વનો એકાદ દલિક પણ ઉદયમાં નથી આવતો.

વનમાં પ્રગટેલો દાવાગ્નિ વનને બાળતો બાળતો જ્યાં રણને સ્પર્શે છે, તત્ક્ષણ શાંત પડી જાય છે. બસ, એ જ રીતે અનિવૃત્તિકરણમાં પ્રવેશેલો આત્મા જ્યાં અંતઃકરણમાં આરુઢ બને છે, તત્ક્ષણ તેના મિથ્યાત્વનો ઉદય અટકી જાય છે.

અંતરકરણમાં પ્રવેશતાં તેના પહેલાં જ સમયે અનાદિ મિથ્યાદૃષ્ટિ આત્માને ઉપશમ સમ્યકૃત્વની પ્રાપ્તિ થાય છે.

**✦ ત્રિપુઞ્જી કરણ :**

અંતરકરણનો સમય એક અંતર્મુહૂર્તનો હોય છે. ત્યાં પ્રાપ્ત થયેલું ઉપશમ સમ્યકૃત્વ પણ એક અંતર્મુહૂર્ત સુધી ટકે છે.

અહીં આત્મા મિથ્યાત્વ મોહનીયના પુદ્ગલોનું શુદ્ધિકરણ શરુ કરે છે. જેમ મદિરા બનાવવા માટે કોદ્રવને શુદ્ધ કરવામાં આવે ત્યારે કેટલોક ભાગ પૂરેપૂરો શુદ્ધ બને જે મદિરા બનાવવા માટે ઉપયોગી સાબિત થાય. કેટલોક ભાગ અડધો શુદ્ધ થાય અને કેટલોક તદ્દન અશુદ્ધ જ રહે.

બસ, આ જ રીતે આત્મા મિથ્યાત્વ મોહનીયના પુદ્ગલોનું શુદ્ધીકરણ જ્યારે શરૂ કરે ત્યારે તેના ત્રણ પુંજો તૈયાર થાય છે. શુદ્ધ, અર્ધશુદ્ધ અને અશુદ્ધ. (૧) મિથ્યાત્વના જે પુદ્ગલો તદ્દન શુદ્ધ થઇ ગયાં તેને શુદ્ધપુંજ કહેવાય. (૨) કેટલાંક પુદ્ગલો અડધા શુદ્ધ થયાં અને અડધા

અશુદ્ધ રહ્યાં તેને અર્ધશુદ્ધ-મિશ્રપુંજ કહેવાય અને (૩) કેટલાંક પુદ્ગલો જેવા હતાં તેવા અશુદ્ધ જ રહ્યાં માટે તેને અશુદ્ધપુંજ કહેવાય.

અહીં શુદ્ધિકરણ મિથ્યાત્વનાં રસનું કરવામાં આવે છે. જે પુદ્ગલો આત્માને મિથ્યાત્વનો અનુભવ કરાવનારાં હતાં તે જ પુદ્ગલોને સમ્યક્ત્વનું સંવેદન કરાવનારાં બનાવવા તેનું નામ તેના રસનું શુદ્ધિકરણ.

શાસ્ત્રીય પરિભાષામાં પૂરેપૂરાં શુદ્ધ થયેલાં પહેલાં પુંજને સમ્યક્ત્વ મોહનીય કહેવાય. અડધા શુદ્ધ થયેલાં બીજા પુંજને મિશ્રમોહનીય કહેવાય અને ત્રીજા અશુદ્ધ પુંજને મિથ્યાત્વ મોહનીય કહેવાય.

આ પ્રમાણે ત્રિપુઞ્જી કરણ કરીને આત્મા અંતરકરણની સમાપ્તિ કરે છે. એ સાથે ઉપશમ સમ્યક્ત્વનું ચ્યવન થઇ જાય છે.

અહીં, ઉપશમ સમ્યક્ત્વનો સમય પૂરો થતાં જે આત્મા 'સમ્યક્ત્વ મોહનીય'ના પુદ્ગલોને ઉદયમાં લાવી શકે છે તે તુરંત ક્ષાયોપશમિક સમ્યક્ત્વ મેળવી લે છે પરંતુ જેઓ પહેલાં પુંજને ઉદયમાં લાવી શકતાં નથી તેઓ સમ્યક્ત્વથી પતન પામે છે. તેમને જો બીજાં મિશ્ર મોહનીયપુંજનો ઉદય થાય તો મિશ્ર ગુણસ્થાનકનો અનુભવ કરી એ પછી મિથ્યાત્વ મોહનીયના પુદ્ગલોને ઉદયમાં લાવી તેઓ મિથ્યાત્વી બને છે અને જેમને સીધો જ મિથ્યાત્વ મોહનીયના પુદ્ગલોનો ઉદય થાય તેઓ મિશ્ર સમ્યક્ત્વને પણ પામતાં નથી અને સીધાં જ મિથ્યાત્વી થઇ જાય છે.

✦ **કાર્મગ્રંથિક મત :**

સમ્યક્ત્વની પહેલ વહેલી પ્રાપ્તિનો ક્રમ સમજાવનારાં બે જુદાં-જુદાં અભિપ્રાયો જૈન શાસ્ત્રોની પરંપરામાં દૃષ્ટિગોચર બને છે. એક, કાર્મગ્રંથિક મત, બે આગમિક મત.

કાર્મગ્રંથિક મત અનુસાર (૧) અનાદિ મિથ્યાદૃષ્ટિ આત્મા પહેલી વખત સમ્યક્ત્વની પ્રાપ્તિ કરે ત્યારે તેને ઉપશમ સમ્યક્ત્વ જ મળે. (૨) તે અનિવૃત્તિકરણમાં આરુઢ બનીને અંતરકરણ અવશ્ય કરે. (૩) તે અંતરકરણ દરમિયાન જ ત્રિપુઞ્જી કરણ કરે.

'विशेषावश्यकभाष्य' ની વૃત્તિ માં પૂ. પૂર્વાચાર્ય શ્રી કોટિસૂરિ મહારાજે ફરમાવ્યું છે કે—

**"कार्मग्रन्थिकास्त्विदमेव मन्यन्ते यदुत - सर्वोऽपि मिथ्यादृष्टिः प्रथमसम्यक्त्वलाभकाले यथा-प्रवृत्त्यादिकरणत्रयपूर्वकमन्तरकरणं करोति, तत्र चौपशमिकं सम्यक्त्वं लभते पुञ्जत्रयञ्चासौ विदधात्येव । अत एवौपशमिकसम्यक्त्वाच्च्युतोऽसौ क्षायोपशमिकसम्यग्दृष्टि र्मिश्रो मिथ्यादृष्टिर्वा भवति ॥ [५३० तम-गाथायाः वृत्त्याम्]**

સારાર્થ : કાર્મગ્રંથિકોની માન્યતા છે કે અનાદિ મિથ્યાદૃષ્ટિ આત્મા ત્રણ કરણપૂર્વક અંતરકરણ કરે છે ત્યારે જ સમ્યક્ત્વ પામે છે. એ પણ પહેલું ઉપશમ સમ્યક્ત્વ જ પામે છે.

તે ત્યાં (અંતરકરણમાં) જ ત્રિપુઞ્જી કરણ કરે છે. ઉપશમ સમ્યક્ત્વથી પતિત થઇને તે ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ અથવા મિશ્ર સમ્યગ્દૃષ્ટિ કે પછી મિથ્યાત્વી બને છે.

✦ **સૈદ્ધાંતિક મત :**

સૈદ્ધાંતિક મત એટલે જ આગમિક મત. આગમિક અભિપ્રાય અનુસાર અનાદિ મિથ્યાદૃષ્ટિ આત્મા પહેલી વાર સમ્યક્ત્વ પામે ત્યારે ઉપશમ સમ્યક્ત્વ જ પામે એવો નિયમ નથી. આ મત મુજબ પહેલી વખત સમ્યક્ત્વ પામનારો આત્મા ઉપશમ સમ્યક્ત્વને પામી શકે, ક્ષયોપશમ સમ્યક્ત્વને પણ પામી શકે અને ક્ષાયિક સમ્યક્ત્વને પણ પામી શકે.

આ અંગેનો વિસ્તૃત ક્રમ નીચે મુજબ છે.

(૧) અનાદિ મિથ્યાદૃષ્ટિ જ્યારે અપૂર્વકરણમાં આરૂઢ બને ત્યારે તેનો શુભપરિણામોનો ઉલ્લાસ જો કાંઇક મંદ = નબળો હોય તો જ તેને અંતરકરણ કરવું પડે.

આવો આત્મા અપૂર્વકરણને પૂર્ણ કરીને અનિવૃત્તિકરણમાં આરૂઢ બને અને અનિવૃત્તિ-કરણ દરમ્યાન અંતરકરણ કરીને પહેલું ઉપશમ સમ્યક્ત્વ પામે.

(૨) અંતરકરણ કરનારો આત્મા ત્યાં ત્રિપુઞ્જી કરણ કરી શકતો નથી કેમકે પ્રથમથી જ તેના અધ્યવસાયોની શ્રેણિ એટલી બળવાન નથી.

(૩) પહેલું ઉપશમ સમ્યક્ત્વ પામનારો આત્મા અંતરકરણ પુરૂં થાય ત્યારે ઉપશમ સમ્યક્ત્વથી પતન પામીને સીધો મિથ્યાત્વી બને છે.

(૪) જે અનાદિ મિથ્યાદૃષ્ટિને અપૂર્વકરણ દરમ્યાન ખૂબ બળવાન શુભ પરિણામોની શ્રેણિ પ્રાપ્ત થઇ છે અને તે ઉત્તરોત્તર વધી રહી છે તેવો આત્મા અપૂર્વકરણ દરમિયાન જ ગ્રંથિભેદ કરી દે છે અને એ પછી અહીં જ ત્રિપુઞ્જી કરણ પણ કરી લે છે. આ આત્મા અપૂર્વકરણ પૂર્ણ કરીને અનિવૃત્તિકરણમાં આરૂઢ બને છે ત્યારે તેને અંતરકરણ કરવું પડતું નથી. અનિવૃત્તિકરણને અંતે સમ્યક્ત્વ મોહનીયના પુદ્ગલોને ઉદયમાં લાવીને તે પ્રથમ ક્ષયોપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ કરે છે.

કાળાંતરે તેનું ક્ષયોપશમ સમ્યક્ત્વ પતન પામે અને તે મિશ્ર સમ્યગ્દૃષ્ટિ કે પછી મિથ્યાત્વી બની જાય એવું બની શકે.

(૫) કોક વિરલ દૃષ્ટાંતમાં એવું પણ બની શકે કે અનાદિ મિથ્યાદૃષ્ટિ અપૂર્વકરણ દરમ્યાન ગ્રંથિનો ભેદ કરે અને એવા બળવાન શુભપરિણામોની શ્રેણિ રચી દે કે અહીં જ એના મિથ્યાત્વ મોહનીયનો સંપૂર્ણ નાશ થઇ જાય. આવો આત્મા પહેલી વેળામાં જ ક્ષાયિક સમ્યક્ત્વ પામી જાય છે.

बृहत्कल्प-भाष्य ની ટીકામાં પૂ. પૂર્વાચાર્ય શ્રી મલયગિરિસૂરિ મહારાજ લખે છે કે—

"कोद्रवदृष्टान्तेनाऽपूर्वकरणेन मिथ्यात्वं त्रिपुञ्जं कृत्वाऽनिवृत्तिकरणेन तत्प्रथमतया क्षायोपशमिकसम्यक्त्वमासादयति । ततः परिणामवशतः कालान्तरेण मिश्रं मिथ्यात्वं वा गच्छति । यस्त्वपूर्वकरण-मारूढोऽपि मन्दाध्यवसायतया मिथ्यात्वं त्रिपुञ्जीकर्तुमसमर्थः सोऽनिवृत्तिकरणमुपगतोऽन्तरकरणं कृत्वा तत्र प्रविष्टो न किञ्चिदपि वेदयते स च त्रयाणामन्यतमदप्यवेदयमान उपशमकः सम्यग्दृष्टिरूच्यते ।।"

સારાર્થ : અપૂર્વકરણમાં મિથ્યાત્વના ત્રણ પુંજ જે કરી દે છે તે અનિવૃત્તિકરણ કરીને પહેલું ક્ષયોપશમ સમ્યક્ત્વ પામે છે. કાળાંતરે તે મિથ્યાત્વ પામે એ શક્ય છે. જેના પરિણામો મંદ છે તે અપૂર્વકરણમાં ત્રણ પુંજ કરી શકતો નથી. અનિવૃત્તિકરણ દરમિયાન અંતરકરણ કરીને તે આત્મા પહેલું ઉપશમ સમ્યક્ત્વ પામે છે.

વિશેષાવશ્યક-ભાષ્ય ની વૃત્તિ માં આ વાતનું વિશેષ સ્પષ્ટીકરણ થયું છે. જે નિમ્નલિખિત છે—

"अनादिमिथ्यादृष्टिः सन्नकृतत्रिपुञ्जो मिथ्यात्वमोहनीयस्याऽविहितशुद्धाऽशुद्ध-मिश्र पुञ्जत्रय-विभागोऽक्षपित मिथ्यात्वो लभते सम्यक्त्वम् तस्याऽपान्तरकरणप्रविष्टस्यौपशमिकं सम्यक्त्वमवाप्यते । क्षपितमिथ्यात्वपुञ्जोऽप्यविद्यमानत्रिपुञ्जो भवति, अतस्तद् व्यवच्छेदार्थमुक्तम्, अक्षपितमिथ्यात्वः सन् योऽत्रिपुञ्जः सम्यक्त्वं लभते तस्यैवौपशमिकं सम्यक्त्वमवाप्यते, क्षपित मिथ्यात्वः क्षायिकसम्यक्त्वमेव लभत इति भावः XX ।।" [५२९ तम गाथायाः वृत्त्याम्]

✦ **સારાર્થ :**

જેણે ત્રણ પુંજ કર્યા નથી અને જેનું અશેષ મિથ્યાત્વ ક્ષય પામી ગયું નથી તેવો આત્મા પહેલું ઉપશમ સમ્યક્ત્વ પામે. જેનું મિથ્યાત્વ સંપૂર્ણતયા ક્ષય પામ્યું છે તેવો આત્મા પહેલું ક્ષાયિક સમ્યક્ત્વ પામે.

આમ, ગ્રંથિભેદને અનુલક્ષીને અહીં સમ્યક્ત્વ પ્રાપ્તિનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું.

✡ ✦ ✡

✻ **विषयनिर्देशिका :**

सम्यक्त्वे जिनाज्ञारागस्याऽवश्यम्भावित्वन्द्रव्यसम्यक्त्वे चाऽपि तत्सम्भवित्वम्मण्डयन्नाह—

✻ **ભાવાર્થ :**

સમ્યક્ત્વમાં જિનાજ્ઞાનો રાગ અવશ્યંભાવી પણે રહેલો છે અને દ્રવ્ય સમ્યક્ત્વમાં પણ જિનાજ્ઞાનો રાગ સંભવિત છે એવું પ્રતિપાદન કરતાં કહે છે—

* मूलम् :

**जियरागदोसमोहेहिं भासिय[यं] जमिह जिणवरिंदेहिं ।**
**तं चेव होइ तत्तं इय बुद्धि होइ सम्मतं ॥५॥**

* छाया :

जितरागद्वेषमोहैर्भाषितं यदिह जिनवरेन्द्रैः ।
तच्चैव भवति तत्त्वं बुद्धिरियम्भवति सम्यक्त्वम् ॥५॥

* गाथार्थ :

રાગ, દ્વેષ અને અજ્ઞાનને જેમણે જીતી લીધાં છે એવા જિનેશ્વર ભગવંતની વાણી જ તત્ત્વભૂત છે એવો ચિત્તનો અભિપ્રાય સમ્યક્ત્વરૂપ છે. ॥૫॥

* 'बोधिपताका' वृत्तिः :

जियेति । 'जिणवरिंदेहिं' राग-द्वेषजेतृत्वाज्जिनाः केवलिनस्तेषु स्वतन्त्रधर्मस्थापकत्वेन ये धुर्यास्ते जिनेन्द्रास्तैः' । कीदृशैस्तैः ? 'जियरागदोषमोहेहिं' रागश्चित्ताऽऽसक्तिः, द्वेषस्तद्विपर्ययः, मोहोऽज्ञानम्, त्रीनपि निस्सत्ताकीकृतवद्भिः । 'जमिहभासियं' तत्त्वाऽतत्त्वविभागमर्थतो यथाविधं प्रकाशितम् । 'तं चेव तत्तं होइ' तज्जिनवचनमेवसत्यन्नान्यद्, एवकारोऽत्र पक्षेतरस्य ध्वंसाय । 'इय बुद्धि सम्मतं होइ' एवम्विधो जिनवचनराग एव सम्यक्त्वं द्रव्यभावभेदभिन्नम्भवति, यदुदाहृतम्पञ्चवस्तुके भगवद्धरिभद्रसूरिभिः—

**जिणवयणमेव तत्तं इत्थ रूई होई दव्वसम्मत्तं ।**
**जह भावणाण सद्धा परिसुद्धं भावसम्मत्तं ॥१०६३॥**

**सम्मं अन्नाय गुणो सुंदररयणम्मि होइ जा सद्धा ।**
**तत्तोऽणंतगुणा खलु विन्नायगुणम्मि बोधव्वा ॥१०६४॥**

जिनवचनमेव तत्त्वमिति रूचिस्तत्त्वाऽपरिज्ञानवती द्रव्यसम्यक्त्वम्, कृततत्त्वपरिज्ञानत्वेन सैव भावसम्यक्त्वमावहति । ननु द्रव्यसम्यक्त्वे रूचेरसम्भव एव तत्त्वाऽपरिज्ञानत्वात्तदसम्भवे सम्यक्त्वस्याऽप्यसम्भव एवाऽत्र तस्याः पक्षत्वात् ।

अेकान्तमिदम्, द्रव्यसम्यक्त्वेऽपरिज्ञानम्मनाग्ज्ञाततत्त्वाऽर्थे निरूपितम्, मनागपि ज्ञाततत्त्वत्वेनाऽत्र वचनरूचेरस्तित्वं शङ्काऽपरम्, एषैव रूचिर्विशिष्टपरिज्ञानत्वेन भावसम्यक्त्वेऽतीवबलवत्कार्यकरी । कार्यमत्र निर्जरा सा ज्ञातगुणत्त्वेन भाव सम्यक्त्वे पूर्वतोऽसङ्ख्येयगुणा ॥५॥

*** ટીકાનો ભાવાર્થ :**

૧. जियरागदोसमोहेहिं जिणवरिंदेहिं ।

રાગ એટલે આસક્તિ, દ્વેષ એટલે ચિત્તનો ઉદ્વેગ, મોહ એટલે આત્માનું અજ્ઞાન. આ ત્રણે દોષોનું અસ્તિત્વ પ્રભુએ નિર્મૂળ કર્યું હતું. તેથી પરમાત્મા 'જિન' હતાં અને સ્વતંત્ર ધર્મસ્થાપનાનું સામર્થ્ય કેવળ પરમાત્માને જ વરેલું હતું તેથી તેઓ 'જિનેન્દ્ર' પણ હતાં.

રાગ-દ્વેષને જીતે તેને જિન કહેવાય. આ અર્થઘટન મુજબ પ્રત્યેક કેવળજ્ઞાનીઓ 'જિન' છે પરંતુ તેમાં ધર્મસ્થાપનાના અનન્ય સામર્થ્યને અનુલક્ષીને અરિહંતો પ્રધાન છે માટે તેઓ જિનેન્દ્ર છે.

૨. जमिह भासियं तं चेव तत्तं, इयबुद्धि सम्मत्तं होइ ।

અરિહંતે તત્ત્વ અને અતત્ત્વને જે સ્વરૂપમાં જે રીતે પ્રકાશિત કર્યાં તે સંપૂર્ણ રૂપેણ સાચાં જ છે, એટલું જ નહિ, કુતીર્થિકોએ નિરૂપેલી તત્ત્વ અને અતત્ત્વની મતિકલ્પિત વ્યવસ્થાઓ ખોટી જ છે, આવો માનસિક અભિપ્રાય 'જિનવચનરાગ' નામનો ગુણ છે.

પૂ. પૂર્વાચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજે **'પંચવસ્તુક'** નામના ગ્રંથમાં લખ્યું છે કે—

**जिणवयणमेव तत्तं इत्थ रूई होई दव्वसम्मत्तं ।**
**जह भावणाण सद्धा परिसुद्धं भावसम्मत्तं ॥१०६३॥**

**सम्मं अन्नाय गुणो सुंदररयणम्मि होइ जा सद्धा ।**
**तत्तोऽणंतगुणा खलु विन्नायगुणम्मि बोधव्वा ॥१०६४॥**

સારાર્થ : જિનવચન જ તત્ત્વભૂત છે એવી રૂચિ દ્રવ્યસમ્યક્ત્વ છે અને તત્વસંવેદનપૂર્વકની આ જ શ્રદ્ધા ભાવસમ્યક્ત્વ રૂપ છે. બેમાં પુષ્કળ અંતર છે. એક વ્યક્તિ પાસે રત્નની પરીક્ષા કરવાની શક્તિ નથી છતાં તે રત્ન તરફના આકર્ષણ દ્વારા રત્નમાં રત્ન તરીકેની શ્રદ્ધા કરે છે. રત્નની પરીક્ષા કરવાની શક્તિ છે તે વ્યક્તિ પણ રત્નમાં રત્ન તરીકેની શ્રદ્ધા કરે છે. પહેલી કરતાં બીજી વ્યક્તિની શ્રદ્ધા ઘણી નિર્મળ છે. બસ, **રત્નના જ્ઞાન વિનાની રત્નની શ્રદ્ધા જેવું દ્રવ્ય સમ્યક્ત્વ છે અને રત્નના જ્ઞાનપૂર્વકની રત્નની શ્રદ્ધા જેવું ભાવ સમ્યક્ત્વ છે.**

૩. **દ્રવ્ય-ભાવ સમ્યક્ત્વ :** જેમની પાસે તત્ત્વનું વિશિષ્ટ જ્ઞાન નથી છતાં જિનાજ્ઞા માટે આંતરિક પ્રીતિ અવશ્ય ઉદ્ભવી છે અને એથી જિનેશ્વરે કહેલાં તત્ત્વોની શ્રદ્ધા થઇ રહી છે; આવી વ્યક્તિનાં સમ્યક્ત્વને દ્રવ્ય સમ્યક્ત્વ કહેવાય.

જેને તત્ત્વનું વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત થયું છે અને એના માધ્યમે જિનાજ્ઞાની યથાર્થતા સમજાઇ છે, એ પછી જિનાજ્ઞા પ્રત્યે અપાર બહુમાન પણ જાગી રહ્યું છે, આવી વ્યક્તિની તત્ત્વ શ્રદ્ધાને ભાવ સમ્યક્ત્વ કહેવાય.

અહીં પ્રશ્નકાર પ્રશ્ન ઉપસ્થિત કરે છે કે દ્રવ્યસમ્યક્ત્વમાં જિનાજ્ઞા માટેની રુચિ પ્રગટવી શક્ય નથી કેમકે ત્યાં તત્ત્વનું પુષ્ટ માત્રામાં જ્ઞાન નથી થયું. જિનાજ્ઞાની રુચિ જો અહીં પ્રગટી શકતી નથી તો સમ્યક્ત્વ તો પ્રગટે જ શી રીતે ? કેમકે જિનાજ્ઞાનો પ્રેમ એ જ સમ્યક્ત્વ છે. આ રીતે દ્રવ્ય સમ્યક્ત્વમાં સમ્યક્ત્વ ઘટવું અશક્ય છે.

ઉત્તર : દ્રવ્ય સમ્યક્ત્વમાં સમ્યક્ત્વ છે જ નહિ એમ કહેવું એકાંતવાદ છે. દ્રવ્ય સમ્યક્ત્વ ધરાવનારા પાસે પુષ્ટ માત્રામાં તત્ત્વનું જ્ઞાન નથી એ વાસ્તવિકતા છે પરંતુ અલ્પ પ્રમાણમાં તત્ત્વજ્ઞાન તેને હોઇ શકે છે. દ્રવ્ય સમ્યગ્દષ્ટિને તત્ત્વનું અજ્ઞાન છે એવું જે કહ્યું છે તે અલ્પજ્ઞાનની અપેક્ષાથી થયેલું વિધાન છે.

જેમ વિશિષ્ટ જ્ઞાન જિનવચનની રુચિને પ્રગટાવનારું છે તેમ અલ્પ પણ પરમાર્થી જ્ઞાન જિનવચનની રુચિને પ્રગટાવનારું જ છે. એથી જ દ્રવ્ય સમ્યક્ત્વમાં પણ સમ્યગ્દર્શનના પ્રગટીકરણનો સંભવ છે.

હા, દ્રવ્ય સમ્યગ્દષ્ટિ જ્યારે વિશિષ્ટ તત્ત્વજ્ઞાન પામશે ત્યારે તેનામાં રહેલી જિનવચનની રુચિ અત્યંત બળવાન બની જશે, કાર્યસાધક બનશે.

જિનવચનની રુચિ દ્વારા સાધવાનું કોઇ કાર્ય હોય તો તે છે; નિર્જરા. દ્રવ્ય સમ્યક્ત્વમાં રહેલી જિનાજ્ઞાની રુચિ જેટલી કર્મનિર્જરા કરાવે છે એથી અસંખ્યાતગણી વધુ કર્મનિર્જરા ભાવ સમ્યક્ત્વમાં રહેલી જિનાજ્ઞા પ્રત્યેની પ્રીતિ દ્વારા થાય છે.

✡ ✦ ✡

* **विषयनिर्देशिका :**

विवक्षाभेदेन सम्यक्त्वस्य नानाविधत्वम्प्रकटयन्नाह—

* **ભાવાર્થ :**

સમ્યક્ત્વના વિવિધ પ્રકારોનું તેની અપેક્ષાઓ સાથે વર્ણન કરે છે—

* मूलम् :

**एगविह-दुविह-तिविहं, चउहा पंचविह-दसविह [हं] सम्मं ।**
**दीवाई कारगाई, उवसमभेएहिं वा सम्मं ॥६॥**

* छाया :

एकविध-द्विविध-त्रिविधं, चतुर्धा पञ्चविध-दशविधं सम्यक्त्वम् ।
दीपादि-कारकादि-उपशमभेदैर्वा सम्यक्त्वम् ॥६॥

* **ગાથાર્થ :**

સમ્યક્ત્વના એક, બે, ત્રણ, ચાર, પાંચ અને દશ પ્રકારો પણ સંભવી શકે. દીપક કારક અને ઉપશમ વિગેરે ભેદો પણ થઇ શકે. ॥૬॥

* **'बोधिपताका' वृत्तिः :**

एगेति । अग्रोक्तं सम्यक्त्वमपेक्षाभेदेनाऽनेकविधन्तदेवम्, 'सम्मं' सम्यग्दर्शनम् । 'एगविह-दुविह-तिविहं' एकप्रकारं द्विप्रकारञ्च त्रिविधमपि, 'तत्रैकप्रकारं सम्यक्त्व-ञ्जिनवचोरागरूपम्, यदुक्तं पूर्वाचार्यैर्लक्ष्मीसूरिभिरुपदेशप्रासादे–

**सम्यक्त्वं चैकधा जीवस्तत्त्वश्रद्धानतो भवेत् ।**

इदमत्र हृदयम् → परमार्थतस्तत्त्वश्रद्धैव सम्यग्दर्शनम्, द्वयादिप्रकारास्तत्त्व श्रद्धानिरपेक्षतया नह्येव घटन्ते, द्वयादिप्रकारविशिष्टमपि तत्त्वश्रद्धानिष्ठमेव सम्यक्त्वं सर्वत्रोदितम्,

यथा तत्त्वार्थसूत्रे भगवानुमास्वातिसूरिः,

**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्, तन्निसर्गादधिगमाद्वा ।**

एवं सिरिसिरिवालकहायां पूर्वसूरिर्रत्नशेखरः,

**सव्वन्नुपणीयागम - पयडियतत्तत्थसद्दहणरूवं ।**
**दंसणरयणपइवं सम्मं धारेह मणभवणे ॥**

एतदेवोक्तं नवत्त्वप्रकरणे भगवद्भिः भावदेवाऽऽचार्यैः,

**सव्वाइं जिणेसर भासियाइं वयणाइं नन्नहा हुंति ।**
**इय बुद्धि जस्स मणे सम्मत्तं निच्चलं तस्स ॥**

द्विप्रकारस्य सम्यक्त्वस्य त्रिविधत्वम्,

- प्रथमं तावत् द्रव्यसम्यक्त्वम्भावसम्यक्त्वञ्च,
- द्वयं तत्र व्यवहारसम्यक्त्वन्निश्चयसम्यक्त्वञ्च,
- तृतीयं तत्र, निसर्गसम्यक्त्वमधिगमसम्यक्त्वञ्च ।

द्रव्य-भाव सम्यक्त्वम्पूर्वगाथाव्यावर्णितम् । सज्ज्ञानादिमय आत्मपरिणामो निश्चय सम्यक्त्वन्तत्तुर्यगुणस्थानादेव घटते, न पूर्वत्र, पूर्वत्राऽभिन्नग्रन्थिकत्वेन जीवस्य मति - श्रुतयोरज्ञानरूपत्वात्, अष्टविधो दर्शनाचारस्तदितराऽऽचारपरिहारप्रतिज्ञा च व्यवहार-सम्यक्त्वम्, यदूदितं सम्यक्त्वस्तवप्रकरणे—

**निच्छयओ सम्मत्तं, नाणाइमयप्पसुद्धपरिणामो ।**
**इयरं पुण तुह समए, भणिअं सम्मत्तहेऊहिं ॥**

स्वत उद्भूतेन जातिस्मृत्यादिना पराऽप्राप्तनिमित्तवान् यः सम्यक्त्वप्रोद्भवस्तन्निसर्ग दर्शनम्, सद्गुरूपदेशसापेक्षो दर्शनोद्गमोऽधिगमसम्यक्त्वं यदभिहितं योगशास्त्रे योगशास्त्रे कलिकालसर्वज्ञैर्हेमचन्द्रसूरिभिः—

**रूचिः श्रुतोक्ततत्त्वेषु सम्यक् श्रद्धानमुच्यते ।**
**जायते तन्निसर्गेण गुरोरधिगमेन वा ॥**

अथ त्रिप्रकारं सम्यक्त्वम्, तच्चौपशमिकं क्षायोपशमिकञ्च क्षायिकम्,

यदुदाहृतं 'सम्यक्त्वसप्तत्यां' भगवद्भिर्हरिभद्रसूरिभिः,

**दंसणमिह सम्मत्तं तं पुण तत्तत्थसद्दहणरूवं ।**
**खइयं खओवसमियं तहोवसमियं च नायव्वं ॥**

'चउहा पंचविहं दसविहं' एतदेव सम्यक्त्वं विवक्षाभेदेन चतुःप्रकारम्पञ्चप्रकारं दशविधमपि भवति । तत्रौपशमिकं क्षायोपशमिकं क्षायिकञ्च सास्वादनं सम्यक्त्वस्य चतुर्विधत्वे पञ्चविधत्वे चैतान्येव सवेदकमुच्यन्ते,

यदभिहितम्प्रवचनसारोद्धारे भगवद्भिर्नेमिचन्द्रसूरिभिः,

**खइयाई सासायणसहियं तं चउविहं तु विन्नेयं ।**
**तं सम्मत्तब्भं से मिच्छत्ताऽपत्तिरूवं तु ॥९४७॥**

**वेययसंजुत्तं पुण एयं चिय पंचहा विणिद्दिट्ठं ।**
**सम्मत्तचरिमपोग्गलवेयणकाले तयं होइ ॥९४८॥**

एतानि सर्वाणि निरूप्यन्ते ।

१. तत्रैतदौपशमिकम् । मिथ्यात्वपुद्गलनामन्तरकरणेनाऽवाप्यते तदौपशमिकं दर्शनम्, उपशणश्रेणिवतो नियमेनैतत्सम्भवति, एवमपूर्वकरणेनैवाऽकृत त्रिपुञ्जोऽक्षीणमिथ्यात्वोऽनादिमिथ्यादृष्टिरनुदीर्यमाणेषु शेषमिथ्यात्वपुद्गलेषु उदितमिथ्यात्वपुद्गलेषु च क्षीणीष्वौपशमिकं लभते, यदुक्तं विशेषाऽऽवश्यकभाष्ये जिनभद्रगणि क्षमाश्रमणैः,

**उवसमसेढिगयस्स होइ उवसामियं तु सम्मत्तं ।**
**जो वा अकयतिपुंजो अखयमिच्छो लहइ सम्मं ॥५२९॥**

**खीणम्मि उइण्णम्मि य अणुदिज्जंते य सेसमिच्छत्ते ।**
**अंतोमुहुत्तमेत्तं उवसमसम्मं लहइ जीवो ॥५३०॥**

प्रथमौपशमिकोऽवश्यमन्तरकरणं विदधाति स चाऽन्तरकरणाऽवस्थितः सन् देशविरतं प्रमत्तसंयमञ्चाऽप्रमत्तसंयममप्यासादयति, यदुक्तं सम्बोधप्रकरणे,

**उवसमसम्मद्दिट्ठीअंतरकरणे ठिओ वि जइ को वि ।**
**देसविरइं पि लहइ के वि पमत्तापमत्तं पि ॥**

२. अथ सास्वादनम्, च्युतौपशमिकदर्शनो मिथ्यात्वमधिगच्छन्नन्तराले यत्सम्यक्त्वांशं वेदयति तत्सास्वादनम्, मालापतितस्य गुडभोजिनश्चाऽत्र दृष्टान्तौ तद्यथा-(१) यथा मालात् प्रपतन् भूमिमप्राप्तोऽपान्तराले वर्तते तथौपशमदर्शनात् प्रपतन् मिथ्यात्वमप्यप्राप्तोऽन्तराले सास्वादनसम्यग्दृष्टिर्भवति, (२) कश्चित् गुडभोजी गुडमाहार्य

निद्रायते, न पुनः बाढं स्वपिति, निद्रायमाणो भुक्तगुडमाधुर्यं यथा किञ्चिदनुभवति तथौपशमाच्च्युतोऽव्यक्तौपशमागुणं वेदयते तत् सास्वादनदर्शनम्,

यदभिहितं 'बृहत्कल्प-भाष्ये' सङ्घदासगणिक्षमाश्रमणैः,

**उवसम्मा पडमाणत्तो उ मिच्छत्तसंकमणकाले ।**
**सासायणो छावलित्तो भूमिमपत्तो व पवडंतो ॥१२७॥**
**आसादेउं व गुलं ओहीरंतो न सुट्ठु जा सुयत्ति ।**
**सं आयं सायंतो सस्सादो वावि सासाणे ॥१२८॥**

३. अथ क्षायोपशमिकम्, आगमिकमतेन योऽनादिमिथ्यादिगपूर्वकरणेनैव त्रिपुञ्जीकरणं करोति स मिथ्यात्वस्योदितपुद्गलान् क्षपयत्यनुदिताश्चोपशाम्यति तदनन्तरं सम्यक्त्वमोहांशमुदयावलिमभिगमय्य क्षायोपशमिकं लभते । कार्मग्रन्थिक-मतश्चैवम् - अनादिमिथ्यादृष्टिरन्तरकरणेन प्रथममुपशमदर्शनमेवाऽऽप्नोति, तत्र मदनकोद्रवद्रष्टान्तेन त्रिपुञ्जीकरणं विदधाति, ततश्च्युतो यः पुनरप्राप्तमिथ्यात्वी सम्यक्त्व - मोहांशमनुभवन् क्षायोपशमिकं लभते ।

इदङ्गुह्यम्, दर्शनमोहस्य क्षय उपशमश्चोभावत्र भवति तत् क्षायोपशमिकम्, उभावप्युभयथा, (१) उदितस्य मिथ्यात्वपुद्गलस्य क्षयोऽनुदितस्य चौपशमोदूरीकरण मनादिमिथ्यादृशाम्, (२) भुञ्जमानस्य सम्यक्त्वमोहपुद्गलस्य क्षयोऽभुक्तपुद्गलेषु च रसौपशमो भग्नमिथ्यादृशाम् । यत्कथितं सम्बोधप्रकरणे,

**पुव्वमपुव्वकरणेणं अंतरकरणेण वा कयतिपुंजो ।**
**कोद्दवनिदंसणेण य सुद्धाणुवेयगो होइ ॥**
**मिच्छत्तं जमुइण्णं तं खीणं अणुइअं च उवसंतं ।**
**मीसीभावपरिणयं वेइज्जंतं खओवसमं ॥**

ननु यथोपशमं क्षयोपशमदर्शनेऽपि मिथ्यात्वपुद्गलस्योपशमत्वेन द्वयोः समान-विधत्वङ्कथन्नाऽऽपतितम् ? द्वयोरन्तरत्वेन समानविधत्वन्नह्येव, उपशमदर्शने मिथ्यात्वपुद्गलाः प्रदेशवेद्याः न सन्ति क्षयोपशमे च तेषां प्रदेशवेद्यत्वादेतद्भिन्नम्पूर्वस्मात् ।

४. अथ वेदकं दर्शनम् । क्षयोपशमसम्यक्त्वी क्षायिकसम्यक्त्वमभिगच्छन् दर्शनसप्तकं ध्वंसयति, तत्र प्रथममनन्तानुबन्धिकषायचतुष्कं क्षपयति, मिथ्यात्वमोहम्मिश्रमोहमपि विनाशयति तत्पश्चात् सम्यक्त्वमोहं ध्वंसयन्नन्तिमैकसमयाय यत्तदनुभवं लभते तदेव वेदकदर्शनम् । केचित् वेदकमपि क्षायोपशमिकत्वेन परिचाययन्ति किन्तु पूर्वधरश्रीसङ्घदाससूरिवचनाद् वेदकस्य क्षायोपशमिकत्वं 'अनादिष्टं' आगमाऽसम्मतम्,

यद्वर्णितम्बृहत्कल्प-भाष्ये—

**जो चरमपोग्गले पुण वेदेती वेयगं तयं बिंति ।**
**केसिंचि अणादेसो वेयगदिट्ठी खओवसमो ॥१३०॥**

अथ क्षायिकम् । निरवशेषे क्षीणे दर्शनमोहनीये प्रथमकषायचतुष्टये च यत्प्रगटयति तत् क्षायिकं सम्यक्त्वम्, यदुक्तं बृहत्कल्पभाष्ये,

**दंसणमोहे खीणे खयदिट्ठी होइ निरवसेसम्मि ॥१३१॥**

दशविधत्वं सम्यक्त्वस्याऽग्रगाथायां वर्णिष्यते ।

'दीवाई कारगाई उवसमभेएहिं' दीपक-कारक-रोचकभेदभिन्नमपि सम्यक्त्वम्, तद्यथा—

१. अन्येषां सम्यक्त्वादिगुणोद्दीपनसामर्थ्यशालित्वं दीपकसम्यक्त्वम्, एतदभव्येष्वप्यङ्गारमर्दकाऽऽचार्यवद् भवति, भव्येषु च भावसम्यक्त्वे सत्यसति वा सम्भवति, असति भावसम्यक्त्वेऽस्य परिपाकः पापानुबन्धफलः ।

२. तपःसंयमादिद्रव्यानुष्ठानप्रेरकत्वमत्र कारकसम्यक्त्वमेतदपि दीपकवद् विभाव्यम् ।

३. जिनोक्ततत्त्वेषु तर्कदृष्टान्तनिरपेक्षो यो दृढविश्वासस्तद् रोचकसम्यक्त्वम्,

यद् भाषितं हेमचन्द्राऽऽचार्यैस्त्रिषष्टिशलाकापुरुषचरित्रस्य प्रथमपर्वणि,

**सम्यग्दर्शनमेतच्च गुणतस्त्रिविधं भवेत् ।**
**रोचकं दीपकं चैव कारकञ्चेति नामतः ॥६०५॥**

**तत्र श्रुतोक्ततत्त्वेषु हेतूदाहरणैर्विना ।**
**दृढा या प्रत्ययोत्पत्तिस्तद् रोचकमुदीरितम् ॥६०६॥**

दीपकं तद् यदन्येषामपि सम्यकत्वदीपकम् ।
कारकं संयमतपः प्रभृतीनां तु कारकम् ।।६०७।।

उपशमादयः पूर्वव्याख्याता एव न पुनरूच्यन्ते ।।६।।

*** ટીકાનો ભાવાર્થ :**

૧. વિવિધ અપેક્ષાઓનો આશ્રય કરીએ છીએ ત્યારે સમ્યક્ત્વનાં અનેક પ્રકારો થાય છે. સમ્યક્ત્વના એક, બે, ત્રણ, ચાર, પાંચ અને દશ પ્રકારો પણ થાય છે.

**✦ એક પ્રકારે સમ્યક્ત્વ :**

જિનવચનનો પ્રબળ અનુરાગ એટલે જ સમ્યક્ત્વ. અહીં સમ્યક્ત્વના તાત્પર્યને સ્વીકારવામાં આવ્યું છે. પરિપાટી, ક્રમ, પદ્ધતિ કે પ્રતિક્રિયાની વિચારણા નથી. તે સહુ દ્વારા જે લક્ષ્ય સિદ્ધ કરવાનું છે તેની વિચારણા છે. સમ્યક્ત્વ એટલે તત્ત્વ શ્રદ્ધા. તત્ત્વની શ્રદ્ધા કહો કે પછી જિનાજ્ઞાનો અનુરાગ કહો, બંને પરસ્પરના પૂરક છે. એક પ્રકારના સમ્યક્ત્વમાં તેનો જ સ્વીકાર કરવાનો છે. પૂર્વાચાર્ય શ્રી લક્ષ્મીસૂરિ મહારાજે उपदेशप्रासाद નામના ગ્રંથમાં લખ્યું છે—

**सम्यक्त्वं चैकधा जीवस्तत्त्वश्रद्धानतो भवेत् ।**

સારાર્થ : એક પ્રકારનું સમ્યક્ત્વ એટલે આત્માની તત્ત્વ પ્રત્યેની શ્રદ્ધા.

અહીં તાત્પર્ય એ છે કે સમ્યક્ત્વના બે, ત્રણ, ચાર, પાંચ અને દશ વિગેરે પ્રકારોમાં આ પહેલો પ્રકાર જરૂરથી પ્રતિષ્ઠિત થયેલો છે કેમ કે પ્રસ્તુત પહેલાં પ્રકારના સર્વથા અભાવમાં બે-ત્રણ વિગેરે પ્રકારો થવા સંભવિત નથી.

પારમાર્થિક દૃષ્ટિથી જુઓ તો તત્ત્વની શ્રદ્ધા એટલે જ સમ્યગ્દર્શન છે. પૂર્વાચાર્યોએ રચેલાં ધર્મશાસ્ત્રોમાં આ કથન સર્વત્ર દૃષ્ટિગોચર બને છે. જેમકે—

૧. તત્ત્વાર્થસૂત્રમાં પૂ. પૂર્વધર આચાર્ય ઉમાસ્વાતિસૂરિ મ. ફરમાવે છે—

**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्, तन्निसर्गादधिगमाद्वा ।**

સારાર્થ : તત્ત્વની અર્થભૂત શ્રદ્ધા એટલે સમ્યક્ત્વ.

૨. 'सिरिसिरिवालकहा' નામના ગ્રંથમાં પૂ. પૂર્વાચાર્ય શ્રી રત્નશેખરસૂરિ મહારાજનું વિધાન છે—

**सव्वन्नुपणीयागम - पयडियतत्तत्थसद्दहणरूवं ।**
**दंसणरयणपइवं सम्मं धारेह मणभवणे ।।**

સારાર્થ : આગમો સર્વજ્ઞે સંમત કરેલાં છે અને એમાં પ્રરૂપાયેલાં તત્ત્વોની શ્રદ્ધા કરવી તે સમ્યક્ત્વ છે. 'રત્નદીપક' સમાન સમ્યક્ત્વને ચિત્તમાં ધારણ કરો.

૩. **'नवतत्त्व'** પ્રકરણમાં પૂ. પૂર્વાચાર્ય શ્રી ભાવદેવસૂરિ મહારાજે કહ્યું છે—

**सव्वाइं जिणेसर भासियाइं वयणाइं नन्नहा हुंति ।**

**इय बुद्धि जस्स मणे सम्मत्तं निच्चलं तस्स ॥**

સારાર્થ : જિનેશ્વરે ભાખેલું વચન અન્યથા ન જ હોઇ શકે એવો દૃઢ અભિપ્રાય જેને છે તેનું સમ્યક્ત્વ નિશ્ચલ છે.

✦ **બે પ્રકારે સમ્યક્ત્વ :**

સમ્યક્ત્વના બે પ્રકારો ત્રણ રીતે થઇ શકે છે. જે નિમ્નાંકિત છે.

૧. દ્રવ્ય સમ્યક્ત્વ અને ભાવ સમ્યક્ત્વ.

૨. વ્યવહાર સમ્યક્ત્વ અને નિશ્ચય સમ્યક્ત્વ.

૩. નિસર્ગ સમ્યક્ત્વ અને અધિગમ સમ્યક્ત્વ.

દ્રવ્ય સમ્યક્ત્વ અને ભાવ સમ્યક્ત્વનું વર્ણન પૂર્વે પાંચમી ગાથામાં થઇ ચૂક્યું છે તેથી તેની પુનરાવૃત્તિ કરીશું નહિ. હવે, નિશ્ચય-વ્યવહાર સમ્યક્ત્વને વિચારીએ. સમ્યગ્જ્ઞાનથી વાસિત થયેલી આત્મપરિણતિને નિશ્ચય સમ્યક્ત્વ કહેવાય. આ નિશ્ચય સમ્યક્ત્વ ચોથા ગુણ સ્થાનકની પ્રાપ્તિ નથી થતી ત્યાં સુધી પ્રગટતું નથી. ચોથું અને તેની ઉપરના ગુણસ્થાનકોમાં નિશ્ચય સમ્યક્ત્વ ઘટી શકે.

અહીં જો પ્રશ્ન થતો હોય કે પહેલાં ગુણસ્થાનકે નિશ્ચય સમ્યક્ત્વ નથી હોતું તેનું શાસ્ત્રીય કારણ શું છે ? તો તેનો ઉત્તર છે કે પહેલાં ગુણસ્થાનકે આત્માને જે મતિ અને શ્રુતજ્ઞાન મળ્યાં છે તે અજ્ઞાન સ્વરૂપ છે. નિશ્ચયના મત અનુસાર જ્ઞાન વિગેરે ગુણોની નિર્મળ પરિણતિ જ જ્યારે સમ્યક્ત્વ સ્વરૂપ છે ત્યારે એ પરિણતિ જ્યાં મલિન છે ત્યાં પ્રસ્તુત સમ્યક્ત્વ ક્યાંથી સંભવે ?

મિથ્યાત્વના આચારોના પરિહારની પ્રતિજ્ઞા વ્યવહાર સમ્યક્ત્વ છે અને આઠ પ્રકારના દર્શનાચારનું પરિપાલન પણ વ્યવહાર સમ્યક્ત્વ છે.

'सम्यक्त्वस्तवप्रकरण' માં લખાયું છે કે—

**निच्छयओ सम्मत्तं, नाणाइमयप्प सुद्ध परिणामो ।**

**इयरं पुण तुह समए, भणिअं सम्मत्तहेऊहिं ॥**

સારાર્થ : જ્ઞાનાદિમય આત્મપરિણામ એટલે નિશ્ચય સમ્યક્ત્વ. તેની પ્રાપ્તિમાં નિમિત્તભૂત બનનારો આચાર એટલે વ્યવહાર સમ્યક્ત્વ.

જાતિસ્મરણજ્ઞાન વગેરે સ્વતઃ પ્રગટ થનારાં નિમિત્તને પામીને આત્મા પોતાના પરિણામોની શુદ્ધિ કરે, એ દ્વારા સમ્યક્ત્વની પ્રાપ્તિ કરે ત્યારે તે સમ્યક્ત્વને નિસર્ગ સમ્યક્ત્વ કહેવાય.

સદ્ગુરુભગવંતની દેશના સાંભળીને શ્રોતાના ચિત્તની શુદ્ધિ થાય, એ દ્વારા તે સમ્યક્ત્વને પામે ત્યારે તે સમ્યક્ત્વને અધિગમ સમ્યક્ત્વ કહેવાય.

'**योगशास्त्र**'માં કલિકાલસર્વજ્ઞ, શ્રી હેમચંદ્રાચાર્ય ફરમાવે છે–

**रूचिः जिनोक्ततत्त्वेषु सम्यक् श्रद्धानमुच्यते ।**

**जायते तन्निसर्गेण गुरोरधिगमेन वा ।।**

સારાર્થ : તત્ત્વની રૂચિને સમ્યક્ત્વ કહેવાય. તે નિસર્ગથી પણ પ્રાપ્ત થાય અને અધિગમથી પણ પ્રાપ્ત થાય.

**✦ ત્રણ, ચાર અને પાંચ પ્રકારનું સમ્યક્ત્વ :**

સમ્યક્ત્વના ત્રણ પ્રકારો આ રીતે થાય - (૧) ઔપશમિક સમ્યક્ત્વ, (૨) ક્ષાયોપશમિક સમ્યક્ત્વ અને (૩) ક્ષાયિક સમ્યક્ત્વ. પૂ. પૂર્વાચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજે '**सम्यक्त्वसप्तति**' ગ્રંથમાં ત્રણ પ્રકારોની વિવક્ષા આ રીતે કરી છે :

**दंसणमिह सम्मत्तं तं पुण तत्तत्थसद्दहणरूवं ।**

**खइय- खओवसमियं तहोवसमियं च नायव्वं ।।**

**ચાર પ્રકારો** - (૧) ઔપશમિક સમ્યક્ત્વ, (૨) ક્ષાયોપશમિક સમ્યક્ત્વ, (૩) ક્ષાયિક સમ્યક્ત્વ અને (૪) સાસ્વાદન સમ્યક્ત્વ.

**પાંચ પ્રકારો** - ઉપરના ચાર પ્રકારોમાં એક વેદક નામનો પ્રકાર ઉમેરીએ એટલે સમ્યક્ત્વના પાંચ પ્રકારો થાય.

'प्रवचनसारोद्धार' નામના ગ્રંથમાં પૂ. પૂર્વાચાર્ય શ્રી નેમિચન્દ્રસૂરિ મહારાજે સમ્યક્ત્વના ચાર પ્રકારોનું અને પાંચ પ્રકારોનું વર્ણન કર્યું છે. જેની ગાથાઓ પ્રસ્તુત છે.

**खइयाई सासायण सहियं तं चउविहं तु विन्नेयं ।**

**तं सम्मत्तब्भं से मिच्छत्ताऽपत्तिरूवं तु ।।९४७।।**

**वेयय संजुत्तं पुण एयं चिय पंचहा विणिद्दिट्ठं ।**

**सम्मत्तचरिमपोग्गलवेयणकाले तयं होइ ।।९४८।।**

અહીં સમ્યક્ત્વના ત્રણ, ચાર અને પાંચ પ્રકારોમાં સમ્યક્ત્વના જે પાંચ પ્રકારો ઉપસ્થિત થયાં છે તેનું વિસ્તૃત વર્ણન કરવામાં આવે છે કેમકે આ પાંચ પ્રકારો વધુ અર્થસભર અને મહત્ત્વપૂર્ણ છે.

**✦ ઔપશમિક સમ્યક્ત્વ :**

મિથ્યાત્વ મોહનીયકર્મના પુદ્ગલોનું દૂરીકરણ કરીને જે સમ્યક્ત્વને પ્રાપ્ત કરવામાં આવે છે તેનું નામ ઉપશમસમ્યક્ત્વ છે.

એક, ઉપશમશ્રેણિ માંડનારા જીવોને ઉપશમસમ્યક્ત્વ અવશ્ય હોય છે.

બે, અનાદિ મિથ્યાદૃષ્ટિ આત્મા પહેલીવાર સમ્યક્ત્વને પામે ત્યારે અપૂર્વકરણના કાળ દરમિયાન જો દર્શન મોહનીય કર્મના ત્રણ પુંજો કરી શકે નહિ તો તે પછી અનિવૃત્તિકરણના સમયમાં ઉદયમાં નહિ આવેલાં મિથ્યાત્વના પુદ્‌ગલોના ઉદયને તે રોકી દે છે તેમજ ઉદયમાં આવેલાં મિથ્યાત્વનાં પુદ્‌ગલોનો ક્ષય કરી દે છે અને ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ કરે છે.

विशेषावश्यकभाष्य માં પૂ. પૂર્વધર આચાર્ય શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણે ફરમાવ્યું છે કે–

**उवसमसेढिगयस्स होइ उवसामियं तु सम्मत्तं ।**
**जो वा अकयतिपुंजो अखयमिच्छो लहइ सम्मं ॥५२९॥**

**खीणम्मि उइण्णम्मि य अणुदिज्जंते य सेस मिच्छत्ते ।**
**अंतोमुहुत्तमेत्तं उवसम सम्मं लहइ जीवो ॥५३०॥**

સારાર્થ : ઉપશમ શ્રેણિ માંડનારાને ઉપશમસમ્યક્ત્વ હોય છે તેમજ જેણે ત્રણ પુંજ કર્યા નથી અને મિથ્યાત્વ મોહનીયનો સંપૂર્ણ ક્ષય પણ કર્યો નથી એવા (અનાદિ મિથ્યાત્વી) આત્માને ઉદયમાં રહેલાં મિથ્યાત્વનો ક્ષય થાય ત્યારે તથા ઉદયમાં નહીં આવેલાં મિથ્યાત્વનો ઉદય રોકવામાં આવે ત્યારે એક અંતર્મુહૂર્ત માટે ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

પહેલી વખત સમ્યક્ત્વ પામનારો આત્મા જો ઉપશમસમ્યક્ત્વને પામતો હોય તો તે અવશ્ય અંતરકરણ કરે, અંતરકરણના પહેલાં જ સમયથી ઉપશમસમ્યક્ત્વની અનુભૂતિ કરે અને એક અંતર્મુહૂર્ત સુધી ટકનારાં આ અંતરકરણ દરમિયાન જ કવચિત્ કોક પાંચમું ગુણસ્થાનક પણ પામી જાય, ક્યારેક ત્યાંથી આગળ વધીને છઠ્ઠાં ગુણસ્થાનકને પણ સ્પર્શી જાય અને કવચિત્ સાતમા ગુણસ્થાનક સુધી પણ પહોંચી જાય.

આ બધું અંતરકરણના એક અંતર્મુહૂર્ત દરમિયાન જ બની જતું હોવાથી આ સમયે ઉપશમ સમ્યક્ત્વની જ તેને અનુભૂતિ થતી હોય છે.

'सम्बोधप्रकरण' માં પૂ. પૂર્વાચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજે ઉપરોક્ત વિષયની નીચે મુજબ પ્રરૂપણા કરી છે–

**उवसमसम्म दिट्ठी अंतरकरणे ठिओ वि जइ को वि ।**
**देसविरइं पि लहइ के वि पमत्तापमत्तं पि ॥**

સારાર્થ : અંતરકરણમાં રહેલો ઉપશમ સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિની, સર્વવિરતિની અને ક્યારેક સાતમા ગુણસ્થાનકની પણ સ્પર્શના કરી લે છે.

◆ **સાસ્વાદન સમ્યક્ત્વ :**

ઉપશમ સમ્યક્ત્વનો સમય પૂરો થાય છે ત્યારે જેઓ સમ્યક્ત્વમોહનીયના પુદ્ગલોને ઉદયમાં લાવી શકે છે તેઓ તુરંત ક્ષયોપશમ સમ્યક્ત્વ પામી જાય પરંતુ આવું સત્ત્વ જેઓ દાખવી શકતાં નથી તેઓ અંતે સમ્યક્ત્વથી પતન પામે છે, મિથ્યાત્વ તરફ ધસી પડે છે.

સમ્યક્ત્વથી પતિત થયાં છે, મિથ્યાત્વ તરફ જઇ રહ્યાં છે પરંતુ હજી મિથ્યાત્વને પામી શક્યાં નથી એવા જીવો વચગાળાના સમયમાં પૂર્વે અનુભવેલાં સમ્યક્ત્વનો અંશતઃ અનુભવ કરે છે. સમ્યક્ત્વના આવા આંશિક અનુભવને સાસ્વાદન સમ્યક્ત્વ કહેવાય.

સાસ્વાદન સમ્યક્ત્વને સમજાવવા માટે આગમમાં બે દૃષ્ટાન્તો અપાયેલાં છે. એક, માલાપતિતનું દૃષ્ટાંત. બે, ગુડભોજીનું દૃષ્ટાંત. (૧) પહેલાં-બીજા વિગેરે ઉપરના માળે ચડેલો ત્યાંથી નીચે પડે ત્યારે ઉપરથી પડ્યાં પછી અને ધરતી ઉપર પહોંચ્યા પહેલાં કેટલોક સમય વચગાળાનો પસાર કરે છે. આ મધ્યવર્તી સમયમાં તે નીચે પણ નથી અને ઉપર પણ નથી છતાં ઉપર હતો તેનો કાંઇક અહેસાસ કરે છે.

બસ, ઉપરોક્ત મધ્યવર્તી સમય જેવું સાસ્વાદન સમ્યક્ત્વ છે. સમ્યક્ત્વથી પડ્યાં પછી અને મિથ્યાત્વ સુધી પહોંચ્યાં પહેલાં વચલા સમયમાં આત્માને પૂર્વે અનુભવેલાં સમ્યક્ત્વની આંશિક પ્રતીતિ અહીં થાય છે.

૨. કોક પુરુષે ગોળ વાપર્યો અને એ પછી સૂઇ ગયો. હજી ગાઢ નિદ્રા આવી નથી, તન્દ્રાવસ્થા શરૂ થઇ ગઇ છે ત્યારે તે સૂતાં સૂતાં ગોળની મધુરતાનો કંઇક સ્વાદ પામે છે. તે જ રીતે ઉપશમ સમ્યક્ત્વથી પતન પામ્યાં પછી અવ્યક્તકક્ષાના ઉપશમગુણનો જે અનુભવ થાય તેને સાસ્વાદન સમ્યક્ત્વ કહેવાય.

પૂ. પૂર્વધર આચાર્ય શ્રી સંઘદાસગણી ક્ષમાશ્રમણે बृहत्कल्प-भाष्य માં સાસ્વાદન સમ્યક્ત્વનું નિરૂપણ આ રીતે કર્યું છે :

**उवसम्मा पडमाणत्तो उ मिच्छत्तसंकमणकाले ।**
**सासायणो छावलित्तो भूमिमपत्तो व पवडंतो ।।१२७।।**

**आसादेउं व गुलं ओहीरंतो न सुट्ठु जा सुयत्ति ।**
**सं आयं सायंतो सस्सादो वावि सासाणे ।।१२८।।**

સારાર્થ : ઉપશમ સમ્યક્ત્વથી પડેલો અને મિથ્યાત્વમાં સંક્રમણ પામી રહેલો ઉત્કૃષ્ટથી છ આવલિકાં જેટલા સમય માટે સાસ્વાદન સમ્યક્ત્વનો અનુભવ કરે છે. માલાપતિતનું અને ગુડભોજીનું દૃષ્ટાંત અહીં ઉપસ્થિત થાય છે.

✦ **ક્ષાયોપશમિક સમ્યક્ત્વ :**

જૈન શાસ્ત્રોની પરંપરામાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વ અંગે બે અભિપ્રાયો પ્રસિદ્ધ થયેલાં છે. એક, આગમિક મત. બે, કાર્મગ્રન્થિક મત.

આગમિક મત અનુસાર, જે અનાદિ મિથ્યાત્વી અપૂર્વકરણમાં જ ત્રિપુઞ્જીકરણ પણ કરી લે છે તે તે પછી અનિવૃત્તિકરણમાં પ્રવેશે છે અને ત્યાં ઉદયમાં આવેલાં મિથ્યાત્વનો ક્ષય કરીને તેમજ ઉદયમાં નહીં આવેલાં મિથ્યાત્વનો ઉપશમ કરીને સમ્યક્ત્વમોહનીયના દલિકોને ઉદયમાં લાવે છે. સમ્યક્ત્વ મોહનીયના દલિકોનો ઉદય થતાં વેંત ક્ષયોપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી લે છે. આ આત્માને આ રીતે પ્રથમ વેળામાં જ ક્ષયોપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ થઇ જાય છે.

કાર્મગ્રન્થિક મત અનુસાર, પહેલી વખત તો ઉપશમ સમ્યક્ત્વ જ મળે અને એ ઉપશમ-સમ્યક્ત્વના કાળ દરમિયાન આત્મા ત્રિપુઞ્જીકરણ કરે. મદિરા બનાવવા માટે વપરાતાં કોદ્રવના શુદ્ધિકરણની જેમ અહીં આત્મા મિથ્યાત્વના પુદ્ગલોનું શુદ્ધિકરણ કરે અને તેના ત્રણ પુંજો બનાવે.

એ પછી ઉપશમસમ્યક્ત્વનો સમય પૂરો થતાં ઉપશમ સમ્યગ્દષ્ટિ આત્મા જો સમ્યક્ત્વ મોહનીયના પહેલાં પુંજને ઉદયમાં લાવી શકે તો તે તત્ક્ષણ ક્ષયોપશમ સમ્યક્ત્વને મેળવી શકે.

અહીં સમજવા જેવું તાત્પર્ય એ છે કે પહેલી વખત અથવા એ પછી ગમે તેટલી વખત જયારે ક્ષયોપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે ત્યારે મિથ્યાત્વના પુદ્ગલોનો ક્ષય તેમજ ઉપશમ બંને કાર્ય જરુર થાય છે.

ક્ષય અને ઉપશમ બંને જેમાં થાય છે તેનું નામ ક્ષયોપશમ સમ્યગ્દર્શન. અહીં ક્ષય અને ઉપશમ બંને બે રીતે ઘટે છે.

૧. અનાદિ મિથ્યાદષ્ટિ ઉદયમાં આવેલાં મિથ્યાત્વનો ક્ષય કરે છે અને ઉદયમાં નહીં આવેલાં મિથ્યાત્વનો ઉપશમ કરે છે. આમ, અનાદિ મિથ્યાદષ્ટિ જે ક્ષયોપશમ સમ્યક્ત્વ પામે તેમાં ક્ષય અને ઉપશમ બંને મિથ્યાત્વ મોહનીયના થયાં.

૨. ભગ્નમિથ્યાદષ્ટિ એટલે જેણે અનાદિ મિથ્યાત્વનો ભંગ કરી લીધો છે એવો આત્મા. ભગ્નમિથ્યાદષ્ટિ જયારે ક્ષયોપશમ સમ્યક્ત્વને અનુભવે, ફરી ફરીને અનુભવે ત્યારે તેને સમ્યક્ત્વ મોહનીયના પુદ્ગલોનો ઉદય થયેલો હોય છે. ઉદયમાં આવેલાં આ સમ્યક્ત્વ મોહનીયના પુદ્ગલોને ભોગવી-ભોગવીને તેનો તે ક્ષય કરતો જાય છે તેમ જ ઉદયમાં નહિ આવેલા સમ્યક્ત્વ મોહનીયના પુદ્ગલોમાં મિથ્યાત્વના રસનો ઉપશમ ચાલુ રાખે છે. આમ, ક્ષય અને ઉપશમ બન્ને સમ્યક્ત્વ મોહનીયના થયાં.

सम्बोधप्रकरण માં લખાયું છે કે—

**पुव्वमपुव्वकरणेणं अंतरकरणेण वा कयतिपुंजो ।**
**कोद्दवनिदंसणेण य सुध्धाणुवेयगो होइ ॥**

.मिच्छत्तं जमुइण्णं तं खीणं अणुइअं च उवसंतं ।
मीसीभावपरिणयं वेइज्जंतं खओवसमं ॥

સારાર્થ : પૂર્વે અપૂર્વકરણ દ્વારા અથવા અંતરકરણ દ્વારા જેણે મિથ્યાત્વના પુદ્‌ગલોના ત્રણ પુંજ કર્યાં છે અને તેમાંથી શુદ્ધપુંજને ઉદયમાં આણ્યો છે વળી ઉદયમાં આવેલું મિથ્યાત્વ ક્ષીણ કરી દીધું છે અને ઉદયમાં નહીં આવેલાં મિથ્યાત્વનો ઉપશમ કર્યો છે તેને ક્ષયોપશમ સમ્યક્ત્વ મળે છે.

પ્રશ્ન : ઉપશમ સમ્યક્ત્વમાં પણ મિથ્યાત્વના પુદ્‌ગલોનો ઉપશમ થયેલો હતો અને ક્ષયોપશમ સમ્યક્ત્વમાં પણ તેનો ઉપશમ થાય છે તો પછી બે સમ્યક્ત્વ એક સરખા છે એવું નક્કી નથી થતું ?

ઉત્તર : ના. બે સમ્યક્ત્વમાં વિશિષ્ટ પ્રકારની ભિન્નતા હોવાથી તે બે એક સરખા છે એવું નક્કી થાય તેમ નથી. ઉપશમ સમ્યક્ત્વમાં મિથ્યાત્વના પુદ્‌ગલોનો ઉપશમ એવો વિશિષ્ટ પ્રકારનો હતો કે ત્યારે તે પુદ્‌ગલો પ્રદેશવેદ્ય પણ રહ્યાં ન હતાં જ્યારે ક્ષયોપશમ સમ્યક્ત્વમાં મિથ્યાત્વના પુદ્‌ગલોનો ઉપશમ હોવા છતાં તે પુદ્‌ગલો પ્રદેશવેદ્ય તો અવશ્ય રહે છે.

તાત્પર્ય એ છે કે ઉપશમ સમ્યક્ત્વમાં મિથ્યાત્વપુદ્‌ગલોના પ્રદેશનો અને રસનો, બન્નેનો ઉપશમ થાય છે જ્યારે ક્ષયોપશમ સમ્યક્ત્વમાં મિથ્યાત્વના રસનો ઉપશમ થાય છે પરંતુ પ્રદેશનો ઉપશમ થતો નથી.

✦ **વેદક સમ્યક્ત્વ :**

ક્ષયોપશમ સમ્યક્ત્વ જેમને મળ્યું છે અને એનો અનુભવ પણ ચાલું છે એવો આત્મા જ્યારે ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ તરફ આગળ વધે છે ત્યારે તેણે દર્શન સપ્તકનો વિધ્વંસ કરવો પડે છે. એ પછી જ તેને ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. 'દર્શન સપ્તક'માં અનંતાનુબંધીના ચાર કષાયોનો અને ત્રણે પ્રકારના દર્શન મોહનીયનો સમાવેશ થાય છે. દર્શન સપ્તકનો વિધ્વંસ જ્યારે શરુ થાય છે ત્યારે પ્રથમ, અનંતાનુબંધીના ક્રોધ, માન, માયા અને લોભનો ક્ષય કરવામાં આવે છે. એ પછી મિથ્યાત્વ મોહનીયનો અને ત્યાર બાદ મિશ્રમોહનીયનો ક્ષય કરવામાં આવે છે. અંતે, સમ્યક્ત્વ મોહનીયનો ક્ષય શરુ થાય છે.

સમ્યક્ત્વ મોહનીયનો ક્ષય કરતાં કરતાં છેલ્લાં એક સમયમાટે તેનું જે વેદન થાય તેને જ વેદક સમ્યક્ત્વ કહેવાય.

કેટલાંક પૂર્વાચાર્યો વેદક સમ્યક્ત્વને પણ ક્ષયોપશમ સમ્યક્ત્વ તરીકે ઓળખાવે છે પરંતુ આ માન્યતા સાચી નથી. પૂ. પૂર્વધર આચાર્ય શ્રી સંઘદાસગણી ક્ષમાશ્રમણના અભિપ્રાય અનુસાર વેદક સમ્યક્ત્વને ક્ષયોપશમ સમ્યક્ત્વ તરીકે ઓળખાવવું આગમ વિપરીત છે.

જૂઓ, बृहत्कल्प-भाष्य માં તેઓ શ્રીમદ્‌ના વિધાનને...

**जो चरमपोग्गले पुण वेदेंती वेयगं तयं बिंति ।**

**केसिंचि अणादेसो वेयगदिट्ठी खओवसमो ॥१३०॥**

સારાર્થ : સમ્યક્ત્વ મોહનીયના અંતિમ પુદ્ગલોના અનુભવને વેદક સમ્યક્ત્વ કહેવાય. વેદકને ક્ષયોપશમ સમ્યક્ત્વ કહેનારાં આગમ પ્રતિકૂળ છે.

✦ **ક્ષાયિક સમ્યક્ત્વ :**

દર્શન સપ્તકનો સંપૂર્ણ ધ્વંસ થયાં પછી જે પ્રગટે છે તે ક્ષાયિક સમ્યક્ત્વ છે.

જૂઓ, बृहत्कल्प-भाष्य ના અભિપ્રાયને...

**दंसणमोहे खीणे खयदिट्ठी होइ निरवसेसम्मि ॥१३१॥**

✦ **દીપક સમ્યક્ત્વ :**

અન્ય આત્માઓને સમ્યક્ત્વ વિગેરે ધર્મ પમાડવાનું અપૂર્વ સામર્થ્ય એટલે જ દીપક સમ્યક્ત્વ. દીપક સમ્યક્ત્વ અભવ્ય જીવોમાં પણ ઉદ્ભવી શકે. અંગારમર્દકસૂરિ નામના આચાર્યે અનેક જીવોનો પ્રતિબોધ કર્યો. તેમને સંયમ આપ્યું પરંતુ સ્વયં અભવ્ય હતાં તેથી સમ્યક્ત્વ ન પામ્યાં. તેમની પરોપકારની શક્તિ દીપક સમ્યક્ત્વ સ્વરૂપ હતી.

ભવ્યજીવોમાં પણ દીપક સમ્યક્ત્વ સંભવી શકે. ભાવસમ્યક્ત્વ જેમને છે એવા ભવ્યોનું દીપક સમ્યક્ત્વ સ્વ-પર ઉપકારી છે પરંતુ ભાવ સમ્યક્ત્વ જેમને નથી મળ્યું તેમનું દીપક સમ્યક્ત્વ લગભગ પાપના અનુબંધનો પરિપાક છે.

✦ **કારક સમ્યક્ત્વ :**

તપ, સંયમ વિગેરે ધર્મયોગોની પ્રેરણા આપનારું પરંતુ તેના પરમાર્થથી વંચિત રાખનારું સમ્યક્ત્વ એટલે કારક સમ્યક્ત્વ.

**મોક્ષના આશય વિના તપ-સંયમ વિગેરેનું જે વહન થાય તેને કારક સમ્યક્ત્વ કહી શકાય.** દીપક સમ્યક્ત્વ જેવું જ આ કારક સમ્યક્ત્વ છે. તે અભવ્ય જીવોમાં પણ હોઇ શકે અને ભવ્યોમાં પણ હોઈ શકે. ભાવસમ્યક્ત્વની ગેરહાજરીમાં આ સમ્યક્ત્વ પણ પાપના અનુબંધનો પરિપાક છે.

✦ **રોચક સમ્યક્ત્વ :**

જિનવચન તર્ક સિદ્ધ છે કે નહિ એની જેને પરવા નથી પરંતુ જિનવચન પ્રત્યે સ્વાભાવિક વિશ્વાસ જેને જરૂર જાગ્યો છે તેમનું તર્ક અને દૃષ્ટાંતોની અપેક્ષા રાખ્યાં વગર જિનવચન પ્રત્યે વિશ્વાસ જગાડનારું સમ્યક્ત્વ એટલે રોચક સમ્યક્ત્વ.

ઉપરોક્ત ત્રણે સમ્યક્ત્વનું વર્ણન त्रिषष्टिशलाकापुरुषचरित्र માં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યે આ રીતે કર્યું છે–

सम्यग्दर्शनमेतच्च गुणतस्त्रिविधं भवेत् ।
रोचकं दीपकं चैव कारकञ्चेति नामतः ॥६०५॥
तत्र श्रुतोक्ततत्त्वेषु हेतूदाहरणैर्विना ।
दृढा या प्रत्ययोत्पत्तिस्तद् रोचकमुदीरितम् ॥६०६॥
दीपकं तद् यदन्येषामपि सम्यकत्वदीपकम् ।
कारकं संयमतपःप्रभृतीनां तु कारकम् ॥६०७॥

સારાર્થ : અન્યોમાં સમ્યક્ત્વ પેદા કરાવવાનું સામર્થ્ય એટલે દીપક સમ્યક્ત્વ. તપ-સંયમ વિગેરે યોગોનું સેવન કરાવનારું સમ્યક્ત્વ એટલે કારક સમ્યક્ત્વ. તર્ક અને દૃષ્ટાંતથી નિરપેક્ષ એવો જિનાજ્ઞાનો વિશ્વાસ એટલે રોચક સમ્યક્ત્વ.

✡ ✦ ✡

* विषयनिर्देशिका :

सम्यक्त्वस्य दशविधत्वं विवेचयन्नाह–

* ભાવાર્થ :

સમ્યક્ત્વના દશ પ્રકારોનું વિવેચન કરતાં કહે છે કે–

* मूलम् :

**निसग्गुवएसरुई आणारुई सुत्त-बीयरुई मेव ।**
**अभिगम-वित्थाररुई, किरिया-संखेव-धम्मरुई ॥७॥**

* छाया :

निसर्गोपदेश रूच्यौ आज्ञारूचिः सूत्ररूचिर्बीजरूचिरेव ।
अभिगम-विस्ताररूच्यौ क्रिया-संक्षेप-धर्मरूचयः ॥७॥

* ગાથાર્થ :

(૧) નિસર્ગરુચિ, (૨) ઉપદેશરુચિ, (૩) આજ્ઞારુચિ, (૪) સૂત્રરુચિ, (૫) બીજરુચિ, (૬) અભિગમરુચિ, (૭) વિસ્તારરુચિ, (૮) ક્રિયારુચિ, (૯) સંક્ષેપરુચિ, (૧૦) ધર્મરુચિ... આ દશ પ્રકારો પણ સમ્યક્ત્વના છે. ॥૭॥

* 'बोधिपताका' वृत्तिः :

निसग्गेति । धर्म-धर्मिणोः कथञ्चिदभेदादत्र सम्यक्त्ववतां दशविधत्वं सम्यक्त्वेऽवतारयति, दशविधत्वमपेक्षान्तरेण, तदेवम्, प्रथमं निसर्गरूचि, द्वयमुपदेशरूचि, तृतीयमाज्ञारूचि, तुरीयं सूत्ररूचि, पञ्चमं बीजरूचि, षष्ठमभिगमरूचि, सप्तमं विस्ताररूचि, अष्टमं क्रियारूचि, नवमं संक्षेपरूचि, दशमम्पुनो धर्मरूचि सम्यक्त्वम् ।

अथैतेषां स्वरूपं प्रस्तूयते ।

(१) परोपदेशनिरपेक्षतया जातिस्मृत्यादिना जीवाऽजीवाऽऽश्रव - संवर - निर्जरा - बन्ध - मोक्षेति तत्त्वानां यत् श्रद्दधानन्तन्निसर्गम्, निसर्गमधिगतो नामादिभेदभिन्नेषु द्रव्य-क्षेत्र-काल-भावभिन्नेषु वा केवलिदृष्टेषु सर्वभावेषु 'सत्यमिदन्नाऽन्यत्' इति यद् विश्वसिति, तस्य दर्शनन्निसर्गरूचि । (२) केवलिदेशनया छद्मस्थदेशनया वा केवलिदृष्टभावान् श्रद्दधत उपदेशरूचि दर्शनम् । (३) तेषां विलीनराग - द्वेष - मोहत्वात्तदाज्ञैव सत्यमित्याज्ञारागेण केवलिदृष्टं रोचयतो दर्शनमाज्ञारूचि । (४) अङ्गप्रविष्टमङ्गबाह्यं वा सूत्रमधीयन् सूत्ररागेण सूत्रोक्तं श्रद्दधतो दर्शनं सूत्ररूचि । (५) सूत्रैकपदश्रद्धयाऽशेषपदान् प्रथमपदवत्श्रद्दधानस्य दर्शनं बीजरूचि । (६) आचाराद्यङ्गसूत्रमुत्तराध्ययनादिप्रकीर्णसूत्रं दृष्टिवादञ्च तथोत्तरमर्थप्राप्तिनाऽशेषमिदं विश्वसतः सम्यक्त्वमभिगमरूचि । (७) धर्मास्तिकायादि-षड्द्रव्यं ससर्वपर्यायं नय-प्रमाणाभ्यामधिगच्छतो दर्शनं विस्ताररूचिः । (८) समिति-गुप्त्योरनुरागतो दर्शन - ज्ञान - चारित्र - तपो - विनयानाराधयतो दर्शनं क्रियारूचि । (९) अनवगतमिथ्यामति-परिचयोऽकुशलजिनप्रवचनश्च चिलातिवत् संवेगादिपदं भावयतो दर्शनं संक्षेपरूचि । (१०) तद्धर्माऽऽपेक्षया द्रव्यानागमाऽपेक्षया च क्रियाः स्वीकुर्वतो दर्शनं धर्मरूचि ।

प्रोक्तानि दशाऽप्येतान्युत्तराध्ययनस्य मोक्षमार्गगतौ, तद्यथा–

**भूअत्थेणाहिगया, जीवाऽजीवा य पुण्ण-पावं च ।**
**सह संमुइआसव संवरो य, रोएइ उ निसग्गो ॥१७॥**
**जो जिणदिट्ठे भावे, चउव्विहे सद्दहाइ सयमेव ।**
**एमेव नन्नहत्ति अ, निसग्गरुइत्ति नायव्वो ॥१८॥**

एए चेव उ भावे, उवइट्ठे जो परेण सद्दहई ।
छउमत्थेण जिणेण व, उवएसरुइत्ति नायव्वो ॥१९॥
रागो दोसो मोहो, अण्णाणं जस्स अवगयं होइ ।
आणाए रोअंतो, सो खलु आणारुइ नाम ॥२०॥
जो सुत्तमहिज्जंतो, सुएण ओगाहइ उ सम्मत्तं ।
अंगेण बाहिरेण व, सो सुत्तरुइत्ति नायव्वो ॥२१॥
एगेण अणेगाइं, पयाइं जो पसरई उ सम्मत्तं ।
उदयव्व तिल्लबिंदु, सो बीअरुइत्ति नायव्वो ॥२२॥
सो होइ अभिगमरुई, सुअनाणं जेण अत्थओ दिट्ठं ।
एक्कारस अंगाइं, पइण्णगं दिट्ठिवाओ अ ॥२३॥
दव्वाणं सव्वभावा, सव्वपमाणेहिं जस्स उवलद्धा ।
सव्वाहिं नयविहिहि अ, वित्थाररुइत्ति नायव्वो ॥२४॥
दंसण-नाण-चरित्ते-तव-विणअे सच्च-समिइ-गुत्तीसु ।
जो किरिआ-भावरुई, सो खलु किरियारुइ नाम ॥२५॥
अणभिग्गहिअ कुदिट्ठि, संखेवरुइत्ति होइ नायव्वो ।
अविसारओ पवयणे, अणभिग्गहिओ अ सेसेसु ॥२६॥
जो अत्थिकाय धम्मं, सुअधम्मं खलु चरित्तधम्मं च ।
सद्दहइ जिणाभिहिअं, सो धम्मरुइत्ति नायव्वो ॥२७॥
एवं दशविधत्वं सम्यक्त्वस्य ॥७॥

*** ટીકાનો ભાવાર્થ :**

૧. ધર્મ અને ધર્મી 'કથંચિત્ ભિન્ન છે અને કથંચિત્ અભિન્ન છે. ધર્મને ધારણ કરે તે ધર્મી અને ધર્મીમાં જ રહે તે ધર્મ. સમ્યક્ત્વ એ ધર્મ છે અને તે સમ્યગ્દષ્ટિ આત્મામાં રહેનારો છે. ધર્મ અને ધર્મીનો કથંચિત્ અભેદ સ્વીકારીને અત્રે સમ્યગ્દષ્ટિ આત્માઓના દશ પ્રકારો સમ્યક્ત્વ માટે પણ પ્રયોજાઇ રહ્યાં છે.

૨. જુદી જુદી અપેક્ષાઓને અનુસરીને સમ્યક્ત્વના દશ પ્રકારો થાય છે. જેની નામાવલિ પ્રસ્તુત છે : (૧) નિસર્ગરુચિ સમ્યક્ત્વ, (૨) ઉપદેશરુચિ સમ્યક્ત્વ, (૩) આજ્ઞારુચિ સમ્યક્ત્વ, (૪) સૂત્રરુચિ સમ્યક્ત્વ, (૫) બીજરુચિ સમ્યક્ત્વ, (૬) અભિગમરુચિ સમ્યક્ત્વ, (૭) વિસ્તારરુચિ સમ્યક્ત્વ, (૮) ક્રિયારુચિ સમ્યક્ત્વ, (૯) સંક્ષેપરુચિ સમ્યક્ત્વ, (૧૦) ધર્મરુચિ સમ્યક્ત્વ.

હવે, આ દશ પ્રકારના સમ્યક્ત્વનું સ્વરૂપ રજુ કરવામાં આવે છે.

૧. **નિસર્ગરુચિ સમ્યક્ત્વ :**

ગુરુ વિગેરેનો ઉપદેશ પ્રાપ્ત કર્યાં વિના જાતિસ્મરણજ્ઞાન જેવા સ્વતઃ ઉત્પન્ન નિમિત્ત દ્વારા જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ... આ નવ તત્ત્વોની જે શ્રદ્ધા થાય તેને નિસર્ગ સમ્યક્ત્વ કહેવાય.

નિસર્ગ સમ્યક્ત્વને પામનારો આત્મા કેવલિદૃષ્ટ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ વિગેરે દ્વારા તે જ સત્ય છે, અન્ય નહિ એવી દૃઢ શ્રદ્ધાથી સ્વીકારે છે. નિસર્ગના કારણે પ્રગટેલાં ઉપરોક્ત પરિણામોને નિસર્ગરુચિ સમ્યક્ત્વ કહેવાય.

ઉત્તરાધ્યયન સૂત્રના 'મોક્ષમાર્ગગતિ' અધ્યયનમાં ઉલ્લેખ છે કે—

**भूअत्थेणाहिगया, जीवाऽजीवा य पुण्ण-पावं च ।**

**सह संमुइआसवसंवरो य, रोएइ उ निसग्गो ॥१७॥**

**जो जिणदिट्ठे भावे, चउव्विहे सद्दहाइ सयमेव ।**

**एमेव नन्नहत्ति अ, निसग्गरुइत्ति नायव्वो ॥१८॥**

સારાર્થ : જીવ-અજીવ વિગેરે તત્ત્વોને સ્વતઃ પ્રગટેલાં નિમિત્તથી સ્વીકારવા તેનું નામ નિસર્ગ અને નિસર્ગના કારણે જિનોક્ત તત્ત્વને દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવથી સમગ્રતયા સ્વીકારનારનું જે સમ્યક્ત્વ તે 'નિસર્ગરુચિ સમ્યક્ત્વ'.

૨. **ઉપદેશરુચિ સમ્યક્ત્વ :**

કેવળી ભગવંતની દેશના સાંભળીને અથવા છદ્મસ્થ ગુરુભગવંતોની દેશના સાંભળીને કેવલીદૃષ્ટ ભાવો પ્રત્યે જેમને શ્રદ્ધા જાગે છે તેમના સમ્યક્ત્વને 'ઉપદેશરુચિ સમ્યક્ત્વ' કહેવાય.

ઉત્તરાધ્યયન સૂત્રના 'મોક્ષમાર્ગગતિ' અધ્યયનમાં લખાયું છે કે—

**एए चेव उ भावे, उवइट्ठे जो परेण सद्दहई ।**

**छउमत्थेण जिणेण व, उवएसरुइत्ति नायव्वो ॥१९॥**

સારાર્થ : કેવળજ્ઞાનીએ કેવળજ્ઞાન વડે જોયેલાં ભાવોને જે કેવળજ્ઞાનીના અથવા અન્ય કોઇ છદ્મસ્થના ઉપદેશથી સ્વીકારે તેનું સમ્યક્ત્વ 'ઉપદેશરુચિ' કહેવાય.

૩. આજ્ઞારુચિ સમ્યક્ત્વ :

કેવળજ્ઞાની ભગવંતની આજ્ઞા એટલાં માટે સર્વોપરિ છે, તેમના રાગ, દ્વેષ અને મોહ વિનષ્ટ થયાં હતાં. આ ત્રણેય દોષો જેમનાં નષ્ટ થયાં છે તેમની જ આજ્ઞા સાચી હોઇ શકે. આ રીતે આજ્ઞા પ્રત્યેના રાગ દ્વારા જેમને જિનોક્ત તત્ત્વ પ્રત્યે શ્રદ્ધા થાય છે તેમનાં સમ્યક્ત્વને 'આજ્ઞારુચિ' કહેવાય.

જુઓ, ઉત્તરાધ્યયન સૂત્રમાં 'મોક્ષમાર્ગગતિ' અધ્યયનના ઉલ્લેખને...

**रागो दोसो मोहो, अण्णाणं जस्स अवगयं होइ ।**

**आणाए रोअंतो, सो खलु आणारुइ नाम ।।२०।।**

સારાર્થ : રાગ, દ્વેષ, મોહ અને અજ્ઞાન જેમનાં ચાલ્યાં ગયા છે તેમની આજ્ઞા (તે કારણથી) ગમે છે. આ રીતે આજ્ઞા રાગ દ્વારા જિનવચનને સ્વીકારનારના સમ્યક્ત્વને 'આજ્ઞારુચિ સમ્યક્ત્વ' કહેવાય.

૪. સૂત્રરુચિ સમ્યક્ત્વ :

આગમસૂત્રોના બે વિભાગ છે. એક, અંગપ્રવિષ્ટ સૂત્રોનો. બીજો, અંગબાહ્યસૂત્રોનો. આવા બન્ને પ્રકારના અથવા બે પૈકી કોઇ પણ એક પ્રકારનાં સૂત્રોના અભ્યાસ દ્વારા જેમને સૂત્રો પ્રત્યે ભક્તિરાગ જન્મે અને એથી સૂત્રના વચનો સાચા લાગે તેમના સમ્યક્ત્વને 'સૂત્રરુચિ' કહેવાય.

વાંચો, ઉત્તરાધ્યયન સૂત્રમાં મોક્ષમાર્ગગતિ અધ્યયનના વિધાનને...

**जो सुत्तमहिज्जंतो, सुएण ओगाहइ उ सम्मत्तं ।**

**अंगेण बाहिरेण व, सो सुत्तरुइत्ति नायव्वो ।।२१।।**

સારાર્થ : અંગ પ્રવિષ્ટ અને અંગ બાહ્ય સૂત્રોને ભણતાં-ભણતાં જેમને શાસ્ત્રરાગ દ્વારા સમ્યક્ત્વ પ્રગટે તેમના સમ્યક્ત્વને 'સૂત્રરુચિ' કહેવાય.

૫. બીજરુચિ સમ્યક્ત્વ :

આગમના એક પદનું ઊંડું ચિંતન કર્યું છે અને એથી એ યથાર્થ લાગ્યું છે. હવે સ્થિતિ એવી તૈયાર થઇ કે આગમના એક વચનની યથાર્થતા નક્કી થતાં તેના તમામ વિધાનો યથાર્થ લાગી રહ્યાં છે. આવા આત્માના સમ્યક્ત્વને 'બીજરુચિ' કહેવાય.

ધ્યાન આપો, ઉત્તરાધ્યયનની મોક્ષમાર્ગગતિ અધ્યયનની ગાથા ઉપર...

**एगेण अणेगाइं, पयाइं जो पसरई उ सम्मत्तं ।**

**उदयव्व तिल्लबिंदु, सो बीअरुइत्ति नायव्वो ।।२२।।**

સારાર્થ : પાણીમાં તેલનું બુંદ જેમ ઝડપથી પ્રસરી જાય તેમ શાસ્ત્રના એક વચનની શ્રદ્ધા થતાં સર્વવચનની શ્રદ્ધા જ્યાં થાય છે તે 'બીજરૂચિ' સમ્યક્ત્વ છે.

૬. **અભિગમરૂચિ સમ્યક્ત્વ :**

અગ્યાર અંગ સૂત્રો જેમાં આચારાંગ સૂત્ર વિગેરે સમાવિષ્ટ છે, ઉત્તરાધ્યયન સૂત્ર વિગેરે પ્રકીર્ણ આગમસૂત્રો અને ૧૪ પૂર્વ વિગેરે દષ્ટિવાદ... આ બધાનાં અર્થનો બોધ મળતાં જેમને તે બધાં જ પ્રત્યે શ્રદ્ધા જાગી છે તેમના સમ્યક્ત્વને 'અભિગમરૂચિ' કહેવાય.

વાંચો, ઉત્તરાધ્યયનના મોક્ષમાર્ગગતિ અધ્યયનના વિધાનને...

**सो होइ अभिगमरुई, सुअनाणं जेण अत्थओ दिट्ठं ।**

**एक्कारसअंगाइं, पइण्णगं दिट्ठिवाओ अ ।।२३।।**

સારાર્થ : જેમણે શ્રુતજ્ઞાનનો અર્થ પ્રાપ્ત કર્યો છે અને એથી તત્ત્વ શ્રદ્ધા જાગૃત થઇ છે તેમના સમ્યક્ત્વને 'અભિગમરૂચિ' કહેવાય.

૭. **વિસ્તારરૂચિ સમ્યક્ત્વ :**

ધર્માસ્તિકાય વિગેરે છ દ્રવ્યોને, તેમના ગુણોને અને પર્યાયોને, નય અને પ્રમાણ દ્વારા વ્યવસ્થિત રીતે જાણીને જેમને જિનવચનની શ્રદ્ધા થાય તેમના સમ્યક્ત્વને 'વિસ્તારરૂચિ' કહેવાય.

જુઓ, ઉત્તરાધ્યયન સૂત્રના મોક્ષમાર્ગગતિ અધ્યયનના ઉલ્લેખને...

**दव्वाणं सव्वभावा, सव्वपमाणेहिं जस्स उवलद्धा ।**

**सव्वाहिं नयविहिहि अ, वित्थाररुइत्ति नायव्वो ।।२४।।**

સારાર્થ : દ્રવ્યોના તમામ ભાવોને, સમસ્ત નયો અને સર્વ પર્યાયોથી જેણે જાણ્યાં છે તેના સમ્યક્ત્વને 'વિસ્તારરૂચિ' કહેવાય.

૮. **ક્રિયારૂચિ સમ્યક્ત્વ :**

સમિતિ અને ગુપ્તિ પ્રત્યેના અનુરાગથી દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વિનયની જે આરાધના કરે છે તેના સમ્યક્ત્વને 'ક્રિયારુચિ' કહેવાય.

ઉત્તરાધ્યયન સૂત્રના મોક્ષમાર્ગગતિ અધ્યયનમાં લખાયું છે કે...

**दंसण-नाण-चरित्ते-तव-विणए सच्च-समिइ-गुत्तीसु ।**

**जो किरिआ-भावरुई, सो खलु किरियारुइ नाम ।।२५।।**

સારાર્થ : ક્રિયાના રાગના કારણે દર્શનને, જ્ઞાનને, ચારિત્રને, તપને, વિનયને, સમિતિ-ગુપ્તિને આરાધનારનું જે સમ્યક્ત્વ તેને 'ક્રિયારૂચિ' કહેવાય.

૯. **સંક્ષેપરૂચિ સમ્યક્ત્વ :**

કુતીર્થિકોનો પરિચય પણ નથી અને જૈન મતની ઓળખાણ પણ નથી એવા જે આત્માઓ ચિલાતીપુત્રની જેમ સંવેગ, ઉપશમ, સંવર વિગેરે એકાદ બોધપદના સહારે સમ્યક્ત્વને સ્પર્શી જાય છે તેમના સમ્યક્ત્વને 'સંક્ષેપરૂચિ' કહેવાય.

જૂઓ, ઉત્તરાધ્યયનના મોક્ષમાર્ગગતિ અધ્યયનના વિધાનને...

**अणभिग्गहिअकुदिट्ठि, संखेवरुइत्ति होइ नायव्वो ।**

**अविसारओ पवयणे, अणभिग्गहिओ अ सेसेसु ॥२६॥**

સારાર્થ : કુતીર્થિકોનો આગ્રહ નથી અને જિનમતમાં પણ કુશળતા નથી એવા આત્માને જિનમતના એકાદ પદની ભાવનાથી પ્રગટનારાં સમ્યક્ત્વને 'સંક્ષેપરૂચિ' કહેવાય.

૧૦. **ધર્મરૂચિ સમ્યક્ત્વ :**

આગમોની શ્રદ્ધા થવાથી ક્રિયામાર્ગને જેઓ સ્વીકારે છે અને આગમમમાં કહેલાં દ્રવ્યોને દ્રવ્યગત ધર્મની અપેક્ષા રાખીને સ્વીકારે છે તેમના સમ્યક્ત્વને 'ધર્મરુચિ' કહેવાય.

વાંચો, ઉત્તરાધ્યયન સૂત્રમાં મોક્ષમાર્ગગતિ અધ્યયનના ઉલ્લેખને...

**जो अत्थिकायधम्मं सुअधम्मं खलु चरित्तधम्मं च ।**

**सद्दहइ जिणाभिहिअं सो धम्मरुइत्ति नायव्वो ॥२७॥**

સારાર્થ : દ્રવ્યોને દ્રવ્યોના ધર્મની અપેક્ષાથી અને ચારિત્રને શ્રુતજ્ઞાનની અપેક્ષાથી જેઓ સ્વીકારે છે તેમના સમ્યક્ત્વને 'ધર્મરૂચિ' કહેવાય.

✡ ✦ ✡

* **विषयनिर्देशिका :**

चारित्रपालनाऽसमर्थाश्चारित्रलालसायायुपदिशन्नाह–

* **ભાવાર્થ :**

ચારિત્રના પાલન માટે જેઓ અસમર્થ છે તેમને ચારિત્રની લાલસાનો ઉપદેશ આપતાં કહે છે કે–

* **मूलम् :**

## जइ नो सक्का धरिउं, मूलुत्तरगुणगणं तहावि दढं ।

## कायव्वं सम्मत्तं, सम्मं समए जहा भणिअं ॥८॥

* छाया :

यदि नो शक्ता धर्तुं मूलोत्तरगुणगणं तथाऽपि दृढम् ।
कर्तव्यं सम्यक्त्वं सम्यक् समये यथा भणितम् ।।८।।

* ગાથાર્થ :

મૂળ ગુણો અને ઉત્તર ગુણોને ધારણ કરવા માટે જો તમે સમર્થ નથી તો પણ આગમમાં ઉપદેશ થયો છે તે મુજબ સુંદર સમ્યક્ત્વને ધારણ કરો. ||૮||

* 'बोधिपताका' वृत्तिः :

जईत्ति । 'मूलुत्तरगुणगणं' हिंसाऽनृतस्तेयाऽब्रह्मपरिग्रहेभ्योनिर्वृत्तिर्मूलगुणास्तदभ्यास-साधनमुत्तरगुणन्तच्च 'चरणसित्तरी - करणसित्तरी' स्वरूपं शताऽधिकचत्वारिंशन्मानम् । 'धरिउं' मूलोत्तरगुणग्राममर्थात् सामायिकादिचारित्रं स्वीकर्तुं स्वीकृतस्य च परिरक्षितुम् । 'जइ नो सक्का' बलवदविरत्युदयेन यद्यप्यनर्हाः भिन्नग्रन्थिमताञ्चारित्रस्याऽस्वीकारः स्वीकृत-स्यचाऽरक्षा बलवदविरत्युदयादेव, नातिप्रतिकूलमुपादानमेतेषाम् । 'तहा वि' अस्वीकृते परिहीने वा मूलोत्तरगुणग्रामेऽपि । 'समए जहा भणिअं' अंगप्रविष्टादिश्रुतन्तदभि-प्रायानुसारि । 'सम्मत्तं' चारित्रलालसामयम् । 'दढं कायव्वं' निर्गलितशङ्का-काङ्क्षादि-दूषणमेतदाराधनीयम्, यदाज्ञप्तं वीरभद्रगणिक्षमाश्रमणैर्भक्तपरिज्ञायाम्—

**दंसण भट्ठो भट्ठो, न हु भट्ठो होइ चरणपब्भट्ठो ।**
**दंसणमणुपत्तस्स हु, परिअडणं नत्थि संसारे ।।६५।। ।।८।।**

* ટીકાનો ભાવાર્થ :

૧. હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહનો સર્વથા ત્યાગ કરવાથી જે પ્રગટે છે તે ચારિત્ર ધર્મના મૂલગુણો છે અને મૂલગુણોના અભ્યાસ માટે જેનું સેવન કરવાનું છે તે ચારિત્રધર્મના ઉત્તરગુણો છે. ઉત્તરગુણોના બે પેટા પ્રકાર છે. એક, ચરણસિત્તરી. બે, કરણસિત્તરી. સિત્તરી એટલે સીત્તેરની સંખ્યા. ચરણસિત્તરી અને કરણસિત્તરીમાં ૭૦/૭૦ ગુણોનો સમાવેશ થયેલો છે. બન્નેના મળીને એકસોને ચાલીસ ગુણો થયાં. આ એકસોને ચાલીસ ગુણોને ઉત્તરગુણો કહેવાય.

૨. મૂલગુણો અને ઉત્તરગુણોનો સ્વીકાર કરવાથી સામાયિક વિગેરે ચારિત્રનું પાલન થાય છે.

૩. જે પુન્યાત્માઓએ ગ્રંથિભેદ કરી લીધો છે તેવા આત્માઓ જો સામાયિક વિગેરે ચારિત્રનો સ્વીકાર ન કરી શકે અથવા સ્વીકારેલાં ચારિત્રનો ભંગ કરે, તેનાથી પતિત થાય તો તેનું કારણ તેમના અત્યંત બળવાન એવા અવિરતિ કર્મનો ઉદય છે.

**ગ્રંથિભેદ કરી ચૂકેલાં આત્માનું ઉપાદાન એટલું બધું કુટિલ નથી હોતું કે ઉપાદાનની અત્યંત અપાત્રતાના કારણે તેઓ ચારિત્રથી દૂર રહે અથવા સ્વીકારેલાં ચારિત્રનો નાશ કરી દે. આવા આત્માઓ અવિરતિકર્મની પ્રબળતાના કારણે જ પ્રાયઃ ચારિત્ર ધર્મથી દૂર રહે છે અથવા પ્રાપ્ત થયેલાં તે ધર્મથી ભ્રષ્ટ થાય છે.**

૪. અહીં, આવા ગ્રંથિભેદ પામી ગયેલાં અને એ પછી અવિરતિની પ્રબળતાથી ઘેરાયેલાં આત્માઓને તેમજ ગ્રંથિભેદ કરીને ચારિત્ર ધર્મનો સ્વીકાર કરવા સુધી પહોંચી ગયેલાં પરંતુ અવિરતિ કર્મની બલિષ્ઠતાને કારણે ફરી પતિત થયેલાં આત્માઓને ઉપદેશ અપાયો છે. "તમે મૂળગુણોને અને ઉત્તરગુણોને ભલે સ્વીકારી નથી શક્યાં, સ્વીકારીને કદાચ પતન પામ્યાં છો તો પણ કમસે કમ સમ્યક્ત્વને સ્વીકારો. શાસ્ત્રોક્ત રીતે અને દઢતાપૂર્વક સમ્યક્ત્વને આરાધી લો."

૫. અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય શ્રુતજ્ઞાન એટલે શાસ્ત્રગ્રંથો. તેને અનુસરીને સમ્યક્ત્વનું સ્વરૂપ નક્કી કરીએ તો કહેવું પડે કે **ચારિત્રની લાલસાને જ સમ્યક્ત્વ કહેવાય.**

ચારિત્રથી પતિત થયેલાંને તેમજ ચારિત્ર નહીં પામી શકેલાંને સમ્યક્ત્વ ધારણ કરવાનો જે ઉપદેશ અપાયો છે તેનું તાત્પર્ય એ છે કે "ચારિત્ર નથી પામી શકતાં તો ચારિત્રની લાલસાને પામો" એવો ઉપદેશ અપાયો છે.

૬. ચારિત્રની લાલસા રૂપ સમ્યક્ત્વને દઢ રાખવું હોય તો શંકા, કાંક્ષા, વિચિકિત્સા વગેરે દૂષણોને ત્યાગીને તેને આરાધવું જોઇએ.

પૂ. પૂર્વધર આચાર્ય શ્રી વીરભદ્રગણી ક્ષમાશ્રમણે પણ **'ભક્તપરિજ્ઞા'** આગમમાં આ જ પ્રકારની આજ્ઞા આપી છે. જુઓ,

**दंसणभट्ठो भट्ठो, न हु भट्ठो होइ चरणपब्भट्ठो ।**

**दंसणमणुपत्तस्स हु, परिअडणं नत्थि संसारे ॥६५॥**

સારાર્થ : ચારિત્રથી પતિત થયેલો એકાંતે પતિત નથી પરંતુ સમ્યક્ત્વથી પતિત થનારો એકાંતે પતિત છે. સમ્યક્ત્વને ધારણ કરનારો સંસારમાં રખડતો નથી.

✡ ✦ ✡

*** विषयनिर्देशिका :**

भावानुष्ठानस्य सिद्धावुपादानत्वेन सम्यक्त्वं परममोक्षाङ्गमिति संवदन्नाह–

*** ભાવાર્થ :**

ભાવ અનુષ્ઠાન મોક્ષની પ્રાપ્તિમાં ઉપાદાનરૂપ બનતું હોવાથી સમ્યક્ત્વ એ મોક્ષનું પરમ અંગ છે એવું પ્રકાશન કરે છે–

* मूलम् :

**भट्ठेण चरित्ताओ स[सु]ट्ठुयरं दंसणं गहेयव्वं ।**
**सिज्झंति चरणरहिआ दंसणरहिआ न सिज्झंति ।।९।।**

* छाया :

भष्टेन चारित्रात् सुष्ठुतरं दर्शनं ग्रहीतव्यम् ।
सिध्यन्ति चरणरहिता दर्शनरहिता न सिध्यन्ति ।।९।।

* **ગાથાર્થ :**

ચારિત્રથી ભ્રષ્ટ થયેલાંએ નિર્મળ સમ્યગ્દર્શન ગ્રહણ કરવું જોઇએ. જેઓ ચારિત્રહીન છે તેઓ હજી મોક્ષ પામે છે પરંતુ જેઓ સમ્યક્ત્વહીન છે તેઓ મોક્ષ પામતાં નથી.

* **'बोधिपताका' वृत्तिः :**

भट्ठेणेति । 'चरित्ताओ भट्ठेण' चारित्रात्प्रपतनम्परिणामाऽस्थैर्यात्, परिणामाऽस्थैर्यन्निमित्तपराभूतत्वात्, निमित्तपराभूतत्वं सत्त्वाऽपकर्षादेवमनिकाचितचारित्रमोहवतां चारित्रपतने सत्त्वाऽपकर्ष एव प्रधानकारणन्तेन विवशीभूतेन । 'सुट्ठुयरं दंसण गहेयव्वं' पतितस्याऽपि चारित्रगुणस्योत्थानकारि, तदवधि तत्पक्षकारि सम्यग्दर्शनम्, एतत्तु समीचीनं क्षायोपशमिकत्वेन भावाऽनुष्ठानरूपत्वात्, तादृशे एव पतितगुणस्योत्थानकरत्त्वंयदुक्तमध्यात्मोपनिषदि महोपाध्याययशोविजयैः,

**क्षायोपशमिके भावे, या क्रिया क्रीयते तया ।**
**पतितस्याऽपि तद्भाव-प्रवृद्धिर्जायते पुनः ।।**

एतद्ग्रहीतव्यम्, व्यतिरेकं भावशून्यतया द्रव्याऽनुष्ठानरूपन्तस्य च सिध्धावनुपादानत्वात्तन्निषिध्धं यदुदाहृतं 'भक्तपरिज्ञायाम्' वीरभद्रगणिक्षमाश्रमणैः ।

**दंसणभट्ठो भट्ठो, दंसणभट्ठस्य नत्थि निव्वाणं ।**
**सिज्झंति चरणरहिआ, दंसणरहिआ न सिज्झंति ।।**

'चरणरहिआ सिज्झंति' द्रव्यचारित्ररहिता अपि सम्यक्त्वसाहाय्येन क्रमशस्तत्परिणामपरिगता मोक्षमुपयान्ति । 'दंसणरहिआ न सिज्झंति' किन्तु सम्यक्त्वहीना द्रव्यचारित्रमारूढा अप्यनधिगतभावाऽनुष्ठानत्वेन मोक्षन्नह्येवोपश्रयन्ति ॥९॥

*** ટીકાનો ભાવાર્થ :**

૧. ચારિત્ર મોહનીય કર્મ જેનું નિકાચિત નથી તેવા ચારિત્રધરનું જો ચારિત્રથી પતન થાય છેં તો ત્યાં મુખ્ય કારણ અવિરતિ કર્મનો ઉદય છે તેમ માની શકાય નહીં. તો પછી ત્યાં કયું કારણ અસરકર્તા છે ? આ પ્રશ્નનો ઉત્તર અત્રે પ્રસ્તુત છે...

નિકાચિત ચારિત્ર મોહનીયનો ઉદય જેમને નથી એવા ચારિત્રધરનું ચારિત્રપતન થઇ રહ્યું છે તેનું કારણ તે આત્માના ચારિત્રના પરિણામોની અસ્થિરતા છે. ચારિત્રના પરિણામોની અસ્થિરતા થઇ તેનું કારણ વિપરિત નિમિત્તો સામે આત્માની હાર થઇ તે છે અને વિપરિત નિમિત્તો સામે આત્માનો પરાજય થયો તેનું કારણ આત્માના સત્વની નિર્બળતા છે.

તાત્પર્ય એ છે કે નિકાચિત ચારિત્રમોહનીયનો ઉદય નહીં ધરાવનાર ચારિત્રધરના ચારિત્રપતનનું કારણ તેના સ્વયંના સત્ત્વની ન્યૂનતા છે.

૨. આ રીતે સત્વની ન્યૂનતાથી જેઓ વિવશ છે તેમને ઉપદેશ અપાઇ રહ્યો છે કે ચારિત્રથી ભલે ભ્રષ્ટ છો પરંતુ નિર્મળ સમ્યક્ત્વને ગ્રહણ કરો.

૩. **નિર્મળ સમ્યક્ત્વ તેને કહેવાય, જે પતન પામેલાં ચારિત્રગુણનું પુનરુત્થાન કરાવે, પુનરુત્થાન ન થાય ત્યાં સુધી ચારિત્રધર્મનો દૃઢ પક્ષપાત કરાવે.**

આવું સામર્થ્ય તે જ સમ્યક્ત્વમાં હોય જે ભાવ અનુષ્ઠાનની કક્ષા સુધી પહોંચેલું હોય. મિથ્યાત્વ મોહનીયના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ દ્વારા જે પ્રગટેલું છે તે સમ્યક્ત્વ ભાવ અનુષ્ઠાન રૂપ છે. ક્ષયોપશમભાવથી પ્રગટેલાં ધર્મમાં પતન પામેલાં ગુણનું પણ જાગરણ કરાવવાની શક્તિ રહેલી છે. જૂઓ, પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ રચિત 'अध्यात्मोपनिषद्' ગ્રંથના વિધાનને...

**क्षायोपशमिके भावे, या क्रिया क्रीयते तया ।**

**पतितस्याऽपि तद्भाव-प्रवृद्धिर्जायते पुनः ॥**

સારાર્થ : ક્ષાયોપશમિક ભાવની ક્રિયા થાય ત્યારે પતિત થયેલાં શુભપરિણામોની નવેસરથી પ્રાપ્તિ અને પ્રાપ્ત શુભ પરિણામોની વૃદ્ધિ થાય છે.

આવું ક્ષાયોપશમિક ભાવનું સમ્યક્ત્વ ધારણ કરવાની અહીં પ્રેરણા કરવામાં આવી છે.

૪. મિથ્યાત્વ મોહનીયના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ વિનાનું દ્રવ્ય સમ્યક્ત્વ ભાવ અનુષ્ઠાન બની શકતું નથી. જે ભાવ અનુષ્ઠાનથી નિરપેક્ષ છે એવું દ્રવ્ય અનુષ્ઠાન મોક્ષની પ્રાપ્તિમાં ઉપાદાન બની શકે તેમ નથી તેથી આ પ્રકારના દ્રવ્ય સમ્યક્ત્વનો અહીં નિષેધ કરાયો છે.

'ભક્તપરિજ્ઞા' આગમમાં પૂ. પૂર્વધર શ્રી વીરભદ્રગણી ક્ષમાશ્રમણે ફરમાવ્યું છે કે—

**दंसणभट्ठो भट्ठो, दंसणभट्ठस्स नत्थि निव्वाणं ।**

**सिज्झंति चरणरहिआ, दंसणरहिआ न सिज्झंति ॥**

સારાર્થ : સમ્યક્ત્વથી જે ભ્રષ્ટ છે તે સાચે જ ભ્રષ્ટ છે. તેને મોક્ષ મળી શકે તેમ નથી. ચારિત્રથી ભ્રષ્ટ થયેલાં હજી મોક્ષ પામે છે પરંતુ દર્શનથી ભ્રષ્ટ થયેલાંને મોક્ષ મળતો નથી.

૫. ચારિત્રથી ભ્રષ્ટ થયેલાંને મોક્ષ શી રીતે મળે ? અહીં પરમાર્થ કંઇક આવો છે. જેમનું દ્રવ્યચારિત્રથી પતન થયું છે પરંતુ ભાવ સમ્યક્ત્વ નિર્મળ રહ્યું છે તેવા આત્માઓ સમ્યક્ત્વની શુદ્ધિના બળે ક્યારેક ફરી દ્રવ્યસંયમની પ્રાપ્તિ કર્યા વિના જ ભાવ સંયમના પરિણામોમાં આરુઢ બને છે અને તેનો વિકાસ કરતાં-કરતાં મોક્ષ સુધી પહોંચી જાય છે.

૬. સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલાંને મોક્ષ મળતો નથી આ વચનનો પરમાર્થ કંઇક આવો છે. કદાચ દ્રવ્યસંયમનો સ્વીકાર કરી લીધો છે તો પણ, ભાવ સમ્યક્ત્વ જેમને નથી પ્રગટ્યું તેવા આત્માઓ કોઇ પણ પ્રકારના ભાવ અનુષ્ઠાનને સ્પર્શી શકે તેમ નથી. **સમ્યક્ત્વના અભાવમાં ભાવ અનુષ્ઠાનનો જ અભાવ છે.** એથી આવા જીવો ભાવ અનુષ્ઠાનના પ્રકર્ષથી જ મળનારાં મોક્ષની પ્રાપ્તિ કરી શકતાં નથી.

✡ ✦ ✡

* **विषयनिर्देशिका :**

सम्यक्त्वं षड्भावनाभिर्भावयन्नाह—

* **ભાવાર્થ :**

છ પ્રકારની ભાવનાઓ દ્વારા સમ્યક્ત્વની ભાવના કરતાં કહે છે કે—

* **मूलम् :**

**मूलं दारं पइट्ठाणं, आहारो भायणं निही ।**

**दुच्छक्कुसा [स्सा] वि धम्मस्स सम्मत्तं परिकित्तिअं ॥१०॥**

* **छाया :**

मूलं द्वारं प्रतिष्ठानं आधारो भाजनं निधिः ।

दुःशक्यस्याऽपि धर्मस्य सम्यक्त्वं परिकीर्तितम् ॥१०॥

* **ગાથાર્થ :**

દુર્લભ એવા ધર્મનું મૂળ, દ્વાર, પીઠ, આધાર, ભાજન અને નિધાન આ સમ્યગ્દર્શન છે. ॥૧૦॥

* **'बोधिपताका' वृत्तिः :**

मूलमिति । 'दुच्छक्कुसाऽवि धम्मस्स' धर्मः स्वाभाविकमात्मस्वास्थ्यम्, तच्च विशुद्ध -चारित्रपरिणाममयन्तदवाप्तिः परमदुर्लभा जिनाज्ञारागोत्कर्षस्य दुर्लभत्वात्, संयमफले हेतुत्वञ्जिनाज्ञारागस्य, हेतौ फलोपचाराज्जिनाज्ञाराग एव धर्मस्तद् बाधात्वधर्मः,

यदुक्तं हरिभद्राचार्यैः षोडशकप्रकरणे—

**वचनाराधनया खलु, धर्मस्तद्बाधया त्वधर्म इति ।**

**इदमत्रधर्मगुह्यं सर्वस्वञ्चैतदेवाऽस्या ॥१२।२॥**

एषोऽभिन्नग्रन्थिकेषु दुर्लभतमो भिन्नग्रन्थिकेष्वप्येतस्य स्थैर्याऽनियतत्वम्, हेतुदुर्लभ-त्वेन फलस्याऽपि दुर्लभत्वाच्चारित्रधर्मः परमदुःशकः ।

'सम्मत्तं मूलं दारं पइट्ठाणं आहारो भायणं निही परिकित्तिअं' पूर्वोक्तं सम्यक्त्वमत्र धर्माऽवाप्तौ विशिष्टकारणन्तस्य जिनाज्ञारागमयत्वात्, कीदृक् कारणम् ? तदुपमितं यथा,

(१) देश - सर्व चारित्रधर्मो वृक्षश्चेत्तस्य मूलं सम्यक्त्वम्, (२) देश - सर्व चारित्रधर्मो नगरश्चेत्तत्र प्रवेशद्वारं सम्यक्त्वम् (३) देश - सर्वचारित्रधर्मः प्रासादश्चेत्तस्य दृढपीठं सम्यक्त्वम्, (४) देश - सर्व चारित्रधर्मो विश्वश्चेत्तत्र पृथ्वीवदाधारः सम्यक्त्वम्, (५) शम - दमादिधर्मरसस्य भाजनमपि सम्यक्त्वम्, (६) मूलोत्तरगुणराशिर्धर्मश्चेत्तस्य निधानं सम्यक्त्वम्, सम्यक्त्वस्यैताः षड्भावनाः पूर्वाऽऽचार्यहरिभद्रसूरिभिर्वर्णिता यथा सम्यक्त्वसप्तत्याम्,

**भाविज्ज मूलभूयं, दुवारभूयं पइट्ठनिहिभूयं ।**
**आहार-भायणमिमं, सम्मत्तं चरणधम्मस्स ॥५५॥**
**देइ लहु मुक्खफलं, दंसणमूले दढंमि धम्मदुमे ।**
**मुत्तुं दंसणदारं न पवेसो धम्मनयरम्मि ॥५६॥**
**नंदइ वयपासाओ दंसण पीढम्मि सुप्पइट्ठम्मि ।**
**मूलुत्तरगुणरयणाण दंसणं अक्खयनिहाणं ॥५७॥**

**सम्मत्तमहाधरणी आहारो चरणजीवलोगस्स ।**

**सुयसीलमणुन्नरसो दंसणवरभायणे धरइ ।।५८।। इति ।।१०।।**

*** ટીકાનો ભાવાર્થ :**

૧. 'दुच्छक्कुसावि धमस्स' પદનું તાત્પર્ય ટીકામાં નીચે મુજબ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

ધર્મ એટલે આત્માનું સ્વાભાવિક સ્વાસ્થ્ય. આત્માના સહજ સ્વભાવને ધર્મ કહેવાય. આત્માનો સહજ સ્વભાવ કેવો છે ? ચારિત્રધર્મની નિર્દોષ પરિણતિનો અનુભવ કરવો તે આત્માનો સ્વભાવ છે. આ રીતે ચારિત્રધર્મનો વિશુદ્ધ પરિણામ એ જ આત્માનું સ્વાભાવિક સ્વાસ્થ્ય છે એવું નક્કી થયું. ચારિત્રધર્મનો પરિણામ આત્માનું સ્વાભાવિક સ્વાસ્થ્ય હોવાથી તે જ ધર્મ છે એ પણ નક્કી થઇ જાય છે.

આવા ચારિત્રધર્મની પ્રાપ્તિ અત્યંત દુર્લભ છે કારણ કે ચારિત્રધર્મની પ્રાપ્તિ કરાવનારો હેતુ જ દુર્લભ છે. ચારિત્રધર્મની પ્રાપ્તિ કરાવનારો હેતુ કોઇ હોય તો તે જિનાજ્ઞાનો અનુરાગ છે.

સંયમ એ જો ફળ છે તો તેમાં હેતુભૂત જિનાજ્ઞાનો અનુરાગ છે. હેતુમાં ફળનો ઉપચાર કરી દઇએ તો તેમ જરૂર કહી શકાય કે **જિનાજ્ઞાનો અનુરાગ એટલે જ ધર્મ. જિનાજ્ઞાનું ખંડન એટલે જ અધર્મ.** પૂ. પૂર્વાચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજે 'षोडशकप्रकरण' માં ફરમાવ્યું છે કે—

**वचनाराधनया खलु, धर्मस्तद्बाधया त्वधर्म इति ।**

**इदमत्रधर्मगुह्यं सर्वस्वञ्चैतदेवाऽस्या ।।१२।२।।**

સારાર્થ : જિનાજ્ઞાની આરાધના એટલે ધર્મ અને જિનાજ્ઞાની વિરાધના એટલે અધર્મ. સમગ્ર ધર્મતીર્થનું ગુપ્ત રહસ્ય આ જ છે.

૨. આવો જિનાજ્ઞાનો અનુરાગ જેમણે ગ્રંથિભેદ નથી કર્યો તેમને અત્યંત દુર્લભ છે. જેમણે ગ્રંથિભેદ કર્યો છે તેવા જીવોને જિનાજ્ઞાનો અનુરાગ સાંપડે છે ખરો પરંતુ તેની સ્થિરતા નિશ્ચિત નથી હોતી. ક્યારેક તે લાંબો સમય ટકી શકે અને ક્યારેક આવતાં વેંત ચાલ્યો જાય. આમ, ગ્રંથિભેદ કરી શકેલાં જીવો માટે પણ જિનાજ્ઞાનો રાગ સતત સ્થિર રહેનારું પરિબળ નથી તેથી તેમના માટે પણ તે દુર્લભ છે એમ કહી શકાય.

જિનાજ્ઞાનો રાગ ચારિત્રધર્મની પ્રાપ્તિમાં હેતુભૂત છે અને તે જ આટલો બધો દુર્લભ હોવાથી ચારિત્રધર્મ અત્યંત દુર્લભ છે એવું સુપેરે સિદ્ધ થઇ જાય છે. યાદ રહે, ચારિત્રધર્મને જ અહીં ધર્મ તરીકે સ્વીકાર્યો છે.

૩. ચારિત્રધર્મની પ્રાપ્તિ માટે જિનાજ્ઞાનો રાગ હોવો જોઇએ અને તે જિનાજ્ઞાનો રાગ સમ્યગ્દર્શન ગુણમાં તન્મય - તદાકાર - તદ્રૂપ બનેલો હોવાથી સમ્યગ્દર્શન ચારિત્ર ધર્મની પ્રાપ્તિનું વિશિષ્ટ કારણ બને છે.

સમ્યગ્દર્શન ગુણ ચારિત્રધર્મની પ્રાપ્તિમાં કેવા પાયાને સ્થાને ગોઠવાયેલો છે તે વાત કેટલીક ઉપમાઓ દ્વારા સમજાવી રહ્યાં છે.

૪. સમ્યક્ત્વ મૂલ છે : દેશવિરતિ અને સર્વવિરતિ ધર્મ જો વૃક્ષના સ્થાને છે તો સમ્યગ્દર્શન તેના મૂળના સ્થાને છે. વૃક્ષનું અસ્તિત્વ મૂળને આધીન છે તેમ ઉભયથા ચારિત્ર સમ્યક્ત્વના મૂળ ઉપર ટકેલું છે.

૫. સમ્યક્ત્વ પ્રવેશદ્વાર છે : જો દેશવિરતિ અને સર્વવિરતિધર્મ એ નગરી છે. તો તેમાં દાખલ થવા માટેનું પ્રવેશદ્વાર સમ્યક્ત્વ છે. પ્રવેશ કર્યા વિના નગરીમાં અટન થતું નથી.

૬. સમ્યક્ત્વ પીઠ છે : દેશવિરતિ - સર્વવિરતિધર્મ એ ધર્મનું ભવન છે અને તે સમ્યક્ત્વની પીઠિકા ઉપર ઉભું થયેલું છે. પીઠિકા વિના મકાન ટકતું નથી.

૭. સમ્યક્ત્વ આધાર છે : દેશવિરતિ અને સર્વવિરતિધર્મ ધર્મનું વિશ્વ છે અને આ વિશ્વને ટકાવનારી ધરતી સમ્યક્ત્વ છે. ધરતી વિનાના વિશ્વની કલ્પના પણ થતી નથી.

૮. સમ્યક્ત્વ ભાજન છે : શમ-દમ વિગેરે ચારિત્રધર્મના રસને સંગ્રહનારું પાત્ર જો કોઇ હોય તો તે સમ્યક્ત્વ છે.

૯. સમ્યક્ત્વ નિધાન છે : ચારિત્રના મૂલગુણો અને ઉત્તરગુણો રત્નના ડુંગર જેવા છે તેને સાચવનારી નિધિ આ સમ્યક્ત્વ છે.

સમ્યક્ત્વને અપાયેલી આ છ ઉપમાઓને, સમ્યક્ત્વની છ ભાવના તરીકે ઓળખવામાં આવે છે. પૂ. પૂર્વાચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજે 'सम्यक्त्व-सप्तति' ગ્રંથમાં છ ભાવનાઓને આ રીતે વર્ણવી છે.

**भाविज्ज मूलभूयं, दुवारभूयं पइट्ठनिहिभूयं ।**
**आहार-भायणमिमं, सम्मत्तं चरणधम्मस्स ।।५५।।**

**देइ लहु मुक्खफलं, दंसणमूले दढंमि धम्मदुमे ।**
**मुत्तुं दंसणदारं न पवेसो धम्मनयरम्मि ।।५६।।**

**नंदइ वयपासाओ दंसणपीढम्मि सुप्पइट्ठम्मि ।**
**मूलुत्तरगुणरयणाण दंसणं अक्खयनिहाणं ।।५७।।**

**सम्मत्तमहाधरणी आहारो चरणजीवलोगस्स ।**
**सुयसीलमणुन्नरसो दंसणवरभायणे धरइ ।।५८।।**

સારાર્થ : ભાવના કરો કે સમ્યક્ત્વ ચારિત્રનું મૂળ છે, દ્વાર છે, પીઠ છે, નિધાન છે, આધાર છે અને પાત્ર છે.

✧ સમ્યક્ત્વરૂપી મૂળ દૃઢ હશે તો ધર્મનું વૃક્ષ મોક્ષરૂપી ફળને સત્વરે આપશે.
✧ સમ્યક્ત્વના દ્વારને છોડી દેશો તો ધર્મના નગરમાં પ્રવેશ નથી.
✧ સમ્યક્ત્વની પીઠ મજબૂત હશે તો મહાવ્રતોનું જીવન શોભશે.
✧ મૂળ-ઉત્તરગુણરત્નોને સંગ્રહનારો નિધિ સમ્યક્ત્વ છે.
✧ ચારિત્રની દુનિયાનો આધાર સમ્યક્ત્વ નામની મહાધરણી છે.
✧ જ્ઞાન અને સંયમનો રસ સમ્યક્ત્વના પાત્રમાં રહે છે.

✡ ✦ ✡

*** विषयनिर्देशिका :**

मिथ्यात्वत्यागोपदेशन्तत्प्रकारवर्णनपूर्वकम्प्रस्तावयन्नाह–

*** ભાવાર્થ :**

મિથ્યાત્વના પ્રકારોનું વર્ણન કરવાપૂર્વક મિથ્યાત્વના ત્યાગનો ઉપદેશ પ્રસ્તુત કરે છે.

*** मूलम् :**

**एएण कारणेणं, सम्मत्ते आयरो अ कायव्वो ।**
**मिच्छत्तं पुण वज्जे, तिविहं तिविहेण जाजीवं ॥११॥**

*** छाया :**

एतेन कारणेन सम्यक्त्वे आदरश्च कर्तव्यः ।
मिथ्यात्वं पुनस्त्यजेत् त्रिविधं त्रिविधेन यावज्जीवम् ॥११॥

*** ગાથાર્થ :**

ઉપર્યુક્ત કારણને અનુલક્ષીને સમ્યક્ત્વમાં આદર ધારણ કરવો જોઇએ તેમજ યાવજ્જીવ માટે ત્રિવિધ-ત્રિવિધે મિથ્યાત્વનો ત્યાગ કરવો જોઇએ. ॥૧૧॥

*** 'बोधिपताका' वृत्तिः :**

एएणेति । 'एएण कारणेण' पूर्वतनगाथात्रयनिर्दिष्टमाहात्म्यात् धर्मस्यैतेनाऽविनाभावित्वादेतस्य च धर्मेषु व्याप्यत्वात् । 'सम्मत्ते' तत्त्वश्रद्धाविशिष्टाऽऽत्मपरिणामे ।

'आयरो अ कायव्वो' आदरः पक्षपातः स सततं विधातव्यः, 'च' शब्देन परिपालनमत्र न्निक्षिप्तव्यम्, गाथोत्तरार्धे त्रिविध-त्रिविधेन मिथ्यात्वत्यागोपदेशादत्र 'च' शब्देन परिपालन -मेव प्रस्तुतम् ।

'मिच्छत्तं' वस्तुविपर्यासनिष्ठं जिनाज्ञाद्वेषाऽवच्छिन्नं तत्त्वाऽश्रद्धानम्, यदाख्यातमिन्द्र-हंसगणिभिरुपदेशकल्पवल्लौ–

**"मिथ्यात्वं वस्तुविपर्यासरूपं नवतत्त्वाऽनवबोधाऽश्रद्धानरूपमनादिकालाऽभ्यस्तम्० xx**

इदं प्रासङ्गिकम्, मिथ्यात्वमपेक्षान्तरेणाऽनेकधा भवति, तदेकविधं द्विविधं त्रिविध -श्चतुर्विधम्पञ्चविधं षोढाऽष्टधा दशविधश्चैकविंशविधमपि । अतत्त्वेषु तत्त्वाऽवधान-त्वमेकविधम्मिथ्यात्वं यदुक्तं योगशास्त्रे कलिकालसर्वज्ञैः,

**अदेवे देवबुद्धिर्या गुरुधीरगुरौ च या ।**
**अधर्मे धर्मबुद्धिश्च मिथ्यात्वं तद्विपर्ययात् ॥३॥**

अथ द्वैविधम्मिथ्यात्वस्य, इदं द्विधा घटते,

(१) प्रथमन्तत्र, अनाद्यनन्तमनादिसान्तञ्च,

(२) द्वयन्तत्र, लौकिकं लोकोत्तरञ्च,

अनाद्यनन्तं मिथ्यात्वमभव्येषु जातिभव्येषु च, अनादिसान्तं पुनः भव्येषु यदुद्गीर्णं सम्बोधप्रकरे हरिभद्रसूरिभिः,

**मिच्छत्तं तत्थ दुहा, णाइ सपज्जंतमणाइमपज्जं ।**
**भव्वाणमभव्वाणं णे य खु विपज्जयाईणं ॥**

लौकिक-लोकोत्तरेऽग्रे वक्ष्येते ।

अथ त्रिविधं मिथ्यात्वम्, पूर्वद्वयेन सह सादिसान्तम्मिथ्यात्वमत्र विभाव्यं,

**"भव्वाण भिन्नगंठीण पुणो भवे जं च साइ पज्जंतं"**

इति हरिभद्रसूरि वचनात् सम्बोधप्रकरणगतात् । सादिसान्तम्मिथ्यात्वम्भिन्नग्रंथिषु पतितसम्यग्दृष्टिषु सम्भवति ।

अथ चतुर्विधम्मिथ्यात्वम् । प्रथमम्मतिभेदमिथ्यात्वम्, द्वयम्पूर्वव्युद्ग्रहमिथ्यात्वम्, तृतीयं संसर्गमिथ्यात्वन्तुरीयमभिनिवेशमिथ्यात्वम् । पूर्वव्युद्ग्रहमवशिष्य शेषाणि त्रिण्यपि भिन्नग्रन्थिकेष्वेव घटन्ते । एषु चतुष्वपि मिथ्यात्वलाभकारणानि हेतौ फलोपचारान्मिथ्यात्वेन परिचीयन्ते । एवं स्वरूपमेतेषाम्,

१. प्राप्तसम्यग्दृष्टिरपि जमालिवन्मतिभेदमवाप्य जिनाज्ञामुल्लङ्घयति तदैनं मिथ्यात्वं लभतेऽत्र मिथ्यात्वाऽवाप्तिहेतुर्मतिभेदः ।

२. कुनयपक्षपातवशान्नयैकांशाऽऽग्रहबद्धतया वा जिनवचनमश्रद्धताम्मिथ्यात्वम्पूर्वव्युद्ग्रहम्, गोविन्दवाचकोऽत्र निदर्शनम् ।

३. कुतीर्थिकसम्पर्कात् श्रद्धागुणमवधूनयताम्मिथ्यात्वं संसर्गनाम ।

४. स्वाच्छन्द्याऽभिनिवेशात् श्रद्धामपगच्छताम्मिथ्यात्वमभिनिवेशनाम ।

यदुदाहृतं देवगुप्तसूरिभिर्नवपदप्रकरणे,

**मइभेया पूव्वुग्गह संसग्गीए य अभिनिवेसेणं ।**
**चउहा खलु मिच्छत्तं साहूण अदंसणेणहवा ॥५॥**

एवंरीत्याऽपि मिथ्यात्वस्य चतुर्विधत्वं व्याख्यातम् । (१) लौकिकदेवगतम् (२) लौकिकगुरुगतम् (३) लोकोत्तरदेवगतञ्च (४) लोकोत्तरगुरुगतं मिथ्यात्वम् ।

१. मिथ्यात्वादिदोषावच्छिन्नोपादानत्वेन सम्यक्त्वादिगुणाऽभावनिष्ठाः शिव.- विष्णु - विधि - सौगत - गोत्र देवतादयः, लक्षणसाम्यत्वाद् घण्टाकर्ण - नाकोडाभैरवादीनामप्यत्र निपातः, अमीषां बहुमानेन पूजनादि लौकिकदेवगतम्मिथ्यात्वम्, देवबुद्धया धेनुपूजाऽपि लौकिकदेवगतमिथ्यात्वमेव,

२. तापस - विप्रादीनां प्रणमनं गवादिदानञ्च लौकिकगुरुगतम्मिथ्यात्वम् ।

३. वीतरागसमक्षं भौतिकपदार्थोपयाचनं लोकोत्तरदेवगतम्मिथ्यात्वम् ।

४. उत्सूत्रदेशकानां पार्श्वस्थादीनाञ्च वन्दनादि लोकोत्तरगुरुगतम्मिथ्यात्वम् ।

यदुक्तं सम्यक्त्वप्रकरण-वृत्त्यां पूर्वाचार्यैस्तिलकसूरिभिः,

**"लोका जिनमतबहिर्वर्तिनो जनास्तेषु भवं लौकिकम्मिथ्यात्वं द्विविधम्, देवगतं गुरुगतञ्च । देवाः सुगतादयस्तेषु देवबुद्ध्या पूजादि । गुरवः शाक्यादयस्तेषु गुरुत्वबुद्ध्या प्रणामादि । XX लोकोत्तरन्तदपि द्विविधम्, तत्र देवगतं यद् वीतरागेऽप्युपयाचितादिना रागाद्यारोपणम्, गुरुगतं यत्पार्श्वस्थादिषु गुरुत्वबुद्ध्या वन्दनादि ॥२४३॥**

अथपञ्चविधत्वमेतस्य । तद्यथा (१) आभिग्रहिकम् (२) अनाभिग्रहिकम्, (३) आभिनिवेशिकम् (४) सांशयिकञ्च (५) अनाभोगिकम् । अत्राऽऽभिग्रहिकं कुतीर्थिकपक्षपातवताम् कुलपरम्पराऽऽग्रहवताञ्च जिनमत्तान्तर्वर्तिनामितरेषाञ्च, अनाभिग्रहिकन्तत्त्वाऽतत्त्वपरीक्षामपगच्छतां कुतीर्थिकानाञ्जिनमताऽन्तवर्तिनामपि, आभिनिवेशिकमुत्सूत्रावेशनिहतानां सम्यक्त्वपतितानाम्, सांशयिकञ्जीवादितत्त्वेषु दृढतया शङ्कयताम्, अनाभोगिकञ्च प्रबलाज्ञानवतां शून्यमनस्कानामेकेन्द्रियादीनाम्, यत्कथितं देवगुप्ताऽऽचार्यैर्नवपदप्रकरणे,

**आभिग्गहियमणाभिग्गहियं तह अभिनिवेसियं चेव ।**
**संसइयमणाभोगं, मिच्छत्तं पंचहा होइ ॥४॥**

अथ षोढाऽदर्शनम् । तद्यथा - लौकिकं (१) देवगतम्, (२) गुरुगतम्, (३) पर्वगतम्, लोकोत्तरं, (४) देवगतम्, (५) गुरुगतम्, (६) पर्वतगम् ।

देवगतं गुरुगतञ्च पूर्वाऽऽख्यातम्, पर्वगतन्त्वेवम्, जन्माष्टमी - नवरात्रि - होलिका - रक्षाबन्धन - सङ्क्रान्त्यादिपर्वसमुच्चयः कुतीर्थिकोद्भवस्तदुत्सवकरणमनुमोदनञ्च लौकिकपर्वगतम्मिथ्यात्वम् । ऐहिकैषणया शत्रुञ्जयादियात्रा तपोऽनुष्ठानादि च लोकोत्तरपर्वगतम्मिथ्यात्वम् ।

अथाऽष्टधा मिथ्यात्वम् । तदेवम्, (१) ऐकान्तिकम् (२) सांशयिकम् (३) वैनयिकम् (४) पूर्वव्युद्ग्रहिकम् (५) विपरीतरूचि (६) नैसर्गिकम् (७) साम्मोहिकञ्च (८) दृष्टियुक्तम् ।

तत्र (१) नयांशैवाऽवग्राहि मिथ्यात्वमैकान्तिकम्, (२) जिनोक्तेषु यथार्थत्वं विकल्पयतः सांशयिकम् (३) यथार्थमयथार्थञ्च देवादितत्त्वं समानीकुर्वतो वैनयिकम्, (४) कुहेतुरागवतः पूर्वव्युद्ग्रहिकम्, (५) अतत्त्वमतथ्यञ्चैवाऽभिलषतो विपरीतरूचि, (६) तत्त्वाऽतत्त्वमजानतो जात्यन्धवन्मिथ्यातामिस्रमेवाऽनुभवतो नैसर्गिकम्, (७) कुमतमेव

मोक्षाङ्गत्वेनोररीकुर्वतः साम्मोहिकम्, (८) वेद्यसंवेद्यपदस्थितस्य च दृष्टियुक्तम्, यदुक्तं सम्बोधप्रकरणे हरिभद्राऽऽचार्यैः,

**एगंतिय - संसइयं, वेणइयं पुव्ववुग्गहं चेव ।**
**विवरीयरुइ - निसग्गं, सम्मोहं मूढदिट्ठि भवं ।।१४३०।।**

**अह अट्ठममिच्छत्तं, दिट्ठिजुयं नामओ विणिद्दिट्ठं ।**
**तं पुण चरमावत्तंमि, हविज्ज मग्गाणुपरिवत्ती ।।१४४४।।**

अथ दशविधत्वम्मिथ्यात्वस्य । तद्यथा - प्रथमन्तत्राऽधर्मे धर्मसंज्ञा, द्वयं धर्मेऽधर्मसंज्ञा, तृतीयमुन्मार्गे मार्गसंज्ञा, तुर्यम्मार्गयुन्मार्गसंज्ञा, पञ्चममजीवे जीवसंज्ञा, षष्ठं जीवेऽजीवसंज्ञा, सप्तममसाधुषु साधुसंज्ञा, अष्टमं साधुष्वसाधुसंज्ञा, नवममुक्तेषु मुक्तसंज्ञा, दशमञ्च मुक्तेष्वमुक्तसंज्ञा,

यद्देशितं स्थानाङ्गसूत्रस्य दशमस्थाने,

**"दसविधे मिच्छत्ते पन्नत्ता, तं जहा - अधम्मे धम्मसण्णा, धम्मे अधम्मसण्णा, उमग्गे मग्गसण्णा, मग्गे उमग्गसण्णा, अजीवेसु जीवसण्णा, जीवेसु अजीवसण्णा, असाहुसु साहुसण्णा, साहुसु असाहुसण्णा, अमुत्तेसु मुत्तसण्णा, मुत्तेसु अमुत्तसण्णा ।।७३४।।**

अथैकविंशविधम्मिथ्यात्वम् । स्थानाङ्गोक्तं दशविधमिथ्यात्वमत्रैकतोदशावधि व्याख्येयन्तदनन्तरं (११) आभिग्रहिकम्, (१२) अनाभिग्रहिकम्, (१३) आभिनिवेशिकम्, (१४) सांशयिकम्, (१५) अनाभोगिकम्, (१६-१७-१८) लौकिकं देवगतं गुरुगतञ्च पर्वगतम्, (१९-२०-२१) लोकोत्तरं देवगतं गुरुगतञ्च पर्वगतम्,

यद् गीतम्महोपाध्याययशोविजयैर्गूर्जरस्वाध्याये,

**धम्मे अधम्म अधम्मे धम्मह, सन्ना मग्ग उमग्गाजी,**
**उन्मार्गे मारगनी सन्ना, साधु असाधु संलग्गाजी;**
**असाधुमां साधुनी सन्ना, जीव अजीव जीव वेदोजी,**
**मुत्ते अमुत्त अमुत्ते मुत्तह, सन्ना अे दश भेदोजी ।।३।।**

अभिग्रहिक निज निज मत अभिग्रह, अनभिग्रहिक सहुसरिखाजी,
अभिनिवेशी जाणतो कहे जुठुं, करे नहीं तत्त्व परिख्खाजी;
संशय ते जिनवचननी शंका, अव्यक्ते अनाभोगाजी,
अेह पांच भेद छे विश्रुत, जाणे समजु लोगाजी ॥४॥
लोक लोकोत्तर भेदे षड्‌विध, देव गुरु वली पर्वजी,
शक्ते तिहां लौकिक त्रण आदर, करतां प्रथण निर्गर्वजी;
लोकोत्तर देव माने नियाणे, गुरु ते लक्षणहीणाजी,
पर्वनिष्ठ इहलोकने काजे, माने गुरुपद लीनाजी ॥५॥
अेम एकवीश मिथ्यात्व तजे जे, भजे चरण गुरु केराजी,
सजे न पाये रंजे न राखे, मत्सर द्रोह अनेराजी;
समकितधारी श्रुत आचारी, तेहनी जग बलिहारीजी,
शासन समकितने आधारे, तेहनी करो मनोहारीजी ॥६॥

'तिविहं तिविहेण' ' एतादृग् सर्वप्रकारकम्मिथ्यात्वम्मनोवाक्कायैः कृतकारिताऽनुमतिभिः । 'जाजीवं' वर्तमानजन्मनि यावद् द्रव्यप्राणोपस्थितिस्तावद्, भावप्राणानां ध्रौव्यत्वादत्र द्रव्यप्राणा व्याख्यायिताः । 'वज्जे' त्यजेद् ॥११॥

*** ટીકાનો ભાવાર્થ :**

૧. एएण कारणेणं । પૂર્વની ત્રણ ગાથાઓમાં સમ્યગ્દર્શનગુણનો અપૂર્વ મહિમા વર્ણવામાં આવ્યો છે તેથી સમજાઇ રહ્યું છે કે સમગ્ર ધર્મતત્ત્વનો આધાર સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વિના ધર્મનો અંશ પણ ટકી શકે તેમ નથી. ચારિત્રધર્મ અને સમ્યગ્દર્શન વચ્ચે અવિનાભાવ સંબંધ રહેલો છે. સકળ ધર્મતત્ત્વમાં વ્યાપેલું પરિબળ આ સમ્યગ્દર્શન છે. આથી સમ્યગ્દર્શનનો આદર કરવો જોઇએ.

૨. સમ્યગ્દર્શન એટલે શું ? **તત્ત્વની શ્રદ્ધાથી વિશિષ્ટ થયેલો આત્મપરિણામ એટલે જ સમ્યગ્દર્શન.** આવા સમ્યગ્દર્શનનો આદર તો જ થઇ શકે જો તેમાં પક્ષપાત ધારણ કરવામાં આવે. સમ્યક્ત્વ માટે જેમ પક્ષપાત ધારણ કરવો જોઇએ તેમ તેનું યથાશક્ય પાલન પણ કરવું જોઇએ. મૂળ ગાથામાં सम्मत्ते आयरो अ कायव्वो લખ્યું છે. અહીં જે अ અવ્યયની યોજના કરી છે તે સૂચક છે. તે એમ સૂચવે છે કે સમ્યક્ત્વના પક્ષપાતની સાથે તેનું પરિપાલન પણ કરવું જોઇએ.

ગાથાના ઉત્તરાર્ધમાં મિથ્યાત્વનો ત્રિવિધ-ત્રિવિધે ત્યાગ કરવાનો ઉપદેશ અપાયેલો હોવાથી અહીં 'अ' શબ્દ દ્વારા પરિપાલનને ઇંગિત કરવામાં આવ્યું છે એમ માનવું હિતકર છે.

૩. मिच्छत्तं । મિથ્યાત્વ એટલે શું ? **તત્ત્વની અશ્રદ્ધા એટલે મિથ્યાત્વ.** તત્ત્વની એવી અશ્રદ્ધા જેમાં જિનાજ્ઞાનો દ્વેષ ઓત-પ્રોત થયેલો છે અને વાસ્તવિક તત્ત્વને વિપરીત રૂપે જ સમજાવનારી દૃષ્ટિ જાગૃત થયેલી છે.

સંવેગી મુનિરાજ શ્રી ઇન્દ્રહંસગણીએ उपदेशकल्पवल्लि માં લખ્યું છે કે—

**"मिथ्यात्वं वस्तुविपर्यासरूपं नवतत्त्वाऽनवबोधाऽश्रद्धानरूपमनादिकालाऽभ्यस्तम्० XX**

સારાર્થ : નવતત્ત્વના અજ્ઞાનને અથવા અશ્રદ્ધા સાથેના તેના જ્ઞાનને મિથ્યાત્વ કહેવાય. મિથ્યાત્વ વસ્તુ જેવી નથી તેવી જ દેખાડનારો દોષ છે. અનાદિકાળથી તે આત્મા સાથે સંલગ્ન છે.

૪. આવું મિથ્યાત્વ મન, વચન અને કાયા વડે છોડી દેવું જોઇએ. તેપણ કરીશ નહીં, કરાવીશ નહીં અને અનુમોદના પણ નહીં કરું એવી ત્રિભંગી વડે છોડી દેવું જોઇએ. મન, વચન અને કાયાની આવી ત્રિભંગી કરો એટલે નવ પ્રકારે મિથ્યાત્વનો ત્યાગ થાય.

૫. મિથ્યાત્વનો ત્યાગ જ્યાં સુધી શરીરમાં દ્રવ્ય પ્રાણોનું અસ્તિત્વ છે ત્યાં સુધી કરવો જોઇએ. પાંચ ઇન્દ્રિયો, શ્વાસોશ્વાસ, ભાષા અને મન, વચન, કાયાને દ્રવ્યપ્રાણ કહેવાય. જ્યારે દર્શન, જ્ઞાન, ચારિત્ર વિગેરે આત્મગુણોને ભાવપ્રાણ કહેવાય. ભાવપ્રાણો શાશ્વતકાલીન છે. તેથી जा जीवं પદ દ્વારા તેમને ગ્રહણ કર્યાં નથી. દ્રવ્યપ્રાણો વિનાશશીલ છે માટે અહીં તેમની વિવક્ષા કરવામાં આવી છે.

**✦ મિથ્યાત્વના પ્રકારો :**

મિથ્યાત્વ દોષનું મૂળભૂત સ્વરૂપ ઉપર વર્ણવ્યું છે તે છે છતાં વિવિધ અપેક્ષાઓને અનુલક્ષીને મિથ્યાત્વના જુદાં-જુદાં પ્રકારો પણ પડે છે. મિથ્યાત્વ એક પ્રકારે, બે પ્રકારે, ત્રણ પ્રકારે, ચાર પ્રકારે, પાંચ પ્રકારે, છ પ્રકારે, આઠ પ્રકારે તેમજ દશ પ્રકારે છે અને તેના એકવીશ પ્રકારો પણ થાય છે.

મિથ્યાત્વ દોષનો વિષય આ ગાથાથી જ ઉપસ્થિત થઇ રહ્યો હોવાથી અહીં મિથ્યાત્વના દરેક પ્રકારોની પ્રરૂપણા કરવામાં આવે છે.

**✦ એક પ્રકારનું મિથ્યાત્વ :**

**અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિ ધારણ કરવી તેનું નામ મિથ્યાત્વ.** આ એક પ્રકારના મિથ્યાત્વમાં ગર્ભિત રીતે મિથ્યાત્વના તમામ પ્રકારો સમાઇ જાય છે.

કલિકાલસર્વજ્ઞ, પૂ.આ.શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજે '**योगशास्त्र**' માં ફરમાવ્યું છે કે—

अदेवे देवबुद्धिर्या गुरुधीरगुरौ च या ।
अधर्मे धर्मबुद्धिश्च मिथ्यात्वं तद्विपर्ययात् ॥३॥

સારાર્થ : કુદેવને દેવ માનવા, કુગુરુમાં ગુરુ તરીકેની શ્રદ્ધા રાખવી અને કુધર્મમાં ધર્મની શ્રદ્ધા સ્થાપવી એ મિથ્યાત્વ છે.

✦ **મિથ્યાત્વના બે પ્રકાર :**

મિથ્યાત્વના બે પ્રકારો પણ થાય અને તે બે રીતે પણ થાય.

✧ પહેલું, અનાદિ અનંત મિથ્યાત્વ. બીજું, અનાદિ-સાંત મિથ્યાત્વ.

✧ પહેલું, લૌકિક મિથ્યાત્વ. બીજું, લોકોત્તર મિથ્યાત્વ.

૧. અનાદિ-અનંત મિથ્યાત્વ એટલે જેની શરૂઆત પણ નથી અને અંત પણ નથી તેવું શાશ્વતકાલીન મિથ્યાત્વ. આ મિથ્યાત્વ અભવ્ય જીવોમાં રહેલું છે તેમજ જાતિભવ્ય જીવોમાં રહેલું છે.

૨. જેની આદિ નથી પરંતુ અંત ચોક્કસ થનાર છે એવા મિથ્યાત્વને અનાદિ-સાંત કહેવાય. આ મિથ્યાત્વ હજી સમ્યક્ત્વ નહીં પામેલાં ભવ્યજીવોમાં રહેલું છે.

પૂ. પૂર્વાચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજે 'सम्बोधप्रकरण' માં ફરમાવ્યું છે કે—

**मिच्छत्तं तत्थ दुहा, णाइ सपज्जंतमणाइमपज्जं ।**
**भव्वाणमभव्वाणं णे य खु विपज्जयाईणं ॥**

સારાર્થ : મિથ્યાત્વના બે પ્રકાર છે. પહેલું, અનાદિ-અનંત. બીજું, અનાદિ સાંત. પહેલું મિથ્યાત્વ અભવ્યોને હોય છે. બીજું મિથ્યાત્વ ભવ્યોને હોય છે.

લૌકિક અને લોકોત્તર મિથ્યાત્વનું વર્ણન આગળ કરવામાં આવશે એથી અહીં કરવામાં આવતું નથી.

✦ **મિથ્યાત્વના ત્રણ પ્રકારો :**

૧. અનાદિ-અનંત મિથ્યાત્વ.
૨. અનાદિ-સાંત મિથ્યાત્વ.
૩. સાદિ-સાંત મિથ્યાત્વ.

પહેલાં અને બીજા પ્રકારનું વર્ણન બે પ્રકારના મિથ્યાત્વમાં થઇ ચૂક્યું છે. ત્રીજા પ્રકારના મિથ્યાત્વને હવે સમજીએ. જેની શરૂઆત પણ છે અને સમાપ્તિ પણ છે એવા મિથ્યાત્વને સાદિ-સાંત કહેવાય. સાદિ-સાંત મિથ્યાત્વ તેમનામાં રહેલું છે જેમણે ગ્રંથિભેદ કરી લીધો છે અને એક વાર સમ્યગ્દર્શનની સ્પર્શના પણ કરી ચૂક્યાં છે પરંતુ એ પછી સમ્યક્ત્વથી પતિત થયાં છે.

આવા જીવો સંખ્યાત અથવા અસંખ્યાતકાળમાં ફરી વાર સમ્યક્ત્વને પામશે એ નિશ્ચિત હોય છે તેથી તેમના મિથ્યાત્વને સાદિ-સાન્ત કહેવાય.

'सम्बोधप्रकरण' માં વિધાન થયું છે કે–

**"भव्वाण भिन्नगंठीण पुणो भवे जं च साइपज्जंतं"**

અર્થ : ભિન્નગ્રંથિક ભવ્યોમાં સાદિ-સાંત મિથ્યાત્વ ઘટી શકે.

**✦ ચાર પ્રકારનું મિથ્યાત્વ, બે રીતે :**

મિથ્યાત્વના ચાર પ્રકારો બે રીતે થાય છે. પહેલી રીત પ્રસ્તુત છે (૧) મતિભેદ મિથ્યાત્વ, (૨) પૂર્વવ્યુદ્ગ્રહ મિથ્યાત્વ, (૩) સંસર્ગ મિથ્યાત્વ, (૪) અભિનિવેશ મિથ્યાત્વ.

ઉપરોક્ત ચાર પ્રકારમાંથી એક પૂર્વવ્યુદ્ગ્રહ નામનું મિથ્યાત્વ અનાદિ મિથ્યાદૃષ્ટિને પણ હોઇ શકે અને સમ્યક્ત્વપતિતને પણ હોઇ શકે. જ્યારે શેષ ત્રણે પ્રકારના મિથ્યાત્વ અનાદિ મિથ્યાદૃષ્ટિમાં હોઇ શકતાં નથી. તે સમ્યક્ત્વપતિતમાં જ ઘટે છે.

ઊંડાણથી જોઇએ તો, આ ચારે પ્રકારના મિથ્યાત્વમાં આત્માને મિથ્યાત્વ તરફ ખેંચી જનારાં કારણને મિથ્યાત્વ તરીકે ઓળખવામાં આવ્યું છે. હેતુમાં ફળનો ઉપચાર કરીએ તો આ રીતે મિથ્યાત્વ પ્રાપ્તિના કારણને મિથ્યાત્વ તરીકે ઓળખવામાં બાધ નથી.

આ ચારેયનું સ્વરૂપ નીચે મુજબ છે.

૧. સમ્યગ્દૃષ્ટિ આત્મા બુદ્ધિભેદ થવાના કારણે જિનાજ્ઞાને ખોટી માની લે છે તેનું ઉલ્લંઘન કરી દે છે ત્યારે મતિભેદ નામનું મિથ્યાત્વ પામે છે. જમાલિ મતિભેદ મિથ્યાત્વને વશ થયાં હતાં અને નિહ્નવ બન્યાં હતાં. અહીં 'મતિભેદ' નામનો દોષ મિથ્યાત્વની પ્રાપ્તિનું કારણ બને છે.

૨. કુતર્કનો પક્ષપાત ઉત્પન્ન થયો છે અથવા નય (તર્ક)ના એકાદ અંશનો જ આત્યંતિક આગ્રહ પેદા થયો છે અને એથી જે આત્મા જિનવચનમાં અશ્રદ્ધા કરે છે તેનામાં પૂર્વવ્યુદ્ગ્રહ નામનું મિથ્યાત્વ રહેલું છે. ગોવિન્દ પાઠક આ પૂર્વગ્રહ દોષના કારણે જિનવચનથી દૂર રહ્યાં હતાં. અહીં મિથ્યાત્વની પ્રાપ્તિ અથવા સ્થિતિનું કારણ પૂર્વગ્રહ નામનો દોષ છે.

૩. મિથ્યાત્વીઓના પરિચયના કારણે જેઓ સમ્યક્ત્વથી પતન પામે છે તેમનામાં ત્રીજું સંસર્ગ મિથ્યાત્વ રહેલું છે.

૪. સ્વચ્છંદતાનો અત્યંત આવેશ ઉત્પન્ન થયો છે અને એથી જેઓ શ્રદ્ધાનો નાશ કરી રહ્યાં છે તેમનામાં અભિનિવેશ નામનું મિથ્યાત્વ પ્રગટે છે.

પૂ. પૂર્વાચાર્ય શ્રી દેવગુપ્તસૂરિ મહારાજે 'नवपदप्रकरण' માં ઉચ્ચાર્યું છે કે–

मइभेया पूव्वुग्गह संसग्गीए य अभिनिवेसेणं ।

चउहा खलु मिच्छत्तं साहूण अदंसणेणहवा ।।५।।

સારાર્થ : (૧) મતિભેદ (૨) પૂર્વગ્રહ (૩) સંસર્ગ અને (૪) અભિનિવેશ... આમ, મિથ્યાત્વના ચાર પ્રકારો થાય. આ પ્રકારો લગભગ સંયમથી અથવા સમ્યક્ત્વથી પતિત થનારને ઘટે.

**બીજી રીત :** હવે, બીજી રીતે ચાર પ્રકારોનો વિચાર કરીએ - (૧) લૌકિક દેવગત મિથ્યાત્વ, (૨) લૌકિક ગુરુગત મિથ્યાત્વ, (૩) લોકોત્તરદેવગત મિથ્યાત્વ, (૪) લોકોત્તર ગુરુગત મિથ્યાત્વ.

પ્રત્યેકનું સ્વરૂપ સમજીએ.

૧. જેમનો આત્મા રાગ, દ્વેષ, અજ્ઞાન, મિથ્યાત્વ વિગેરે દોષોથી વાસિત છે તેવા દેવો દેવતત્ત્વમાં સ્થાન પામવાની લાયકાત ધરાવતાં નથી. તેવા દેવોને જૈન શાસ્ત્રોમાં લૌકિક દેવ તરીકે ઓળખવામાં આવ્યાં છે. શંકર, વિષ્ણુ, બ્રહ્મા, બુદ્ધ, કૂળદેવતા વિગેરે દેવો દેવતત્ત્વમાં સ્થાન પામવાની યોગ્યતા વિનાના હોવાથી લૌકિક દેવો છે.

   વર્તમાનકાલીન જૈનોનો કેટલોક વર્ગ જેમને પૂજી રહ્યો છે એવા ઘંટાકર્ણવીર, નાકોડા ભૈરવ જેવા દેવો પણ શંકર-વિષ્ણુ જેવા જ લક્ષણો ધરાવતાં હોવાથી લૌકિક દેવો છે.

   આવા લૌકિક દેવોનું કીર્તન, પૂજન તેમજ માનતા કરવાથી લૌકિક દેવગત મિથ્યાત્વનો દોષ લાગે છે.

   દેવબુદ્ધિથી ગાયની પૂજા કરો તો પણ લૌકિક દેવગત મિથ્યાત્વનો દોષ લાગે.

૨. તાપસો, સંન્યાસીઓ, બ્રાહ્મણો, પુરોહિતો, યાજ્ઞિકો, ફકીરો, ગોરજીઓ વિગેરે મિથ્યામતનું સંન્યસ્ત સ્વીકારનારાંઓને નમન કરવાથી, તેમને ગાય, જમીન, ધનનું દાન કરવાથી લૌકિક ગુરુગત મિથ્યાત્વનો દોષ લાગે.

૩. વીતરાગ અરિહંત પરમાત્મા સમક્ષ સંસારના સુખની માંગણી કરવાથી અથવા તો અર્થ, કામ મેળવવાની ઇચ્છાથી અરિહંતની ભક્તિ કરવાથી લોકોત્તર દેવગત મિથ્યાત્વનો દોષ લાગે.

૪. ઉત્સૂત્રભાષી અને સપરિગ્રહી જૈન સાધુને વંદન વિગેરે કરવાથી લોકોત્તર ગુરુગત મિથ્યાત્વનો દોષ લાગે.

સમ્યક્ત્વપ્રકરણ નામના ગ્રંથની પ્રાચીન ટીકામાં ટીકાકાર પૂર્વાચાર્ય શ્રી તિલકસૂરીશ્વરજી મહારાજે ફરમાવ્યું છે કે—

"लोका जिनमतबहिर्वर्तिनो जनास्तेषु भवं लौकिकम्मिथ्यात्वं द्विविधम्, देवगतं गुरुगतञ्च । देवाः सुगतादयस्तेषु देवबुद्ध्या पूजादि । गुरवः शाक्यादयस्तेषु गुरुबुद्ध्या

**प्रणामादि। XX लोकोत्तरन्तदपि द्विविधम्, तत्र देवगतं यद् वीतरागेऽप्युपयाचितादिना रागाद्यारोपणम्, गुरुगतं यत्पार्श्वस्थादिषु गुरुबुद्ध्या वन्दनादि ॥२४३॥**

સારાર્થ : જિનશાસનથી બહિર્ભૂત લોકો દ્વારા જે મિથ્યાત્વ ઉત્પન્ન થાય તેને લૌકિક મિથ્યાત્વ કહેવાય અને જિનશાસનના તત્ત્વોના અનુચિત આચરણથી જે મિથ્યાત્વ ઉત્પન્ન થાય તેને લોકોત્તર મિથ્યાત્વ કહેવાય. બંનેના બબ્બે ભેદ પડે. દેવગત અને ગુરુગત.

૧. બુદ્ધ-શંકર વિગેરે લૌકિક દેવોને દેવબુદ્ધિથી માનવા તે લૌકિક દેવગત મિથ્યાત્વ.

૨. શાક્ય વિગેરે સંન્યાસીઓને ગુરુબુદ્ધિથી માનવા તે લૌકિક ગુરુગત મિથ્યાત્વ.

૩. અરિહંત પાસે સંસારના સુખની પ્રાર્થના કરવી તે લોકોત્તર દેવગત મિથ્યાત્વ.

૪. પાસત્થા-યથાચ્છંદ સાધુઓને ગુરુબુદ્ધિથી માનવા તે લોકોત્તર ગુરુગત મિથ્યાત્વ.

✦ **મિથ્યાત્વના પાંચ પ્રકાર :**

મિથ્યાત્વના પાંચ પ્રકારોને પૂર્વાચાર્યોએ આ રીતે વર્ણવ્યાં છે :

૧. આભિગ્રહિક મિથ્યાત્વ.

૨. અનાભિગ્રહિક મિથ્યાત્વ.

૩. આભિનિવેશિક મિથ્યાત્વ.

૪. સાંશયિક મિથ્યાત્વ.

૫. અનાભોગ મિથ્યાત્વ.

૧. કુમતનો, મિથ્યામતનો, કુળની પરંપરાથી પ્રાપ્ત થયેલાં સાચા અથવા મિથ્યાધર્મનો માત્ર કુળપરંપરાને કારણે જેમને પક્ષપાત છે એવા આત્માઓમાં આભિગ્રહિક મિથ્યાત્વ રહેલું છે.

આભિગ્રહિક મિથ્યાદૃષ્ટિઓના બે પેટા પ્રકારો છે. મિથ્યામત જ સાચો લાગે છે તેવા આભિગ્રહિક મિથ્યાત્વીઓ અને જિનમત સાચો લાગે છે પરંતુ સાચો છે માટે નહીં પણ કુળપરંપરાથી મળ્યો છે માટે, આવું માનનારા આભિગ્રહિક મિથ્યાત્વીઓ.

૨. તત્ત્વ અને અતત્ત્વનો વિવેક જ્યાં નથી, સાચું શું અને ખોટું શું? એની ચિંતા જ્યાં નથી, તત્ત્વને માનવામાં પણ હરકત નથી અને અતત્ત્વને માનવામાં પણ હરકત નથી, સર્વધર્મસમાનતાની ભાવનાઓ જેમનામાં રમે છે તેવા જીવોમાં અનાભિગ્રહિક મિથ્યાત્વ રહેલું છે.

૩. સમ્યગ્દર્શન પામેલાં હતાં પરંતુ હવે તેનાથી પતન પામ્યાં છે કેમકે સ્વચ્છંદતા ગમે છે, ઉત્સૂત્રભાષણ કર્યું છે અને સ્વમતનો, ઉત્સૂત્રનો આગ્રહ પેદા થયો છે. આવા પ્રકારના જીવોને આભિનિવેશિક મિથ્યાદૃષ્ટિ કહેવાય.

૪. જિનેશ્વર ભાષિત તત્ત્વમાં ઊંડી શંકા કરનારમાં સાંશયિક મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે.

૫. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સમ્મૂર્ચ્છિમ, શૂન્યમનસ્ક, પ્રબળ અજ્ઞાની અને મૂઢ બુદ્ધિવાળા જીવોમાં રહેલાં મિથ્યાત્વને અનાભોગ મિથ્યાત્વ કહેવાય.

પૂ. પૂર્વાચાર્યશ્રી દેવગુપ્તસૂરિ મહારાજે નવપદપ્રકરણ માં ઉચ્ચાર્યું છે કે–

**आभिग्गहियमणाभिग्गहियं तह अभिनिवेसियं चेव ।**

**संसइयमणाभोगं, मिच्छत्तं पंचहा होइ ॥४॥**

**✦ છ પ્રકારે મિથ્યાત્વ :**

પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે મિથ્યાત્વના છ પ્રકારોનો નિર્દેશ આપ્યો છે - (૧) લૌકિક દેવગત મિથ્યાત્વ, (૨) લૌકિક ગુરુગત મિથ્યાત્વ, (૩) લૌકિક પર્વગત મિથ્યાત્વ, (૪) લોકોત્તર દેવગત મિથ્યાત્વ, (૫) લોકોત્તર ગુરુગત મિથ્યાત્વ, (૬) લોકોત્તર પર્વગત મિથ્યાત્વ.

આ છ પૈકી પહેલાં, બીજાં, ચોથા અને પાંચમા મિથ્યાત્વનું વર્ણન મિથ્યાત્વના ચાર પ્રકારોમાં થઇ ચૂક્યું છે તેથી તેની પુનરાવૃત્તિ કરતાં નથી. ત્રીજાં અને છઠ્ઠા પ્રકારનું વર્ણન પ્રસ્તુત છે...

- ✧ જન્માષ્ટમી, હોળી, નવરાત્રિ, રક્ષાબંધન, સંક્રાન્તિઓ, ક્રિસમસ વિગેરે લૌકિક પર્વોનો મહોત્સવ મનાવવો અથવા તેમના તેવા પ્રકારના ઉત્સવની અનુમોદના કરવી એ લૌકિક પર્વગત મિથ્યાત્વ છે.
- ✧ ભૌતિક હેતુથી શ્રી શત્રુંજય વિગેરે તીર્થની યાત્રા કરવી, ભૌતિક એષણાથી જિનશાસનના તપ વિગેરે અનુષ્ઠાનો કરવા એ લોકોત્તર પર્વગત મિથ્યાત્વ છે.

**✦ મિથ્યાત્વના આઠ પ્રકારો :**

મિથ્યાત્વના આઠ પ્રકારો પણ થઇ શકે. જે નીચે મુજબ છે - (૧) ઐકાન્તિક મિથ્યાત્વ, (૨) સાંશયિક મિથ્યાત્વ, (૩) વૈનયિક મિથ્યાત્વ, (૪) પૂર્વવ્યુદ્ગ્રહ મિથ્યાત્વ, (૫) વિપરીતરુચિ મિથ્યાત્વ, (૬) નૈસર્ગિક મિથ્યાત્વ, (૭) સાંમોહિક મિથ્યાત્વ, (૮) દૃષ્ટિયુક્ત મિથ્યાત્વ.

सम्बोधप्रकरण માં પૂ. પૂર્વાચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજે ફરમાવ્યું છે કે–

**एगंतिय - संसइयं, वेणइयं पुव्ववुग्गहं चेव ।**

**विवरीयरुइ - निसग्गं, सम्मोहं मूढदिट्ठिभवं ॥१४३०॥**

૧. વિવિધ પ્રકારના નયોમાંથી એકાદ નયને અને ક્યારેક તેના પણ અંશને અન્ય નયોના ઇન્કારપૂર્વક પકડી લેવો તે ઐકાન્તિક મિથ્યાત્વ છે.

૨. જિનેશ્વરની વાણી સાચી હશે કે કાલ્પનિક ? એવી શંકા કરવી તે સાંશયિક મિથ્યાત્વ.

૩. સુદેવ અને મિથ્યાદેવને એકસરખી શ્રદ્ધાથી જોવા, માનવા તે વૈનયિક મિથ્યાત્વ. સાચા-ખોટાં તત્ત્વને સમાન આદરથી સ્વીકારનારને પણ વૈનયિક મિથ્યાત્વ ઉત્પન્ન થઇ શકે.

૪. વિતંડાવાદનો અને કુતર્કનો રાગ ધારણ કરનાર દૃષ્ટિરાગી જીવોમાં પૂર્વવ્યુદ્‌ગ્રહ મિથ્યાત્વ સંભવે.

૫. મિથ્યાધર્મની, અતત્ત્વમાર્ગની અને તેમના સિદ્ધાંતોની વાંછના કરવી તે વિપરીતરૂચિ મિથ્યાત્વ છે.

૬. જન્માંધ વ્યક્તિને દિવસ-રાતનું અંતર સમજાતું નથી છતાં તેવી વ્યક્તિનું જીવન સતત અંધાપાને જ આધીન બનેલું રહે છે. તેમ તત્ત્વ-અતત્ત્વનું જેમને જ્ઞાન નથી છતાં અતત્ત્વનો અંધકાર જેમનાં મનમાં છવાયેલો છે એવા જીવોમાં નૈસર્ગિક મિથ્યાત્વ રહેલું છે.

૭. મિથ્યાધર્મને જ મોક્ષદાતા માનીને તેનું શરણ કરનારમાં સાંમોહિક મિથ્યાત્વ રહેલું છે.

૮. છેલ્લું દૃષ્ટિયુક્ત નામનું મિથ્યાત્વ સમ્યક્ત્વની નજીકની અવસ્થામાં, ચરમાવર્તમાં પ્રવેશી ગયેલાં અને વેદ્યસંવેદ્ય પદ સુધી પહોંચેલા જીવોમાં ઘટે છે.

આ આઠમાં મિથ્યાત્વ માટે सम्बोधप्रकरण માં લખાયું છે કે—

**अह अट्ठम मिच्छत्तं, दिट्ठिजुयं नामओ विणिद्दिट्ठं ।**

**तं पुण चरमावत्तंमि, हविज्ज मग्गाणुपरिवत्ती ।।१४४।।**

સારાર્થ : આઠમા મિથ્યાત્વનું નામ 'દૃષ્ટિયુક્ત' છે. આ મિથ્યાત્વ ચરમાવર્તમાં માર્ગાનુસારી ક્રિયા કરનારની પ્રવૃત્તિ સ્વરૂપ છે.

**✦ મિથ્યાત્વના દશ પ્રકાર :**

અપેક્ષા ભેદથી મિથ્યાત્વના દશ પ્રકારો પણ કહેવામાં આવ્યાં છે.

૧. અધર્મમાં ધર્મની બુદ્ધિ ધારણ કરવી તે પહેલું 'અધર્મમાં ધર્મસંજ્ઞા' નામનું મિથ્યાત્વ છે.

૨. ધર્મમાં અધર્મની બુદ્ધિ ધારણ કરવી તે બીજા નંબરનું 'ધર્મમાં અધર્મસંજ્ઞા' નામનું મિથ્યાત્વ છે.

૩. ઉન્માર્ગને માર્ગ તરીકે ઓળખવો તે ત્રીજા નંબરનું 'ઉન્માર્ગમાં માર્ગસંજ્ઞા' નામનું મિથ્યાત્વ છે.

૪. માર્ગને ઉન્માર્ગ તરીકે ઓળખવો તે ચોથા નંબરનું 'માર્ગમાં ઉન્માર્ગસંજ્ઞા' નામનું મિથ્યાત્વ છે.

૫. જડ પદાર્થોમાં જીવ તત્ત્વની ધારણા કરવી તે પાંચમા નંબરનું 'અજીવમાં જીવસંજ્ઞા' નામનું મિથ્યાત્વ છે.

૬. જીવ દ્રવ્યોને અજીવની શ્રદ્ધાથી સ્વીકારવા તે છઠ્ઠા નંબરનું 'જીવમાં અજીવસંજ્ઞા' નામનું મિથ્યાત્વ છે.

૭. જેઓમાં વાસ્તવિક સાધુતા નથી તેમને સાધુ તરીકે માનવા તે સાતમા નંબરનું 'અસાધુમાં સાધુસંજ્ઞા' નામનું મિથ્યાત્વ છે.

૮. જેઓમાં સાચી સાધુતા છે તેમને સાધુતા વિનાના માનવા તે આઠમા નંબરનું 'સાધુમાં અસાધુસંજ્ઞા' નામનું મિથ્યાત્વ છે.

૯. સંસારી આત્માઓને મુક્તાત્મા માનવા તે 'અમુક્તમાં મુક્તસંજ્ઞા' નામનું મિથ્યાત્વ. અહીં मुत्त શબ્દના બે અર્થ થાય છે. એક તો, मुत्त એટલે મુક્ત અને બે, मुत्त એટલે મૂર્ત. બંને અર્થ આગમાનુકૂળ છે. બીજો અર્થ સ્વીકારીએ તો નવમો પ્રકાર આ રીતે થાય : અમૂર્ત વસ્તુઓને મૂર્ત માનવી તે 'અમૂર્તમાં મૂર્તસંજ્ઞા' નામનું મિથ્યાત્વ છે.

૧૦. મુક્ત એટલે સિદ્ધ. સિદ્ધભગવંતોને સંસારી માનવા તે દશમું 'મુક્તમાં અમુક્તસંજ્ઞા' નામનું મિથ્યાત્વ અથવા મૂર્ત દ્રવ્યોને અમૂર્ત માનવા તે દશમું 'મૂર્તમાં અમૂર્તસંજ્ઞા' નામનું મિથ્યાત્વ.

શ્રી સ્થાનાંગસૂત્ર ના દશમા સ્થાનના સાતસોને ચોત્રીશમાં સૂત્રમાં દશ પ્રકારના મિથ્યાત્વનો ઉલ્લેખ મળે છે.

**"दसविधे मिच्छत्ते पन्नत्ता, तं जहा - अधम्मे धम्मसण्णा, धम्मे अधम्मसण्णा, उमग्गे मग्गसण्णा, मग्गे उमग्गसण्णा, अजीवेसु जीवसण्णा, जीवेसु अजीवसण्णा, असाहुसु साहुसण्णा, साहुसु असाहुसण्णा, अमुत्तेसु मुत्तसण्णा, मुत्तेसु अमुत्तसण्णा ।।७३४।।**

સારાર્થ : દશ પ્રકારનું મિથ્યાત્વ વીતરાગે કહ્યું છે. તે આ પ્રમાણે... (૧) અધર્મમાં ધર્મસંજ્ઞા, (૨) ધર્મમાં અધર્મસંજ્ઞા, (૩) ઉન્માર્ગમાં માર્ગસંજ્ઞા, (૪) માર્ગમાં ઉન્માર્ગસંજ્ઞા, (૫) અજીવમાં જીવસંજ્ઞા, (૬) જીવમાં અજીવસંજ્ઞા, (૭) અસાધુમાં સાધુસંજ્ઞા, (૮) સાધુમાં અસાધુસંજ્ઞા, (૯) અમુક્તમાં મુક્તસંજ્ઞા અને (૧૦) મુક્તમાં અમુક્તસંજ્ઞા.

### ✦ મિથ્યાત્વના એકવીશ પ્રકાર :

મિથ્યાત્વના એકવીશ પ્રકારો પણ પૂર્વાચાર્યોએ સંકલિત કર્યા છે. પૂ. મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે મિથ્યાત્વશલ્યની સજ્ઝાય બનાવી છે અને તેમાં ૨૧ પ્રકારના મિથ્યાત્વનું સંકલન નીચે મુજબ કર્યું છે.

જુઓ, સજ્ઝાયની ઉપયોગી ગાથાઓને...

**ધમ્મે અધમ્મ અધમ્મે ધમ્મહ, સન્ના મગ્ગ ઉમગ્ગાજી,**
**ઉન્માર્ગે મારગની સન્ના, સાધુ અસાધુ સંલગ્ગાજી;**
**અસાધુમાં સાધુની સન્ના, જીવ અજીવ જીવ વેદોજી,**
**મુત્તે અમુત્ત અમુત્તે મુત્તહ, સન્ના એ દશ ભેદોજી ॥૩॥**
**અભિગ્રહિક નિજ નિજ મત, અભિગ્રહ અનભિગ્રહિક સહુ સરિખાજી**
**અભિનિવેશી જાણતો કહે જૂઠું, કરે નહીં તત્ત્વ પરિખ્ખાજી;**

સંશય તે જિનવચનની શંકા, અવ્યક્તે અનાભોગાજી,
એહ પાંચ ભેદ છે વિશ્રુત, જાણે સમજુ લોગાજી ॥૪॥
લોક લોકોત્તર ભેદે ષડ્‌વિધ, દેવ ગુરુ વળી પર્વજી,
શક્તે તિહાં લૌકિક ત્રણ આદર, કરતાં પ્રથમ નિર્ગર્વજી;
લોકોત્તર દેવ માને નિયાણે, ગુરુ તે લક્ષણહીણાજી
પર્વનિષ્ઠ ઇહલોકને કાજે, માને ગુરુપદ લીનાજી ॥૫॥
એમ એકવીશ મિથ્યાત્વ તજે જે, ભજે ચરણ ગુરુ કેરાજી,
સજે ન પાપે રજે ન રાખે, મત્સર દ્રોહ અનેરાજી;
સમકિતધારી શ્રુત આચારી, તેહની જગ બલિહારીજી,
શાસન સમકિતને આધારે, તેહની કરો મનોહારીજી ॥૬॥

ગુજરાતી સજ્ઝાયના પદ્યો સ્પષ્ટ છે. તેથી અમે તેનું વધુ વિવરણ કરતાં નથી પરંતુ ટૂંકાણમાં એકવીશ પ્રકારની ગણતરી કરાવીને સંતોષ માનીએ છીએ.

ઠાણાંગ સૂત્રમાં વર્ણવેલાં દશ પ્રકારના મિથ્યાત્વને અહીં પહેલાંથી દશમા નંબર સુધીનું સ્થાન આપવામાં આવ્યું છે. એ પછી આ જ અગીયારમી ગાથાની ટીકાના વિવરણમાં પૂર્વે જે આભિગ્રહિક વિગેરે પાંચ પ્રકારો દર્શાવવામાં આવ્યાં છે તે પાંચ પ્રકારોને અગ્યારથી પંદરમાં નંબર સુધી ગોઠવવામાં આવ્યાં છે. અંતે, છ પ્રકારના મિથ્યાત્વમાં લૌકિક અને લોકોત્તરના જે છ ભેદ કરવામાં આવ્યાં છે તે છ ભેદને, સોળમાં નંબરથી એકવીશમાં નંબર સુધીનું સ્થાન અપાયું છે. આમ, મિથ્યાત્વના એકવીશ ભેદો થાય છે.

✡ ✦ ✡

* **विषयनिर्देशिका :**

भावाऽपायत्वेन मिथ्यात्वस्य सर्वद्रव्याऽपायतोऽधिकतरं विनाशकरत्वमित्युपदिशन्नाह—

* **ભાવાર્થ :**

મિથ્યાત્વ એ ભાવ અપાય છે અને એથી જ તે સકળ દ્રવ્ય અપાયો કરતાં વધુ વિનાશકારી છે એવો ઉપદેશ આપતાં કહે છે કે—

* **मूलम् :**

**न वि तं करेई अग्गी नेव विसं नेव किन्हसप्पो वा ।**
**जं कुणइ महादोसं तिव्वं जीवस्स मिच्छत्तं ॥१२॥**

* **छाया :**

नाऽपि तं करोत्यग्निर्नैव विषं नैव कृष्णसर्पो वा ।
यत् करोति महादोषं तीव्रं जीवस्य मिथ्यात्वम् ।।१२।।

* **ગાથાર્થ :**

અગ્નિ, ઝેર કે કાળો નાગ જે અપાય નથી કરી શકતાં એવો મહાન અપાય આત્માનો તીવ્ર બનેલો મિથ્યાત્વ નામનો દોષ કરે છે. ।।૧૨।।

* **'बोधिपताका' वृत्तिः :**

नवीति । 'जीवस्स' आत्मनः । 'तिव्वं मिच्छत्तं' निबिडतमं तत्त्वद्वेषाऽऽत्मकम्मिथ्यात्वशल्यम् । 'जं महादोषं कुणइ' आत्मस्वास्थ्यहानिरपायः, परमहानिर्महापायः एवम्विधम्महापायमेतद् यथा विदधाति । 'नवि अग्गी तं करेइ' जाज्वल्यमानोऽप्यग्निस्तमपायन्न हि करोति स्वस्य भावानपायत्वाद् भावाऽपायसमक्षं द्रव्यापायस्याऽनन्तगुणन्यूनसामर्थ्यत्वाद् । 'नेव विसं' हलाहलमपि मिथ्यात्वोद्भवमपायन्नह्येव प्रदत्ते । 'नेव किन्हसप्पो वा' कृष्णभुजङ्गमोऽपि तमपाय न्नह्येव विश्राणयति । एते तु द्रव्यापायाः, मिथ्यात्वम्भावापायः ।

इदं तात्पर्यम् । हिताऽहित विवेकन्नहि पिदधाति वह्निर्विषम्वा भुजङ्गः, एतेऽधिकतोऽपि द्रव्यप्राणनाशं कुर्वन्ति, प्राणनाशादतिरिच्यते हिताऽहितपिहितन्तच्च मिथ्यात्वन्नियमेन विदधाति, तेन वशीकृता भवकोटीं भ्रमन्ति,

यदुक्तं पूर्वाचार्यैः प्रभाचन्द्रसूरिभि-र्हितोपदेशमालायाम्,

**मिच्छत्तपडलसंछन्न दंसणावत्थुतत्तमनियंता ।**
**अमुणंता हियमहियं निवडंति भवावडे जीवा ।।१०।।**
**ता मिच्छ पडिच्छंदं हच्छं उच्छिंदिऊण मिच्छत्तं ।**
**पयडिय जिणुत्ततत्तं, भो भव्वा ! भयह सम्मत्तं ।।११।। इति ।।१२।।**

* **ટીકાનો ભાવાર્થ :**

૧. જાજ્વલ્યમાન અગ્નિ, હળાહળ ઝેર અને કાળો નાગ જેવો ભયંકર અપાય કરી શકતાં નથી એવો અત્યંત વિનાશક અપાય આત્માનો ગાઢ બની ચૂકેલો મિથ્યાત્વ નામનો દોષ કરે

છે કેમ કે અગ્નિ, વિષ અને કૃષ્ણ સર્પ જેવા વિનાશક તત્ત્વો દ્રવ્ય અપાય છે જ્યારે મિથ્યાત્વ એ ભાવ અપાય છે.

ભાવ અપાયની તુલનામાં દ્રવ્ય અપાયની શક્તિ અનંતગુણ ન્યૂન છે. હજ્જારો દ્રવ્ય-અપાયો ભેગા થઇ જાય તો પણ એક બળવાન ભાવ અપાયની સામે તે બધાં જ વામણા પૂરવાર થાય છે.

૨. તત્ત્વનો દ્વેષ એટલે મિથ્યાત્વ. આત્મિક ગુણોનો નાશ થાય તેને અપાય થયો કહેવાય અને આત્મિક ગુણોનો વ્યાપક પણે નાશ થાય તેને મહાપાય કહેવાય. મિથ્યાત્વશલ્ય એ મહાપાય છે. આત્માના સ્વાસ્થ્યની તે વ્યાપક હાનિ કરે છે.

૩. હવે તાત્પર્ય સુધી પહોંચીએ. અગ્નિ, વિષ કે કૃષ્ણ સર્પ વધુમાં વધુ દ્રવ્ય પ્રાણોનો નાશ કરી શકવાની શક્તિ ધરાવે છે પરંતુ હિત-અહિતનો વિવેક રોકી દેવાની શક્તિ તેમનામાં નથી.

પ્રાણનાશ કરતાં અધિક નુકશાનકર્તા છે, વિવેકનો નાશ. મિથ્યાત્વ નામનો દોષ વિવેકનો નાશ કરે છે. એ જ્યારે બળવાન અવસ્થામાં રહેલો હોય છે ત્યારે હિત અને અહિતનો વિવેક કરવાની આત્માની શક્તિને તે અવશ્ય ઢાંકી દે છે. મિથ્યાત્વને પરાધીન થયેલાં આત્માઓ વિવેકનો નાશ થઇ જવાના કારણે જ કરોડો ભવ સુધી સંસારભ્રમણ કરે છે.

પૂ. પૂર્વાચાર્ય શ્રી પ્રભાચન્દ્રસૂરિ મહારાજે हितोपदेशमाला માં ફરમાવ્યું છે કે–

**मिच्छत्तपडलसंछन्न दंसणावत्थुतत्तमनियंता ।**

**अमुणंता हियमहियं निवडंति भवावडे जीवा ॥१०॥**

**ता मिच्छ पडिच्छंदं हच्छं उच्छिंदिऊण मिच्छत्तं ।**

**पयडिय जिणुत्ततत्तं, भो भव्वा ? भयह सम्मत्तं ॥११॥**

સારાર્થ : મિથ્યાત્વના પટલથી જેમના લોચન ઢંકાયેલાં છે તેઓ વસ્તુતત્ત્વને જાણતાં નથી. હિત-અહિતને જાણતાં નથી. સંસારની ખાઇમાં ઊંડે સુધી ડૂબી મરે છે.

હે ભવ્યો ! મિથ્યામતના દુરાગ્રહ સ્વરૂપ મિથ્યાત્વને છેદી દઇને જિનેશ્વરે પ્રગટ કરેલાં તત્ત્વની અનુભૂતિ જેમાં સમાયેલી છે એવાં સમ્યક્ત્વને ધારણ કરો.

✡ ✦ ✡

*** विषयनिर्देशिका :**

मिथ्यामतिपरिचयोव्यभिचारोपम इत्यनुशासयन्नाह–

*** ભાવાર્થ :**

મિથ્યામતિનો પરિચય તો વ્યભિચાર જેવો છે એવું કડક અનુશાસન આપતાં કહે છે કે–

* मूलम् :

**वेसाघरेसु गमणं जहा विरुद्धं हवइ कुलवहूणं ।**

**जाणाहि तहा सावय-सुसावयाणं कुतित्थेसु ॥१३॥**

* छाया :

वेश्यागृहेषु गमनं यथा विरुद्धं भवति कुलवधूनाम् ।

जानीहि तथा श्रावक-सुश्रावकयोः कुतीर्थेषु ॥१३॥

* **ગાથાર્થ :**

ખાનદાન વહુઓ માટે વેશ્યાના ઘરે જવું જેમ શિષ્ટલોક વિરુદ્ધ કાર્ય છે તેમ સમ્યગ્દષ્ટિ શ્રાવકો માટે કુતીર્થિકો પાસે જવું પણ એટલું જ અયોગ્ય છે. ॥૧૩॥

* **'बोधिपताका' वृत्तिः :**

वेसाघरेस्विति । 'कुलवहूणं' सुशीलवतीनां कुलस्त्रियाम् । 'वेसाधरेषु गमणं' आस्तां व्यभिचारस्तत्पथोपमः पणाङ्गनावसतिपरिचयोऽपि । 'जहा विरुद्धं' शिष्टैर्निरपवादत्वेन निषिद्धः । 'तहा' उक्तदृष्टान्तपरिपाट्या । 'कुतित्थेसु' गमनमिति पूर्वतोऽत्राऽभिगृह्यते, आस्ताम्मिथ्यात्वाचरणम्मिथ्यात्वाऽवाप्तिसाधनम्मिथ्यात्ववताम्परिचयोऽपि तम् । 'सावय-सुसावयाणं' अविरतदर्शनः श्रावकः, देशतो विरतः सुश्रावकस्तदुभयोः । 'जाणाहि' शास्त्रनिषिद्धञ्जानीयाः ॥१३॥

* **ટીકાનો ભાવાર્થ :**

૧. વેશ્યાના ઘરનો પરિચય કરવો તે વ્યભિચારનો માર્ગ છે. વ્યભિચાર તો દૂર રહો, તેના સોપાન જેવો વેશ્યાપરિચય પણ અમાન્ય છે. શિષ્ટ પુરુષો કુળવાન સ્ત્રીઓ માટે વેશ્યાના પરિચયનો પણ સંપૂર્ણતયા નિષેધ કરે છે. એમાં ક્યાંય છૂટ હોતી નથી.

૨. મિથ્યામતિનો પરિચય એ મિથ્યાત્વના આચરણના માર્ગે વળવાનું સાધન છે. શાસ્ત્રમાં મિથ્યાત્વના આચરણનો જેમ નિષેધ કરાયો છે તેમ તેના સાધન સમાન મિથ્યામતિના પરિચયનો પણ નિષેધ કરવામાં આવ્યો છે. કોના માટે ? શ્રાવક માટે અને સુશ્રાવક માટે.

૩. પ્રસ્તુત ટીકામાં શ્રાવક અને સુશ્રાવકની વ્યાખ્યા આ રીતે કરવામાં આવી છે કે દેશવિરતિ નહીં સ્વીકારનારાં પરંતુ સમ્યગ્દર્શનને ધારણ કરનારાં આત્માને શ્રાવક કહેવાય અને સમ્યગ્દર્શન સ્વીકાર્યાં પછી દેશવિરતિને પણ અંગીકાર કરનારને સુશ્રાવક કહેવાય.

૪. સમ્યગ્દષ્ટિ અને દેશવિરતિધરો કુલવધૂના સ્થાને છે. મિથ્યાત્વ એ વ્યભિચારના સ્થાને છે. મિથ્યામતિનો પરિચય એ વ્યભિચાર સેવનારી વેશ્યાના સંપર્ક જેવો છે.

✡ ✦ ✡

* विषयनिर्देशिका ।

मिथ्यामतिपरिचये को विरोधस्तत् स्पष्टयन्नाह–

* ભાવાર્થ :

મિથ્યામતિનો પરિચય કરવામાં આવે એમાં શો વિરોધ છે ? તે સ્પષ્ટ કરે છે–

* मूलम् :

**भणइ जणो नारीणं सइत्तणं कत्थ वेसगिहगमणे ।**
**एवं कुतित्थ गमण[णे] सम्मत्तं सावगस्स कहिं ॥१४॥**

* छाया :

भणति जनोनारीणां सतीत्वं कथं वेश्यागृहगमने ।
एवं कुतीर्थगमने सम्यक्त्वं श्रावकस्य कथम् ॥१४॥

* ગાથાર્થ :

વેશ્યાના ઘરે જવામાં નારીનું સતીત્વ શી રીતે ટકે ? મિથ્યામતિ પાસે જવામાં શ્રાવકનું સમ્યક્ત્વ શી રીતે ટકે ? એમ લોકો કહે છે. ॥૧૪॥

* 'बोधिपताका' वृत्तिः :

भणईति । कुलस्त्रीनिदर्शनमत्राऽप्यनुवर्तते, दृष्टान्तं कुलस्त्रीः, तस्या वेश्यागृहगमने यथा शिष्टलोक विरोधस्तथा श्रावकाणाम्मिथ्यामतिपरिचय आप्ताऽऽज्ञाविरोधः । 'वेसगिहगमणे' वेश्यागृहासङ्गतौ सत्याम् । 'नारीणं' कुलस्त्रियाम् । 'कत्थ सइत्तणं' सतीत्वं शीलानुकूलाऽऽचरणम्, एतस्य सतीत्वे सहकारित्वात् कारणे कार्योपचारत्वेनैतदेव सतीत्वमिति विवक्षितम्, इदङ्कथं सम्भवति ? 'कुतित्थगमणे' मिथ्यामतिसङ्गत्यां सत्याम् । 'सावयस्स' सम्यग्दृष्टेर्देशविरतस्य च । 'सम्मत्तं कहिं' निर्मलदर्शनाचरण-

न्निश्चयदर्शनबीजं तदत्र परिगृह्यते, निश्चयदर्शनस्य मिथ्यामतसङ्गत्यामपि क्वचिद-खण्डितत्वात्, तथाविधपरिणामखण्डनेन निश्चयदर्शनस्य खण्डनम्, आचारखण्डनेन नैकान्तिकन्निश्चयखण्डनम्परमाचाराऽनुकूलाऽऽशयखण्डनेनैकान्तिकन्निश्चयखण्डनम्, क्वचिदाचारोपस्थितावपि तत्सम्भवि, अनुपस्थितावपि तदसम्भवि, निश्चयाऽवाप्ति-बीजत्वेनऽऽचारः परममाहात्म्यशाली, क्रियानयदृष्ट्या निर्मलदर्शनाचरणमेव सम्यक्त्वम्, सापेक्षतया मान्यमिदम्, एतत् सम्यक्त्वङ्कथं सम्भवि ? । 'एव जणो भणइ' उपर्युक्तं शिष्टलोकः शास्त्रविधिविद् वदति ॥१४॥

*** ટીકાનો ભાવાર્થ :**

૧. મિથ્યામતિનો પરિચય કરવો તે શ્રાવક માટે વિરુદ્ધ આચરણા છે એવું પૂર્વેની તેરમી ગાથામાં કહ્યું છે. હવે, ચૌદમી ગાથામાં મિથ્યામતિનો પરિચય કરવામાં કયો વિરોધ ઉપસ્થિત થાય છે તે સ્પષ્ટ કરી રહ્યાં છે.

પૂર્વની ગાથામાં અપાયેલું દૃષ્ટાંત આ ગાથામાં પણ આવૃત્તિ પામે છે...

વિરોધ : કુળવાન સ્ત્રી વેશ્યાની સંગતિ કરે તેમાં શિષ્ટ પ્રજાનો વિરોધ ઉપસ્થિત થાય છે અને તેથી તે અકાર્ય ત્યાજ્ય બને છે તેમ સમ્યગ્દૃષ્ટિ આત્માઓ મિથ્યામતિનો પરિચય રાખે તેમાં આપ્ત = અરિહંતની આજ્ઞાનો વિરોધ ઉપસ્થિત થાય છે અને તેથી આ અકાર્ય છોડી દેવું જોઈએ તે નક્કી થાય છે.

પ્રસ્તુત ટીકામાં આ જ મુદ્દાનું વિશેષ સ્પષ્ટીકરણ થયું છે. જે નિમ્નોક્ત છે.

૨. શિષ્ટો કહે છે કે– વેશ્યાનો આસંગ રાખનારી નારીમાં સતીત્વ શી રીતે ટકે ? અહીં પ્રશ્ન થાય છે કે શું વેશ્યાસંગ રાખનારી નારીમાં સતીત્વનો લોપ થયેલો જ હોય એવો નિયમ છે ?

સમાધાન : અહીં સતીત્વની વ્યાખ્યા શી થઈ છે તે પહેલાં જુઓ. सतीत्वं शीलानुकूला-चरणम् શીયળને અનુકૂળ આચરણ કરવું તે સતીત્વ છે. જો કે શીયળની મર્યાદાનું પાલન સતીત્વમાં કારણરૂપ બને છે, સ્વયં સતીત્વ બનતું નથી; તેમ છતાં કારણમાં કાર્યનો ઉપચાર કરીને તેને જ સતીત્વ તરીકે પણ સ્વીકારી લેવામાં બાધ નથી.

આ દૃષ્ટિથી વિચારતાં વેશ્યાની સંગતિ રાખવી તે શીયળને અનુકૂળ આચરણા નથી તેથી તેમ કરનારી નારીએ સતીત્વનો અતિક્રમ કર્યો તેમ કહી શકાય.

૩. જિનશાસનમાં શાસ્ત્રનું તાત્પર્ય જાણનારાઓ શિષ્ટ તરીકે ઓળખાય છે. આવા લોકોત્તર કક્ષાના શિષ્ટો કહે છે : મિથ્યામતિનો આસંગ રાખનારાં સમ્યગ્દૃષ્ટિ આત્મામાં સમ્યક્ત્વ શી રીતે ટકે ? તે અવશ્ય ખંડન પામે છે.

અહીં સમ્યક્ત્વ તરીકે દર્શનાચારને ગ્રહણ કરવામાં આવ્યો છે. મિથ્યાત્વીનો પરિચય રાખનારાનો દર્શનાચાર અવશ્ય ખંડિત થાય છે. હા, નિશ્ચયથી સમ્યક્ત્વનું ખંડન ત્યારે થાય પણ ખરું અને ન પણ થાય.

મિથ્યામતિનો પરિચય રાખનારાં આત્મામાં ક્રિયાનું માલિન્ય થયું છે. ક્રિયાના માલિન્યથી પરિણામોનું માલિન્ય થાય જ એવો એકાંત નથી. ક્રિયાનું માલિન્ય પરિણામોના માલિન્યનું કારણ છે તેમ કહી શકાય. પરિણામોના માલિન્યથી બચવું છે તેમણે ક્રિયાના માલિન્યથી બચવું જોઇએ. પરિણામોની રક્ષા કરવી છે તેમણે ક્રિયાની રક્ષા કરવી જોઇએ. ક્રિયા પરિણામમાં કારણભૂત છે. આમ છતાં એવો એકાંત નથી કે ક્રિયાનું ખંડન થાય એટલે પરિણામનું ખંડન થાય જ.

૪. **ક્રિયા નયની દૃષ્ટિમાં નિર્મળ કક્ષાનો દર્શનાચાર એ સમ્યક્ત્વ છે અને નિશ્ચયનયની દૃષ્ટિમાં સમ્યક્ત્વને અનુકૂળ પરિણામો એ સમ્યક્ત્વ છે. જ્યારે દર્શનાચારનું ખંડન થાય છે ત્યારે ક્રિયાનય કહે છે કે સમ્યક્ત્વનું ખંડન થઇ રહ્યું છે. જ્યારે સમ્યક્ત્વના પરિણામોનું ખંડન થાય છે ત્યારે નિશ્ચયનય કહે છે કે સમ્યક્ત્વ ખંડિત થઇ રહ્યું છે.**

આચારના ખંડનથી નિશ્ચયનું ખંડન થાય જ એવો એકાંત નથી. આચારને અનુકૂળ આશયના ખંડનથી નિશ્ચયનું ખંડન થાય જ એવો એકાંત છે. ક્યારેક દર્શનાચારના અભાવમાં પણ નિશ્ચયનું સમ્યક્ત્વ હોય શકે. ક્યારેક દર્શનાચારના અભાવમાં નિશ્ચયના સમ્યક્ત્વનો અભાવ પણ થઇ જાય.

જો આમ જ છે તો ક્રિયાનયના સમ્યક્ત્વને શા માટે મહત્ત્વ આપવું જોઇએ ? ક્રિયાનયના સમ્યક્ત્વને મહત્વ આપવું જ જોઇએ અને તેનું કારણ એ છે કે તે નિશ્ચય સમ્યક્ત્વની પ્રાપ્તિનું બીજ છે.

निर्मलदर्शनाचरणन्निश्चयदर्शनबीजम् । જેને નિશ્ચય સમ્યક્ત્વનો ખપ છે તેમણે દર્શનાચારનો ખપ રાખવો જોઇએ.

આવું કહેનારાં કોઇ સામાન્ય કક્ષાના શિષ્ટ પુરુષો નથી પરંતુ શાસ્ત્રવિધિને જાણનારાં લોકોત્તર કક્ષાનાં શિષ્ટો છે માટે મિથ્યામતિની સંગત કરનાર શ્રાવકમાં સમ્યક્ત્વ શી રીતે ટકે ? આ આક્ષેપ સુસંગત છે.

✡ ◆ ✡

* विषयनिर्देशिका ।

उक्तो मिथ्यामतिसङ्गतित्यागोपदेश अथ मिथ्यात्विदेवतात्यागमुपदिशन्नाह—

* **ભાવાર્થ :**

પૂર્વે મિથ્યાત્વીના પરિચયનો ત્યાગ કરવાનો ઉપદેશ આપ્યો છે. હવે મિથ્યાત્વી દેવોના ત્યાગનો ઉપદેશ આપતાં કહે છે કે—

* मूलम् :

**तम्हा विरिंचि - हरीहर - कपिल - संखाइयाण देवाणं ।**
**भवणे गमणं वज्जे अह न विवज्जे [इमो] दोसो ॥१५॥**

* छाया :

तस्माद् विरिञ्चि - हरिहर - कपिल - साङ्ख्यादिकानां देवानाम् ।
भवने गमनं वर्जयेद् अथ न त्यजेदयं दोषः ॥१५॥

* **ગાથાર્થ :**

તેથી શંકર, વિષ્ણુ, બ્રહ્મા, કપિલ, સાંખ્ય વિગેરે દેવતાઓના મંદિરમાં ગમનાગમન ટાળવું જોઈએ. જો ન ટાળો તો દોષ છે. ॥૧૫॥

* **'बोधिपताका' वृत्तिः :**

तम्हेति । 'तम्हा' दर्शनाचारविध्वंसनभयात्, तस्य च क्रियानयसम्यक्त्वखण्डनाऽऽकारत्वाच्च निश्चयनयसम्यक्त्वपतननिमित्तत्वात् । 'विरिंचि - हरिहर - कपिल - संखाइआण देवाणं' अष्टादशदोषाऽवच्छिन्नोपादानत्वं देवाऽनर्हत्त्वम् तेन वासितानाम्मिथ्यात्विदेवानाम्, यथा - हरि - र्विष्णुः, हरः शम्भुः, विरिञ्ची ब्रह्मा, साङ्ख्य - कपिलादयः प्रतीता एव, अन्येऽपि तिरुपति - गणपति - सांइबाबा - वैष्णोदेवी - कालिकादि - देवतास्तेषाम् । 'भवणे' मन्दिर - मठाऽऽश्रमादौ । 'गमणं' दर्शनोपयाचितादिहेतुना कौतुकमात्रेण वा तत्र सम्पर्कः । 'वज्जे' त्यजेद् । 'अह न विवज्जे इमो दोसो' मिथ्यात्विदेवत्यागो न विदधीत चेत्तदा कथयिष्यमानो दोषसमुच्चयोद्‌भेदः सम्भवति ॥१५॥

* **ટીકાનો ભાવાર્થ :**

૧. જેમનું આત્મિક ઉપાદાન અઢાર દોષોથી વાસિત છે તેવા દેવો દેવતત્ત્વમાં સ્થાન પામવા માટે અયોગ્ય છે. શંકર, કૃષ્ણ, બ્રહ્મા, કપિલ, સાંખ્ય તિરૂપતિ, ગણપતિ, સાંઈબાબા, વૈષ્ણોદેવી, પાવાગઢના કાલિકાદેવી વિગેરે દેવતાઓનું આત્મિક ઉપાદાન અઢાર પ્રકારના દોષથી વાસિત છે. તેઓ મિથ્યાત્વી છે તેથી દેવતત્ત્વમાં તેઓનું સ્થાન સ્વીકારી શકાય તેમ નથી.

૨. આવા મિથ્યાત્વી દેવ-દેવીઓના મંદિર, મઠ, આશ્રમ વિગેરેમાં તેમના દર્શન કરવા માટે જવું જોઈએ નહીં. મિથ્યાત્વી દેવી-દેવતાઓની માનતા કરવી જોઈએ નહીં. અરે, માત્ર કૌતુકથી પણ તેમના મંદિરોમાં જવાનો નિષેધ કરવામાં આવ્યો છે.

૩. જો ઉપરોક્ત મિથ્યાત્વી દેવી-દેવતાનો ત્યાગ ન કરવામાં આવે તો શ્રાવકના દર્શનાચારનો ધ્વંસ થાય છે. દર્શનાચારનો ધ્વંસ થાય છે ત્યાં ક્રિયાનયની દૃષ્ટિથી સમ્યક્ત્વનો પણ ધ્વંસ થાય છે. ક્રિયાનયનાં સમ્યક્ત્વનો ધ્વંસ નિશ્ચય સમ્યક્ત્વના ધ્વંસનું નિમિત્ત બને છે. આમ, મિથ્યાત્વી દેવોનો ત્યાગ નહીં કરવાથી દોષોની દૃઢ શૃંખલા ઉપસ્થિત થઇ જાય છે.

૪. ઉપરોક્ત દોષો કરતાં પણ વધુ મહાન દોષ અહીં ઊભો થઇ જાય છે. જેનું વર્ણન આગળની ગાથામાં પ્રસ્તુત છે.

✡ ✦ ✡

* **विषयनिर्देशिका :**

मिथ्यात्विदेवताद्यत्यागे कुमार्गस्य मार्गत्वेन मण्डनम्मिथ्यात्ववृद्धिश्च बोधिबीजहत्या भवन्तीति संवदन्नाह–

* **ભાવાર્થ :**

મિથ્યાત્વી દેવો અને તેમના સ્થાન વિગેરેનો ત્યાગ ન કરો તો (૧) ઉન્માર્ગની માર્ગ તરીકે સ્થાપના થાય. (૨) મિથ્યાત્વની વૃદ્ધિ થાય અને (૩) બોધિબીજનો નાશ થાય એમ સમજાવતાં કહે છે કે–

* **मूलम् :**

**जिणधम्मंमि अ कुशलो सुसावओ सो वि आगओ इत्थ ।**
**तम्हा एस पहाणो सिवाय धम्मो जओ भणिओ ॥१६॥**

**कुलिंगितब्भत्ताणं थिरत्तणं कुणइ तत्थ वच्चंतो ।**
**वड्ढेइय मिच्छत्तं स बोहिबीयं हणइ तेसिं ॥१७॥**

* **छाया :**

जिनधर्मे च कुशलः सुश्रावकः सोऽप्यागतोऽत्र ।
तस्मादेष प्रधानः शिवाय धर्मो यथा भणितः ॥१६॥

कुलिङ्गि - तद्भक्तानां स्थिरत्वं करोति तत्र व्रजन् ।
वर्धयति मिथ्यात्वं स बोधिबीजं घातयति तेषाम् ॥१७॥

* **ગાથાર્થ :**

જિનધર્મમાં જે કુશળ છે એવો સુશ્રાવક પણ અહીં આવ્યો એથી ચોક્કસ આ (મિથ્યા) ધર્મ પણ મોક્ષનો ઉપાય છે. (એવું સામાન્ય પ્રજા વિચારે છે અને એથી) મિથ્યામતિના મંદિર-મઠમાં જનારો શ્રાવક કુલિંગીઓ અને તેમના અનુયાયીઓનું મિથ્યાત્વ વધારી દે છે. તેમના બોધિબીજની હત્યા કરે છે. ॥૧૬-૧૭॥

* **'बोधिपताका' वृत्तिः :**

जिणधम्ममीति । 'अ' चेति पूर्वगाथानुसन्धानदर्शकपदम्, मिथ्यात्विदेवस्थानं त्याज्यमित्युपदिष्टन्तदाद्यत्यागे मिथ्यामतस्य मार्गत्वेन स्थापना भवति, अयम्प्रथमो दोषस्तदेवम् । 'जिणधम्मम्मि कुसलो सुसावओ' अर्हत्प्रणीतधर्म एव मोक्षोपाय इत्यखण्डश्रद्धावानपि श्रावकोऽयम्, धर्मकुशलत्वमखण्डश्रद्धावत्त्वेन भवति । 'सो वि इत्थ आगओ' मिथ्यात्विदेवस्थानेषु पूर्वत्यक्तमपि सम्पर्कम्पुन आरभते । 'तम्हा' तदानीम्मुग्धबुद्धयो भावयन्ति, 'महाजनो येन गतः सः पन्थाः' इत्युक्तिरेव न्याय्या, साराऽसारविवेचनाऽसमर्थाः वयम्बुद्धिमन्तमादृणुमोऽतोऽथ मन्यामहे । 'एस धम्मो' हरिहरादिदेवनिश्रितो वैदान्तिकोऽयम्मार्गः सौगत - साङ्ख्यादिदिष्टः धर्मो वा । 'पहाणो' सर्वेषु अन्यतमः । 'सिवाय भणिओ' मोक्षप्रदानायाऽलम्, न चेत्तं त्यक्तवान् पुनरादरं कथं विदधीत ? एवं कुमार्गस्य मार्गत्वेन स्थापना ।

द्वयोमिथ्यात्ववृद्धिनामा दोषस्तदेवम् । 'तत्थ वच्चंतो' अवगततदगमनशास्त्रानुशासनोऽपि मिथ्यात्विदेवस्थानादिषु सङ्गच्छन् । 'कुलिंगि तब्भत्ताणं तत्थ थिरत्तणं कुणइ' कुलिङ्गिनाम्मिथ्याधर्मशास्त्रस्य देष्टॄणां तापसादीनान्तदनुयायिनाञ्च 'थिरत्तणं' मिथ्यादेवश्रद्धायाम्मिथ्याशास्त्रश्रद्धायाम्बद्धाऽऽग्रहमुत्पादयति । 'तेसिंमिच्छत्तं स वड्ढेइ' कुलिङ्गिनान्तद्भक्तानाञ्च मिथ्याभिनिवेशवृद्ध्या द्रव्य-भावमिथ्यात्वं वर्धयति ।

तृतीयो बोधिबीजहत्यादोषस्तदेवम् । ननूक्ता मिथ्यात्ववृद्धिस्तदनन्तरं बोधिहत्या कथने पुनरावृत्तिरेव स्याद्, नह्येवैवम् बीजशब्देनाऽऽयतिग्रहणात् । मिथ्यात्ववृद्धिस्तद्भव सापेक्षतयोक्ता, बोधिहत्या तु तदनुबन्धाऽपेक्षत्वेनादिष्टा । 'तेसिं बोहिबीयं हणइ' बोधिबीजं सर्वभावप्राणसमुच्चयमयं सम्यक्त्वमेव, भावमिथ्यात्ववृद्ध्या तदनुबन्ध

बलादेतस्य सानुबन्धो विघातः, यावन्भावमिथ्यात्यन्तावन्भावप्राणहिंसनमनन्तजन्मतोऽपि कवचिदनिवृत्तैत्परम्परा, तच्च दापयत्येतेषाम्मिथ्याऽभिनिवेशवर्धनकारी ।।१६-१७।।

*** ટીકાનો ભાવાર્થ :**

મિથ્યાત્વી દેવો પાસે ગમન કરો તેમાં તેમજ મિથ્યાત્વીના મઠ - મંદિર - આશ્રમ વિગેરેમાં ગમનાગમન ચાલું રાખો તેથી ત્રણ મહાન દોષો ઉત્પન્ન થવાનો સંભવ છે.

૧. ઉન્માર્ગની માર્ગ તરીકે સ્થાપના થઇ જાય.

૨. મિથ્યામાર્ગે રહેલાં જીવોના મિથ્યાત્વની વૃદ્ધિ - પુષ્ટિ થાય.

૩. તેમના બોધિબીજની ભવોભવ માટે હત્યા થઇ જાય.

આ ત્રણેય મહાન દોષો છે અને તેનો ભાગીદાર તે બને છે જે શ્રાવક અથવા સમ્યગ્દષ્ટિ શાસ્ત્રાજ્ઞાને અવગણીને મિથ્યામતિના સ્થાનનો પરિચય કરે છે.

**✦ ૧લો દોષ :**

પૂર્વની ગાથામાં મિથ્યાત્વી દેવોનું સ્થાન ત્યજવું જોઇએ એવો ઉપદેશ આપ્યો. વધુમાં ઉમેરવામાં આવ્યું કે મિથ્યાત્વી દેવો પાસે જનારને ભયાવહ દોષો પણ લાગે છે. હવે, ત્યાં જવાથી કયો દોષ લાગી શકે ? એવો પ્રશ્ન જો ઉપસ્થિત થતો હોય તો તેનું વિગતવાર સમાધાન પ્રસ્તુત સોળમી અને સત્તરમી ગાથામાં આપવામાં આવે છે. અહીં ત્રણ દોષોનો ભય દર્શાવવામાં આવ્યો છે.

પહેલો દોષ છે, મિથ્યામાર્ગની માર્ગ તરીકે સ્થાપના.

મિથ્યાત્વનો ત્યાગ કરીને જિનમતને સ્વીકારનારો શ્રાવક પણ જો ફરી મિથ્યાત્વીનાં મંદિર - મઠ વિગેરેમાં આવાગમન શરૂ કરે તો પ્રથમથી જ મિથ્યાત્વીના સ્થાનમાં આવનારાઓ તેમજ એ સિવાયની પણ મુગ્ધબુદ્ધિ ધરાવનારી જૈન અથવા જૈનેતર પ્રજા એમ વિચારે કે આ શ્રાવક તો જૈનમતનો ઉપાસક છે, જૈન ધર્મ જ મોક્ષપ્રાપ્તિનો ઉપાય છે એવી અખંડ શ્રદ્ધા ધરનારો છે. આ પ્રકારની શ્રદ્ધા થવાથી તેણે મિથ્યાત્વી દેવોના મંદિર - આશ્રમ વિગેરેનો સંપર્ક છોડી દીધો હતો. મિથ્યાત્વીના સંપર્કને પણ મિથ્યાત્વ માનતો હતો. હવે, તે અહીં ફરીથી સંપર્ક શરૂ કરે છે તો નક્કી તેને જૈનમત કરતાં પણ ઇતરમત વધુ સારો લાગ્યો હશે. તો જ તે છોડી દીધેલાં મિથ્યાધર્મનો ફરી આદર કરે ને ? જો આમ જ છે તો આપણે તો સાચું-ખોટું નક્કી કરી શકીએ તેટલી બુદ્ધિ જ નથી ધરાવતાં. महाजनो येन गतः स पन्थाः । આપણા માટે તો આમના જેવા બુદ્ધિશાળીઓનો વિચાર જ આદરણીય કહેવાય માટે આપણે માનવું જોઇએ કે શંકર - વિષ્ણુ વિગેરે દેવોને માનનારો વેદાંત ધર્મ કે પછી એ જ પ્રકારનો બૌદ્ધ ધર્મ અન્ય ધર્મો કરતાં શ્રેષ્ઠ છે અને મોક્ષનો ઉપાય છે...

આમ, પોતાના મિથ્યામતિ સાથેના સંપર્કથી અન્ય જીવોએ મિથ્યાધર્મને સાચો ધર્મ માન્યો, ઉન્માર્ગને સન્માર્ગ માન્યો એટલે ઉન્માર્ગની માર્ગ તરીકે સ્થાપના થઇ કહેવાય. આમાં શ્રાવકની કુપ્રવૃત્તિ કારણભૂત બની એટલે ઉન્માર્ગની માર્ગ તરીકે સ્થાપના કરવાનો દોષ પણ શ્રાવકને લાગ્યો.

✦ બીજો દોષ :

શ્રાવક જાણે છે કે જિનેશ્વરના શાસનમાં ધર્મશાસ્ત્રોનું વિશિષ્ટ મહત્ત્વ છે અને શાસ્ત્રોની આજ્ઞા છે કે મિથ્યાત્વી દેવોના મંદિર વિગેરેમાં જવું જોઇએ નહિ. આમ છતાં શાસ્ત્રજ્ઞાની અવગણના કરીને જે શ્રાવક મિથ્યામતિના સ્થાનોમાં ગમન કરે છે તે મિથ્યાત્વી તાપસો, કુલિંગીઓ, કથાકારો અને તેમના અનુયાયી સમાન ભક્ત ગૃહસ્થોના મિથ્યાત્વની વૃદ્ધિ કરે છે.

શ્રાવક ત્યાં જતો થાય એટલે મિથ્યાત્વ પ્રવર્તાવનારાં તાપસો - સંન્યાસીઓ વિગેરેમાં બદ્ધાગ્રહ પેદા થાય કે અમારાં મતનું જુઓ કેવું સન્માન છે ? મિથ્યાત્વને અનુસરનારાં તેમનાં ભક્તોમાં પણ એવો આગ્રહ ઉત્પન્ન થાય કે આપણો મત સાચો જ છે. આ આગ્રહ જ મિથ્યાભિનિવેશ બની જતાં તેમનામાં રહેલાં મિથ્યાત્વદોષની પણ ખૂબ પુષ્ટિ - વૃદ્ધિ થાય. આમ, મિથ્યાત્વીના સ્થાનમાં ગમન કરનાર શ્રાવકને બીજો મિથ્યાત્વવૃદ્ધિ નામનો દોષ લાગે.

✦ ત્રીજો દોષ :

શ્રાવકને ત્રીજો દોષ મિથ્યાત્વીના બોધિબીજની હત્યા કરવાનો લાગે છે. અહીં પ્રશ્ન ઉદ્ભવે છે કે બીજા નંબરના દોષ તરીકે મિથ્યાત્વવૃદ્ધિનું વર્ણન કરેલું જ છે ત્યારે ફરી વાર બોધિબીજની હત્યાને દોષ તરીકે ઉપસ્થિત કરવાથી પુનરાવૃત્તિ દોષ નથી ઉભો થતો ? ના, પુનરાવૃત્તિ દોષને અહીં પ્રવેશ મળતો નથી કેમકે મિથ્યાત્વવૃદ્ધિ નામનો દોષ વર્તમાન જન્મની અપેક્ષાએ વર્ણવવામાં આવ્યો હતો અને બોધિબીજ હત્યા નામનો દોષ ભવિષ્યકાળના જન્મોની અપેક્ષાએ વર્ણવવામાં આવે છે. અનુબંધની અપેક્ષાથી આ ત્રીજા દોષને વર્ણવવામાં આવે છે.

બોધિબીજ એટલે શું ?

**બોધિબીજ એટલે સમ્યગ્દર્શન નામનો ગુણ. સમ્યગ્દર્શન ગુણ સામાન્ય કક્ષાનો નથી પરંતુ તેમાં તો સકળ ભાવ પ્રાણોનું સામૂહિક કરણ થયેલું છે.**

बोधिबीजं सर्वभावप्राणसमुच्चयमयं सम्यक्त्वमेव ।

જ્યારે આત્મામાં ભાવમિથ્યાત્વની વૃદ્ધિ થાય છે ત્યારે નિયમા ભાવ પ્રાણોની હિંસા થઇ જાય છે. જ્યાં સુધી ભાવમિથ્યાત્વની વૃદ્ધિ થતી રહે ત્યાં સુધી ભાવપ્રાણોની હિંસા ચાલુ રહે. ભાવમિથ્યાત્વનું અસ્તિત્વ જ્યાં સુધી ટકેલું રહે ત્યાં સુધી ભાવપ્રાણોની હિંસાની પરંપરા અસ્તિત્વમાં રહે. આ વિષચક્ર ક્યારેક અનંતા જન્મો સુધી લંબાતું જાય છતાં તેનો અંત આવે નહિ.

ભાવમિથ્યાત્વની વૃદ્ધિ થવાનું કારણ આત્મામાં મિથ્યાભિનિવેશની વૃદ્ધિ થાય છે તે છે. જેનામાં મિથ્યાભિનિવેશ વધે તેનામાં ભાવમિથ્યાત્વની વૃદ્ધિ થાય અને જેનામાં ભાવમિથ્યાત્વની વૃદ્ધિ થાય તેના ભાવ પ્રાણોની હિંસા અવિરતપણે ચાલતી રહે. આમ, સમગ્ર દુષ્પરંપરાનું બીજ મિથ્યાભિનિવેશની વૃદ્ધિમાં વવાયેલું છે તે નક્કી થાય છે.

જે શ્રાવકે મિથ્યામતિના મંદિર વિગેરેમાં ગમનાગમન કરીને મિથ્યાત્વી જીવોમાં મિથ્યાભિનિવેશ પેદા કરાવ્યો છે તે મિથ્યાભિનિવેશથી તે જીવોના ભાવમિથ્યાત્વની વૃદ્ધિ થશે અને તેથી તેમના ભાવપ્રાણોની હિંસાનું ચક્ર ચાલી પડશે.

**સમ્યક્ત્વ ભાવપ્રાણોના સામૂહિક કરણ સમાન છે અને મિથ્યાત્વ ભાવપ્રાણોની સામૂહિક હિંસા સમાન છે.** ભાવપ્રાણોની હિંસા જ્યારે જન્માંતરો સુધી ચાલતી રહે ત્યારે તે સમયમાં સમ્યક્ત્વની ઉત્પત્તિના દ્વાર પણ બંધ જ રહે. આમ થવાથી તે સમયમાં તેમના બોધિબીજની પણ હત્યા થયેલી કહેવાય. ભાવપ્રાણોની હત્યા અને બોધિબીજની હત્યા અપેક્ષાએ એક છે, જુદાં નથી.

શ્રાવકે મિથ્યાત્વીના સ્થાનમાં ગમનાગમન શરૂ કર્યું એથી મિથ્યાત્વીઓનો મિથ્યાભિનિવેશ વધ્યો, એ વધ્યો એટલે ભાવ મિથ્યાત્વ વધ્યું. ભાવ મિથ્યાત્વ વધ્યું એટલે ભાવપ્રાણોની હિંસાની પરંપરા શરૂ થઈ ગઈ. ભાવપ્રાણોની હિંસાની પરંપરા પ્રવર્તી એટલે બોધિબીજની હત્યાની પરંપરા પ્રવર્તી. આ રીતે શ્રાવકને બોધિબીજની હત્યાનો દોષ લાગ્યો. **જેઓ અન્યોનો મિથ્યાભિનિવેશ વધારે છે તેઓ તેમના બોધિબીજની હિંસા પ્રવર્તાવે છે...**

✡ ✦ ✡

*** विषयनिर्देशिका :**

उक्ताः परोद्भेदकाः दोषाः स्वोद्भेदकं दोषं संवदन्नाह–

*** ભાવાર્થ :**

મિથ્યાત્વી દેવોના મંદિરાદિ સ્થાનમાં ગમન કરવાથી અન્યોમાં કેવા દોષો ઉત્પન્ન થાય છે તે જણાવ્યું. હવે સ્વયંને કેવા અપાયનો લાભ થાય છે તે જણાવતાં કહે છે કે–

*** मूलम् :**

**अन्नेसिं सत्ताणं मिच्छत्तं यो जणेइ मूढप्पा ।**

**सो तेण निमित्तेणं न लहइ बोहिं जिणाभिहिअं ।।१८।।**

*** छाया :**

अन्येषां सत्त्वानां मिथ्यात्त्वं यो जनयति मूढाऽऽत्मा ।

स तेन निमित्तेन न लभते बोधिं जिनाऽभिहिताम् ।।१८।।

*** ગાથાર્થ :**

જે મૂઢ પુરુષ અન્ય પ્રાણીઓમાં મિથ્યાત્વની ઉત્પત્તિ - વૃદ્ધિ કરાવે છે તે આ અકાર્ય દ્વારા પોતાના સમ્યગ્દર્શનને દુર્લભ બનાવે છે. ।।૧૮।।

* 'बोधिपताका' वृत्तिः :

अन्नेसिमिति । 'जो मूढप्पा' हारितपुण्यप्राग्भारो विजृम्भितपापोदयो योऽल्पमतिः । 'अन्नेसिं सत्ताणं' इतरेषां भव्यानाम्, सत्त्वशब्देनाऽत्र भव्यानाम्परिग्रहोऽभव्येषु मिथ्यात्वस्य ध्रौव्यत्वात्, भव्येषु सम्यग्दृशाम्मिथ्यादृशाञ्चोभयेषां सङ्ग्रहः । 'मिच्छत्तं जणेइ' सम्यग्दृशां शङ्का - काङ्क्षादिदोषोत्पत्त्या मिथ्यादृशां मिथ्याभिनिवेशवृद्ध्या मिथ्यात्वं जनयति । 'सो' एवमपकृत्यकारी । 'तेणं निमित्तेणं' परेषु महादोषोपपादने स्वस्य हेतुत्वेन । 'जिणाभिहिअं बोहिं न लहइ' बोधिः सम्यग्दर्शनन्तदपि वीतरागप्ररूपितन्न हि मनुस्मृत्याद्युक्तम्, भवान्तरेषु पुनः पुनरवाप्तुन्नालं यदुतैतेन मिथ्यात्वप्रचारक्रियया शासनमालिन्यं विहितन्तेनेहलोकेऽप्यगतबोधिः प्रायश्चित्तविधिना पापादनिवृत्तो स्वोद्भेदकस्य मिथ्यात्वस्य गाढानुबन्धं रचयति, एषोऽनुबन्धो यावदनन्तजन्म बोधिमन्तरयति,

यदभिहितं हरिभद्राऽऽचार्यैरष्टकप्रकरणे,

**यस्तु शासनमालिन्येऽनाभोगेनाऽपि वर्तते ।**
**बध्नाति स तु मिथ्यात्वं जन्माऽनन्तानुबन्धिकम् ॥ इति ॥१८॥**

* **ટીકાનો ભાવાર્થ :**

૧. જે શ્રાવકે મિથ્યામતિના સ્થાનોમાં ગમન શરુ કર્યું તેણે અન્ય જીવોમાં કેવા ભયાનક ત્રણ દોષોની ઉત્પત્તિ કરાવી તેનું વર્ણન પૂર્વેની ગાથામાં કર્યું છે. આ ગાથામાં આવો શ્રાવક સ્વયંના આત્માને કેવા અપાયમાં ડૂબાડી દે છે તે વર્ણવાઇ રહ્યું છે.

૨. 'जो मूढप्पा' મિથ્યાત્વીના સ્થાનમાં ફરી સંપર્ક ઉભો કરનારા શ્રાવકને અહીં મૂઢબુદ્ધિ કહેવામાં આવ્યો છે કેમકે તેના પુણ્યનો સંચય નાશને ઓવારે છે અને પાપનો ઉદય પ્રગટ થઇ રહ્યો છે. એથી જ તેને આવી કુપ્રવૃત્તિ સ્ફુરી છે.

૩. 'अन्नेसिं सत्ताणं' અહીં સત્ત્વ શબ્દનો અર્થ માત્ર ભવ્ય જીવો કરવામાં આવ્યો છે કેમકે અભવ્ય જીવોનું મિથ્યાત્વ શાશ્વતકાલીન છે તેથી તેમની ચર્ચાનો વિશેષ અર્થ નથી. હા, ભવ્ય જીવો સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ એમ બે પ્રકારના હોઇ શકે. તે બંનેનો અહીં સ્વીકાર કરવાનો છે.

૪. આવા ભવ્ય જીવોમાં મિથ્યાત્વ જન્મે શી રીતે ? मिच्छत्तं जणेइ । આ રીતે, શ્રાવકની ઉક્ત કુપ્રવૃત્તિ દ્વારા જે ભવ્યો સમ્યગ્દૃષ્ટિ છે તેમનામાં શંકા-કાંક્ષા વિગેરે દોષો પેદા થાય અને અંતે તે મિથ્યાત્વ પામે. જે ભવ્યો મિથ્યાદૃષ્ટિ છે તેમના મિથ્યાભિનિવેશની વૃદ્ધિ થાય અને એથી તેમના મિથ્યાત્વની ખૂબ વૃદ્ધિ થાય.

૫. तेण निमित्तेणं । અન્યોના મિથ્યાત્વની ઉત્પત્તિમાં પ્રસ્તુત શ્રાવકની કુપ્રવૃત્તિ હેતુરૂપ બની છે તેથી.

૬. सो बोहिं न लहेइ । આ રીતે મિથ્યાત્વનો પ્રચાર કરીને તે શ્રાવકે શાસનનું માલિન્ય કર્યું. શાસન માલિન્યના પાપથી તેનું વર્તમાનકાલીન સમ્યક્ત્વ ચાલ્યું જશે. એ પછી પણ પ્રાયશ્ચિત્ત દ્વારા પાપની નિવૃત્તિ નહીં થાય તો તેનો આત્મા મિથ્યાત્વના ગાઢ અનુબંધથી વાસિત બની જશે. મિથ્યાત્વનો આ અનુબંધ ક્યારેક અનંત જન્મો સુધી તેના આત્મામાં સમ્યક્ત્વની ઉત્પત્તિને રોકી દેશે.

પૂ. પૂર્વાચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજે 'અષ્ટક પ્રકરણ' માં ફરમાવ્યું છે કે–

**यस्तु शासनमालिन्येऽनाभोगेनाऽपि वर्तते ।**

**बध्नाति स तु मिथ्यात्वं जन्माऽनन्तानुबन्धिकम् ॥**

સારાર્થ : જે અજાણતાં પણ શાસનની અપભ્રાજના ફેલાવે છે તે અનંત જન્મો સુધી પ્રવર્તનારું મિથ્યાત્વ ઉપાર્જિત કરે છે.

✡ ✦ ✡

*** विषयनिर्देशिका :**

अनन्तजन्मबोधिवैकल्यकारणमेतस्याऽनन्तकुपरम्परासु निमित्तत्वमिति स्पष्टयन्नाह–

*** ભાવાર્થ :**

આ પ્રકારના શ્રાવકને અનંત જન્મો સુધી બોધિનો વિરહ થવાનું કારણ મિથ્યાત્વની અનંત પરંપરામાં તે પોતે નિમિત્તરૂપ બન્યો તે છે એવું સ્પષ્ટીકરણ આપતાં કહે છે કે–

*** मूलम् :**

**इक्को कुतित्थियाणं पासे गमणं करेइ मूढप्पा ।**
**तप्पच्चयाउ अन्ने इय[इ]वुड्ढि तेण तं नीयं [णेयं] ॥१९॥**

*** छाया :**

एकः कुतीर्थिकानाम्पार्श्वे गमनं करोति मूढात्मा ।
तत्प्रत्ययाच्चान्ये इति वृद्धिस्तेन तद् ज्ञेयम् ॥१९॥

* **ગાથાર્થ :**

એક મૂઢ પુરુષ કુતીર્થિકો પાસે ગમન કરે છે તેની ઉપર વિશ્વાસ કરીને અન્ય ગમન કરશે. આ રીતે (મિથ્યાત્વની) વૃદ્ધિ થશે તેથી તેને (મિથ્યાત્વી પાસે ગમન કરવામાં કહેલાં સ્વોદ્ભેદક દોષને) સમજવો જોઇએ. ॥૧૯॥

* **'बोधिपताका' वृत्तिः :**

इक्कोत्ति । यद्यप्येकादिषु मिथ्याभिनिवेशवृद्धिनिमित्ततत्वमेतस्य तथाप्यनेकेषु मिथ्यात्व-दातृत्वमप्येतस्यैव, तदेवम् । 'इक्को मूढप्पा' पूर्वोक्तं श्रावकगमनमनुसन्ध्यैको जडः पिहितसाराऽसारविवेकः । 'कुतित्थियाणं पासे' एकान्तवादिनामिहलौकिक-पारलौकिको-पदेशिनां वा समक्षम् । 'गमणं करेइ' सम्पर्कः पूजा च विदधाति, एवमेकस्मिन् मिथ्यात्ववृद्धिनिमित्तत्वम् । 'तप्पच्चायाउ अन्ने' प्रथमजडस्य विश्वासादन्योऽनुकुर्वीत तस्य प्रत्ययादपरेऽप्येवमनन्तकुपरम्परासम्भवः, अत्र निमित्ताऽऽदिमत्त्वेन श्रावकस्य समग्र-कुपरम्परायामनुमतिर्भवति । 'इइ वुड्ढी' एवमसङ्ख्येयजनमिथ्यात्ववृद्धावनुमतित्वेनैतस्य श्रावकस्याऽसङ्ख्यभवाऽवधिरबोधिवृद्धिः । 'तेण तं णेयं' मिथ्यात्वपरम्पराऽनुमतित्वेना-ऽनुमन्तुः सानुबन्धं जिनाऽभिहितबोधिवैकल्यम्भावनीयम् ॥१९॥

* **ટીકાનો ભાવાર્થ :**

૧. મિથ્યાત્વીના મઠ-મંદિરમાં જનારાં શ્રાવકને અનંત જન્મો સુધી સમ્યક્ત્વનો વિરહ શા માટે થઇ શકે ? તેનું કારણ સ્પષ્ટ કરવામાં આવે છે.

૨. ઉપલક દૃષ્ટિથી જોઇએ તો જે શ્રાવકે મિથ્યામતિના સ્થાનોમાં ગમન કર્યું તે એકાદ કે થોડાંક માણસોમાં મિથ્યાભિનિવેશની વૃદ્ધિમાં નિમિત્ત બન્યો છે તો પછી તેટલી સીમિત વ્યક્તિઓને મિથ્યાત્વપ્રદાનનો દોષ તેને લાગવો જોઇએ ને ? ના, તેમ બનતું નથી. વાસ્તવિકતા તો એ છે કે અગણિત વ્યક્તિને મિથ્યાત્વ પ્રદાન કર્યાનો દોષ આવા શ્રાંવકને લાગે છે. તે આ રીતે–

૩. શ્રાવકની આ પ્રકારની કુચેષ્ટા ઉપર વિશ્વાસ કરીને કોક એકાદ અવિવેકી વ્યક્તિ મિથ્યાત્વના સેવનની શરુઆત કરે છે. એ પછી પહેલી વ્યક્તિ પ્રત્યેના વિશ્વાસથી બીજી વ્યક્તિ મિથ્યાત્વીનો સંપર્ક અને સત્કાર કરે છે. આમ, મિથ્યાત્વ સેવનની અનંત કુપરંપરા પ્રવર્તી જાય તેવો ભય અહીં રહેલો છે. આ રીતે મિથ્યાત્વની જે અનંત પરંપરા પ્રવર્તે તેમાં સામેલ થનારી અગણિત વ્યક્તિઓને આ જ શ્રાવકે મિથ્યાત્વનું પ્રદાન કર્યું કહેવાય કેમકે પહેલી વ્યક્તિના મિથ્યાત્વસેવનમા શ્રાવક નિમિત્તરૂપ બન્યો અને એથી જ એ પછી મિથ્યાત્વની અનંત પરંપરા પ્રવર્તી ગઇ. વિચારો, કેટલું ખોફનાક પાપ છે ?...

આમ, મિથ્યાત્વની અનંત પરંપરામાં અનુમતિનું પાપ ઉભું થઇ જતાં તે પાપ સેવનાર શ્રાવકને પણ અનંત જન્મ સુધી સમ્યક્ત્વનો વિરહ થઇ શકે છે.

તાત્પર્ય એ છે કે, મિથ્યાત્વની અનંત પરંપરામાં અનુમતિ આપી દેનાર પોતાના મિથ્યાત્વની અનંત પરંપરા તૈયાર કરી દે છે.

✡ ✦ ✡

* **विषयनिर्देशिका :**

पूर्वोक्तविपाकस्य दृष्टान्तं दर्शयन्नाह—

* **ભાવાર્થ :**

મિથ્યામતિ પાસે ગમન કરવાથી અનંત જન્મ-મરણની પરંપરા મળે છે એવું પૂર્વે જે કહ્યું તેનું દૃષ્ટાંત આપતાં કહે છે કે—

* **मूलम् :**

**जह पुव्विं पिंडाई काऊणं कोणिओ भवसमुद्दे ।**
**बुड्डो मिच्छत्तेणं तह अन्ने अज्ज वि पडंति ।।२०।।**

* **छाया :**

यथा पूर्वस्मिन् पिण्डादीन्कृत्वा कोणिको भवसमुद्रे ।
निमग्नो मिथ्यात्वेन तथाऽन्येऽद्यापि पतन्ति ।।२०।।

* **ગાથાર્થ :**

જેમ પુરાતન કાળમાં પિંડદાન વિગેરે મિથ્યાત્વને સેવીને કોણિક સંસાર સાગરમાં ડૂબ્યો તેમ આજે પણ ઘણાં ડૂબે છે. ।।૨૦।।

* **'बोधिपताका' वृत्तिः :**

जहेति । 'पुव्विं जह कोणिओ' पुरातनकाले यथा कोणिकनामा श्रावकः प्राप्तदर्शनोऽपि मिथ्यात्विदेवस्थानादिगमनदोषाद् । 'पिंडाई काऊणं' वेदान्तिशिक्षामङ्गीकृत्य पिण्डदानादिकं बहुलमिथ्यात्वाचरणमादृत्य, आदिशब्दादत्र श्राद्ध-सङ्क्रान्त्यादिपरिग्रहः । 'भवसमुद्दे बुड्डो' अनन्तकालीनं संसारभ्रमणमासादितवान् । 'तह अज्जवि मिच्छत्तेणं अन्ने

पडंति' निदर्शनाऽनुवृत्त्या केचित् प्राप्तजिनमता भागधेया अद्यापीहलौकिकादितुच्छैषणाधीनत्त्वेन मिथ्यात्विदेवादिसेवनं विदधते, मिथ्यात्वभारेणाऽऽत्मानं सीदयन्ति तत्परिपाकतश्च दुर्गतिपरम्परामुपार्जयन्ति ॥२०॥

*** टीકાનો ભાવાર્થ :**

કોણિક નામનો કોક શ્રાવક જૈનશાસન પામ્યો. સમ્યગ્દર્શનથી વાસિત થયો. કાળક્રમે તેણે મિથ્યાત્વી દેવોના મંદિરોમાં ફરી ગમનાગમન શરુ કર્યું તેથી તે વેદાંતી બ્રાહ્મણો - પુરોહિતોના પરિચયમાં આવ્યો. આ બધાએ કોણિકને પિંડદાન વિગેરે મિથ્યાત્વ ક્રિયાઓ કરવાનો ઉપદેશ આપ્યો. બુદ્ધિભ્રમ થવાથી કોણિકને તે સાચો લાગ્યો અને કોણિકે પિંડદાન વિગેરે મિથ્યાત્વનું સેવન કર્યું. આ પાપના પરિણામે તેણે અનંતકાળનું સંસારભ્રમણ વધારી દીધું.

જેવું કોણિકના દૃષ્ટાંતમાં બન્યું તેવું જ આજે પણ બને છે. કેટલાય ભાગ્યશાળી જીવોને જિનેશ્વરનું શાસન મળ્યું છે તેમ છતાં આલોકના તુચ્છ સુખો મેળવવાની એષણાથી પ્રેરાઈને તેઓ મિથ્યાત્વી દેવો પાસે જાય છે. તેમનું આસેવન કરે છે. આ રીતે આત્માને મિથ્યાત્વના ભારથી ભારિત કરી મૂકે છે અને પોતાની દુર્ગતિની પરંપરા વધારી દે છે.

આમ, મિથ્યામતિના સ્થાનમાં ગમન કરવાથી આત્માનું અકલ્પનીય પતન થઈ જાય છે.

✡ ✦ ✡

*** विषयनिर्देशिका :**

मिथ्यात्वाऽऽचरणमाचरतोर्मिथ्यात्वि-सम्यग्दशोर्नाऽन्तरमित्यभिप्रीणयन्नाह—

*** ભાવાર્થ :**

મિથ્યાત્વનું આચરણ કરનારાં મિથ્યાત્વી અને સમ્યગ્દષ્ટિમાં કોઈ ફરક રહેતો નથી એવો અભિપ્રાય આપતાં કહે છે કે—

*** मूलम् :**

**जइ किल इक्को अंधो कूवम्मि पडेइ तहा सचक्खू वि ।**
**अंधाण सचक्खूण य तो मन्ने अंतरं नत्थि ॥२१॥**

*** छाया :**

यदि किल एकोऽन्धः कूपे पतति तथा सचक्षुरपि ।
अन्धानां सचक्षुःषाञ्च ततो मन्येऽन्तरन्नास्ति ॥२१॥

* **ગાથાર્થ :**

એક અંધપુરુષ કૂવામાં પડે છે. તેને અનુસરીને જો ચક્ષુઓ ધરાવનારો પુરુષ પણ કૂવામાં પડે તો અંધ અને ચક્ષુષ્માન વચ્ચે અંતર રહેતું નથી. ।।૨૧।।

* **'बोधिपताका' वृत्तिः :**

जईत्ति । 'इक्को अंधो कूवंमि पडेइ' लोचनविकलः कश्चिद् दृष्ट्यभावतयाऽपायमजानननवधानो हि कूपे पतति । 'जइ तह सचक्खूवि' एतन्निरीक्ष्य स्पष्टदृष्टिः सावधानः पुरुषश्चेत्तमनुसरति गतानुगतिकत्वेन । 'अंधाण सचक्खूण य तो अंतरं नत्थि मन्ने' एवं सत्यन्धानां सचक्षुःषाञ्च मध्ये किञ्चिदपि पृथक्त्वन्नास्तीति मन्ये । इदं दृष्टान्तम्, दार्ष्टान्तिकमेवं विभाव्यम्, अन्धोऽत्र मिथ्यादृष्टिः, चक्षुष्मान् सम्यक्त्वशीलः, कूपः पुनर्मिथ्यात्वाऽऽचरणम्, सावधानत्वञ्च कार्याऽकार्यविवेकः, विवेकविरहितो मिथ्यादृष्टि-र्मिथ्यात्वाचारकूपपतनमाचरति तत्स्वाभाविकम्, अस्वाभाविकं सम्यग्दृशाम्मिथ्यात्वाचार-चरणन्तेषु भावचक्षुःसद्भावात्, चेन्मिथ्यात्वाचारमाचरति सम्यग्दृष्टिरपि मिथ्यात्ववान् भवति ।।२१।।

* **ટીકાનો ભાવાર્થ :**

કોઈ પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિ દૃષ્ટિઓનો અભાવ હોવાથી અપાયને જાણી શક્યો નહીં અને અનુપયોગને વશ કૂવામાં પડ્યો. આ દૃશ્ય કોક એવી વ્યક્તિએ જોયું જેની આંખોમાં સ્પષ્ટ દૃષ્ટિ છે. દૃષ્ટિ અને ઉપયોગ બંને હોવા છતાં માત્ર ગતાનુગતિકતાથી પ્રેરાઈને તે પણ જો કૂવામાં પડે તો એવું નક્કી થઈ જાય છે કે પહેલી અંધ વ્યક્તિ તેમજ બીજી દેખતી વ્યક્તિ વચ્ચે કોઈ જ અંતર નથી.

આ દૃષ્ટાંત છે જે મિથ્યાદૃષ્ટિ આત્મા અને મિથ્યાત્વના આચરણ તરફ પ્રેરાઈ રહેલાં સમ્યગ્દૃષ્ટિ આત્માની તુલના કરી રહ્યું છે. દૃષ્ટાંતનું દ્રાષ્ટાંતિક નીચે મુજબ છે.

મિથ્યાદૃષ્ટિ આત્મા અંધપુરુષ જેવો છે. સમ્યગ્દૃષ્ટિ આત્મા ચક્ષુષ્માન વ્યક્તિ જેવો છે. મિથ્યામતની આચરણાઓ કૂવાના સ્થાને છે. કાર્ય અને અકાર્યનો વિવેક એ સાવધાન ચિત્તસ્થિતિનું સ્થાન સંભાળી રહ્યો છે. જે મિથ્યાદૃષ્ટિ છે તે અંધ પુરુષની જેમ વિવેકદૃષ્ટિથી રહિત છે તેથી મિથ્યાત્વના આચરણના કૂવામાં ડૂબી મરે તે સ્વાભાવિક ઘટના છે પરંતુ સમ્યગ્દૃષ્ટિ આત્મા મિથ્યાત્વ ક્રિયાના કૂવામાં ઝંપાપાત કરે તે અસ્વાભાવિક ઘટના છે. સમ્યગ્દૃષ્ટિ પાસે તો વિવેક નામના ભાવચક્ષુઓની ઉપસ્થિતિ હોય છે. તેમ છતાં જો તે મિથ્યાત્વનું સેવન કરે છે તો તે મિથ્યાત્વીથી અલગ રહી શકતો નથી. તે પણ મિથ્યાત્વી બની જાય છે...

✡ ✦ ✡

* **विषयनिर्देशिका :**

मिथ्यात्वसेवनमनन्तं बोधिदौर्लभ्यं लाभयतीत्यावेदयन्नाह—

* **ભાવાર્થ :**

મિથ્યાત્વનું આસેવન અનંતકાળ માટે દુર્લભબોધિપણું આપી દે છે એવી પ્રરૂપણા કરતાં કહે છે કે—

* **मूलम् :**

**सो परमप्पाणं चिय पाडेइ दुरुत्तरंमि संसारे ।**
**मिच्छत्तकारणाइं जो न विवज्जेइ मूढप्पा ॥२२॥**

* **छाया :**

स परमात्मानञ्चैव पातयति दुरूत्तरे संसारे ।
मिथ्यात्वकारणानि यो न विवर्जयति मूढाऽऽत्मा ॥२२॥

* **ગાથાર્થ :**

જે મૂઢપુરુષ મિથ્યાત્વના નિમિત્તોનો ત્યાગ નથી કરતો તે અન્યને અને સ્વયંને દુસ્તર સંસારમાં પાડી દે છે. ॥૨૨॥

* **'बोधिपताका' वृत्तिः :**

सो इति । 'जो मूढप्पा' मिथ्यात्वक्रियायाः काङ्क्षैवमूढत्वन्तदाप्तवान् यः प्राप्तबोधिरपि मिथ्यात्वमभिगच्छन् । 'मिच्छत्तकारणाइं' दर्शनमोहोदयजन्यश्चित्तकालुष्यम्भावमिथ्यात्वन्तदुत्पत्तिहेतुत्वेन मिथ्यात्वाऽऽचरणमपि मिथ्यात्वमेव, एतच्च द्रव्यमिथ्यात्वतया परिचीयते । 'न विवज्जेइ' पूर्वोक्तं द्रव्यमिथ्यात्वन्न हि परिहरति । 'सो परमप्पाणं चिय' मिथ्यात्वम्भावमौढ्योपपत्तिमत्त्वाद् द्रव्यमौढ्यस्याऽपि तज्जन्यत्वाद् द्रव्य-भावमौढ्यपरिगतो मिथ्यात्वक्रियाकारी स्वात्मानमितरञ्च । 'दुरुत्तरंमि संसारे पाडेइ' यत्र बोधिदौर्लभ्यन्तादृशी भवस्थितिर्दुस्तरा, मिथ्यात्वसेवनं तादृशीषु सम्मूर्च्छनस्थितिष्वसंज्ञिस्थितिष्वेकेन्द्रियादिस्थितिषु च यावत् सूक्ष्मनिगोदेष्वात्मानन्निक्षिपति,

यदुद्गीर्णं रत्नसंचयप्रकरणे पूर्वाचार्य श्री हर्षसूरिभिः ।

**विस[1] - वेसानर[2] - विसहर[3] - हरि[4] - करि[5] - अरिणो[6] हणंति भवमेगं ।**

**मिच्छत्तं रताए हणइ अणंताउ भवकोडि ॥१७२॥**

अनन्तभवयापनमेकेन्द्रियेष्वेव शक्यते तत्र पातयति स्व-परौ सः ॥२२॥

*** ટીકાનો ભાવાર્થ :**

૧. મિથ્યાત્વક્રિયાની અભિલાષા કરવી તે જ મૂઢતા છે. જેમને સમ્યક્ત્વ મળ્યું છે છતાં પણ મિથ્યાત્વક્રિયાની આકાંક્ષા કરી રહ્યાં છે તેઓ આવી મૂઢતાથી વાસિત છે.

૨. દર્શનમોહનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલી ચિત્તની કલુષિત અવસ્થા એ ભાવ મિથ્યાત્વ છે અને ભાવ મિથ્યાત્વની ઉત્પત્તિમાં કારણભૂત બનનારી મિથ્યાત્વની પ્રવૃત્તિઓ એ દ્રવ્ય મિથ્યાત્વ છે. જેને મિથ્યાત્વ તરીકે અને મિથ્યાત્વના નિમિત્ત તરીકે પણ ઓળખી શકાય છે.

૩. જે સમ્યગ્દષ્ટિ આત્મા, આવી દ્રવ્ય મિથ્યાત્વ સ્વરૂપ મિથ્યાત્વ ક્રિયાઓને છોડતો નથી તે પ્રથમ ભાવમૂઢતાથી વાસિત બને છે અને કાળક્રમે દ્રવ્યમૂઢતાથી વાસિત બને છે.

**મિથ્યાત્વની આકાંક્ષા જ ભાવમૂઢતા છે. જેની ઉત્પત્તિ ઉપરોક્ત સમ્યગ્દષ્ટિમાં થઈ ચૂકી છે. ભાવમૂઢતા જ્યાં છે ત્યાં દ્રવ્યમૂઢતા અવશ્ય જન્મે છે કેમ કે દ્રવ્યમૂઢતાનો જન્મ ભાવમૂઢતાની યોનિ દ્વારા થાય છે.**

૪. દ્રવ્ય-ભાવમૂઢતાથી હણાયેલો આ આત્મા મિથ્યાત્વક્રિયાઓને નહીં ત્યજીને સ્વયંને અને અન્યને પણ દુસ્તર સંસારસાગરમાં ફેંકી દે છે. અહીં સંસાર માટે વપરાયેલો 'દુસ્તર શબ્દ સૂચક છે. જે યોનિઓમાં બોધિની પ્રાપ્તિ દુર્લભ છે તેવી યોનિઓને સાપેક્ષ એવો સંસાર દુસ્તર છે એવું પ્રસ્તુત ટીકાનું કથન છે.

સમ્મૂર્છિમની યોનિઓ, અસંજ્ઞી અવસ્થા, એકેન્દ્રિયની યોનિઓ અને સૂક્ષ્મ નિગોદની યોનિઓ એવી છે જ્યાં ફેંકાઈ ગયેલાં આત્માને અસંખ્ય કાળ સુધી સમ્યક્ત્વની પ્રાપ્તિ સુલભ બનતી નથી. ક્યારેક બોધિદુર્લભતાનું આ ચક્ર અનંતકાળ સુધી લંબાઈ જાય છે. ત્યાં સુધી આત્મા આ જ યોનિઓમાં અસંખ્યાતા કે અનંતા જન્મ-મરણ કરતો રહે છે.

મિથ્યાત્વનું સેવન આવી એકેન્દ્રિય વિગેરે દુસ્તર યોનિઓમાં આત્માને ફેંકી દે છે. પૂ. પૂર્વાચાર્યશ્રી હર્ષસૂરિ મહારાજે रत्नसंचयप्रकरण માં કહ્યું છે કે—

**विस[1] - वेसानर[2] - विसहर[3] - हरि[4] - करि[5] - अरिणो[6] हणंति भवमेगं ।**

**मिंच्छत्तं रताए हणइ अणंताउ भवकोडि ॥१७२॥**

સારાર્થ : વૈશ્વાનરનો અગ્નિ, વિષ, નાગ, સિંહ, હાથી કે શત્રુ વધી-વધીને આપણાં એક જન્મને હણી શકે છે. જ્યારે મિથ્યાત્વ તેનું સેવન કરનારાના કરોડો-અનંત ભવોને હણી નાંખે છે.

"અનંત જન્મનું યાપન એકેન્દ્રિયની યોનિઓમાં પહોંચ્યા વિના શક્ય નથી. મિથ્યાત્વ સેવનારો શ્રાવક સ્વ-પરને ત્યાં પહોંચાડી રહ્યો છે.

✡ ✦ ✡

*** विषयनिर्देशिका :**

मिथ्यात्वसेवनाऽत्यागेन संयम-तपसोरत्यन्ताऽभावभय इति प्रतिपादयन्नाह—

*** ભાવાર્થ :**

મિથ્યાસેવનનો ત્યાગ કરવામાં ન આવે તો સંયમ અને તપનો આત્યંતિક અભાવ ઉપસ્થિત થઈ જાય તેવો ભય છે એવું પ્રતિપાદન કરતાં કહે છે કે—

*** मूलम् :**

**इक्केण कयमकज्जं करेइ तप्पच्चया पुणो अन्नो ।**
**साया बहुल परंपर [या] वुच्छेओ संजमतवाणं ॥२३॥**

*** छाया :**

एकेन कृतमकार्यं करोति तत्प्रत्ययात्पुनश्चाऽन्यः ।
अतो बहुलपरम्परया व्युच्छेदः संयम-तपसोः ॥२३॥

*** ગાથાર્થ :**

એક વ્યક્તિએ અકાર્ય કર્યું. તેના વિશ્વાસથી બીજાએ પણ કર્યું. આવી લાંબી પરંપરાથી તો સંયમનો અને તપનો વિચ્છેદ થઈ જાય. ॥૨૩॥

*** 'बोधिपताका' वृत्तिः :**

इक्केणेति । 'इक्केण' मिथ्यात्वमाचरता पूर्वप्राप्तबोधिनाऽपि केनचन मूढेन । 'अकज्जं कयं' अपकृत्येषु प्रधानत्वेन मिथ्यात्वमेव तेनाऽभिवाच्यन्तदासेवितम् । 'तप्पच्चया पुणो अन्नो करेइ' पूर्वोक्तस्य मूढस्य विश्वासात् परोऽपि मुग्धबुद्धिः मिथ्यात्वसेवनं विदधाति । 'साया बहुलपरम्परया' अतस्त्वनिरुध्धया सुदीर्घयैतया परम्परया । 'संजम-तवाणं वुच्छेओ' लोकोत्तर संयम-तपसोर्विच्छेद एव सम्भवी, अत्र निमित्तत्वम्मिथ्यात्वसेवनाऽपरिहारस्य ॥२३॥

* **ટીકાનો ભાવાર્થ :**

પૂર્વે સમ્યગ્દર્શનને પામનારા કોક આત્માને મૂઢતાનો ઉદય થયો એટલે મિથ્યાત્વનું આચરણ કર્યું. આ અપકૃત્ય હતું કેમકે સકળ અપકૃત્યોમાં પ્રધાન અપકૃત્ય કોઇ હોય તો તે મિથ્યાત્વ છે. અહીં અપકૃત્ય શબ્દ દ્વારા મિથ્યાત્વને જ વાચ્ય ગણવામાં આવ્યું છે.

પ્રથમ વ્યક્તિના અપકૃત્યનો વિશ્વાસ કરીને કોક બીજી વ્યક્તિએ પણ મિથ્યાત્વ સેવન કર્યું. આમ, પરંપરા ચાલી નીકળી. આ પરંપરાને રોકી દેવામાં ન આવે તો એક દિવસ એવો આવે જ્યારે લોકોત્તર તપનો અને સંયમનો ઉચ્છેદ થઇ જાય. જે પહેલી વ્યક્તિએ મિથ્યાત્વ સેવનનો ત્યાગ ન કર્યો તે આ રીતે લોકોત્તર સંયમ અને તપના સંપૂર્ણ ઉચ્છેદમાં નિમિત્ત બની શકે છે માટે મિથ્યાત્વ સેવનનો અવશ્ય ત્યાગ કરો.

✡ ✦ ✡

* **विषयनिर्देशिका :**

षष्टिसङ्ख्याकानि मिथ्यात्वकृत्यानि तत्परिहारोपदेशञ्च प्रकटयन्नाह–

* **ભાવાર્થ :**

પ્રસ્તુત ગાથાઓમાં સાંઇઠ પ્રકારના મિથ્યાત્વકૃત્યો તેમજ તેના ત્યાગ માટેનો ઉપદેશ પ્રગટ કરતાં કહે છે કે–

* **मूलम् :**

**एयाइं बुद्धिमया लोई [इ] अ रूढिगयाइं कज्जाइं ।**
**संसारजलहिमज्जण भीएण विवज्जणिज्जाइ ॥२४॥**
**चित्तट्ठमी महनवमी कत्तिअसंकंति सूर ससिगहणं ।**
**पव्वभरण - पिंडपाडण - गयाइदाणं च सध्धाए ॥२५॥**
**सत्तमि - पंचमि - गोमयतिही य दो अट्ठमी तिहिविसेसा ।**
**रविवार - सोमवारे जलंजली बारसिपयाणं ॥२६॥**
**गिम्हुत्तापन - परतित्थगमण - [सुविण कहण] होमकरणाई ।**
**तह खित्तगु [गो] त्त - पत्ताइ देवया पूअणं चेव ॥२७॥**

मासिअ - छम्मासिअ - वरिसिआइं तेइज्जा [वज्जिज्जा] नवमीआइं च ।
मिच्छत्तजत्त भोयण - लोइअगुरुपायपडणं च ॥२८॥
परतित्थिआण पणमण - उब्भावण - थुणण - भत्तिरागं च ।
सक्कारं संमाणं दाणं विणयं च वज्जेइ ॥२९॥
तरुरोवण - कन्नाहल - अक्खयतइयाइ संडविवाहं ।
सिवरत्ति - उत्तरायण - एगारसी गउरि [ज] त्ताई ॥३०॥
अह अन्नहं समयत्था अन्नह जण चिट्ठिअं च जेणिट्ठं ।
कीरइ गणवइथुणणं उक्कारडियनिमंतणाइयं ॥३१॥
माईभरणं जकखाइपूयणं जिणमए असद्दहणं ।
गोदेव तहा छट्ठीकरणं तिविहेण वज्जिज्जा ॥३२॥
गि [मि] ट्ठग वण्हिवी [वि] आणाइ - साला - तला [डा] ग क्षुत्तहलं [करणं च]
दाणं तत्थ तिलाईणं मय [कि] च्चय थुभकरणं च ॥३३॥
वडनिंबपिप्पलाणं उंबर चुल्लीण मुसलाणं च ।
एएसिं पुण वज्जे पूआकरणं च नमणं च ॥३४॥

* छाया :

एतानि बुद्धिमता लौकिकरूढिगतानि कार्याणि ।
संसार जलधिमज्जन-भीतेन विवर्जितव्यानि ॥२४॥
चैत्राष्टमी-माघनवमी-कार्तिकसङ्क्रान्ति - सूर्य - शशिग्रहणम् ।
पर्वभरण - पिण्डपातन - गवादिदानञ्च श्रद्धया ॥२५॥
सप्तमी - पञ्चमी - गोमयतिथयश्च द्वावष्टमीतिथिविशेषे ।
रविवार - सोमवारे जलाञ्जलिर्द्वादशीपदानाम् ॥२६॥

ग्रीष्मोत्तापन - परतीर्थगमन - स्वप्नकथनहोमकरणादीनि ।
तथा क्षेत्र - गोत्र - पत्रादि देवतापूजनं चैव ॥२७॥
मासिक - षाण्मासिक - वार्षिकादीनि वर्जयेन्नवम्यादीनि च ।
मिथ्यात्वयात्रा - भोजन - लौकिक गुरुपादपतनञ्च ॥२८॥
परतीर्थिकेभ्यः प्रणमनमुद्भावनं स्तवनं भक्तिरागश्च ।
सत्कारः सन्मानं दानं विनयं च वर्जेत् ॥२९॥
तरुरोपण - कर्णाहल - अक्षयतृतीयादि षण्ढविवाहं ।
शिवरात्रि - उत्तरायन - एकादशी - गौरीयात्रादि ॥३०॥
अथाऽन्यसमयस्थादन्यजनचेष्टितश्चयेनेष्टम् ।
क्रियते गणपतिस्तवनमुत्कार्तिकनिमन्त्रणादिकम् ॥३१॥
मातृभरणं यक्षादिपूजनं जिनमतेऽश्रद्धानम् ।
गौदेवतथाषष्ठीकरणं त्रिविधेन वर्जयेत् ॥३२॥
मिष्टकवह्निवितानादि - शाला - तटाककरणं च ।
दानन्तत्र तिलादीनाम्मृतकृत्यकं स्तूपकरणञ्च ॥३३॥
वट - निम्ब - पिप्पलानामुदुम्बर - चुल्लीनाम्मुसलानाञ्च ।
एतेषाम्पुनर्वर्जेत् पूजाकरणञ्च नमनञ्च ॥३४॥

* **ગાથાર્થ :**

સંસાર સાગરથી ડરી ગયેલાં બુદ્ધિમાન પુરુષે આ બધાં (નિમ્નોક્ત) લૌકિક અને રુઢિગત કાર્યો છોડી દેવાં જોઇએ. ॥૨૪॥

લૌકિક શ્રદ્ધાથી... (૧) ચૈત્રાષ્ટમી (૨) માઘનવમી (૩) કાર્તિક સંક્રાંતિ (૪) સૂર્યગ્રહણ (૫) ચંદ્રગ્રહણ (૬) પર્વભરણ (૭) પિંડપાતન (૮) ગાય વિગેરેનું દાન (૯) સાતમ (૧૦) પાંચમ (૧૧) ગોમયતિથિ (૧૨) સુદ-વદની બે આઠમ (૧૩) રવિવાર (૧૪) સોમવાર (૧૫) જલાંજલિ - પ્રણ (શપથ) (૧૬) ઉનાળો બાળવો (૧૭) પરતીર્થિ પાસે ગમન (૧૮) સ્વપ્ન ફળાદેશ (૧૯) હોમ - યજ્ઞ (૨૦) ક્ષેત્રદેવતાનું પૂજન (૨૧) કુળદેવતાની પૂજા (૨૨) પત્રદેવતાની પૂજા (૨૩) બેસતો મહિનો (૨૪) બેસતું અયન (૨૫) બેસતું વર્ષ (૨૬) નવમી (૨૭) મિથ્યાત્વિના તીર્થની યાત્રા (૨૮) ત્યાં ભોજન કરવું (૨૯) મિથ્યા ગુરુને પ્રણામ (૩૦) કુતીર્થિકને પ્રણામ (૩૧) કુતીર્થિકનું

ઉદ્ભાવન.(૩૨) કુતીર્થિકની સ્તુતિ (૩૩) કુતીર્થિક પ્રત્યે ભક્તિરાગ ધારણ કરવો (૩૪) કુતીર્થિકનો સત્કાર કરવો (૩૫) કુતીર્થિકનું સન્માન કરવું (૩૬) કુતીર્થિકને દાન કરવું (૩૭) કુતીર્થિકનો વિનય કેરવો (૩૮) ધર્મબુદ્ધિથી વૃક્ષો વાવવા (૩૯) કન્નાહલ નામનું મિથ્યાત્વનું કૃત્ય વિશેષ કરવું (૪૦) અક્ષય તૃતીયા મનાવવી (૪૧) ષંઢ વિવાહ કરાવવા (૪૨) શિવરાત્રી મનાવવી (૪૩) ઉત્તરાયણ ઉજવવી (૪૪) લૌકિક રીતિથી એકાદશી મનાવવી (૪૫) પાર્વતી યાત્રા કરવી (૪૬) મિથ્યા શાસ્ત્રને અનુસરીને મિથ્યાત્વીએ કરેલી પ્રવૃત્તિને ઇષ્ટ ગણવી (૪૭) ગણપતિની સ્તવના કરવી (૪૮) ઉત્કાર્તિકને નિમંત્રણ કરવું (૪૯) માતૃભરણ કરવું (૫૦) યક્ષપૂજા કરવી (૫૧) જિનવચનની અશ્રદ્ધા કરવી (૫૨) છઠ્ઠીકરણ કરવું (૫૩) માનતા માટે મીઠાઇ કરવી (૫૪) માનતારૂપે અગ્નિ કરવો (૫૫) ધર્મબુદ્ધિથી શાળા અને તળાવ કરાવવા (૫૬) ઉપરોક્ત સ્થાનોમાં તલ વિગેરેનું દાન કરવું (૫૭) મૃત્યુકૃત્ય કરવું (૫૮) [મૃત્યુ પામેલાં પિતૃનો] સ્તૂપ બનાવવો. (૫૯) વડ, લીંબડો, પીપળો, ઉદુંબર, ઉસળ, ચુલ્લી વિગેરે વૃક્ષોની પૂજા કરવી (૬૦) વૃક્ષોને નમસ્કાર કરવા...

આ બધાં જ મિથ્યાત્વના આચારો છે. તેને ત્રિવિધે ત્રિવિધે છોડી દેવા જોઇએ.

* **'बोधिपताका' वृत्तिः :**

एयाइमिति ।'संसारजलहिमज्जण भीएण बुद्धिमया' संसारोदधिपातभीरुणा प्राप्तपरमार्थमतिना । 'एयाइं' संसारपातदातृणि । निम्नोक्तानि । 'लोईयरूढिगयाइं कज्जाइं' कुतीर्थिकोपदेशेन प्रवर्तितानि गतानुगतिकतया वा रूढानि परमार्थविरुध्धकृत्यानि, तदेवम्, अपारमार्थिकश्रद्धया–

(१) चैत्राष्टमी माननम् (२) माधनवमी माननम् (३) कार्तिकादिसङ्क्रान्तावुत्सवकरणन्तपः करणम्वा (४) सूर्यग्रहणे मिथ्यामतिपरम्परानुसरणम् (५) शशिग्रहणेऽपि तदनुसरणम् (६) पर्वभरणं - लौकिकपर्वसु दानम् (७) पिण्डपातनम् - देवादीनान्तिरश्चाम्वा पिण्डन्निर्माय तस्य संहननम् (८) देवबुद्ध्या गवादिभ्यो दानम् (९-१०-११-१२) सप्तमी - पञ्चमी - गोमयतिथि - सिता सितेतरा चाष्टमीतिथिमाननम् (१३-१४) रविवारे सोमवारे च ग्रहशान्त्यर्थं तपश्चेष्टितम् (१५) जलाञ्जलीग्रहणम् देवगुरुनाम्ना शपथकरणम् (१६) ग्रीष्मोत्तापनम् (१७) परतीर्थिकानाम्परिचयः (१८) स्वप्नफलकथनम् (१९) यज्ञ - होम करणं कारापनञ्चानुमतिः (२०) क्षेत्रपालदेवपूजा (२१) कुलदेवतापूजनम् (२२) पर्णदेवतापूजनम् (२३) मासारम्भोत्सवः (२४) अयनारम्भोत्सवः (२५) वर्षारम्भोत्सवः (२६) रामनवमीमाननम् (२७) मिथ्यात्वितीर्थेषु

यात्रार्थं गमनम् (२८) तत्र भोजनग्रहणम् (२९) मिथ्यामतिदीक्षितेभ्यः प्रणमनम् (३०-३१-३२-३३-३४-३५-३६-३७) कुतीर्थिकेभ्यः प्रणमनमुद्भावनं स्तवनम्भक्तिराग-स्थापनं सत्कारकरणं सन्मानकरणं दानकरणञ्च विनयकरणम्,

अत्र प्रणामः शिरोनमनम्, उद्भावनमासनाद्युत्थानम्, स्तवनं गुणकीर्तनम्, भक्तिराग-धारणम्पूज्यत्वपक्षपातः, सत्कारस्तिलकादिकरणम्, सन्मानं धनाद्यपर्णम्, दानं वस्त्रादीनाम्, विनयस्तदाज्ञाप्रतिपत्तिः, एते विनयाचारा न हि विधेयाः कुतीर्थिकगुरुभ्यः । (३८) धर्मबुद्ध्या तरूणां रोपणम् (३९) कन्नाहलो मिथ्यात्वक्रियाविशेषः (४०) अक्षयतृतीया-प्रकर्षः (४१) षण्ढविवाहकरणम् (४२) सनातनमतमनुसृत्य मध्यमावास्यां शिवरात्र्यु-त्सवकरणम् (४३) रवेरुत्तरायनप्रवेशदिने महःकरणम् (४४) एकादशी माननम् (४५) गौरीयात्राकरणम् (४६) मिथ्याशास्त्रसापेक्षं मिथ्यात्विजनेन यच्चेष्टितन्तत्र काङ्क्षा (४७) गणपतिस्तवनम् (४८) उत्कार्तिकनिमन्त्रणम् (४९) मातृभरणम्मिथ्याऽनुष्ठान विशेषः (५०) यक्षपूजा-प्रवर्तनम् (५१) जिनोक्तेऽश्रद्धानम् (५२) षष्ठीकरणम् (५३) मिथ्यात्वच्छन्देन मिष्टान्ननिर्माणम् (५४) मिथ्यात्वच्छन्देन वह्निज्वालनम् (५५) धर्मबुद्ध्याऽऽश्रमनिर्माण-स्तडागोत्खननञ्च (५६) मिथ्याऽनुष्ठाने तिलादिदानम् (५७) मृत्युकृत्याऽऽचरणम् (५८) पितृशान्त्यर्थन्तेषां स्तूपकरणम् (५९) वटादिवृक्षानाम्पूजा-विधानम् (६०) एतेभ्यो वृक्षेभ्यः प्रणिपातः,

'विवज्जणिज्जाइ' एतानि समस्तानि षष्टिसङ्ख्याकानि मिथ्यात्वकृत्यानि मोक्षाय विघ्नभूतानि, त्रिविध-त्रिविधैस्तानि विवर्जितव्यान्येवमेतत्सदृशि पराण्यपि ।।२४ थी ३४।।

*** ટીકાનો ભાવાર્થ :**

મોક્ષને અનુકૂળ બુદ્ધિ જેમને પ્રાપ્ત થઇ છે તેઓ પરમાર્થબુદ્ધિને પામી શક્યાં છે તેમ મનાય. આવા આત્માઓને સંસારસાગરનો ભય પેદા થયેલો હોય છે. આવા પરમાર્થ બુદ્ધિને પામેલાં જીવોએ સંસારવૃદ્ધિ કરનારાં મિથ્યાત્વકૃત્યોને છોડી દેવા જોઇએ. એવા મિથ્યાત્વકૃત્યો જે કુતીર્થિકોના ઉપદેશ વડે પ્રવર્ત્યાં છે, ગતાનુગતિકતાથી ચાલ્યાં આવે છે અને મોક્ષના વિરોધી છે. આવા સાઇઠ મિથ્યાત્વકૃત્યો અહીં દર્શાવવામાં આવે છે.

૧. ચૈત્રાષ્ટમીનો ઉત્સવ મિથ્યાત્વકૃત્ય છે તે છોડી દેવો જોઇએ.

૨. મહામાસની નવમીનો લૌકિક ઉત્સવ બીજા નંબરનું મિથ્યાત્વકૃત્ય છે.

૩. કારતક, માગસર વિગેરે મહિનાઓમાં સૂર્યની સંક્રાંતિ નિમિત્તે જે તપ, જપ, અનુષ્ઠાન, ઉત્સવ વિગેરે પ્રવર્તે છે તે મિથ્યાત્વ છે.

૪-૫. સૂર્યગ્રહણના સમયે જે લૌકિક પ્રવૃત્તિઓ થાય છે તે અને ચંદ્રગ્રહણના સમયે પણ જે માનતાઓ કરાય છે તે મિથ્યાત્વની ક્રિયાઓ છે.

૬. લૌકિક તહેવારોમાં દાન આપવું તે 'પર્વભરણ' નામનું મિથ્યાત્વકૃત્ય છે.

૭. દેવતાઓ, રાક્ષસો, પશુઓ વિગેરેના આંટાના પિંડ બનાવી તેને વધેરવાની કે ક્યાંક તેને બલિ આપવાની ક્રિયા કરવી તે 'પિંડપાતન' નામનું મિથ્યાત્વકૃત્ય છે.

૮. ગાયને દેવતા તરીકે માનીને તેની પૂજા કરવી, ખવડાવવું તે 'गवादिदान' નામનું મિથ્યાત્વકૃત્ય છે.

૯ થી ૧૪. પાંચમ, સાતમ, સુદ અને વદની આઠમ, ગોમયતિથિ, રવિવાર, સોમવાર વિગેરે તિથિ અને વારના દિવસે ગ્રહશાંતિ માટે તપ વિગેરે કરવાં તે પણ મિથ્યાત્વકૃત્ય છે.

૧૫. હાથમાં જળ લઇને દેવ-ગુરુ વિગેરેના નામે સોગંદ ખાવા તે 'જલાંજલિ' નામનું મિથ્યાત્વ કૃત્ય છે.

૧૬. ઉનાળો બાળવાની વિધિને 'ગ્રીષ્મોત્તાપન' નામનું મિથ્યાત્વકૃત્ય કહેવાય.

૧૭. કુતીર્થિકોનો પરિચય કરવો તે પણ મિથ્યાત્વની ચેષ્ટા છે.

૧૮. લોકોને તેમના સ્વપ્નોનો ફળાદેશ કહેવાની પ્રવૃત્તિ પણ મિથ્યાત્વચેષ્ટામાં સ્થાન પામે છે.

૧૯. કોઇ પણ પ્રકારના હોમ-હવન કરવા કરાવવા કે તેની અનુમોદના કરવી તે ઓગણીસમા નંબરનું મિથ્યાત્વકૃત્ય છે.

૨૦-૨૧-૨૨. ક્ષેત્રપાળ દેવની, કુળદેવતાની અને પણદિવતાની માનતા-પૂજા કરવી તેને પણ મિથ્યાત્વની પ્રવૃત્તિ માનવામાં આવી છે.

૨૩-૨૪-૨૫. બેસતો મહિનો, બેસતું અયન અને બેસતું વર્ષ સાંસારિક એષણાથી મનાવવું તે પણ મિથ્યાત્વકૃત્ય બને છે.

૨૬-૨૭-૨૮. રામનવમીના મહોત્સવમાં સહભાગી બનવું, મિથ્યાત્વિના તીર્થની યાત્રા કરવી અને મિથ્યાત્વિના તીર્થનું ભોજન લેવું... આ બધી પ્રવૃત્તિ પણ મિથ્યાત્વકૃત્યમાં સ્થાન પામે છે.

૨૯. મિથ્યાત્વી તાપસ, સંન્યાસી વિગેરેને વંદન કરવા તે ઓગણત્રીશમું મિથ્યાત્વકૃત્ય છે.

૩૦. પ્રણામ એટલે મસ્તક નમાવવું.

૩૧. ઉદ્ભાવન એટલે આસન વિગેરે ઉપરથી ઉભા થઇ જવું.

૩૨. સ્તવન એટલે તેમના ગુણોનું કીર્તન કરવું.

૩૩. ભક્તિરાગ ધારણ કરવો એટલે તેઓ પૂજ્ય છે એવો પક્ષપાત કરવો.

૩૪. સત્કાર એટલે તેમના મસ્તકે તિલક વિગેરે કરવું.

૩૫. સન્માન એટલે તેમને ધન-સોનામહોર વિગેરેનું પ્રદાન કરવું.

૩૬. દાન એટલે તેઓને વસ્ત્ર-પાત્ર આપવા.

૩૭. વિનય એટલે તેમની આજ્ઞાને આધીન થવું.

ઉપરોક્ત સાત પ્રકારનો વિનયાચાર કુતીર્થિકો-મિથ્યાત્વીઓ માટે આચરવો જોઇએ નહીં.

૩૮. ધર્મબુદ્ધિથી વૃક્ષો વાવવા, ગોચર વિકસાવવું તે પણ મિથ્યાત્વ ચેષ્ટા છે.

૩૯. 'કન્નાહલ' એ પૂર્વકાળમાં પ્રચલિત કોક મિથ્યાત્વક્રિયાનું નામ હોવું જોઇએ.

૪૦-૪૧. લૌકિક રીત અનુસાર અક્ષયતૃતીયા મનાવવી અને ષંઢ વિવાહનો ઉત્સવ કરવો તે મિથ્યાત્વ છે.

૪૨-૪૩-૪૪-૪૫. શિવરાત્રિ, ઉત્તરાયણ અને અગ્યારસ તથા પાર્વતીયાત્રા વિગેરે તહેવારોની ઉજવણી મિથ્યાત્વકૃત્યમાં સ્થાન પામેલી છે.

૪૬. મિથ્યાત્વીએ મિથ્યાધર્મના શાસ્ત્રોને અનુસરીને જે ચેષ્ટાઓ કરી તે ચેષ્ટાઓ કરવાની અભિલાષા કરવી તે પણ મિથ્યાત્વ છે.

૪૭-૪૮-૪૯-૫૦. ગણપતિની માનતા - સ્તુતિ કરવી, ઉત્કાર્તિકોને નિમંત્રણ આપવું, માતૃભરણ નામનું કોક મિથ્યાત્વનું અનુષ્ઠાન પૂર્વકાળમાં પ્રસિદ્ધ હશે તેને આચરવું, રાગી-દ્વેષી યક્ષોની આપ્ત બુદ્ધિથી પૂજા કરવી... આ બધી જ મિથ્યાત્વજનક પ્રવૃત્તિઓ છે.

૫૧-૫૨-૫૩-૫૪-૫૫. જિનવચનમાં શંકા કરવી, ષષ્ઠીકરણ નામની વૈદિક ક્રિયા કરવી, મિથ્યા-માનતા પૂરી કરવા માટે મીઠાઇઓ બનાવવી, માનતા પૂરી કરવા માટે અગ્નિ પ્રજ્વાળવો અને આશ્રમ બનાવવા, તળાવો ખોદાવવા તે પણ ધર્મ છે તેમ સમજીને આશ્રમના નિર્માણ કરાવવા અને તળાવો ખોદાવવા.. આ બધી જ પ્રવૃત્તિઓને અહીં મિથ્યાત્વકૃત્ય ગણવામાં આવી છે.

૫૬. મિથ્યાત્વિના યજ્ઞ વિગેરે અનુષ્ઠાનોમાં તલ આદિની આહુતિ આપવી તે છપ્પનમું મિથ્યાત્વકૃત્ય છે.

૫૭. કોકના મૃત્યુ પછી શ્રાદ્ધ કરવું તે પણ મિથ્યાત્વકૃત્ય છે.

૫૮. પિતૃઓના મરણ પછી તેમની શાંતિ માટે તેમના મરણ સ્થળે, સંસ્કાર સ્થળે, ઘરે અથવા ક્યાંય પણ તેમના 'સ્તૂપ' બનાવવા તે પણ મિથ્યાત્વ કૃત્ય છે.

૫૯. વડ, પીપળો, ઉદુંબર, ઉશળ, લીંબડો વિગેરે વૃક્ષોને પૂજ્ય માનીને તેમની પૂજા કરવી તે ઓગણસાઇઠમાં નંબરનું મિથ્યાત્વકૃત્ય છે.

૬૦. ઉપરોક્ત વૃક્ષોને પ્રણામ કરવા તે સાઇઠમું મિથ્યાત્વકૃત્ય છે.

આ સાંઇઠે સાંઇઠ મિથ્યાત્વકૃત્યો મોક્ષ સાધનામાં વિઘ્ન કરનારાં છે માટે તે સૌને બુદ્ધિશાળી પુરુષે ત્યાગી દેવા જોઇએ. વધુમાં, ઉપર કહ્યાં છે તેવા તેમજ તત્સમાન કાર્યોનો પણ ત્યાગ કરી દેવો હિતકર છે.

✡ ✦ ✡

* **विषयनिर्देशिका :**

वंशस्य भववृद्धौ भवक्षये च तत्स्वामिनो मिथ्या-सम्यक्कृत्यस्याऽपि हेतुत्वमिति संवदन्नाह–

* **ભાવાર્થ :**

પરિવારની સંસારવૃદ્ધિમાં અથવા સંસારક્ષયમાં પરિવારના વડિલના મિથ્યાત્વકૃત્યો અને સમ્યક્ત્વના કૃત્યો પણ કારણભૂત છે એવું દર્શાવતાં કહે છે કે–

* **मूलम् :**

**जो गिहकुडुंबसामी संतो मिच्छत्तरोवणं कुणइ ।**
**तेण सयलो वि वंसो पक्खित्तो भवसमुद्दम्मि ॥३५॥**

**जो गिहकुडुंबसामी संतो सम्मत्तरोवणं कुणइ ।**
**तेण सयलो वि वंसो सिध्धिपुरी संमुहो नीओ ॥३६॥**

* **छाया :**

यो गृह-कुटुम्बस्वामी सन् मिथ्यात्वरोपणं कुरुते ।
तेन सकलोऽपि वंशः प्रक्षिप्तो भवसमुद्रे ॥३५॥

यो गृह-कुटुम्बस्वामी सन् सम्यक्त्वरोपणं कुरुते ।
तेन सकलोऽपि वंशः सिद्धिपुरीसम्मुखो नीतः ॥३६॥

* **ગાથાર્થ :**

ઘરનાં અથવા કુટુંબના વડિલ બનીને પણ જે મિથ્યાત્વનું વાવેતર કરે છે તેણે પોતાના સમગ્ર વંશને સંસાર સાગરમાં ફેંકી દીધો છે તેમ કહેવાય. એ જ રીતે જે વડીલ સમ્યક્ત્વનું વાવેતર કરે છે તેણે પોતાના કુટુંબ-પરિવારને મોક્ષતરફ અભિમુખ બનાવ્યો છે તેમ કહેવાય. ॥૩૫-૩૬॥

* 'बोधिपताका' वृत्तिः :

जोत्ति । 'जो गिह-कुडुंबसामी संतो' गृहं-स्वपरिवारः, कुटुम्बं - सगोत्रजनसमुदायः, गृहस्य कुटुम्बस्य वा तदुभयोरग्रणीः सन् यः । 'मिच्छत्तरोवणं कुणइ' मिथ्यात्वक्रियामेव श्रद्धानस्ताम्पुनः समाचरनाश्रितानपि तस्यायेव प्रेरयति तत्र तेऽपि गतानुगतिकबुद्धयो मिथ्यात्वमेवोरीकुर्वन्ति, तेषाम्मिथ्यात्वपाते हेतुत्वमग्रण्याः । 'तेण सयलो वि वंसो भवसमुद्दम्मि पक्खित्तो' उक्तेनाऽग्रण्याः मिथ्यात्वशिक्षया स्वकीयः सकलपरिवारो-ऽनन्तसंसारभ्रमणे निक्षिप्तो मिथ्यात्वपक्षपातेन संसारवृद्धेरवश्यंभावित्वात् ।

अथेदं व्यतिरेकेण परिभाव्यम् । यो गृहस्वामी कुटुम्बनेता स्वकीयेष्वाऽऽश्रितेषु, 'सम्मत्तरोवणं कुणइ' सम्यक्त्वशुद्धेरनुशास्तिमभिसिञ्चति । 'तेण सयलो वि वंसो सिद्धिपुरी संमुहो नीओ' गृहपतिनाऽमुना स्वजनवंशोऽखिलः सन्निकटमोक्षो विहितः समुदिते दर्शने भवस्थितेरविततत्वाद् ॥३५-३६॥

* **ટીકાનો ભાવાર્થ :**

૧. પોતાના પુત્ર-પુત્રી વિગેરે પરિવારને પોતાનું ગૃહ કહેવાય અને એક સમાન ગોત્ર ધરાવનારાં મનુષ્યોના સમુદાયને પોતાનું કુટુંબ કહેવાય. ગૃહ અને કુટુમ્બ શબ્દનો આ પ્રકારનો પ્રાકરણિક અર્થ અત્રે પ્રસ્તુત છે.

૨. જે મહાનુભાવ પોતાના પરિવાર સ્વરૂપ ગૃહ નો વડિલ છે કે પછી સમસ્ત કુટુમ્બ નો વડિલ છે અથવા તો તે બંનેનો વડિલ છે એ મહાનુભાવ પોતે જ જો મિથ્યાત્વક્રિયાઓમાં શ્રદ્ધા રાખતો હોય, મિથ્યાત્વક્રિયાઓનું સેવન કરતો હોય અને પોતાના આશ્રિતોને પણ મિથ્યાત્વક્રિયાઓ માટે પ્રોત્સાહન આપતો હોય તો અનેક આશ્રિતોની મિથ્યાત્વપ્રાપ્તિમાં તે પોતે હેતુભૂત બની જાય છે કેમકે આશ્રિતો લગભગ ગતાનુગતિક બુદ્ધિવાળા હોય છે. તેઓ વડિલે મિથ્યાત્વક્રિયાઓ શીખવી માટે જ મિથ્યાત્વક્રિયાઓ કરતાં થયાં છે. આથી તેમની મિથ્યાત્વ પ્રાપ્તિમાં તેમના વડિલ નિમિત્તભૂત બન્યાં તેમ અવશ્ય કહી શકાય.

૩. આ રીતે પોતાના પરિવારમાં મિથ્યાત્વનું શિક્ષણ આપનારાં વડિલને પોતાના સમગ્ર વંશને અનંત સંસારી બનાવી દીધાનું પાપ લાગે છે. **જ્યાં મિથ્યાત્વનો પક્ષપાત ઉત્પન્ન થાય છે ત્યાં સંસારવૃદ્ધિ નિશ્ચિત બની જાય છે. જે પરિવારમાં મિથ્યાત્વનો પક્ષપાત ઉત્પન્ન થયો છે તે પરિવારના બહુલ સંખ્યક સભ્યો અનંત સંસારી બન્યાં વિના રહેતાં નથી.**

૪. હવે, આ જ વાતને વ્યતિરેકથી વિચારો. જે વડિલ સ્વયં સમ્યક્ત્વનું શુદ્ધ પાલન કરે છે અને પોતાના પરિવારમાં સમ્યક્ત્વની શુદ્ધિના જ સંસ્કારોનું સિંચન કરે છે તે વડિલે પોતાના સમગ્ર વંશને મોક્ષની તદ્દન નજીક સુધી પહોંચાડી દીધો છે તેમ કહેવાય. વડિલની શિક્ષાના કારણે આ પરિવારના અનેક સભ્યો સમ્યક્ત્વમાં પક્ષપાત ધારણ કરશે. એ રીતે તેઓને સમ્યક્ત્વની પ્રાપ્તિ પણ થશે. એક વાર સમ્યક્ત્વનો ઉદય થાય છે એ પછી આત્માનું સંસાર ભ્રમણ કદી ખૂબ લાંબુ હોઇ શકતું નથી.

✡ ✦ ✡

*** विषयनिर्देशिका :**

सम्यक्त्वस्य द्वादशोपमानानि प्रस्तावयन्नाह–

*** ભાવાર્થ :**

સમ્યક્ત્વની બાર ઉપમાઓને રજૂ કરતાં કહે છે કે–

*** मूलम् :**

**दंसणविसए समए दिट्ठंता णेगहा समक्खाया ।**
**थुइविसयं पुण एयं जह भणियं तह निसामेह ॥३७॥**
**सम्मत्तं परमो दीवो सम्मत्तं वरसारही ।**
**सम्मत्तं परमो बंधू सम्मत्तं वरभूसणं ॥३८॥**
**सम्मत्तं परमं दाणं सम्मत्तं परमं तवं ।**
**सम्मत्तं परमं सीलं सम्मत्तं वरभावणा ॥३९॥**
**सम्मत्तं परमो देवो सम्मत्तं परमो गुरु ।**
**सम्मत्तं परमं मित्तं सम्मत्तं परमं पयं ॥४०॥**

*** छाया :**

दर्शनविषये समये दृष्टान्ता अनेकधा समाख्याताः ।
स्तुतिविषयं पुन एतद् यथाभणितन्तथा निशामयथ ॥३७॥

सम्यक्त्वं परमो दीपः सम्यक्त्वं वरसारथिः ।
सम्यक्त्वं परमो बन्धुः सम्यक्त्वं वरभूषणम् ।।३८।।
सम्यक्त्वं परमं दानं सम्यक्त्वं परमं तपः ।
सम्यक्त्वं परमं शीलं सम्यक्त्वं वरभावना ।।३९।।
सम्यक्त्वं परमो देवः सम्यक्त्वं परमो गुरुः ।
सम्यक्त्वं परमं मित्रं सम्यक्त्वं परमं पदम् ।।४०।।

*** ગાથાર્થ :**

સમ્યગ્દર્શનના વિષયને અનુલક્ષીને શાસ્ત્રોમાં અનેક દૃષ્ટાંતો કહેવાયેલાં છે. સમ્યગ્દર્શનની સ્તુતિ શાસ્ત્રોમાં જેવી કહી છે તેવી હવે તમે સાંભળો. ॥૩૭॥

સમ્યક્ત્વ; શ્રેષ્ઠ દીપક સમાન છે, શ્રેષ્ઠ સારથિ જેવું છે, શ્રેષ્ઠ કોટીનો બાંધવ છે, ઉત્તમ કક્ષાનું આભૂષણ છે, ઉત્તમ પ્રકારનું દાન છે, ઉંચો તપ પણ છે, શ્રેષ્ઠ કોટીનું બ્રહ્મચર્ય છે, ઉંચી ભાવના છે, શ્રેષ્ઠ દેવતત્ત્વ જેવું છે. સદ્ગુરુતત્ત્વ તુલ્ય છે, શ્રેષ્ઠ કોટીનો મિત્ર પણ છે અને સાક્ષાત્ મોક્ષ છે. ॥૩૮-૩૯-૪૦॥

*** 'बोधिपताका' वृत्तिः :**

दंसण विषये इति । 'समए' द्वादशाङ्ग्यां तत्सापेक्षायाञ्च निर्युक्ति - भाष्य - वृत्त्यादि शास्त्रपरिपाट्याम् । 'दंसणविसए' दर्शनमत्र सम्यकत्वमेव तन्माहात्म्यादिज्ञानन्तस्य प्राकरणिको विषयस्तस्मिन् । 'दिट्ठंता णेगहा समक्खाया' पूर्वसूरिभिस्तदवाप्तिदौर्लभ्य-घोषकास्तन्माहात्म्यबोधका श्चाऽनेके दृष्टान्ता व्याख्याता यथा योगशास्त्रस्य स्वोपज्ञवृत्त्यां कलिकालसर्वज्ञैर्हेमचन्द्रसूरिभिरुक्तम्,

**यम - प्रशम - जीवातुर्बीजं ज्ञान - चरित्रयोः ।**
**हेतुस्तपः श्रुतादीनां सद्दर्शनमुदीरितम् ।।**

एवमध्यात्मसारप्रकरणे महोपाध्याययशोविजयैरप्युदाहृतम्,

**कनीनिकेव नेत्रस्य कुसुमस्येव सौरभम् ।**
**सम्यक्त्वमुच्यते सारः सर्वेषां धर्मकर्मणाम् ।।**

तथैव दर्शनशुद्धिप्रकरणे श्री चन्द्रप्रभाऽऽचार्यैरभिहितम्,

**एगविह - दुविह - तिविहं - चउहा - पंचविहं - दसविहं सम्मं ।**
**मुक्खतरुबीयभूयं संपइराया व धारिज्जा ॥४३॥**

'भगवतीआराधना' ग्रन्थे दिगम्बराचार्यैः शिवकोटिभिरप्याख्यातम्,

**णगरस्स जह दुवारं मुहस्स चक्खू तरुस्स जह मूलं ।**
**तह जाण सुसम्मत्तं णाण - चरण - वीरिय - तवाणं ॥**

'थुइविसयं पुण एयं जह भणियं तह निसामेह' सद्भूतमाहात्म्यप्रदर्शनं स्तुतिः, सा च पूर्वोक्तायां शास्त्रपरिपाट्यां 'यथोदिता' द्वादशोपमानेन सम्यक्त्वस्य प्रस्तुता तत्सर्वं श्रुण्वन्तु । 'सम्मत्तं परमो दीवो' स्व-पर प्रकाशनवृत्तिर्दीपः अविवेकतामिस्त्रविनाशकत्वेन स्वानुभूतिप्रकाशकत्वाच्च सम्यकत्वमेव दीपः, अयन्तु भावदीपत्वाद् द्रव्यतो वरतरः । 'सम्मत्तं वर सारही' रथम्मार्गनयनवृत्तिः सारथिरुच्यते, चित्तवृत्तिरेवाऽत्र रथस्तम्मोक्षमार्गे नयनकारित्वात् सम्यक्त्वमेव सारथिरस्य भावमार्गे स्थितित्वेन द्रव्यसारथिभ्योऽयं वरतरः ।

'सम्मत्तं परमो बंधू' विपदि साहचर्यशीलो बन्धुः । अशातोदये पुण्यविगमे चाऽपि चित्तसमाधिदातृत्वादिदं सम्यक्त्वमेव भावबन्धुर्द्रव्यबान्धवेभ्यो वरतरः । 'सम्मत्तं वर-भूसणं' रूपवृद्धिकारि यत्तद् भूषणम्, गुणस्थानवृद्ध्या स्वरूपस्य पूर्वतो वृद्धिकरत्वाददः सम्यक्त्वं भावभूषणं द्रव्यतो वरतरम्,

यदुक्तं 'ज्ञानार्णव' ग्रन्थे दिगम्बराऽऽचार्यैः शुभचन्द्रैः,

**सद्दर्शनमहारत्नं विश्वलोकैकभूषणम् ।**
**मुक्तिपर्यन्तकल्याण-दानदक्षं प्रकीर्तितम् ॥**

'सम्मत्तं परमं दाणं' भवस्थितेरर्धपुद्गलपरावर्ताऽवधौ नियमनकरत्वादथवा विशुद्ध-दानाऽऽशयप्रकटनेऽवन्ध्यहेतुत्वात् सम्यक्त्वमेव दानं द्रव्यतो वरतरमस्य विना द्रव्य-दानस्य परिणामाऽऽवाप्तौ नियमेन वन्ध्यत्वात् । 'सम्मत्तं परमं तवं' कर्मणां तापनात्तप इति ज्ञानसारोक्तिः, मिथ्यात्वमोहस्य कर्मेषु बलिष्ठतमस्य तापनकारित्वादिदं सम्यक्त्व-न्तपोऽपि । 'सम्मत्तं परमं सीलं' अत्र पुनः विषयाऽऽनासक्तिर्वैराग्यमेतद्धि भावशीलम्, सम्यक्त्ववैराग्ययोरुक्तयोस्तदभावे तदभावस्तद्भावे तद्भाव इति नियमत्वेन सम्यक्त्वमेव शीलम्, शुभप्रणिधानोपस्थित्याऽत्रेदम्पूर्वतो वरतरम् ।

'सम्मत्तं वर भावना' कृष्ण-नील-कापोतलेश्योच्छेदनशीलत्वादेतत् सम्यक्त्वमेव प्रशस्तभावना । 'सम्मत्तं परमो देवो' पदापेक्षया वीतरागवदाराध्यत्वात् सम्यक्त्वं देवोऽपि। 'सम्मत्तं परमो गुरुः' यथागुरोरेतस्याऽप्यनाशातनीयत्वात् सज्ज्ञानोपपत्तिनिमित्तत्वाच्च सम्यक्त्वमेव गुरुः । 'सम्मत्तं परमं मित्तं' आपदि सम्पदि समानाऽभिप्रायवान्यस्तन्मित्रम्, नरके वा देवसुखलाभे समानचित्तवृत्तिप्रदायकत्वादेतत् परमं मित्रम्,

यदुक्तं सम्यक्त्वकौमुद्यां जिनहर्षगणिभिः—

**सम्यक्त्वरत्नान्न परं हि रत्नं, सम्यक्त्व मित्रान्न परं हि मित्रम् ।**

**सम्यक्त्वबन्धोर्न परो हि बन्धुः सम्यक्त्वलाभान्न परो हि लाभः ॥**

'सम्मत्तं परमं पयं' प्राप्ते च क्षायिके दर्शने मोक्षवत् साद्यनन्तस्थितित्वात् सम्यक्त्वमेव मोक्ष इत्युक्तम् ॥३७-३८-३९-४०॥

*** ટીકાનો ભાવાર્થ :**

ગણધર રચિત દ્વાદશાંગીમાં અને એ દ્વાદશાંગીને અનુસરીને રચાયેલાં નિર્યુક્તિ ગ્રંથો, ભાષ્ય ગ્રંથો અને ટીકાગ્રંથોમાં સમ્યક્ત્વને દર્શન શબ્દ દ્વારા પણ ઓળખવામાં આવ્યું છે. ત્યાં સમ્યક્ત્વના મહિમાનો બોધ કરાવનારાં અને સમ્યક્ત્વની દુર્લભતાની સાક્ષી ભરનારાં અનેકાનેક દૃષ્ટાંતો પણ આપવામાં આવ્યાં છે.

પૂર્વાચાર્યોએ સમ્યક્ત્વ માટે કેવા કેવા દૃષ્ટાંતો પ્રયોજ્યાં છે તેની ઝાંખી કરીએ. કલિકાલ સર્વજ્ઞ પૂ.આ.શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજે 'योगशास्त्र' ની સ્વોપજ્ઞ વૃત્તિમાં લખ્યું છે કે—

**यम - प्रशम - जीवातुर्बीजं ज्ञान - चरित्रयोः ।**

**हेतुस्तपः-श्रुतादीनां सद्दर्शनमुदीरितम् ॥**

સારાર્થ : મહાવ્રતો અને ઉપશમનો આત્મા સમ્યગ્દર્શન છે. સમ્યક્ત્વ જ ચારિત્ર અને જ્ઞાનનું બીજ છે તેમજ તપ અને શ્રુતનો હેતુ છે.

'अध्यात्मसार' પ્રકરણમાં પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો અભિપ્રાય છે કે—

**कनीनिकेव नेत्रस्य कुसुमस्येव सौरभम् ।**

**सम्यक्त्वमुच्यते सारः सर्वेषां धर्मकर्मणाम् ॥**

સારાર્થ : આંખોમાં કીકીનું જેવું મહત્ત્વ છે અને પુષ્પમાં સૌરભનું જે સ્થાન છે તેવું જ મહત્ત્વ. સમસ્ત ધર્મક્રિયાઓમાં સમ્યગ્દર્શનનું છે. તે તો ધર્મ કાર્યોનો સાર છે.

'दर्शनशुद्धिप्रकरण' માં પૂ. પૂર્વાચાર્ય શ્રી ચન્દ્રપ્રભસૂરિ મહારાજે ઉપરોક્ત દૃષ્ટાંતોનું સમર્થન કર્યું છે—

**एगविह - दुविह - तिविहं - चउहा - पंचविहं - दसविहं सम्मं ।**
**मुक्खतरुबीयभूयं संपइराया व धारिज्जा ।।४३।।**

સારાર્થ : એક, બે, ત્રણ, ચાર, પાંચ અને દશ એમ અનેક પ્રકારનું સમ્યક્ત્વ છે. મોક્ષ જો વૃક્ષ છે તો તેનું બીજ સમ્યક્ત્વ છે. સંપ્રતિરાજાની જેમ સમ્યક્ત્વને ધારણ કરો.

દિગંબર પરંપરાના આચાર્ય શિવકોટીએ પણ 'ભગવતી આરાધના' માં લખ્યું છે કે—

**णगरस्स जह दुवारं मुहस्स चक्खू तरुस्स जह मूलं ।**
**तह जाण सुसम्मत्तं णाण - चरण - वीरिय - तवाणं ।।**

સારાર્થ : જ્ઞાન, ચારિત્ર, શુભવીર્ય અને તપ એ જો નગર છે તો તેનું પ્રવેશદ્વાર સમ્યક્ત્વ છે. એ સહુ, જો મુખ છે તો તેના નેત્રો તરીકે સમ્યક્ત્વ ગોઠવાયેલું છે. એ સૌ જો વૃક્ષ છે તો તેનું મૂળ સમ્યક્ત્વ છે.

### ✦ સમ્યક્ત્વની બાર ઉપમાઓ :

વાસ્તવિક મહિમાને પ્રકાશિત કરનારી વાક્યરચનાને સ્તુતિ કહેવાય. દ્વાદશાંગી અને તેને સાપેક્ષ શાસ્ત્ર પરંપરામાં સમ્યગ્દર્શનને બાર ઉપમાઓ આપવામાં આવી છે જે સમ્યક્ત્વના વાસ્તવિક મહિમાની દ્યોતક છે.

### ૧. સમ્યક્ત્વ દીપક સમાન છે :

સ્વયંને અને અન્યને પ્રકાશયુક્ત કરવાનો જેનો સ્વભાવ છે તેને દીપક કહેવાય. પ્રકાશ જ્યાં આવે ત્યાંથી અંધકારની વિદાય થાય છે. અંતરંગ સૃષ્ટિમાં અવિવેક જેવો અંધકાર બીજો કોઇ નથી અને આત્માનુભૂતિ જેવો પ્રકાશ બીજો કોઇ નથી. સમ્યક્ત્વ અવિવેકરૂપી ગાઢ અંધકારનો નાશ કરે છે તેમજ ચિત્તમાં આત્માનુભૂતિના પ્રકાશને રેલાવે છે તેથી તે ભાવદીપક સમાન છે. દ્રવ્ય દીપક કરતાં તે શ્રેષ્ઠ છે.

### ૨. સમ્યક્ત્વ સારથિ તુલ્ય છે :

રથને માર્ગ ઉપર જ સ્થિર રાખવાની કુશળતા સારથી પાસે હોવી જોઇએ. તો જ તે સારો સારથિ કહેવાય. આપણાં મનની વૃત્તિઓ એ જ અહીં રથ છે. મોક્ષમાર્ગ એ આપણો માર્ગ છે. મનની વૃત્તિઓને મોક્ષના માર્ગમાં લઇ જનાર અને ત્યાં તેનું સ્થિરીકરણ કરનાર સમ્યક્ત્વ છે માટે તે સારથિ તુલ્ય છે. દુન્યવી સારથિઓ દ્રવ્યમાર્ગમાં રથનું ગમન કરાવે છે ત્યારે સમ્યક્ત્વ ભાવમાર્ગમાં ગમન કરાવનારો સારથિ છે માટે દ્રવ્ય સારથીઓ કરતાં તે ઉત્તમ છે.

**૩. સમ્યકત્વ બન્ધુ સમાન છે :**

વિપત્તિના સમયમાં સાહચર્ય નભાવે તે સાચો ભાઇ. આપણો આત્મા ક્યારેક અશાતાના ઉદયથી ઘેરાઇ જાય છે તો ક્યારેક તેના પુણ્યનો સંચય ક્ષીણ થઇ જાય છે. આવી કપરી સ્થિતિમાં આત્માને ચિત્ત સમાધિ આપનાર સમ્યગ્દર્શન નામનો ગુણ છે તેથી તે જ આપણો ભાવબન્ધુ છે. દ્રવ્યબંધુઓ કરતાં તે ઉત્તમ છે.

**૪. સમ્યકૃત્વ આભૂષણ જેવું છે :**

વ્યક્તિનું રૂપ જેવું છે તેથી વધુ સુંદર જે દેખાડે તેને આભૂષણ કહેવાય. આપણાં આત્માનું શુદ્ધ સ્વરૂપ કર્મમળથી ઢંકાયેલું છે. જેમ-જેમ ગુણસ્થાનકોની વૃદ્ધિ થતી જાય તેમ તેમ આપણા શુદ્ધ સ્વરૂપની પણ વૃદ્ધિ થાય છે. ગુણસ્થાનકની વૃદ્ધિ અને એ દ્વારા સ્વરૂપની વૃદ્ધિ કરાવનારું આ સમ્યકૃત્વ છે. માટે તે આભૂષણ છે.

જ્ઞાનાર્ણવ ગ્રંથમાં દિગંબરાચાર્ય શ્રી શુભચન્દ્રે કહ્યું છે કે—

**सद्दर्शनमहारत्नं विश्वलोकैकभूषणम् ।**

**मुक्तिपर्यन्तकल्याण-दानदक्षं प्रकीर्तितम् ॥**

સારાર્થ : મોક્ષ સુધી કલ્યાણનું દાન આપનારું જગતનું સૌથી શ્રેષ્ઠ આભૂષણ જો કોઇ હોય તો તે સમ્યકૃત્વ રત્ન છે.

**૫. સમ્યકૃત્વ શ્રેષ્ઠ કોટીનું દાન છે :**

સમ્યકૃત્વને જ અહીં દાન કહી દેવામાં આવ્યું છે. કેમ ? બે કારણો છે. એક, સમ્યકૃત્વ આત્માને સંસાર ભ્રમણના નિયમનનું દાન કરે છે. જેને સમ્યકૃત્વ મળે છે તે અર્ધપુદ્ગલ પરાવર્તથી વધુ સમય માટે ભવભ્રમણ કરતાં નથી. આમ, સમ્યકૃત્વ દ્વારા આપણને ભવસ્થિતિના નિયમનનું દાન મળ્યું કહેવાય.

**બીજી વાત, વિશુદ્ધ દાનધર્મની પ્રાપ્તિનો અવન્ધ્ય હેતુ કોઇ હોય તો તે આ સમ્યકૃત્વ છે. અવંધ્ય = નિષ્ફળ નહીં જનારો. સમ્યકૃત્વ પ્રગટે એટલે દાનનો વિશુદ્ધ પરિણામ અવશ્ય હાજર થાય. સમ્યકૃત્વની ગેરહાજરીમાં જે દ્રવ્ય દાનની કક્ષાનું દાન થાય છે તે દાનના વિશુદ્ધ પરિણામને કદી પેદા કરી શકે નહીં.**

સમ્યકૃત્વ વિનાનું દાન વિશુદ્ધ દાન ધર્મની પ્રાપ્તિ કરાવવામાં અવશ્ય નિષ્ફળ જનારો વન્ધ્યહેતુ છે. સમ્યકૃત્વ વિશુદ્ધદાનધર્મને અવશ્યમેવ પ્રગટ કરનારો અવન્ધ્યહેતુ છે.

**૬. સમ્યકૃત્વ એ તપ છે :**

कर्मणां तापनात्तपः । કર્મોને તપાવે તેને તપ કહેવાય. જ્ઞાનસાર ગ્રંથનો આ અભિપ્રાય છે. આ અભિપ્રાય મુજબ વિચારીએ તો સમ્યકૃત્વ દ્વારા મિથ્યાત્વ મોહનીય કર્મને ખૂબ ઉગ્ર રીતે તપાવવામાં / નષ્ટ કરવામાં આવ્યું છે માટે આ સમ્યકૃત્વને તપ પણ કહેવાય.

મિથ્યાત્વ મોહનીય તો સકળ કર્મ પ્રકૃતિનો રાજા છે.

**૭. સમ્યક્ત્વ એ શીલ છે :**

**વિષય પ્રવૃત્તિનો અભાવ એ દ્રવ્યશીયળ છે. વિષય પ્રવૃત્તિમાં વૈરાગ્ય એ ભાવશીયળ છે.** વૈરાગ્યની વ્યાખ્યા જ એ છે : વિષયસુખમાં નિર્લેપવૃત્તિ પ્રગટાવે તે વૈરાગ્ય. **સમ્યક્ત્વ અને વૈરાગ્ય પરસ્પર જોડાયેલાં છે. જ્યાં સમ્યક્ત્વ છે ત્યાં વૈરાગ્ય છે અને જ્યાં સમ્યક્ત્વ નથી ત્યાં વૈરાગ્ય પણ નથી.** આ દષ્ટિથી જુઓ તો સમ્યક્ત્વ જ્યાં છે ત્યાં વૈરાગ્ય છે જ. વૈરાગ્ય છે એટલે ભાવશીયળ પણ છે જ. આમ, સમ્યક્ત્વને શીલ પણ કહેવાય.

**૮. સમ્યક્ત્વ એ ભાવના છે :**

સમ્યક્ત્વ તો સ્વયં શુભભાવના સ્વરૂપ છે. એવી શક્તિશાળી શુભભાવના જે પ્રગટે એટલે કૃષ્ણ લેશ્યાને ઉખડી જવું પડે, નીલલેશ્યાને દૂર થઇ જવું પડે અને કાપોત લેશ્યાનો પણ ઉચ્છેદ થઇ જાય સમ્યક્ત્વની ઉપસ્થિતિ છે ત્યાં સુધી ઉપરોક્ત ત્રણ અશુભ લેશ્યાઓ ઉત્પન્ન થઇ શકતી નથી. છ પૈકીની ઉપરોક્ત ત્રણ લેશ્યાનો વિચ્છેદ કરનારું સમ્યક્ત્વ છે માટે તે સ્વયં શુભ ભાવ છે.

એટલું અહીં નોંધવું જોઇએ કે લેશ્યાની શુદ્ધિ હંમેશા ભાવનાના માધ્યમે થાય છે. ભાવના વિહોણી ક્રિયાંના માધ્યમે તે શક્ય બને તેમ નથી.

**૯. સમ્યક્ત્વ દેવતત્ત્વ સમાન છે :**

નવપદમાં સમ્યક્ત્વ એ છઠ્ઠું પદ છે. પદની અપેક્ષાએ નવપદના નવે નવ પદો એકસરખા આરાધ્ય છે. આ સિદ્ધાંત અનુસાર જેવું વીતરાગ પદ આરાધ્ય છે; પદની અપેક્ષાએ સમ્યક્ત્વ પણ તેવું આરાધ્ય છે માટે તે દેવતત્ત્વ તુલ્ય છે.

**૧૦. સમ્યક્ત્વ પરમગુરુ સમાન છે :**

સદ્‌ગુરુ તો સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિનું બળવાન નિમિત્ત છે તેથી જ ગુરુની આશાતનાનો સમગ્રતયા ત્યાગ કરવો જોઇએ. સમ્યગ્દર્શન પણ સાક્ષાત્ સદ્‌ગુરુ છે એમ સમજવું જોઇએ. કેમ કે ગુરુની જેમ સમ્યક્ત્વની પણ આશાતનાનો સમગ્રતયા ત્યાગ કરવાનો છે. સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ સમ્યક્ત્વ વિના શક્ય જ નથી. સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિમાં પ્રબળ નિમિત્ત બનનાર જો કોઇ હોય તો તે સમ્યગ્દર્શન છે.

**૧૧. સમ્યક્ત્વ તો પરમમિત્ર છે :**

તમે સુખના દિવસો પસાર કરો છો કે પછી દુઃખના દિવસો પસાર કરો છો, તમારા માટેના અભિપ્રાયમાં જ્યાં કોઇ અંતર ઉભુ થતું નથી તે સાચો મિત્ર છે. તમે સુખી હતાં ત્યારે જેવા લાગ્યા હતા તેવાં જ દુઃખી છો ત્યારે પણ જેને લાગો છો તે સાચો મિત્ર છે.

સમ્યક્ત્વ જેવો મિત્ર મળવો દુર્લભ છે. તમારો આત્મા પૂર્વકૃત પાપના ઉદયથી નરકમાં પહોંચી જાય છે તો પણ, તે એવી જ ચિત્ત સમાધિનું તમને દાન કરે છે અને શુભ પુણ્યના ઉદયથી તમે કવચિત્ દેવલોકમાં પહોંચી ગયાં છો તો પણ તે એવી જ ચિત્ત સમાધિનું દાન કરે છે.

આત્મા નરકમાં છે કે દેવગતિમાં ? સમ્યક્ત્વ તેની નોંધ નથી કરતું. તે સમાન મનોભાવનું દાન કરવાનું કાર્ય બધે જ એક સમાન રીતે કરતું રહે છે.

**૧૨. સમ્યક્ત્વ સાક્ષાત્ મોક્ષ છે :**

ક્ષાયિક સમ્યક્ત્વ ઉત્પન્ન થયાં પછી મોક્ષની જેમ સાદિ અનંત કાળ માટે તે આત્મામાં સ્થિર રહે છે. તે દૃષ્ટિથી સમ્યક્ત્વને સાક્ષાત્ મોક્ષ પણ કહેવાય.

सम्यक्त्वकौमुदी માં પૂ. જિનહર્ષગણીએ ફરમાવ્યું છે કે–

**सम्यक्त्वरत्नान्न परं हि रत्नं, सम्यक्त्वमित्रान्न परं हि मित्रम् ।**
**सम्यक्त्वबन्धोर्न परो हि बन्धुः सम्यक्त्वलाभान्न परो हि लाभः ॥**

સારાર્થ : સમ્યક્ત્વથી ચઢીયાતું બીજું કોઇ રત્ન નથી. સમ્યક્ત્વથી શ્રેષ્ઠ બીજો કોઇ મિત્ર નથી. સમ્યક્ત્વથી ઉત્તમ બીજો કોઇ બંધુ નથી અને સમ્યક્ત્વના લાભ જેવો અન્ય કોઇ લાભ નથી.

✡ ✦ ✡

*** विषयनिर्देशिका :**

मिथ्यात्वकृत्यानि प्राप्तस्याऽपि सम्यक्त्वस्याऽपगामकानीति निर्देशयन्नाह–

*** ભાવાર્થ :**

મિથ્યાત્વ કૃત્યોનું સેવન પ્રાપ્ત થયેલાં સમ્યક્ત્વને પણ ખેરી નાંખે છે તેવો નિર્દેશ કરતાં કહે છે કે–

*** मूलम् :**

**चिंतामणिव्व लद्धं सम्मत्तं कहवि दिव्वजोएण ।**
**तं हारवेइ मूढो लोइअधम्माइकरणेणं ॥४१॥**

*** छाया :**

चिन्तामणिवल्लब्धं सम्यक्त्वं कथमपि दैवयोगेन ।
तद् हारयति मूढो लौकिकधर्मादिकरणेन ॥४१॥

* **ગાથાર્થ :**

કોઈ દિવ્યયોગ દ્વારા ચિન્તામણિ રત્ન જેવું સમ્યક્ત્વ પ્રાપ્ત થયું છે તે છતાં મૂઢ બુદ્ધિ ધરાવનારો આત્મા લૌકિક ધર્મક્રિયાઓ કરીને તેને હારી જાય છે. ॥૪૧॥

* **'बोधिपताका' वृत्तिः :**

चिंतामणिव्वेति । 'कहवि' द्रव्याद्यनन्तपुद्गलपरावर्तमीतेऽनादिसंसारे क्वचिदेवाऽऽसादिते महापुन्यचयोदये । 'दिव्वजोएण' योगोऽत्र सम्यक्त्वलाभकारी गुर्वाद्यभिगमः अनन्तज्ञानिभिर्निर्दिष्टत्वात् स एव दिव्यस्तेन द्वारा । 'सम्मत्तं' मोक्षाभिलषितं स्वभावानुभवरूपञ्च तज्जिनाज्ञारूचिलक्षणम् । 'चिंतामणिव्व लद्धं' चिन्तामणिरत्नस्याऽवाप्तिर्यथा भागधेयेषु तथेदमपि,

यदूदितं 'ज्ञानार्णव' ग्रन्थस्य षष्ठे सर्गे—

**सुलभमिह समस्तं वस्तुजातं जगत्यामुरगसुरनरेन्द्रैः प्रार्थितञ्चाधिपत्यम् ।**
**कुल-बल-सुभगत्वोद्दामरामादि चान्यत् किमुत तदिदमेकं दुर्लभं बोधिरत्नम् ॥**

"लोइअ धम्माइ करणेण" पूर्व गाथोक्तानि षष्टिसङ्ख्याकानि तत्समानान्यपराण्यपि मिथ्यात्वकृत्यानि तदासेवनेन पक्षपातसहितेन । 'मूढो तं हारवेइ' हतबुद्धिर्दुर्लभतममिदं सम्यक्त्वमपगमयति ॥४१॥

* **ટીકાનો ભાવાર્થ :**

૧. कहवि = દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવના અનંત પુદ્ગલ પરાવર્તોથી ચાલી આવેલા આ અનાદિ સંસારમાં મહાપુન્યના સંચયનો ઉદય ક્યારેક જ પ્રાપ્ત થાય છે.

૨. दिव्व जोएण = યોગ એટલે સમ્યક્ત્વનો લાભ કરાવનારો સદ્ગુરુ ભગવંત વિગેરેનો અભિગમ = પરિચય. આવો સદ્ગુરુનો યોગ એ જ દિવ્યયોગ છે કેમકે આ યોગને અનંત જ્ઞાનીએ નિર્દેશેલો છે.

૩. ઉપરોક્ત પુન્ય અને દિવ્યયોગને પ્રાપ્ત કરીને આત્મા 'चिंतामणिव्व लद्धं' સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરે છે. ચિંતામણિ રત્ન જેમ ભાગ્યશાળીઓને પ્રાપ્ત થાય છે. અન્યને નહીં. તેમ સમ્યક્ત્વ પણ ભાગ્યશાળીને જ પ્રાપ્ત થાય છે. બીજાને નહીં.

જ્ઞાનાર્ણવ ગ્રંથના છઠ્ઠા સર્ગમાં વિધાન થયું છે કે—

सुलभमिह समस्तं वस्तुजातं जगत्यामुरगसुरनरेन्द्रैः प्रार्थितञ्चाधिपत्यम् ।
कुल-बल-सुभगत्वोद्दामरामादि चान्यत् किमुत तदिदमेकं दुर्लभं बोधिरत्नम् ॥

સારાર્થ : આ સંસારમાં અસુરોનું, દેવોનું અને મનુષ્યોનું આધિપત્ય મેળવવું સુલભ છે. શ્રેષ્ઠકુળ, બળ, રૂપ, પુન્ય, અંતઃપુર... બધું જ મળી જવું સુલભ છે. એક સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવી દુર્લભ છે.

૪. सम्मत्तं = મોક્ષની અભિલાષાને સમ્યક્ત્વ કહેવાય. આત્મતત્ત્વના અનુભવને સમ્યક્ત્વ કહેવાય અને તેનું નિર્મળ લક્ષણ છે : જિનવચનનો અનુરાગ. આવાં આજ્ઞાનો રાગ પેદા કરાવનારાં દુર્લભ સમ્યક્ત્વને હતબુદ્ધિજીવો 'लोइअ घम्माइ करणेणं' = પૂર્વેની ગાથાઓમાં જે સાંઇઠ પ્રકારના મિથ્યાત્વ કૃત્યો કહ્યાં છે તે અને તેના જેવા જ અન્ય પણ મિથ્યાત્વકૃત્યો પક્ષપાત પૂર્વક કરીને હારી જાય છે.

✡ ◆ ✡

* **विषयनिर्देशिका :**

इहलौकिक सर्वद्रव्येभ्योऽतितमम्माहात्म्यं दर्शनस्येति संस्तवन्नाह–

* **ભાવાર્થ :**

ઇહલૌકિક સકળ દ્રવ્યોથી અધિક મહિમા સમ્યગ્દર્શનનો છે એવી સ્તુતિ કરતાં કહે છે કે–

* **मूलम् :**

**चिंतामणी कप्पतरु नवनिहि - धेणु - नरिंद - इंदेहिं ।**
**कह उवमिज्जइ एअं इहलोइएहिं सव्वेहिं ॥४२॥**

* **छाया :**

चिन्तामणि - कल्पतरु नवनिधि - धेनु - नरेन्द्रैन्द्रैः ।
कथमुपमीयेतैतद् इहलौकिकैः सर्वैः ॥४२॥

* **ગાથાર્થ :**

ચિંતામણિરત્ન, કલ્પવૃક્ષ, કામધેનુ, નવનિધિઓ અને ચક્રવર્તીનું પદ... આ બધાં જ ઇહલૌકિક તત્ત્વો સાથે પણ સમ્યક્ત્વને શી રીતે સરખાવી શકાય ? ॥૪૨॥

* 'बोधिपताका' वृत्तिः :

. चिंतामणीति । 'एयं' सम्यक्त्वं परोपादानैः प्राप्यत्वाद्दुर्लभतमम् । 'सव्वेहिं चिंतामणी-कप्पतरु - नवनिहि - धेणु - नरिंदइदेहिं इहलोइएहिं' लोकेऽत्यन्तदुर्लभाऽवाप्तित्वान्महा-महात्म्यवन्त एते मनोवाञ्छितविश्रायिणो यथा चिन्तामणिर्रत्नविशेषः देवतावासितः, कल्प-तरुर्देवाऽधिष्ठितोवृक्षविशेषः, नवनिधयः, कामदुधा देवाविष्टधेनुः, नरेन्द्रेन्द्रत्वञ्चक्रवर्ति-त्वम्, अत्रैकमपि दुष्प्रापं सर्वेषां का कथा ? समुच्चयोऽप्येतेषां कुत्रचित् सुलभः न सम्यक्-त्वम्, सम्यक्त्व -समक्षं भास्कर - खद्योतन्याय्येनैतेषां तुच्छत्वादेभ्योऽतितमं सम्यक्त्वं,

यदुद्गीर्णं दिगम्बराऽऽचार्यैः शिवकोटिभिर्भगवत्याराधनायाम्,

**सम्मत्तस्स य लंभो तेलोक्कुरज्जस्स हवेज्ज जो लंभो ।**

**सम्मद्दंसणलंभो वरं ण तेलोक्कुलंभादो ॥**

'उवमिज्जइ' एतादृक् सम्यक्त्वमेते चेहलौकिकास्तेभ्यस्तद् कथमुपमीयेत ? ॥४२॥

* **ટીકાનો ભાવાર્થ :**

જેમનું આત્મિક ઉપાદાન શ્રેષ્ઠ છે તેમને જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઇ શકે છે માટે સમ્યકૃત્વ એ સૌથી દુર્લભ તત્ત્વ છે. આવા સમ્યકૃત્વને ઇહલૌકિક કોઇ પણ દ્રવ્યની સાથે શી રીતે સરખાવાય ? એ દ્રવ્ય ગમે તેટલું ઉત્તમ ભલે હોય તો પણ તે ઇહલૌકિક છે. તેવા પુષ્કળ દ્રવ્યોની ઉપમા સમ્યકૃત્વને આપીએ તો પણ સમ્યકૃત્વનો વાસ્તવિક મહિમા પ્રગટ કરી શકાતો નથી.

જેમ કે ચિંતામણીરત્ન, કલ્પવૃક્ષ, કામધેનુ, નવનિધિ અને ચક્રવર્તીપણું... આ વસ્તુઓ પૈકીની એકાદ વસ્તુ પણ મેળવવી દુર્લભ છે તેથી જ આ દરેકનો અપૂર્વ મહિમા છે. આ દરેક ચીજો દેવાધિષ્ઠિત છે. મનોરથોને સફળ કરનારી છે. હજી એ સુલભ છે કે આ દરેક ચીજો કોક એકને જ, એકી સાથે મળી જાય પરંતુ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ એથી પણ વધુ દુર્લભ છે. સમ્યકૃત્વ જો સળગતો સૂર્ય છે તો આ બધાં રત્નો ઝાંખા આગિયા જેવા છે માટે જ સમ્યકૃત્વ ઉપરોક્ત સર્વ દ્રવ્યોથી વધુ મહાન છે.

દિગંબરાચાર્ય શિવકોટીએ 'ભગવતી આરાધના' માં કહ્યું છે કે–

**सम्मत्तस्स य लंभो तेलोक्कुरज्जस्स हवेज्ज जो लंभो ।**

**सम्मद्दंसणलंभो वरं ण तेलोक्कुलंभादो ॥**

સારાર્થ : એક તરફ સમ્યકૃત્વની પ્રાપ્તિને મૂકો. બીજી તરફ ત્રણે લોકના સામ્રાજયની પ્રાપ્તિને મૂકો. ત્રણે લોકનું સામ્રાજય તુચ્છ છે. તેથી વધુ ઉચ્ચ સમ્યકૃત્વની પ્રાપ્તિની ક્ષણ છે...

✡ ✦ ✡

* विषयनिर्देशिका :

अपगतस्यैतस्योत्कर्षतोऽनन्तकालेन पुनरवाप्तिरिति ब्रूवन्नाह—

* ભાવાર્થ :

પતિત થયેલું સમ્યક્ત્વ ઉત્કૃષ્ટથી અનંતકાળ પછી ફરી મળે છે એવો અભિપ્રાય આપતાં કહે છે કે—

* मूलम् :

**लहिऊणं हारंति [ती] पुणरवि लहंते अणंतकालाओ ।**

**तम्हा दंसणरयणं सव्वपयत्तेण रक्खिज्जा ॥४३॥**

* छाया :

लब्ध्वा हारयन्ति पुनोऽपि लभन्तेऽनन्तकालेभ्यः ।

तस्माद् दर्शनरत्नं सर्वप्रयत्नेन रक्षितव्यम् ॥४३॥

* ગાથાર્થ :

મેળવીને પણ જેઓ હારી જાય છે તેઓ તેને અનંતકાળે ફરી મેળવી શકે છે માટે સમ્યગ્દર્શનરૂપી રત્નનું સકળ પ્રયત્નો દ્વારા રક્ષણ કરવું જોઈએ. ॥૪૩॥

* 'बोधिपताका' वृत्तिः :

लहिऊणमिति । 'लहिऊणं हारंति' प्राप्याऽपि सम्यक्त्वरत्नं ये दीर्घसंसारिणो हारयन्ति-विनाशयन्ति । 'अनंतकालाओ पुणरवि लहंते' गतसम्यक्त्वा जघन्यतोऽन्तर्मुहूर्तादपि पुनस्तदवाप्नुवन्ति, उत्कर्षतोऽनन्तकालमपि विना सम्यक्त्वेन व्ययन्त्यत्रद्रव्यचारित्रन्तत्परिपाकेन देवसुखं यावदहमिन्द्रपदम्पुनः पुन आसादयन्ति परमुर्ध्वीकृतपापानुबन्धाः सम्यक्त्वमेतावदवधिकमन्तरयति, दौर्लभ्यं सम्यक्त्वस्य,

यदभिहितं रत्नसञ्चयप्रकरणे पूर्वाचार्यैर्हर्षसूरिभिः,

**लब्भइ सुरसामित्तं लब्भइ पहुअत्तणं न संदेहो ।**

**इक्कं नवरि न लब्भइ दुल्लहं रयणसम्मत्तं ॥५०३॥**

तदनन्तरं कर्मलाघवेनैतदवश्यम्पुनोऽवाप्नुवन्ति । 'तम्हा' एतस्यैवंविधाद् दौर्लभ्यात् । 'दंसणरयणं' अत्र स्वभावानुभवद्योतित्वादिदमेवरत्नं सम्यक्त्वम् । 'सव्वपयत्तेण रक्खिज्जा'

दोषविशोधिर्लिङ्गाऽऽश्रयणञ्चैतस्य रक्षाप्रयत्नः, दोषविशोधिः शङ्कादेर्लिङ्गाऽऽश्रयणं श्रुताभिलषिताऽऽदेस्तानादृत्य सम्यक्त्वं सन्ततं रक्षन्तु, सम्यक्त्वरक्षायै 'विवेकमञ्जर्या' मप्येवमुपदिष्टम्,

**रक्खेज्जसु जीव ! तुमं हियए निहिऊण जच्चरयणं व ।**
**भवजलहि-जाणवत्तं पत्तं पुन्नेण सम्मत्तं ॥१३९॥**

एवं शास्त्रोक्तपुरुषार्थेन विगोपनीयं दर्शनगोपमिति तात्पर्यम् ॥४३॥

*** ટીકાનો ભાવાર્થ :**

જેમણે સમ્યક્ત્વ મેળવ્યું છે અને સમ્યક્ત્વથી પતિત થયાં છે તેઓ જઘન્યથી એક અંતર્મુહૂર્તમાં ફરી વાર સમ્યક્ત્વને મેળવી શકે છે અને ઉત્કૃષ્ટથી અનંતોકાળ પણ સમ્યક્ત્વના અભાવમાં જ પસાર કરી દે છે. સમ્યક્ત્વના અભાવવાળા આ અનંતાકાળમાં તેઓ વારંવાર દ્રવ્યચારિત્રને પામે છે, તેના પરિપાકરૂપે સ્વર્ગની પ્રાપ્તિ કરે છે, યાવત્ અહમિન્દ્ર પણ બની જાય છે પરંતુ તેમના પાપનો અનુબંધ અત્યંત વિકરાળ બની ગયો હોવાથી તેઓ અનંતાકાળ સુધી સમ્યક્ત્વને સ્પર્શી શકતાં નથી. આટલું બધું દુર્લભ આ સમ્યક્ત્વ છે.

પૂ. પૂર્વાચાર્ય શ્રી હર્ષસૂરિ મહારાજે રત્નસઞ્ચય પ્રકરણમાં ફરમાવ્યું છે કે—

**लब्भइ सुरसामित्तं लब्भइपहुअत्तणं न संदेहो ।**
**इक्कं नवरि न लब्भइ दुल्लहं रयणसम्मत्तं ॥५०३॥**

સારાર્થ : દેવલોકમાં ઇન્દ્રપણું મેળવી શકાય છે. મનુષ્યલોકમાં રાજાધિરાજ બની શકાય છે પરંતુ એક સમ્યક્ત્વને એ રીતે મેળવી શકાતું નથી. એટલું તે દુર્લભ છે.

સમ્યક્ત્વથી પતિત થઈને અનંતોકાળ સમ્યક્ત્વના અભાવમાં જ પસાર કરી દેનારાં જીવો દીર્ઘસંસારી અને બહુલકર્મી તરીકેનું આત્મદ્રવ્ય પામેલાં હોય છે. આ જીવો અંતે અનંતકાળ પસાર થઈ જતાં ફરીવાર અચૂક સમ્યક્ત્વ પામે છે.

સમ્યક્ત્વ આટલું બધું દુર્લભ છે માટે પ્રયત્નપૂર્વક તેની રક્ષા કરવી જોઈએ. **સમ્યક્ત્વની રક્ષા માટે બે પ્રકારનો પ્રયત્ન થવો જોઈએ. એક, શંકા કાંક્ષા વિગેરે દોષોની શુદ્ધિ કરીને સમ્યક્ત્વનું રક્ષણ કરવું જોઈએ. બે, શ્રુતાભિલાષા વિગેરે લિંગોનો સ્વીકાર કરીને તેનું પાલન કરવું જોઈએ. આમ, દોષવિશોધિ અને લિંગ સ્વીકાર આ બે સમ્યક્ત્વની રક્ષા માટેના સાધન છે તેમ નક્કી થયું.**

સમ્યક્ત્વની રક્ષાનો ઉપદેશ પ્રાચીન શાસ્ત્ર ગ્રંથોમાં પણ અપાયેલો છે.

જૂઓ, 'विवेकमञ्जरी' ગ્રંથના ઉલ્લેખને...

रक्खेज्जसु जीव ! तुमं, हियए निहिऊण जच्चरयणं व ।
भवजलहि जाणवत्तं, पत्तं पुन्नेण सम्मत्तं ॥१३९॥

સારાર્થ : સંસારસાગરથી પાર ઉતારનારાં જહાજ જેવું આ સમ્યક્ત્વ છે માટે હે આત્મન્ ! જાતિમાન રત્નની જેમ હૃદયમાં તેની સદાય રક્ષા કરો. પુન્યના ઉદયથી તે તમને મળ્યું છે. ॥

તાત્પર્ય એ છે કે શાસ્ત્રવિહિત પુરુષાર્થ દ્વારા પ્રાપ્ત થયેલાં સમ્યક્ત્વની સતત રક્ષા કરવી જોઈએ.

✡ ✦ ✡

* **विषयनिर्देशिका :**

नवोपनयैः सम्यक्त्वहीनस्य चारित्रस्याऽत्यन्तवैकल्यम्प्रतिपादयन्नाह—

* **ભાવાર્થ :**

નવ નવ દૃષ્ટાંતો દ્વારા સમ્યક્ત્વ વિનાના ચારિત્રની અત્યંત વિફળતાનું પ્રતિપાદન કરતાં કહે છે કે—

* **मूलम् :**

जह सिअवडेण विणा न तरइ महासागरम्मि बोहित्थं ।
तह सम्मत्तेण विणा किरिआरूई न तरइ भवो [द] हिं. ॥४४॥
जह उ महाजड [वि] सालो मूलम्मि हए विणस्सए रुक्खो ।
सम्मत्तमूलविगमे तह नासइ सेसचरणं पि ॥४५॥
जह भट्ठो होइ गुणो गुरुण भट्ठेण आगमे भणिअं ।
तह सम्मत्तेण विणा सयलो धम्मो मुहा होइ ॥४६॥
जह चउरंगं सिन्नं हणिअे नाहम्मि नासए सयलं ।
तह सम्मत्तम्मि हए नासइ दाणाइयो धम्मो ॥४७॥
जह य विणट्ठे तुंबे साहारो होइ नेव आरेहिं ।
तह सम्मत्तम्मि हए न होइ चरणेण परमगई ॥४८॥

**जह विच्छायं कमलं हवइ विणट्ठं कित्तिए मासे [मूले] ।**
**तह विच्छाया किरिया हवइ सम्मत्तनासम्मि ॥४९॥**
**जह य महा आययणं पीढविणासे विणस्सए वस्सं ।**
**तह दंसणस्स विगमे सयलं विहलं पमत्तंतं ॥५०॥**
**जह य हियएण रहिओ पुरीसो अग्गीव इंधणविहीणो ।**
**विज्झायइ तह[।] सयलं चरणं सम्मत्तरहियस्स ॥५१॥**

* **छाया :**

यथा श्वेत पटेन विना न तरति महासागरे पोतः ।
तथा सम्यक्त्वेन विना क्रियारूचिर्न तरति भवोदधिम् ॥४४॥
यथा तु महाविशालो मूले हते विनश्यति वृक्षः ।
सम्यक्त्वमूलविगमे तथा नश्यति शेषचरणमपि ॥४५॥
यथा भ्रष्टो भवति गुणो गुरुणा भ्रष्टेन आगमे भणितः ।
तथा सम्यक्त्वेन विना सकलो धर्मो मुधा भवति ॥४६॥
यथा चतुरङ्गं सैन्यं हते नाथे नश्यति सकलम् ।
तथा सम्यक्त्वे हते नश्यति दानादिको धर्मः ॥४७॥
यथा च विनष्टे तुम्बे आधारो भवति नैवारैः ।
तथा सम्यक्त्वे हते न भवति चरणेन परमगतिः ॥४८॥
यथा विच्छायं कमलं भवति विनष्टं कर्तिते मूले ।
तथा विच्छाया क्रिया भवति सम्यक्त्वनाशे ॥४९॥
यथा च महाऽऽयतनं पीठविनाशे विनश्यत्यवश्यम् ।
तथा दर्शनस्य विगमे सकलं विफलं प्रमत्तान्तम् ॥५०॥
यथा च हृदयेन रहितः पुरुषोऽग्निवदिन्धनविहीनः ।
विध्याति तथा सकलं चरणं सम्यक्त्वरहितस्य ॥५१॥

* **ગાથાર્થ :**

જેમ શ્વેતપટ (સઢ) ન બાંધ્યું હોય તો મહાસાગરમાં વહાણ તરી શકતું નથી તેમ સમ્યક્ત્વ વિનાનો ક્રિયામાં રુચિ રાખનારો આત્મા ભવસાગરને તરી શકતો નથી. ॥૪૪॥

ગમે તેવું મોટું વૃક્ષ પણ તેનું મૂળ નાશ પામે છે ત્યારે નષ્ટ થઇ જાય છે તેમ સમ્યક્ત્વરૂપી મૂળનો નાશ થાય છે ત્યારે શેષ સમગ્ર ચારિત્રનો પણ નાશ થઇ જાય છે. ॥૪૫॥

ગુરુથી ભ્રષ્ટ થયેલાંનો ગુણ ભ્રષ્ટ થઇ જાય છે એવું આગમમાં કહ્યું છે. એ જ રીતે સમ્યક્ત્વથી રહિત સઘળો ય ધર્મ નકામો બની જાય છે. ॥૪૬॥

સેનાપતિ હણાઇ જતાં જેમ સમગ્ર ચતુરંગ સૈન્ય હણાઇ જાય છે તે જ રીતે સમ્યક્ત્વ જ્યારે હણાય છે ત્યારે દાનાદિક ચારે પ્રકારનો ધર્મ હણાઇ જાય છે. ॥૪૭॥

જેમ તુંબ તૂટી ગયાં પછી આરાઓનો કોઇ આધાર રહેતો નથી તેમ સમ્યક્ત્વ હણાઇ ગયાં પછી માત્ર ચારિત્ર દ્વારા મોક્ષ મળી શકતો નથી. ॥૪૮॥

સુંદર શોભાવાળું પણ કમળ મૂળને કાપી નાંખ્યા પછી જેમ નષ્ટ થઇ જાય છે તે જ રીતે સમ્યક્ત્વનો નાશ થાય છે એ સાથે જ બાકીની સઘળી ક્રિયાઓ શોભા વિનાની બની જાય છે. ॥૪૯॥

પાયો નષ્ટ થઇ જતાં ભલભલું રાજભવન જેમ પડી ગયાં વિના રહેતું નથી તેમ સમ્યક્ત્વ ચાલ્યાં ગયા પછીનું દ્રવ્ય ચારિત્ર જરુર નિષ્ફળ થઇ જાય છે. ॥૫૦॥

ઇંધણ વિનાનો અગ્નિ અને હૃદય વિનાનો પુરુષ જેમ મૃત્યુને શરણ થાય છે તે જ રીતે સમ્યક્ત્વથી પતિતનું સંપૂર્ણ ચારિત્ર કરમાઇ જાય છે. ॥૫૧॥

* **'बोधिपताका' वृत्तिः :**

जहेति । नवसङ्ख्यकैरुपनयैरत्र सम्यक्त्वशून्यायाः क्रियाया वैयर्थ्यं मण्डयति तत्र प्रथमोपनयः । 'जह महासागरम्मि सिअवडेण विणा बोहित्थं न तरइ' श्वेतपटेन - रक्षावृत्तिविशेषेण विना दृढबन्धमपि यानपात्रं भीषणेऽम्बुनिधौ यथा न तरति । 'तह किरियारूइ सम्मत्तेण विणा भवोदहिं न तरइ' एवमेव जिनोक्तक्रियायाःस्वीकारकर्ताऽपि श्वेतपट सदृशं सम्यक्त्वन्तेन विना भवसागरान्तं न याति,

यदाख्यातं दर्शनशुद्धिप्रकरणे पूर्वाचार्यैश्चन्द्रप्रभसूरिभिः,

**कुणमाणो वि निवित्तिं परिच्चयंतो वि सयणधणभोगे ।**
**दिंतो वि दुस्सह उरं मिच्छदिट्ठि न सिज्झइ उ ॥४०॥**

अथ द्वितीय उपनयः । 'जह महाविसालो रुक्खो उ मूलम्मि हए विणस्सए' यथा वृक्षस्य जीवितन्तन्मूलाऽऽयत्तम्, प्राणवति मूले वृक्षः प्राणिति, निःश्वसिते च मूले वृक्षोविनश्यति

शाखोपशाखाघटाकुलोऽपि चेत् । 'तह सम्मत्तमूलविगमे सेसचरणंपि नासइ' तथा सम्यक्त्वाऽपगामे चारित्रस्याऽपगमः, स्थितिमति सम्यक्त्वे प्राप्तचारित्रस्याऽवस्थानन्तत्र-तस्य मूलत्वाद् वृक्षवत्,

यदुक्तम्प्रज्ञापनासूत्रस्य द्वाविंशत्तमे पदे पूर्वधरैः श्यामाचार्यैः,

**जस्स पुण मिच्छादंसणवत्तिया किरिया कज्जइ तस्स अपच्चक्खाणकिरिया णियमा कज्जइ ॥**

तृतीयस्त्वेवम् । 'जह गुरुण भट्ठेण गुणो भट्ठो होइ' मार्गोपपन्नाद् गीतार्थगुरोर्वियुक्तस्य मुनेः सद्गुणोऽपि यथा कुलवालकवद् विषण्णो भवति ।

अत एवोपदिष्टमुपदेशपदे भगवद्भिर्हरिभद्राऽऽचार्यैः,

**णाणस्स होइ भागी थिरतरत्तो दंसणे चरित्ते य ।**
**धन्ना आवकहाए गुरुकुलवासं न मुंचन्ति ॥**

'तह सम्मत्तेण विणा सयलो धम्मो मुहा होइ' तथा सम्यक्त्वात् पतितस्य सकलोऽपि सदाचारग्रामः पतनाऽभिमुखो भवति ।

तुरीयोपनयस्त्वेवम् । 'जह नाहम्मि हणिए सयलं चउरंगं सिन्नं नासए' शत्रूच्छेदक्षमत्वेन सबलं विशालमपि चतुरङ्गं सैन्यं यथा निहते सेनान्यां स्वयमेव पलायते । 'तह सम्मत्तम्मि हए दाणाइयो धम्मो नासइ' एवं सम्यक्त्वस्य च्यवनाऽनन्तरमवशिष्टो दान - शील - तपोभेदभिन्नो धर्मसमूहोऽपकर्षमाप्नुवन्ति ।

यदुद्गीर्णमध्यात्मसारप्रकरणे महोपाध्याययशोविजयैः,

**सम्यक्त्वसहिता एव शुद्धा दानादिकाः क्रियाः ।**
**तासाम्मोक्षफले प्रोक्ता यदस्य सहकारिता ॥**

पञ्चमोपनयोऽयम् । 'जह तुंबे विणट्ठे आरेहिं साहारो नेव होइ' तुम्बञ्चक्रस्य नाभिस्तस्मिन् विच्छिन्ने आरकमात्रैश्चक्रस्याऽऽधारत्वन्न हि भवति । 'तह सम्मत्तम्मि हए चरणेण परमगई न होइ' तुम्बमिव सम्यक्त्वम्, आरकवच्चरणञ्चक्रम्पुनः मोक्षोपासना, सम्यक्त्वे विशीर्णे तद्विरहितैश्चारित्रमात्रैर्मोक्षाऽवाप्ति र्न भवति ।

यदभिहितं संवेगिमुनिगम्भीरविजयैरध्यात्मसारवृत्त्याम्,

**'सम्यग्दर्शनहीनो मोहादिकं परिभूय मोक्षराज्यन्न प्राप्नोति ।'**

षष्ठस्त्वेष उपनयः । 'जह कित्तिए मूले विच्छायं कमलं विणट्ठं हवइ' पुष्पेषु प्रधानत्वं कमलस्य, विकसितकान्तिमतोऽपि तस्य मूले कर्तिते विच्छेद एव भावी । 'तह सम्मत्त -नासम्मि किरिया विच्छाया' एवं सम्यक्त्वात् पतितस्य शास्त्रोक्तक्रियाऽऽचरण-प्रयत्नोऽप्यस्तमेव याति ।

यदाज्ञप्तं श्रुतकेवलिभिर्भद्रबाहुसूरिभिरोधनिर्युक्तौ,

**नाणं व दंसणं वा तवो य तह संजमो य साहुगुणा ।**
**एक्कं सव्वेसु वि हीलिएसु ते हीलिया हुंति ।।५२९।।**

अथ सप्तमोपनयः । 'जह पीढविणासे महाआययणमवस्सं विणस्सए' पीठिकायाः विशरणाऽनन्तरं स्वर्गाऽपगतखण्डसममपि राजभवनमवश्यं प्रपतति । 'तह दंसणस्स विगमे सयलं विहलं पमत्तंत्तं । प्रमत्तत्वं षष्ठं गुणस्थानं सर्वचारित्ररूपन्तत्सकलमपि सम्यक्त्वस्याऽपगामे शून्याकारम्भवति । यदुक्तमादिपुराणे दिगम्बरग्रन्थेऽपि,

**चारित्रं दर्शन - ज्ञानविकलन्नार्थकृन्मतम् ।**
**प्रपातायैव तद्धि स्यादन्धस्येव विवल्गितम् ।।२४/११२।।**

अष्टमन्नवमञ्च युगपद् । 'जह इंधणविहीणो अग्गीव हियएण रहिओ पुरीसो विज्झायइ' यथा निरन्धनो वह्निरचिरादेवोपशाम्यति, विरतहृदयश्च पुरुषस्तूर्णं म्रीयते । 'तह सम्मत्त-रहियस्स सयल चरणं' एवं सम्यक्त्वशून्यस्य मुनेरखिलश्चारित्राचारोऽचिरं विगलति,

अत एवोक्तं दर्शनप्राभृते,

**दंसणमूलो धम्मो उवइट्ठो जिणवरेहिं सिस्साणं ।**
**तं सोउण सकण्णे दंसणहीणो ण वंदिव्वो ।।इति ४४ तः ५१।।**

*** ટીકાનો ભાવાર્થ :**

સમ્યક્ત્વ વિનાનું ચારિત્ર, આચાર કે ક્રિયા બધું જ નિષ્ફળ છે. શાસ્ત્રોના આ અભિપ્રાયને અહીં પુષ્ટ રીતે મંડિત કરવામાં આવે છે. સમ્યક્ત્વરહિત આચારની વ્યર્થતા સમજાવવા માટે ગ્રંથકારે નવ-

નવ દૃષ્ટાંતોનો આશરો સ્વીકાર્યો છે. સળંગ આઠ-આઠ ગાથાઓ સુધી આ નવ દૃષ્ટાંતો અને તેના ઉપનયની સમજ આપવામાં આવી રહી છે. જેનો સ્વાધ્યાય આપણા ચિત્તમાં એવો મજબૂત નિર્ણય કરાવશે કે સમ્યક્ત્વ વિનાનો ધર્મ સંપૂર્ણ વિફળ છે.

**૧. પહેલો ઉપનય :**

જહાજ ગમે તેટલું મજબૂત હોય, સક્ષમ હોય તેમ છતાં તેને સઢની જરુર છે. સઢ વિનાનું જહાજ તોફાની સમુદ્રને ઓળંગી શકતું નથી.બસ, સમ્યક્ત્વ સઢ જેવું છે અને એ સિવાયની ક્રિયાઓ જહાજ જેવી છે. જિનેશ્વરે ઉપદેશેલી ક્રિયાઓ જેમને ગમે છે, જેઓ તે ક્રિયાનું રસપૂર્વક પાલન કરે છે છતાં જો સમ્યક્ત્વથી તેઓ દૂર રહે છે તો એવા ક્રિયારૂચિ જીવો ભવસાગરના અંત સુધી પહોંચી શકતાં નથી.

પૂ. પૂર્વાચાર્ય શ્રી ચન્દ્રપ્રભસૂરિ મહારાજે 'दर्शनशुद्धिप्रकरण' માં ફરમાવ્યું છે કે—

**कुणमाणो वि निवित्तिं परिच्चयंतो वि सयणधणभोगे ।**

**दिंतो वि दुस्सह उरं मिच्छदिट्ठि न सिज्झइ उ ॥४०॥**

સારાર્થ : સ્વજન અને ધનનો ત્યાગ કરીને સંયમને સ્વીકારનારો તેમજ તે પછી પણ અવર્ણનીય પરિષહોને સહન કરનારો આત્મા પણ જો મિથ્યાદૃષ્ટિ છે તો મોક્ષને પામતો નથી. ॥

**૨. બીજો ઉપનય :**

વૃક્ષનું જીવન તેના મૂળને આધીન હોય છે. મૂળમાં જો પ્રાણો ધબકે છે તો વૃક્ષમાં પણ પ્રાણોનો ધબકાર થશે અને મૂળ જો નિશ્ચેષ્ટ થઇ ચૂક્યું છે તો ગમે તેવું ઘટાટોપ વૃક્ષ પણ વિનાશ પામ્યાં વિના નહીં રહે.

સમ્યક્ત્વ મૂળના સ્થાને છે અને વૃક્ષના સ્થાને ચારિત્ર છે. સમ્યક્ત્વનો જ્યાં ક્ષય થાય છે ત્યાં ચારિત્રનો પણ ક્ષય થાય છે. પ્રાપ્ત થયેલું ચારિત્ર તો જ ટકી શકે છે જો સમ્યક્ત્વની સ્થિરતાને ચોંટ લાગી નથી. તે સ્થિરતાપૂર્વક ટકી રહ્યું છે.

પૂ. પૂર્વધર આ.શ્રી શ્યામસૂરિ મહારાજે पन्नवणा નામના ઉપાંગસૂત્રના બાવીશમાં પદમાં ફરમાવ્યું છે કે—

**जस्स पुण मिच्छादंसणवत्तिया किरिया कज्जइ तस्स अपच्चक्खाणकिरिया णियमा कज्जइ ॥**

સારાર્થ : જેને મિથ્યાત્વનો ઉદય થાય તેને પચ્ચક્ખાણના અભાવનો / વ્રતના અભાવનો અવશ્ય ઉદય થાય.

**૩. ત્રીજો ઉપનય :**

માર્ગસ્થ અને ગીતાર્થ ગુરુ ભગવંતથી છૂટાં થયેલાં શિષ્યમાં જે કાંઇ સદ્ગુણ છે તેનો પણ ક્ષય થઇ જાય છે. કુલવાલકમુનિ આ માટે દૃષ્ટાંતરૂપ છે.

ઉપદેશપદ નામના ગ્રંથમાં પૂ. પૂર્વાચાર્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે નોંધ કરી છે કે–

**णाणस्स होइ भागी थिरतरतो दंसणे चरित्ते य ।**

**धन्ना आवकहाए गुरुकुलवासं न मुंचन्ति ॥**

સારાર્થ : તેઓ ધન્ય છે જેઓ જીવનભર માટે ગુરુકુળવાસનો ત્યાગ કરતાં નથી. તેઓ જ્ઞાનના ભાગી બને છે અને દર્શનમાં તેમજ ચારિત્રમાં પણ સ્થિરતા પામે છે.

ગુરુથી ભ્રષ્ટ થયેલાં શિષ્યની જેમ સમ્યક્ત્વથી પતિત થયેલાં આત્માનો સમગ્ર સદ્આચાર પતનના આરે આવી ઉભો છે.

**૪. ચોથો ઉપનય :**

જેની પાસે શત્રુને ઉખેડીને ફેંકી દેવાની શક્તિ છે અને એથી જ જે બળવાન છે એવી પણ ચતુરંગી સેના ત્યારે સ્વયં મેદાન છોડીને પલાયન થઇ જાય છે જ્યારે તેનો સેનાપતિ માર્યો જાય છે. એવું જ કંઇક અહીં બને છે. સમ્યક્ત્વનું ચ્યવન થયાં પછી દાન, શીયળ અને તપનું જે કાંઇ અસ્તિત્વ રહ્યું હોય તે પણ નાશ પામી જાય છે.

अध्यात्मसारप्रकरण માં પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.એ લખ્યું છે કે–

**सम्यक्त्वसहिता एव शुद्धा दानादिकाः क्रियाः ।**

**तासाम्मोक्षफले प्रोक्ता यदस्य सहकारिता ॥**

સારાર્થ : સમ્યક્ત્વ સાથેની જ દાન, શીયળ, તપ વિગેરેની ક્રિયાઓ શુદ્ધ બને છે. તે ક્રિયાઓ દ્વારા જે મોક્ષફળ મળે છે તેમાં સમ્યક્ત્વનો અપૂર્વ સહકાર સમાયેલો છે.

**૫. પાંચમો ઉપનય :**

ચક્રના મધ્યવર્તિભાગને તુંબ કહેવાય. ચારે તરફ ગોઠવાયેલાં દંડોને આરક કહેવાય. તુંબ તૂટી ગયાં પછી એકલાં આરકોના સહારે ચક્ર ટકી શકતું નથી કેમકે ચક્રનો આધાર તો તુંબ હતો.

સમ્યક્ત્વ એ તુંબ જેવું છે. આરક જેવું ચારિત્ર છે અને મોક્ષની સાધના ચક્ર જેવી છે. સમ્યક્ત્વરૂપી તુંબ તૂટી જાય છે ત્યારે મોક્ષ સાધના પણ તૂટે છે. એકલાં ચારિત્રના આધાર પર તે ટકી શકતી નથી.

अध्यात्मसार ની वृत्ति માં પૂ. ગંભીરવિજયજી ગણી લખે છે કે–

**'सम्यग्दर्शनहीनो मोहादिकं परिभूय मोक्षराज्यन्न प्राप्नोति ।'**

સારાર્થ : સમ્યક્ત્વ વિનાનો આત્મા મોહને હરાવીને મોક્ષનું રાજ્ય મેળવી શકતો નથી.

**૬. છઠ્ઠો ઉપનય :**

પુષ્પની પ્રજાતિઓમાં કમળને શ્રેષ્ઠ ગણવામાં આવે છે. જેની કાંતિ ઝગમગાટ કરી રહી છે એવું પણ કમળ તેના મૂળને કાંપી નાંખવામાં આવે છે ત્યારે ઉખડ્યાં વિના રહેતું નથી. એ

જ રીતે સમ્યક્ત્વથી પતિત થયેલાં આત્માનો ક્રિયાની વિશુદ્ધિ માટેનો આડંબર પણ અસ્ત પામ્યાં વિના રહેતો નથી.

ओघनिर्युक्ति નામના આગમસૂત્રમાં પૂ. પૂર્વધર આ.શ્રી ભદ્રબાહુસૂરીશ્વરજી મહારાજે ઉચ્ચાર્યું છે કે—

**नाणं व दंसणं वा तवो य तह संजमो य साहुगुणा ।**

**एक्कं सव्वेसु वि हीलिएसु ते हीलिया हुंति ॥५२९॥**

સારાર્થ : સમ્યક્ત્વ, જ્ઞાન, તપ અને સંયમ... આ બધા સાધુના ગુણો છે. તે પૈકીના એકની જ્યાં હીલના થાય છે ત્યાં શેષ સર્વની હીલના થઇ જાય છે.

**૭. સાતમો ઉપનય :**

જાણે સ્વર્ગનો ટૂકડો આકાશમાંથી ખરી પડીને ધરતી પર આવી ચડ્યો હોય એવું જેનું રૂપ છે, સૌંદર્ય છે એવું રાજભવન પણ તેના પાયાનો નાશ થયાં પછી અવશ્ય ધરાશાયી થઇ જાય છે. એ જ રીતે સમ્યક્ત્વ તો પાયો છે તેનો નાશ થયાં પછી તેની ઉપર ઉભી થયેલી છઠ્ઠાં ગુણસ્થાનકરૂપ સર્વવિરતિધર્મની મહેલાત અવશ્ય જમીનદોસ્ત થઇ જાય છે.

आदिपुराण નામના દિગંબર ગ્રંથમાં કહ્યું છે કે—

**चारित्रं दर्शन - ज्ञानविकलन्नार्थकृन्मतम् ।**

**प्रपातायैव तद्धि स्यादन्धस्येव विवल्गितम् ॥२४/११२॥**

સારાર્થ : દર્શન અને જ્ઞાન વિનાનું ચારિત્ર તો અનર્થ કરનારું છે. તે અવશ્ય પતનશીલ છે. આંધળાને કરેલાં શણગાર જેવું છે.

**૮-૯. આઠમો અને નવમો ઉપનય :**

જે પળે ઇંધણનું છેલ્લું તણખલું ખતમ થાય છે, તત્ક્ષણ અગ્નિ શાંત થઇ જાય છે. જે પળે હૃદય ધબકતું અટકી જાય છે તે જ પળે પુરુષ મૃત્યુને શરણ થઇ જાય છે. એવું જ કંઇક અહીં છે. સમ્યક્ત્વથી પતિત થયેલાં મુનિનું ચારિત્ર ઇંધણ વિનાના અગ્નિ જેવું છે. હૃદય વિનાની કાયા જેવું છે. આથી જ दर्शनप्राभृत ગ્રંથમાં લખાયું છે કે—

**दंसणमूलो धम्मो उवइट्ठो जिणवरेहिं सिस्साणं ।**

**तं सोउण सकण्णे दंसणहीणो ण वंदिव्वो ॥**

સારાર્થ : તીર્થંકરોએ તેમના શિષ્યોને સમ્યક્ત્વમૂલક ધર્મનો ઉપદેશ કર્યો છે.કાન દઇને આ વાત સાંભળો તેમજ એ પછી સમ્યક્ત્વથી પતિત મુનિને વંદન કરવાનું બંધ કરો.

✡ ✦ ✡

* **विषयनिर्देशिका :**

सम्यक्त्वाभावे शेषरत्नत्रयस्य निरपवादं वैयर्थ्यं दर्शयन्नाह–

* **ભાવાર્થ :**

સમ્યક્ત્વના અભાવમાં શેષરત્નત્રયીની અપવાદરહિત વ્યર્થતાનું દર્શન કરાવતાં કહે છે કે–

* **मूलम् :**

**इय सम्मत्तेण विणा सव्वं चिअ छारआहुइसरिच्छं ।**

**बहिरस्स कन्नजावो हवइ तुसखंडणं व समं ॥५२॥**

* **छाया :**

इति सम्यक्त्वेन विना सर्वञ्चैव भस्मनिहुतं सदृशम् ।

बधिरस्य कर्णजापो भवति तुषखण्डनेन समम् ॥५२॥

* **ગાથાર્થ :**

ઉપરોક્ત સમ્યક્ત્વ વિનાનું બધું જ (ધર્માચરણ) (૧) રાખમાં આહુતિ જેવું છે. (૨) બધિરને મંત્ર સંભળાવવા જેવું છે અને (૩) તુષ ખંડન સમાન છે.

* **'बोधिपताका' वृत्तिः :**

इयेति । 'इय' पूर्वोक्तैर्नवोपनयैर्यन्माहात्म्यमावेदितन्तेन । 'सम्मत्तेण विणा' तत्त्वाऽभिलाष एव सम्यक्त्वन्तत्त्वम्पुनो यथार्थज्ञानम्,

यदुक्तं 'योगशतके' श्रीमद्धरिभद्राऽऽचार्यैः,

**सण्णाणं वत्थुगओ बोहो सद्दंसणं तु तत्थ रूई ।**

**सच्चरणमणुट्ठाणं विहि-पडिसेहाणुगं तत्थ ॥**

एवं सज्ज्ञानरूचिरेव सम्यक्त्वन्तेन विना । 'सव्वं चिअ' शेष-रत्नत्रयमर्थाज्ज्ञान - चारित्रे विततेऽपि । 'छारआहुइसरिच्छं' भस्मनि हुतमिव व्यर्थम् । 'बहिरस्स कन्नजावो' कर्णहीनस्य कर्णजापवदत्यन्तं विफलम्। 'तुसखंडणेण समं' तुषखण्डनोपमञ्चैतन्मुधैव, एवं सम्यक्त्वविकलयो र्ज्ञान - चारित्रयोर्निरपवादं वैयर्थ्यम्,

यदभिहितं दिगम्बराचार्यैः कुन्द कुन्दैः रयणसारेऽपि,

**सम्मं विणा सण्णाणं सच्चरित्तं ण होइ नियमेण ।**
**ता रयणत्तयमज्झे सम्मगुणुक्किट्ठं जिणुद्दिट्ठं ॥४६॥५२॥**

*** ટીકાનો ભાવાર્થ :**

૧. સમ્યક્ત્વ એટલે તત્ત્વ પ્રાપ્તિની અભિલાષા. **ઊંડાણથી વિચારતાં સમજાય છે કે સમ્યક્ત્વ પ્રગટે છે ત્યારે તત્ત્વ તરફનો અરમાન ઉમટ્યાં વિના રહેતો નથી. આથી તત્ત્વ પ્રાપ્તિની અભિલાષાને સમ્યક્ત્વ કહીએ તેમાં બાધ નથી.** હવે તત્ત્વ એટલે શું ? એ પ્રશ્ન ઉભો થાય. તેનો જવાબ છે, વસ્તુનો યથાર્થ બોધ એટલે તત્ત્વ.

योगशतक ગ્રંથમાં પૂ. પૂર્વાચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજે લખ્યું છે કે—

**सण्णाणं वत्थुगओ बोहो सद्दंसणं तु तत्थ रूई ।**
**सच्चरणमणुट्ठाणं विहि-पडिसेहाणुगं तत्थ ॥**

સારાર્થ : વસ્તુનો વસ્તુલક્ષી બોધ એટલે સમ્યગ્જ્ઞાન. સમ્યગ્જ્ઞાનની અભિલાષા એટલે સમ્યક્ત્વ અને જ્ઞાન અને દર્શનનું વિધિ - નિષેધપૂર્વકનું આચરણ એટલે સમ્યક્ ચારિત્ર...

૨. આવા સમ્યક્ત્વનું માહાત્મ્ય પૂર્વ ગાથાઓમાં નવ-નવ ઉપનયો વડે દર્શાવ્યું છે. આ સમ્યક્ત્વ વિનાની શેષરત્નત્રયી એટલી બધી નિષ્ફળ છે કે એની નિષ્ફળતામાં ક્યાંય અપવાદ મળે તેમ નથી. શેષરત્નત્રયી એટલે જ્ઞાન અને ચારિત્ર. સમ્યક્ત્વ વિનાના જ્ઞાન અને ચારિત્ર કેવા ?

૧. રાખમાં આહુતિ આપવા જેવા...

૨. બહેરાના કાનમાં મંત્ર ભણવા જેવા...

૩. ફીકા તુષને ખાંડવાની પ્રવૃત્તિ જેવા...

ત્રણેય પ્રવૃત્તિ જેમ સંપૂર્ણ વ્યર્થ છે તેમ સમ્યક્ત્વ વિનાનાં જ્ઞાન, ચારિત્ર પણ વ્યર્થ છે.

દિગંબરાચાર્ય શ્રી કુંદકુંદે પણ रयणसार નામના ગ્રંથમાં લખ્યું છે કે—

**सम्मं विणा सण्णाणं सच्चरित्तं ण होइ नियमेण ।**
**ता रयणत्तय मज्झे सम्मगुणुक्किट्ठं जिणुद्दिट्ठं ॥४६॥**

સારાર્થ : સમ્યક્ત્વ વિના સજ્જ્ઞાન અને સચ્ચારિત્ર કદાપિ હોઇ શકતાં નથી તેથી રત્નત્રયીમાં જિનેશ્વરે સમ્યક્ત્વગુણની ઉત્કૃષ્ટતા દર્શાવી છે.

* **विषयनिर्देशिका :**

तदभाववतो बाह्यानुष्ठानस्य वैयर्थ्यम्प्ररूपयन्नाह—

* **ભાવાર્થ :**

સમ્યક્ત્વની અવિદ્યમાનતામાં બાહ્ય-અનુષ્ઠાનો વ્યર્થ છે એવી પ્રરુપણા કરતાં કહે છે કે—

* **मूलम् :**

**अंधारनिच्चिअं पिव सव्वदेहोवट्टणं जहा विहलं ।**

**तह सम्मत्तेण विणा सयलं बज्झं अणुट्ठाणं ।।५३।।**

* **छाया :**

अन्धकारे निचितमिव सर्वदेहोद्वर्तनं यथा विफलम् ।

तथा सम्यक्त्वेन विना सकलं बाह्यमनुष्ठानम् ।।५३।।

* **ગાથાર્થ :**

અંધકારમાં કરેલો દેહનો સકળ શણગાર જેમ વિફળ છે તેમ સમ્યક્ત્વના અભાવમાં કરેલાં બાહ્ય અનુષ્ઠાનો / દ્રવ્ય અનુષ્ઠાનો સંપૂર્ણ વિફળ છે. ।।૫૩।।

* **'बोधिपताका' वृत्तिः :**

अंधारेति । 'सम्मत्तेण विणा' सम्यक्त्वस्याऽभावे परमार्थतस्तदाभिमुख्यस्याऽप्यभावे । 'सयलं बज्झं अणुट्ठाणं' समस्तं बाह्याऽनुष्ठानं यथा गुरुकुलवासवसतिः, पञ्चप्रहराऽध्ययनम्, विकटस्तपोविधिः, उग्रा विहारचर्या, मल-मालिन्यधारणमित्याद्यपरमपि । 'अंधार निच्चिअं सव्वदेहोवट्टणं पिव विहलं' तमसां प्रचारे ललिताऽपि देहभूषा यथा विफला तदिव मिथ्यात्वतमोव्याप्ते मनसि जिनोक्तं बाह्यानुष्ठानं व्यर्थमेव,

यदुद्गीर्णम्पञ्चमगणधरैः सूत्रकृदङ्गे,

**जे याऽबुद्धा महाभागा वीरा असम्मत्तदंसिणो ।**

**असुद्धं तेसिं परक्कंतं अफलं होइ सव्वसो ।।२२।।**

**जे य बुद्धा महाभागा वीरा सम्मत्तदंसिणो ।**

**सुद्धं तेसिं परक्कंतं सफलं होइ सव्वसो ।।२३।।५३।।**

*** ટીકાનો ભાવાર્થ :**

સમ્યક્ત્વની અવિદ્યમાનતામાં અને સમ્યક્ત્વની અભિમુખ અવસ્થાની પણ અવિદ્યમાનતામાં જે કાંઇ દ્રવ્યાનુષ્ઠાનો / ધર્મની બાહ્ય પ્રવૃત્તિઓ આચરવામાં આવે તે અંધકારમાં રચેલાં દેહના શણગાર જેવી છે, વિફળ છે.

બાહ્ય અનુષ્ઠાનોમાં કેટલાંક નમૂના જોઇએ. (૧) ગુરુકુળવાસનું સેવન. (૨) ઉગ્ર વિહારચર્યા. (૩) પાંચ પ્રહરનો સ્વાધ્યાય. (૪) કઠીન તપશ્ચર્યાનું સેવન. (૫) મેલાં વસ્ત્રો ધારણ કરવાં... આ અને આવી અન્ય બાહ્ય ક્રિયાઓ સમ્યક્ત્વના અભાવમાં સદંતર નકામી છે.

મિથ્યાત્વનો અંધકાર જ્યાં સુધી મનમાં ફેલાયેલો છે ત્યાં સુધી સેવેલી ઉપરોક્ત બાહ્ય ધર્મક્રિયાઓ ઇચ્છિત ફળને આપી શકતી નથી.

પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામીજી ભગવંતે સૂત્રકૃતાંગ નામના આગમમાં ફરમાવ્યું છે કે—

**जे याऽबुद्धा महाभागा वीरा असम्मत्तदंसिणो ।**

**असुद्धं तेसिं परक्कंतं अफलं होइ सव्वसो ।।२२।।**

**जे य बुद्धा महाभागा वीरा सम्मत्तदंसिणो ।**

**सुद्धं तेसिं परक्कंतं सफलं होइ सव्वसो ।।२३।।**

સારાર્થ : જેઓ સમ્યક્ત્વધર નથી તેઓ સાચા વૈરાગી નથી અને તેથી તેમનું સંયમપાલન માટેનું સઘળું ય પરાક્રમ અશુદ્ધ બની જાય છે. અંતે તેમનાં સંયમ અને તપ સંપૂર્ણ વિફળ નીવડે છે.

જેઓ સમ્યક્ત્વધર છે તેઓ મહાનુભાવ છે, વૈરાગી છે, તેમનું તપ અને સંયમ માટેનું પરાક્રમ શુદ્ધ કક્ષાનું બને છે અને સંપૂર્ણ સફળ થાય છે.

✡ ✦ ✡

*** विषयनिर्देशिका :**

पुनरवाप्तिदौर्लभ्यात् तत्रैव सर्वतः प्रयत्नो विधेय इत्युपदेशयन्नाह—

*** ભાવાર્થ :**

સમ્યક્ત્વની પુનઃ પ્રાપ્તિ ખૂબ દુર્લભ છે માટે સમ્યક્ત્વ પ્રાપ્તિનો બધો જ પ્રયત્ન કરી લો એવો ઉપદેશ આપતાં કહે છે કે—

*** मूलम् :**

## ता इत्थेव पयत्तो कायव्वो सव्वहा पुणो एयं ।

## दंसणरयणं रयणं व दुल्लहं मंदपुन्नस्स ।।५४।।

* **छाया :**

तस्मादत्रैव प्रयत्नः कर्तव्यः सर्वथा पुन एतत् ।

दर्शनरत्नं रत्नमिव दुर्लभम्मन्दपुन्याय ॥५४॥

* **ગાથાર્થ :**

તેથી અહીં (સમ્યક્ત્વ માટે) જ પુરુષાર્થ કરવા જેવો છે. અલ્પ પુન્યક જીવો માટે આ સમ્યક્ત્વરુપી રત્ન રત્નની જેમ સર્વથા દુર્લભ છે.॥૫૪॥

* **'बोधिपताका' वृत्तिः :**

ता इति । 'सव्वहा' सम्पदि विपदि वा, दिवा निशि वा, तपस्यप्रत्याख्याते वा, सुभिक्षे दुर्भिक्षे वा, यशस्यपयशसि वा, सानुकूल्ये प्रातिकूल्ये वा । 'इत्थेव' सम्यक्त्वाऽवाप्त्यै प्राप्तेन तत्स्थैर्याय । 'पयत्तो कायव्वो' पुरुषार्थो विधेयः कथञ्चेदुदीरयति । 'मंदपुण्णस्स' पुणो एयं दंसणरयणं रयणं व दुल्लहं' जीर्णपुन्याय निधानस्याऽवाप्तिवदिदं सम्यक्त्वरत्नस्य प्राप्तिः पुनरवाप्तिश्च परमदुर्लभा,

यदाख्यातं रत्नकरण्डे दिगम्बराचार्यैः सामन्तभद्रैरपि,

**न सम्यक्त्वसमं किञ्चित् त्रैकाल्ये त्रिजगत्यपि ।**

**श्रेयोऽश्रेयश्च मिथ्यात्वसमन्नाऽन्यत्तनुभृताम् ॥५४॥**

इदमत्र तात्पर्यम् । सम्यक्त्वस्य पुनरवाऽऽप्तेदौर्लभ्यन्तस्य परिमीतस्थितित्वाद् । भिन्न-ग्रन्थिकानाम्भवभ्रमणमुत्कर्षतोऽनन्तं सम्भवि परन्तत्र सम्यक्त्वस्य कालमानमसङ्ख्यातमेव ।

१. औपशमिकदर्शनं समग्रभवचक्रे पञ्चवारं लभ्येत, प्रत्येकवारस्य सर्ववारस्य च जघन्यत उत्कर्षतश्च कालमानमन्तर्मुहूर्तमेव ।

२. सास्वादनं दर्शनं षडावलिमानमुत्कर्षतो जघन्यतः पुनः समयैकमानम्, उपशम-तश्च्यवतैवैतल्लभ्यतेऽतोऽधिकतः पञ्चवारमिदमवाप्यते ।

३. क्षायोपशमिकमुत्कर्षतोऽसङ्ख्येयवारमासाद्यते तस्यैकवारस्य जघन्यतोऽन्त-र्मुहूर्तमुत्कर्षतः साधिकं षट्षष्टिसागरोपमं सर्ववारस्य पुनः परतोऽसङ्ख्यातं कालमानम् ।

४. वेदकमेकवारमेकसमयमात्रमानमवाप्यते ।

५. क्षायिकं साद्यनन्तम् । एवंसम्यक्त्ववतोभवस्थितेः सम्यक्त्वकालमानतोऽतितम-सम्भवत्वादेतद् दुर्लभम् ॥५४॥

* **ટીકાનો ભાવાર્થ :**

સંપત્તિ મળે ત્યારે અને વિપત્તિ ઘેરી વળે ત્યારે, તપસ્યા ચાલુ હોય તો પણ અને પચ્ચક્ખાણ વિનાની અવસ્થા હોય તો પણ, યશની વૃદ્ધિ થાય તો પણ અને અપયશ મળે તો પણ, સુકાળ પ્રવર્તે ત્યારે અને દુકાળ આવી ચઢે ત્યારે પણ, અનુકૂળતામાં કે પ્રતિકૂળતામાં અને દિવસે કે રાત્રે સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે જ પ્રયત્ન કરવો જોઇએ. જેમને સમ્યક્ત્વ નથી મળ્યું તેમણે તે મેળવવા માટે અને જેમને સમ્યક્ત્વ મળ્યું છે તેમણે તેની સ્થિરતા માટે સતત પુરુષાર્થશીલ બનવું જોઇએ.

કમનસીબ જીવોને નિધાનની પ્રાપ્તિ દુર્લભ છે તેમ અલ્પપુન્યક જીવોને સમ્યગ્દર્શનની ફરી ફરીને પ્રાપ્તિ પરમ દુર્લભ છે.

દિગંબરાચાર્ય શ્રી સામંતભદ્રસૂરિએ रत्नकरण्ड નામના ગ્રંથમાં લખ્યું છે કે–

**न सम्यक्त्वसमं किञ्चित् त्रैकाल्ये त्रिजगत्यपि ।**

**श्रेयोऽश्रेयश्च मिथ्यात्वसमन्नाऽन्यत्तनुभृताम् ॥५४॥**

સારાર્થ : ત્રણ લોકમાં અને ત્રણ કાળમાં સમ્યક્ત્વ સમાન શ્રેયસ્કારી બીજું કશું નથી અને મિથ્યાત્વ સમાન અશ્રેય બીજું કોઇ નથી.

✦ **સમ્યક્ત્વની દુર્લભતાનું તાત્પર્ય :**

અહીં એક પ્રશ્ન ઉદ્ભવે છે. એક તરફ સમ્યક્ત્વની પુનઃ પ્રાપ્તિને પુષ્કળ દુર્લભ કહેવામાં આવી છે અને બીજી તરફ સમ્યક્ત્વધર આત્માનો મોક્ષ નિશ્ચિત છે તેવું વિધાન થયું છે. આ પરસ્પર વિરોધી વાત નથી ?

ના, બે પૈકી એક પણ વિધાન અઘટિત નથી અને પરસ્પર વિરોધી પણ નથી. બન્ને વિધાનોનું તાત્પર્ય સમજવાની જરુર છે. સમ્યક્ત્વધર આત્માનો મોક્ષ નક્કી છે તે પણ સાચું છે અને સમ્યક્ત્વની પુનઃ પ્રાપ્તિ દુર્લભ છે તે પણ સાચું છે. હવે આ બે વાતોનું પરસ્પરનું સંતુલન અહીં આપણે વિચારી લઇએ.

સમ્યક્ત્વ પામ્યાં પછી આત્મા ઉત્કૃષ્ટથી અનંતકાળ સુધી સંસાર ભ્રમણ કરી શકે છે જ્યારે આ અનંતકાળમાં સમ્યક્ત્વની વિદ્યમાનતા માત્ર અસંખ્યાત કાળ માટે રહી શકે છે. સમગ્ર સંસાર ભ્રમણ દરમ્યાન સમ્યક્ત્વની હાજરી માત્ર અસંખ્યાતકાળ માટે છે જ્યારે સમ્યક્ત્વ પામ્યાં પછીનું સંસાર ભ્રમણ અનંતુ પણ સંભવી શકે છે. આમ, સમ્યક્ત્વની વિદ્યમાનતાવાળો કાળ બહુ ઓછો છે માટે સમ્યક્ત્વની પુનઃ પ્રાપ્તિને ખૂબ દુર્લભ કહેવામાં આવી છે. અનંતાકાળ સામે અસંખ્યાતો કાળ તો સાગરની સામેના ટીપાં જેવો છે. અહીં, પાંચે પ્રકારના સમ્યક્ત્વના કાળમાન ઉપર દૃષ્ટિપાત કરીએ.

(૧) ઔપશમિક સમ્યક્ત્વ સમગ્ર સંસાર ભ્રમણ દરમ્યાન પાંચ વાર મળી શકે. આ સમ્યક્ત્વના એક વખતનું સમયમાન પણ અંતર્મુહૂર્તનું છે અને પાંચે વખતનું સામૂહિક સમયમાન પણ અંતર્મુહૂર્તનું છે. એક વખત અને પાંચે વખતનો જઘન્યથી સમયકાળ પણ અંતર્મુહૂર્તનો છે અને ઉત્કૃષ્ટ સમયકાળ પણ અંતર્મુહૂર્તનો છે.

(૨) સાસ્વાદન સમ્યક્ત્વ ઉપશમ સમ્યક્ત્વથી પતિત થતી વેળાંએ જ મળતું હોય છે તેથી તે વધુમાં વધુ પાંચ વાર મેળવી શકાય. ઉત્કૃષ્ટથી છ આવલિકા સુધી સાસ્વાદન સમ્યક્ત્વને અનુભવી શકાય. એથી વધુ સમય માટે નહિ. આ સમ્યક્ત્વનો જઘન્ય સમયકાળ એક સમયનો છે.

(૩) ક્ષાયોપશમિક સમ્યક્ત્વ સમગ્ર ભવભ્રમણ દરમ્યાન ઉત્કૃષ્ટથી અસંખ્યાતી વાર મળી શકે અને અસંખ્યવાર મળેલાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વનો બધો મળીને સમયકાળ પણ અસંખ્યાતો છે.

જ્યારે એક વખત મળેલું ક્ષાયોપશમિક સમ્યક્ત્વ જઘન્યથી અંતર્મુહૂર્ત સુધી ટકે અને ઉત્કૃષ્ટથી સાધિક છાસઠ સાગરોપમ સુધી ટકે.

(૪) વેદક સમ્યક્ત્વ એક વાર જ મળે અને એ પણ એક સમય માટે જ મળે.

(૫) ક્ષાયિક સમ્યક્ત્વ આવ્યાં પછી કદી જતું નથી. તેનો કાળ સાદિ-અનંત છે.

✡ ✦ ✡

* **विषयनिर्देशिका :**

तद्दूषणविशुद्ध्यर्थमधिकृतयोग्यत्वमासाद्यैतदाराधनीयमित्युपदिशन्नाह—

* **ભાવાર્થ :**

સમ્યક્ત્વના દૂષણોને ટાળવા માટે સમ્યક્ત્વની પ્રાપ્તિ માટેની યોગ્યતા મેળવવી જોઇએ અને એ પછી સમ્યક્ત્વને આરાધવું જોઇએ એવો ઉપદેશ કરતાં કહે છે કે—

* **मूलम् :**

**ता [तत्] तुब्भेहिं वि पत्तं पुव्वज्जियसुकयकम्मजोएणं ।**
**संकाइदोसरहिअं कायव्वं अप्पमत्तेणं ॥५५॥**

* **छाया :**

तद् युष्माभिरपि प्राप्तं पूर्वाऽर्जितसुकृतकर्मयोगेन ।
शङ्कादिदोषरहितं कर्तव्यमप्रमत्तेन ॥५५॥

* **ગાથાર્થ :**

પૂર્વકૃત પુન્યના યોગે તમને પણ તે (સમ્યક્ત્વ) પ્રાપ્ત થયું છે. અપ્રમત્ત બનીને શંકા વિગેરે દોષો ટાળીને તેનું આરાધન કરો. ॥૫૫॥

* **'बोधिपताका' वृत्तिः :**

ता इति । 'ता' मन्दपुन्येनाऽस्याऽवाप्तेर्दुलभत्वाद् । 'पुव्वज्जियसुकयकम्मजोएण' जन्मान्तरेष्वाराधितानां गुरुसेवादियोगानाम्परिपाकेन । 'तुब्भेहिं वि पत्तं' युष्माभिरप्येतत्सम्यक्त्वमवाप्तम् । 'संकाइदोसरहिअं' अथैतस्य शङ्का - काङ्क्षादिदूषणन्निर्मूलनीयम्, तन्निर्मूलनाय सम्यक्त्वायोचितां योग्यतामासादनीयम्, विवक्षितयोग्यत्वं गुणानामष्टकेषु त्रयोदशेषु वा पूर्वाचार्यैरधिकृतम्,

अष्टकन्तु पूर्वाचार्यैश्चन्द्रप्रभसूरिभिः सम्यक्त्वप्रकरणेऽभिहितम्,

**भासामइ - बुद्धि - विवेग - विणय- कुसलो[१] जियक्ख-गंभीरो[२] ।**
**उवसमगुणेहिं जुत्तो[३] निच्छय - ववहार नय निउणो[४] ॥४४॥**
**जिण - गुरु - सुयभत्तिरओ[५] हिय - मिय - पियवयणजंपिरो[६] धीरो[७] ।**
**संकाईदोसरहिओ[८] अरिहो सम्मत्तरयणस्स ॥४५॥**

त्रयोदशकम्पुनः प्रभानन्दसूरिभिर्हितोपदेशमालायामेवमुक्तम्,

**दढधम्मारायरत्ता[१] कम्मेसु अनिंदिएसु य पसत्ता[२] ।**
**वसणेसु असंखुद्दा[३] कुतित्थिरिध्धीसु वि अमुद्दा[४] ॥१२॥**
**अखुद्दा[५] य अकिंचिणा[६] अदुराराहा[७] अदीणवित्ती[८] य ।**
**हिय - मिय - पिय भासिल्ला[९] संतोषपरा[१०] अमाइल्ला[११] ॥१३॥**
**धम्मपडिकूलकुलगण-जणवयनिवजणयसयणअक्खोभा[१२] ।**
**जणसम्मया[१३] य पुरिसा सम्मत्ताहिगारिणो हुंति ॥१४॥**

'अप्पमत्तेण कायव्वं' दत्तमनस्कतया सन्ततमुपासनीयम्पुनः सद्दर्शनम्भवविरहमन्त्रम् ॥५५॥

* **ટીકાનો ભાવાર્થ :**

અલ્પપુન્યક જીવોને સમ્યક્ત્વની પ્રાપ્તિ દુર્લભ છે એથી જો આ સમ્યક્ત્વની તમને પ્રાપ્તિ થઇ છે તો એટલું નિશ્ચિત થઇ જાય છે કે પૂર્વ જન્મોમાં ગુરુસેવા વિગેરે પ્રશસ્તયોગોનું તમે આસેવન કર્યું હશે. યોગના આસેવનના ફળસ્વરૂપે અહીં સમ્યક્ત્વનું ઉપાર્જન થયું છે. આ સમ્યક્ત્વને શંકા-

કાંક્ષા વિગેરે દૂષણોનો ત્યાગ કરીને આરાધવું જોઇએ. સમ્યક્ત્વને દૂષિત કરનારાં શંકા-કાંક્ષા વિગેરે દૂષણોનું નિર્મૂલન કરવું છે તેમણે સમ્યક્ત્વ માટેની અપેક્ષિત યોગ્યતા મેળવવી જોઇએ.

સમ્યક્ત્વ માટેની અપેક્ષિત યોગ્યતા કોને ગણી શકાય ? આ પ્રશ્નનો ઉત્તર પૂર્વાચાર્યોના અભિપ્રાયમાં સમાયેલો છે. પૂર્વાચાર્યોના અભિપ્રાય અનુસાર આઠ ગુણો ધરાવનારમાં કે પછી તેર ગુણો ધરાવનારમાં સમ્યક્ત્વની આરાધના માટેની યોગ્યતા ખીલી ચૂકી છે.

પૂ. પૂર્વાચાર્ય શ્રી ચન્દ્રપ્રભસૂરિ મહારાજે सम्यक्त्वप्रकरण માં સમ્યક્ત્વ પ્રાપ્તિની યોગ્યતાના આઠ ગુણો નીચે મુજબ દર્શાવ્યાં છે...

**भासामइ - बुद्धि - विवेग - विणय- कुसलो[1] जियक्ख गंभीरो[2] ।**

**उवसमगुणेहिं जुत्तो[3] निच्छय - ववहार नय निउणो[4] ॥४४॥**

**जिण - गुरु - सुयभत्तिरओ[5] हिय - मिय - पियवयण जंपिरो[6] धीरो[7] ।**

**संकाईदोसरहिओ[8] अरिहो सम्मत्तरयणस्स ॥४५॥**

સારાર્થ :

૧. જેની પાસે ભાષા, બુદ્ધિ, વિવેક અને વિનયનું કૌશલ્ય છે...

૨. ઇન્દ્રિયો ઉપર અંકુશ મળ્યો હોવાથી જે ગંભીર છે...

૩. ઉપશમ વિગેરે ગુણો જેનામાં પ્રગટ્યાં છે...

૪. નિશ્ચયદૃષ્ટિ અને વ્યવહારદૃષ્ટિનો યોગ્યસ્થાને યોગ્ય ઉપયોગ જે કરે છે...

૫. દેવ, ગુરુ અને શાસ્ત્રોનો જે ભક્ત છે...

૬. જે પરિમીત અને પ્રિય વાણી બોલનાર છે...

૭. જેનામાં સ્વાભાવિક ધીરજ રહેલી છે...

૮. શંકા-કાંક્ષા વિગેરે દૂષણોનો જે ત્યાગ કરે છે... તે સમ્યક્ત્વની આરાધના માટે પાત્ર છે.

પૂ. પૂર્વાચાર્ય શ્રી પ્રભાનંદસૂરિ મહારાજે हितोपदेशमाला માં સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે તેર ગુણોને અપેક્ષિત ગણ્યાં છે...

**दढधम्मारायरत्ता[1] कम्मेसु अनिंदिएसु य पसत्ता[2] ।**

**वसणेसु असंखुद्दा[3] कुतित्थिरिध्धीसु वि अमुद्दा[4] ॥१२॥**

**अखुद्दा[5] य अकिंविणा[6] अदुराराहा[7] अदीणवित्ती[8] य ।**

**हिय - मिय - पिय भासिल्ला[9] संतोषपरा[10] अमाइल्ला[11] ॥१३॥**

**धम्मपडिकूलकुलगणजणवयनिवजणयसयणअक्खोभा[12] ।**

**जणसम्मया[13] य पुरिसा सम्मत्ताहिगारिणो हुंति ॥१४॥**

સારાર્થ : સમ્યક્ત્વ માટે તે અધિકારી છે જેની પાસે નિમ્નાંકિત તેર ગુણો છે.

(૧) ધર્મનો દઢ આદર, (૨) અનિંદિત જીવનશૈલી, (૩) મર્યાદાયુક્ત પહેરવેશ, (૪) મિથ્યાત્વીના આડંબરને જોઇને વિક્ષોભ ન થવો, (૫) અક્ષુદ્ર સ્વભાવ, (૬) ઉદારતા, (૭) સત્ત્વશીલતા, (૮) સરળતા, (૯) હિતકારી, મધુર અને અલ્પવાણી, (૧૦) સંતોષ, (૧૧) નિર્દંભતા, (૧૨) ધર્મ વિરોધીઓ સામે નીડરતા અને (૧૩) લોકપ્રિયતા...

આ રીતે સમ્યક્ત્વ પ્રાપ્તિ માટેની યોગ્યતાના ગુણો ખીલવવાની કોશિષ કરવી જોઇએ. આ પ્રયત્ન અપ્રમત્તપણે ઉપયોગપૂર્વક અને સતત થવો જોઇએ.

✡ ✦ ✡

* **विषयनिर्देशिका :**

सम्यक्त्वाऽपगामस्य बलिष्ठनिमित्तौ मिथ्यात्व-प्रमादाविति संवदन्नाह–

* **ભાવાર્થ :**

સમ્યક્ત્વને પતિત કરનારાં બલિષ્ઠ કારણો કોઇ હોય તો તે બે છે. એક, મિથ્યાત્વ. બે, પ્રમાદ - આ રીતનો અભિપ્રાય આપતાં કહે છે કે–

* **मूलम् :**

**सम्मत्तं पत्तं वि रोरेण निहाणगं व दुल्लहं ।**

**पावेहिं अंतरिज्जइ मिच्छत्त-पमाय जोएहिं ॥५६॥**

* **छाया :**

सम्यक्त्वं प्राप्तमपि रोरेण निधानकमिव दुर्लभम् ।

पापैरन्तरीयते मिथ्यात्व-प्रमादयोगैः ॥५६॥

* **ગાથાર્થ :**

દરિદ્રને નિધાન જેમ દુર્લભ છે તેમ પ્રાપ્ત થયેલું સમ્યક્ત્વ પણ મિથ્યાત્વ અને પ્રમાદ યોગ જેવા પાપો દ્વારા ખૂંચવી લેવાય છે. ॥૫૬॥

* **'बोधिपताका' वृत्तिः :**

सम्मत्तमिति । 'रोरेण निहाणगं व दुल्लहं सम्मत्तं पत्तं वि' क्षुद्रबुद्धिना निधानोपार्जनमिवाऽत्यन्तदुर्लभमिदं सम्यक्त्वन्तच्च प्राप्तमपि । 'मिच्छत्तपमायजोएहिं पावेहिं अंतरिज्जइ' मिथ्यात्वं वस्तुविपर्यासरूपम्, प्रमादो विषय-कषायरसः, उभेऽपि महापापे

तयोः प्राबल्यात् सम्यक्त्वमन्तरीयते चेत् पुनः प्राप्तिः परमदुर्लभा, पश्यन्तु सम्यक्त्वस्याऽऽकर्षसङ्ख्याम्, सैकभवे उत्कर्षतः सहस्त्रपृथक्त्वमिता समग्रभवचक्रञ्चोपलक्ष्याऽसङ्ख्यसहस्त्रमिता, यदुद्गीर्णं सम्बोधप्रकरणे हरिभद्रसूरिभिः,

**सामाइयं चउध्धा सुय - दंसण - देस - सव्वभेएहिं ।**
**नाणभवे आगरिसा एगभवं पप्प भणियव्वा ॥८९२॥**

**तिण्हं सहसपुहुत्तं सयप्पहुत्तं च होइ विरईए ।**
**एगभवे आगरिसा एवइया हुंति नायव्वा ॥८९३॥**

**तिण्हमसंखसहस्सा सहस्सपुहुत्तं च होइ विरईए ।**
**नाण भवे आगरिसा एवइया हुंति नायव्वा ॥८९४॥५६॥**

*** ટીકાનો ભાવાર્થ :**

ક્ષુદ્ર અને તુચ્છ મન ધરાવનારાં દરિદ્રને નિધાનનું ઉપાર્જન જેમ દુર્લભ છે તેમ ક્ષુદ્ર સત્ત્વશાળી જીવો માટે સમ્યક્ત્વનું ઉપાર્જન દુર્લભ છે. આવું સમ્યક્ત્વ કવચિત્ મળી પણ જાય છે તો પણ મિથ્યાત્વ અને પ્રમાદ નામના મહાપાપો બળવાન બનીને સમ્યક્ત્વને આંતરી લે છે.

વસ્તુ જેવી નથી તેવી જ સમજવી તેનું નામ મિથ્યાત્વ અને વિષય-કષાયના સ્પંદનો એટલે પ્રમાદ - આ બંને ખૂબ બળવાન પાપો છે. તેમનું બળ વધી જાય છે ત્યારે આવેલું સમ્યક્ત્વ પણ પતિત થઇ જાય છે. પતિત થયેલાં સમ્યક્ત્વની પુનઃ પ્રાપ્તિ પૂર્વથી પણ વધુ દુર્લભ છે. સમ્યક્ત્વના આકર્ષોની સંખ્યાને જોઇએ છીએ ત્યારે ઉપરોક્ત વર્ણનની ખાત્રી થઇ જાય છે.

આકર્ષ એટલે પતન, ઉત્થાન. ચાલી ગયેલાં સમ્યક્ત્વનું ફરી-ફરીને પ્રાપ્ત થવું. એક ભવમાં ઉત્કૃષ્ટથી બે હજાર થી નવ હજાર વાર સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. એથી વધારે નહિ. તાત્પર્ય એ છે કે એક ભવમાં આત્મા વારંવાર સમ્યક્ત્વ ગુમાવીને મિથ્યાત્વી બને તો ફરી-ફરીને બે હજારથી નવ હજાર વાર સમ્યક્ત્વની પ્રાપ્તિ થઇ શકે. એ પછી નહીં. એ પછી યા તો સમ્યક્ત્વ ટકી ગયું હોય કે પછી મિથ્યાત્વની જ સ્થિરતા થઇ ગઇ હોય.

સમગ્ર ભવચક્રનો વિચાર કરીએ તો ઉત્કૃષ્ટથી સમ્યક્ત્વની પ્રાપ્તિ અસંખ્યાત - હજાર વાર થઇ શકે. એથી વધારે નહીં. અનાદિ મિથ્યાદૃષ્ટિને પહેલી વાર સમ્યક્ત્વ મળે એ પછી ઉત્કૃષ્ટથી અનંતકાળ સુધી તે ભવભ્રમણ કરે પરંતુ તેમાં સમ્યક્ત્વની વિદ્યમાનતા સાથેનો કાળ તો અસંખ્યાતો જ હોય કેમકે સમ્યક્ત્વના ઉત્કૃષ્ટ આકર્ષો ઉપર જણાવ્યું તે મુજબ અસંખ્યાત હજાર છે. સમ્બોધ પ્રકરણ માં પૂ. પૂર્વાચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજે લખ્યું છે કે—

सामाइयं चउध्धा सुय - दंसण - देस - सव्वभेएहिं ।
नाणभवे आगरिसा एगभवं पप्प भणियव्वा ॥८९२॥

तिण्हं सहसपुहुत्तं सयप्पहुत्तं च होइ विरईए ।
एगभवे आगरिसा एवइया हुंति नायव्वा ॥८९३॥

तिण्हमसंखसहस्सा सहस्सपुहुत्तं च होइ विरईए ।
नाण भवे आगरिसा एवइया हुंति नायव्वा ॥८९४॥

સારાર્થ : શ્રુત સામાયિક, સમ્યક્ત્વ સામાયિક, દેશવિરતિ સામાયિક અને સર્વવિરતિ સામાયિક એમ ચાર પ્રકારની સામાયિક છે.

એક ભવમાં પહેલી ત્રણ સામાયિકની વધુમાં વધુ બે હજારથી નવ હજાર વાર પ્રાપ્તિ થાય છે અને અંતિમ સામાયિક = ભાવસંયમની પ્રાપ્તિ બસોથી નવસો વખત જ થાય.

સમગ્ર ભવભ્રમણ દરમ્યાન પહેલી ત્રણ સામાયિક વધુમાં વધુ અસંખ્યાત હજાર વાર મળે અને ભાવસંયમ બે હજારથી નવ હજાર વાર જ પ્રાપ્ત થાય. ॥૮૯૨-૮૯૩-૮૯૪॥

✡ ✦ ✡

* **विषयनिर्देशिका :**

तद्वत् तद्धरस्याऽपि माहात्म्यन्निर्वचनीयमिति निर्देशयन्नाह–

* **ભાવાર્થ :**

સમ્યક્ત્વની જેમ સમ્યક્ત્વધારીનો મહિમા પણ વચનાતીત છે એવું સૂચન કરતાં કહે છે કે–

* **मूलम् :**

**ते धन्ना ताण नमो तेच्चिय चिरजीविणो दु [बु] हा ते य ।**
**जे निरइआरमेअं धरंति सम्मत्तवररयणं ॥५७॥**

* **छाया :**

ते धन्यास्तेभ्यो नमस्ते चैव चिरजीविनो बुधास्ते च ।
ये निरतिचारमेतद् दधति सम्यक्त्ववररत्नम् ॥५७॥

❊ **ગાથાર્થ :**

તેઓ ધન્ય છે, ચિરંજીવી છે, ચતુર છે અને તેમને નમસ્કાર હો, જેઓ અતિચાર રહિતપણે સમ્યક્ત્વરત્નને ધારણ કરે છે. ॥૫૭॥

❊ **'बोधिपताका' वृत्तिः :**

ते इति । 'एअं सम्मत्तवररयणं' विवक्षितस्वरूपं सम्यक्त्वं रत्नमद्भिरप्याराध्यत्वेन वररत्नं, यदुक्तं दिगम्बराचार्यैः कुन्दकुन्दैः 'रयणसार' ग्रन्थे,

**किं बहुणा भो ! देविंदा - हिंद - णरिंद - गणहरिंदेहिं ।**

**पुज्जा परमप्पा जे तं जाण पहाण सम्मगुणं ॥१४७॥**

'जे निरइआरं धरंति' गुणमतिक्रम्य चर्यतेऽत्राऽतिचारस्तन्त्यक्त्वैतदाराधयन्ति ये । 'ते धन्ना' ते महानुभावत्वसम्प्राप्तित्वादुत्तमाः । 'तेच्चिय चिरजीविणो' निकटभवान्तत्वादुपचरितव्यवहारनयदृष्ट्येतेऽक्षयस्थितिमन्तः, परतीर्थिकग्रन्थे मनुस्मृतावप्युक्तम्,

**सम्यग्दर्शनसम्पन्नः कर्मणा न हि बध्यते ।**

**दर्शनेन विहीनस्तु संसारमुपपद्यते ॥**

'ते य बुहा' प्रवचनमातृमात्रबोधवन्तोऽपि त एव ज्ञानिनो न तु, पूर्वश्रुतवन्तो मिथ्यात्विनस्तत्र सज्ज्ञानस्याऽभावात् । 'ताणनमो' सम्यक्त्वधरेभ्यो नमस्क्रियाऽस्तु ॥५७॥

❊ **ટીકાનો ભાવાર્થ :**

૧. રત્નોના સ્વામી પણ સમ્યક્ત્વરત્નને તલસે છે; આરાધે છે, તેમના માટે સમ્યક્ત્વ આરાધ્ય છે માટે સમ્યક્ત્વ તો રત્નોમાં પણ પ્રધાન છે. દિગંબરાચાર્ય કુંદકુંદે रयणसार ગ્રંથમાં લખ્યું છે કે—

**किं बहुणा भो ! देविंदा - हिंद - णरिंद - गणहरिंदेहिं ।**

**पुज्जा परमप्पा जे तं जाण पहाण सम्मगुणं ॥१४७॥**

સારાર્થ : વધુ તો શું કહીએ ? દેવેન્દ્રો, નાગેન્દ્રો, નરેન્દ્રો અને ગણધરેંદ્રો માટે પણ જે પૂજ્ય છે તે અરિહંતોમાં પણ પ્રાધાન્ય સમ્યક્ત્વનું છે.

૨. ગુણની મર્યાદાની બહાર જઈને જે ક્રિયા કરવામાં આવે તેને અતિચાર કહેવાય. સમ્યક્ત્વ સંબંધી અતિચારોને ત્યજીને જે સમ્યક્ત્વને આરાધે છે તેઓ ધન્ય છે કેમકે તેમને મહાનુભાવ અવસ્થા સાંપડે છે. તેઓ ટુંક સમયમાં સંસારનો અંત કરનારા છે તેથી ઉપચરિત વ્યવહારનયની દૃષ્ટિમાં તેમને અક્ષયસ્થિતિ મળી ચૂકી છે. એથી જ તેઓ ચિરંજીવી છે.

મનુસ્મૃતિ નામના હિંદુ ગ્રંથમાં પણ લખાયું છે કે–

**सम्यग्दर्शनसम्पन्नः कर्मणा न हि बध्यते ।**

**दर्शनेन विहीनस्तु संसारमुपपद्यते ॥**

સારાર્થ : સમ્યક્ત્વવાળો આત્મા કર્મથી બંધાતો નથી અને સમ્યગ્દર્શન વિનાનો આત્મા સંસારમાં રખડે છે.

૩. માત્ર અષ્ટપ્રવચનમાતાનું જ્ઞાન હોય તો પણ સમ્યક્ત્વધારી આત્મા સાચો જ્ઞાની છે, ચતુર છે. મિથ્યાદષ્ટિ કદાચ પૂર્વશ્રુતને પણ ભણી લે તો પણ તે જ્ઞાની નથી કેમકે મિથ્યાત્વની હાજરીમાં સમ્યગ્જ્ઞાનની જ ગેરહાજરી છે. આવા સમ્યગ્દષ્ટિ જીવોને નમસ્કાર થાઓ...

✡ ✦ ✡

* **विषयनिर्देशिका :**

ग्रन्थिभेदत उपपन्नं प्रवचनप्रत्ययमेव सम्यक्त्वमित्यभिप्रीणयन्नाह–

* **ભાવાર્થ :**

ગ્રંથિભેદ દ્વારા પ્રગટેલો દ્વાદશાંગીનો વિશ્વાસ એ જ સમ્યક્ત્વ છે એવો અભિપ્રાય આપતાં કહે છે કે–

* **मूलम् :**

**मन्नह तमेव सच्चं नीसंकं जं जिणेहिं पन्नत्तं ।**

**सुहपरिणामो सम्मं रागाइविसुत्तियारहिओ ॥५८॥**

* **छाया :**

मन्यस्व तदेव सत्यं निःशङ्कं यद् जिनैः प्रज्ञप्तम् ।

शुभपरिणामः सम्यक्त्वं रागादिविसूत्रिकारहितः ॥५८॥

* **ગાથાર્થ :**

જે જિનેશ્વરે ફરમાવ્યું છે તે શંકાથી પર છે, સત્ય છે. તું એવો પક્ષપાત કર. આ પ્રકારના રાગ-દ્વેષની દૃઢ ગાંઠથી રહિત ચિત્તના શુભ પરિણામને સમ્યક્ત્વ કહેવાય. ॥૫૮॥

* **'बोधिपताका' वृत्तिः :**

मन्नहेति । 'जिणेहिं जं पन्नत्तं' वेद्यमानतीर्थकरनामकर्मोदयैरर्हद्भिर्यदर्थतो भापितन्तद् गणधरैः सूत्रतो गुम्फितम् । 'तमेव नीसंकं सच्चं मन्नह' तदेव शङ्कातीतं सत्यमिति पक्षपातं दाढ्येन धारय, एतदेव सम्यक्त्वस्य प्रतीतिजनकं लक्षणं,

यदुद्गीर्णमुत्तराध्ययनसूत्रस्य निर्युक्तौ श्रुतकेवलिभद्रबाहुसूरिभिः,

**सम्मद्दिट्ठी जीवो उवइट्ठं पवयणं तु सद्दहइ ।**

**सद्दहइ असब्भावं अणाभोगा गुरुणिओगा वा ।।**

एतदेवोक्तं दिगम्बरग्रन्थे धवलाऽभिधे दिगम्बराचार्यैः पुष्पदन्तभूतबलिभिः

**दंसण अत्तागमपत्थेसु रुई पच्चओ सद्धा ।।६।१।।**

'रागाइ विसुत्तिया रहिओ सुहपरिणामो सम्मं' उपर्युक्तलक्षणं चित्तवृत्तेर्विशुद्धिमयं सा च शुद्धि राग - द्वेष गौरवोद्भूताभ्यो दुर्ध्यानग्रन्थिभ्योऽपगता, सैव सम्यक्त्वम् ।।५८।।

*** ટીકાનો ભાવાર્થ :**

૧. તીર્થંકર નામકર્મનો ઉદય જેઓ ભોગવી રહ્યાં છે તેઓ અરિહંત છે આવા ભાવ અરિહંતે અર્થથી જેની દેશના આપી તેને જ ગણધર ભગવંતે સૂત્રરૂપે ગુંથ્યું. આથી તે પણ જિનવચન રૂપ બન્યું. આવું જિનવચન શંકાથી પર છે, સત્ય છે એવી દૃઢ શ્રદ્ધા ધારણ કરવી જોઇએ. આ પ્રકારની શ્રદ્ધા જ સમ્યક્ત્વનું પ્રતીતિજનક લક્ષણ છે.

उत्तराध्ययन सूत्र - निर्युक्ति માં પૂ. શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુસૂરિ મહારાજે ઉચ્ચાર્યું છે કે—

**सम्मद्दिट्ठी जीवो उवइट्ठं पवयणं तु सद्दहइ ।**

**सद्दहइ असब्भावं अणाभोगा गुरुणिओगा वा ।।**

સારાર્થ : તે સમ્યગ્દષ્ટિ છે જે વિદ્યમાન દ્વાદશાંગીની તો શ્રદ્ધા કરે છે, અવિદ્યમાન દ્વાદશાંગીની પણ ગુરુવચનના માધ્યમથી કે પછી સ્વાભાવિક પણે શ્રદ્ધા કરે છે.

ધવલા નામના દિગંબર ગ્રંથમાં દિગંબરાચાર્ય પુષ્પદંત ભૂતબલિ દ્વારા પણ લખાયું છે કે—

**दंसण अत्तागम पत्थेसु रुई पच्चओ सद्धा ।।६।१।।**

સારાર્થ : આપ્તે કહેલાં આગમનો વિશ્વાસ એટલે જ સમ્યકત્વ.

૨. સમ્યક્ત્વનું ઉપર્યુક્ત લક્ષણ ચિત્તની વિશિષ્ટ પ્રકારની વિશુદ્ધિમાં સમાયેલું છે. ચિત્તની આવી વિશુદ્ધિ ત્યારે મળે જ્યારે રાગ-દ્વેષની ગાઢ ગ્રંથિના કળણમાંથી ચિત્તની મુક્તિ થાય. રાગ-દ્વેષની ગાઢ ગ્રંથિથી રહિત ચિત્તની ઉક્ત પ્રકારની વિશુદ્ધિને સમ્યક્ત્વ કહેવાય.

✡ ✦ ✡

*** विषयनिर्देशिका :**

जिनोक्तिपक्षपातोऽपि जिनोक्तस्तद्वतश्च भवान्तो निकटवर्तीति निगदन्नाह—

* ભાવાર્થ :

જિનવચનનો આ પ્રકારનો પક્ષપાત ખુદ જિનરાજે સંમત કર્યો છે અને આ પક્ષપાત ધારણ કરનારનાં સંસારનો શીઘ્ર અંત થાય છે એવો ઉપદેશ કરતાં કહે છે કે–

* मूलम् :

**एवंविहपरिणामो सम्मदिट्ठी जिणेहिं पन्नत्तो ।**

**एसो उ भवसमुद्दं लंघइ थोवेण कालेण ॥५९॥**

* छाया :

एवंविधपरिणामः सम्यग्दृष्टिर्जिनैः प्रज्ञप्तः ।

एषस्तु भवसमुद्रं लङ्घयति स्तोकेन कालेन ॥५९॥

* ગાથાર્થ :

આ પ્રકારનો ચિત્તપરિણામ એ જ સમ્યક્ત્વ છે એવું અરિહંતે કહ્યું છે. આવો સમ્યગ્દષ્ટિ આત્મા ટૂંક સમયમાં સંસાર સમુદ્રને ઓળંગી જાય છે. ॥૫૯॥

* 'बोधिपताका' वृत्तिः ।

एवंविहेति । 'एवंविहपरिणामो सम्मदिट्ठी' यज्जिनोक्तन्तत्शङ्कापरं सत्यमिति प्रत्ययवान् सम्यग्दृष्टिः स्याद् । 'जिणेहिं पन्नत्तं' एवं साक्षात्सर्वज्ञैर्धर्मनाथैरुपदिष्टम्,

यदुक्तम्पुष्पमालायाम्मलधारिभिर्हेमचन्द्रसूरिभिः,

**अरिहं देवो गुरुणो सुसाहुणो जिणमयं महपमाणं ।**

**इच्चाइसुहो भावो सम्मत्तं बिंति जगगुरुणो ॥९०॥**

एतदेव भद्रबाहूसूरिप्रमुखैः प्रकर्षतो व्याख्यातङ्गच्छाचारप्रकीर्णके,

**जइ वि न सक्का काउं सम्मं जिणभासिअं अणुट्ठाणं ।**

**तो सम्मं भासिज्जा जह भणियं खीणरागेहिं ॥**

**ओसन्नो वि विहारे कम्मं सोहेइ सुलहबोही अ ।**

**चरण - करण विसुद्धं अवबूहिंतो परूविंतो ॥**

'एसो उ थोवेण कालेण भवसमुद्दं लंघइ' एतादृशो दर्शनधरः परिमीतकालव्ययेनैवाऽर्थादुत्कर्षतोऽर्धपुद्गलपराऽवर्तेन जघन्यतश्चोऽन्तर्मुहूर्तेन संसाराऽर्णवं लङ्घयति

यदभिहितम्पुष्पमालायाम्,

**अंतोमुहुत्तमित्तंपि फासिअं हुज्ज जेहिं सम्मत्तं ।**

**तेसिं अवड्ढपोग्गल परियट्टो चेव संसारो ॥१०४॥**

इदमत्र विशिष्टम्, प्राप्ते तु क्षायिके बहुतोऽपि त्रि-चतुर्भिर्जन्मभिर्भवान्तः सम्पद्यते, यदुद्गीर्णम्पञ्चसंग्रहे,

**तइय चउत्थे तम्मिव भवंमि सिज्झंति दंसणे खीणे ।**

**जं देव निरय संखाउ चरमदेहेसु ते हुंति ॥ इति ॥५९॥**

*** ટીકાનો ભાવાર્થ :**

૧. અઠ્ઠાવનમી ગાથામાં વર્ણવ્યો તે પ્રકારનો શુભ પરિણામ જેને સાંપડ્યો છે તે સમ્યગ્દષ્ટિ છે. તાત્પર્ય એ છે કે જિનેશ્વરે પ્રરૂપેલી દ્વાદશાંગી શંકાતીત સત્ય છે એવું માનનારો આત્મા સમ્યગ્દષ્ટિ છે એવું સાક્ષાત્ અરિહંતે ઉપદેશ્યું છે.

પુષ્પમાલા - ઉપદેશમાલા પ્રકરણમાં પૂ. પૂર્વાચાર્ય મલધારી શ્રી હેમચંદ્રસૂરિ મહારાજે ફરમાવ્યું છે કે—

**अरिहं देवो गुरूणो सुसाहुणो जिणमयं महपमाणं ।**

**इच्चाइ सुहो भावो सम्मत्तं बिंति जगगुरूणो ॥९०॥**

સારાર્થ : દેવ તરીકે અરિહંત, ગુરુ તરીકે સુસાધુઓ અને ધર્મ તરીકે જિનવાણી મને પ્રમાણ છે આ પ્રકારનો શુભ આશય જ સમ્યક્ત્વ છે એવું વીતરાગે ભાખ્યું છે.

આ જ ઉપદેશને ગચ્છાચાર પયન્ના સૂત્રમાં શ્રુતકેવલી પૂ. ભદ્રબાહુ સ્વામીજી વિગેરેએ વધુ પ્રકૃષ્ટ રીતે ગુંથ્યો છે કે—

**जइ वि न सक्का काउं सम्मं जिणभासिअं अणुट्ठाणं ।**

**तो सम्मं भासिज्जा जह भणियं खीण रागेहिं ॥**

**ओसन्नो वि विहारे कम्मं सोहेइ सुलहबोही अ ।**

**चरण - करण विसुद्धं अवबूहिंतो परूविंतो ॥**

સારાર્થ : તમે કદાચ ચારિત્રના અનુષ્ઠાનો ઉત્કૃષ્ટ રીતે આરાધી શકતાં નથી તો પણ એવી શુદ્ધ પ્રરૂપણાને ધારણ કરો જેવી જિનેશ્વરે પ્રરૂપી છે. ચારિત્રમાં જે શિથિલ છે છતાં શુદ્ધ પ્રરૂપણામાં જે શિથિલ નથી એવો સાધુ શક્ય કર્મનો ક્ષય કરે છે અને સુલભબોધિ બને છે.

૨. આવો સમ્યગ્દષ્ટિ આત્મા પરિમીતકાળમાં સંસાર સાગરને ઓળંગી જાય છે. ઉત્કૃષ્ટથી અર્ધ પુદ્ગલપરાવર્ત જેટલો કાળ તે સંસારભ્રમણ કરે છે જે અનાદિ સંસારની અપેક્ષાએ અલ્પકાળ કહેવાય. જઘન્યથી તો તે અંતર્મુહૂર્તમાં જ મોક્ષને પામી જાય છે.

पुष्पमालाप्रकरण માં લખ્યું છે કે—

**अंतोमुहुत्तमित्तंपि फासिअं हुज्ज जेहिं सम्मत्तं ।**

**तेसिं अवड्ढपोग्गल परियट्टो चेव संसारो ॥१०४॥**

સારાર્થ : એક અંતર્મુહૂર્ત માટે પણ જેણે સમ્યક્ત્વની સ્પર્શના કરી છે તેનો સંસાર અર્ધ પુદ્ગલપરાવર્ત જેટલો પરિમિત થઇ જાય છે.

અહીં વિશિષ્ટતા એ છે કે સમ્યક્ત્વની પ્રાપ્તિ થયાં પછી પણ જેને ક્ષાયિક સમ્યક્ત્વનું પ્રગટીકરણ થઇ જાય છે તે ત્રણ-ચારથી વધુ ભવો કરતો નથી. पञ्चसङ्ग्रह ગ્રંથમાં લખ્યું છે કે—

**तइय चउत्थे तम्मिव भवंमि सिज्झंति दंसणे खीणे ।**

**जं देव निरय संखाउ चरमदेहेसु ते हुंति ॥५९॥**

સારાર્થ : ક્ષાયિક સમ્યગ્દષ્ટિ તે જ ભવમાં, ત્રીજા ભવમાં કે પછી ચોથા ભવમાં મોક્ષમાં જાય છે. તે જ ભવમાં મોક્ષમાં જનારો ચરમ શરીરી હોય છે અને ત્રણ કે ચાર ભવ કરનારો દેવગતિ અને નરકગતિમા અસંખ્ય વર્ષોના એક અથવા બે ભવો કરે છે અને સંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યગતિના એક અથવા બે ભવો કરે છે.

✡ ✦ ✡

* **विषयनिर्देशिका :**

सम्यक्त्ववतां सुलभबोधित्त्वेन भवान्ताऽवधिसद्गतिसौलभ्यं स्यादिति कथयन्नाह—

* **ભાવાર્થ :**

સમ્યક્ત્વધર આત્માને ભવાંતરમાં પણ બોધિની સુલભતા હોવાથી મોક્ષ સુધી સદ્ગતિની સુલભતા રહે છે એવું પ્રતિપાદન કરતાં કહે છે કે—

* **मूलम् :**

**सम्मत्तम्मि उ लद्धे ठविआइं नरय-तिरिय-दाराइं ।**

**दिव्वाणि माणुसाणि य मुक्खसुहाइं सहीणाइं ॥६०॥**

**सम्मत्तम्मि उ लद्धे विमाणवज्जं न बंधए आउं ।**

**जइ न विगयसम्मत्तो अहव न बद्धाउओ पुव्विं ।।६१।।**

* **छाया :**

सम्यक्त्वे तु लब्धे स्थगितानि नरक-तिर्यग्द्वाराणि ।

दिव्यानि मानुषानि च मोक्षसुखानि स्वाधीनानि ।।६०।।

सम्यक्त्वे तु लब्धे विमानवर्ज्जन्न बध्नात्यायुः ।

यदि न विगतसम्यक्त्वोऽथवा न बध्धायुः पूर्वम् ।।६१।।

* **ગાથાર્થ :**

સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે એટલે નરક અને તિર્યંચના દ્વાર સ્થગિત થઇ જાય છે તેમજ દેવલોકના સુખો, માનવગતિના સુખો અને અંતે મોક્ષસુખ સ્વાધીન થઇ જાય છે. ॥૬૦॥

સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે એટલે વૈમાનિક દેવલોક સિવાયની ગતિનું આયુષ્ય બંધાતું નથી. હા, તે સમકીતીએ સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વે પરભવનું આયુષ્ય બાંધી લીધેલું ન હોવું જોઇએ અને તેનું સમ્યક્ત્વથી પતન થવું જોઇએ નહિ. ॥૬૧॥

* **'बोधिपताका' वृत्तिः :**

सम्मत्तम्मीति । 'लद्धे सम्मत्तम्मि' सम्प्राप्ते तदनन्तरम्पुनः स्थितिमति सम्यग्दर्शने तुर्यगुणस्थाने । 'नरय तिरिय दाराइं ठविआइं' तद्वतामनिदानकरत्वेन स्थिरशुभलेश्यत्वेन च शेषभवपरम्परायामपि बोधिसुलभत्वन्तद्धीनानाञ्च निदानपरत्वेन दृढाशुभलेश्यत्वेन च दीर्घसंसारभ्रमणतोऽपि बोधिर्दोर्लभ्यं,

यदुक्तमातुरप्रत्याख्यानसूत्रे वीरभद्राऽऽचार्यैः,

**मिच्छद् दंसणरत्ता सनियाणा किण्हलेसमोगाढा ।**

**इय जे मरंति जीवा तेसिं दुलहा भवे बोही ।।४०।।**

**सम्मद् दंसणरत्ता अनियाणा सुक्कलेसमोगाढा ।**

**इय जे मरंति जीवा तेसिं सुलहा भवे बोही ।।४१।।**

यावद् भवान्तं बोधिसौलभ्यादेते सम्यग्दृशो नरक - तिरश्चोरायुर्न बध्नन्ति । 'दिव्वाणि माणुसाणि य मुक्खसुहाइं सहीणाइं' वैक्रियकायसुलभा औदारिकसुलभाश्चोत्तमाः कामभोगाः क्रमशो मोक्षाऽवाप्तिरेतेषां स्वाधीना वर्तन्ते स्वोपादानस्य गुरुतरकर्मलाघवात् ।

'विमाणवज्जं आउं न बंधए' एषः सम्यग्दृष्टिर्मानवस्तिर्यग् वा वैमानिकदेवायुर्वर्ज्जं शेषाऽऽयुष्यबन्धं न हि विदधाति, एवमेतस्य पौद्गलिकं सुखमपि स्वाभाविकसुखाऽधिकत्वेन मिथ्यादृग्भ्योऽधिकमेव, यदुपदिष्टमुपदेशरहस्ये महोपाध्यायशोविजयैः,

**साभाविअं खलु सुहं आयसभावस्स दंसणेऽपुव्वं ।**

**अणहीणमपडिवक्खं सम्मद्दिट्ठिस्स पसमवओ ।।६९।।**

स्वोपज्ञवृत्त्याम्पुनरत्र,

**"न चैतत् आभ्यन्तरं सुखम्मिथ्यादृशान्तथा क्षयोपशमाऽभावात्, तेनाऽभ्यन्तरसुखाऽभावेन तत्तुल्यं - सम्यग्दृष्टिबाह्यसुखतुल्यं बाह्यमपि न"**

"जइ न विगय सम्मत्तो अहव पुव्विं न बद्धाउओ' अत्राऽमू प्रतिभ्वौ, एषो दर्शनधरः सम्यक्त्वादपतितः पूर्वाऽबद्धायुष्कश्च भवतु ।।६०-६१।।

*** टीकानो भावार्थ :**

१. સમ્યક્ત્વ જેમનામાં પ્રગટ થયું છે અને એ પછી સ્થિરતાપૂર્વક ટકી શક્યું છે તેવા જીવો નિયાણું કરતાં નથી. તેમની શુભલેશ્યાઓ સતત સ્થિર રહે છે અને તેથી જ ભવાંતરમાં પણ તેઓ સુલભબોધિ બને છે. આવો મહાન લાભ મોક્ષ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેઓ પામતાં રહેછે.

જેઓ સમ્યક્ત્વહીન છે, મિથ્યાત્વી છે તેમની અશુભ લેશ્યાઓ ખૂબ દઢ બની જાય છે. તેઓ અવસર ઉપસ્થિત થતાં જ નિયાણું કરી બેસે છે અને તેથી ભવાંતરમાં દુર્લભબોધિ બને છે. પૂ. પૂર્વધર મહર્ષિ શ્રી વીરભદ્રાચાર્યે **आउरपच्चक्खाणपयन्ना** સૂત્રમાં લખ્યું છે કે–

**मिच्छद् दंसणरत्ता सनियाणा किण्हलेसमोगाढा ।**

**इय जे मरंति जीवा तेसिं दुलहा भवे बोही ।।४०।।**

**सम्मद् दंसणरत्ता अनियाणा सुक्कलेसमोगाढा ।**

**इय जे मरंति जीवा तेसिं सुलहा भवे बोही ।।४१।।**

સારાર્થ : જેઓ મિથ્યાત્વમાં રક્ત છે, અશુભ લેશ્યાથી વાસિત છે, નિયાણું કરનારાં છે, આ જ સ્થિતિમાં મૃત્યુ પામે છે તેઓ ભવાંતરમાં દુર્લભબોધિ બને છે.

જેઓ સમ્યક્ત્વમાં રક્ત છે, શુભ લેશ્યાથી વાસિત છે, નિયાણું કરતાં નથી. આ જ સ્થિતિમાં મૃત્યુ પામે છે તેઓ ભવાંતરમાં સુલભબોધિ બને છે.

२. ઉપર વર્ણન કર્યું તે મુજબ સમ્યગ્દષ્ટિ જીવોને ભવાંતરમાં અને ક્યારેક સમગ્ર ભવપરંપરામાં બોધિની પ્રાપ્તિ સુલભ હોવાથી તેમના માટે નરક અને તિર્યંચગતિના દ્વાર બંધ

થઇ ચૂક્યાં છે તેમ કહી શકાય કેમકે એક વાર સમ્યક્ત્વને પામ્યાં પછી તેને સતત ટકાવી રાખનારો આત્મા નરકાયુષ્યનો અને તિર્યંચના આયુષ્યનો બંધ કરતો નથી.

૩. સમ્યગ્દષ્ટિ આત્મા માનવ અથવા તિર્યંચગતિમાં વિદ્યમાન હોય તો દેવલોકનું જ આયુષ્ય ઉપાર્જિત કરે છે. તેમાં ય વૈમાનિક દેવલોકનું જ આયુષ્ય બાંધે છે. હા, આ સમકિતિ સમ્યક્ત્વથી પતિત થયેલો ન હોવો જોઇએ તેમજ સમ્યક્ત્વની પ્રાપ્તિ થઇ તે પહેલાં તેણે ભવાંતરના આયુષ્યનો બંધ કરેલો ન હોવો જોઇએ.

૪. સમ્યગ્દષ્ટિ મનુષ્ય અથવા તિર્યંચ વૈમાનિક દેવલોકનું જ આયુષ્ય બાંધે છે આ પ્રકારના શાસ્ત્રોક્ત નિયમ દ્વારા એ સિદ્ધ થઇ જાય છે કે સમ્યગ્દષ્ટિ આત્મા મિથ્યાદષ્ટિજીવોની તુલનામાં પૌદ્ગલિક સુખો / બાહ્ય સુખોની પ્રાપ્તિ પણ ઘણી અધિક માત્રામાં કરે છે.

મિથ્યાદષ્ટિ પાસે જેવું સ્વાભાવિક અંતરંગ સુખ નથી તેવું સ્વાભાવિક અંતરંગ સુખ સમ્યગ્દષ્ટિ પાસે છે અને તેથી જ તે સમ્યગ્દષ્ટિ પૌદ્ગલિક સુખો પણ મિથ્યાદષ્ટિ કરતાં વધુ પ્રમાણમાં મેળવે છે, ભોગવે છે કેમકે અંતરંગ સુખ જેની પાસે વધુ છે તેઓ પુન્યબંધ પણ વિશેષ કરશે. પુન્યબંધ વધુ પ્રમાણમાં થશે એટલે પૌદ્ગલિક સુખો પણ એટલાં જ અધિક મળશે.

उपदेशरहस्यप्रकरण માં પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે ફરમાવ્યું છે કે–

**साभाविअं खलु सुहं आयसभावस्स दंसणेऽपुव्वं ।**

**अणहीणमपडिवक्खं सम्मदिट्ठिस्स पसमवओ ॥६९॥**

स्वोपज्ञवृत्त्याम्पुनरत्र,

**"न चैतत् आभ्यन्तरं सुखम्मिथ्यादृशान्तथा क्षयोपशमाऽभावात्, तेनाऽभ्यन्तर सुखाऽभावेन तत्तुल्यं - सम्यग्दृष्टिबाह्यसुखतुल्यं बाह्यमपि न"**

સારાર્થ : આત્મસંવેદનથી જન્ય એવું સ્વાભાવિક સુખ સમ્યગ્દષ્ટિ પાસે અપૂર્વ કોટીનું હોય છે. તે પ્રકારનો ક્ષયોપશમ જ પ્રગટ્યો ન હોવાથી આવા અંતરંગ સુખને મિથ્યાદષ્ટિ સ્પર્શી શકતો નથી. સમ્યગ્દષ્ટિ પાસે છે તેવું અંતરંગ સુખ ન હોવાથી મિથ્યાદષ્ટિને, સમ્યગ્દષ્ટિને મળે છે તેવા બહિરંગ સુખ પણ મળતાં નથી.

✡ ✦ ✡

**※ विषयनिर्देशिका :**

तद्वान् तीर्थंकरपदवीमपि लभेतेति भाषमाण आह–

**※ ભાવાર્થ :**

સમ્યગ્દષ્ટિ આત્મા તીર્થંકર પદને પણ પામી શકે છે એવું કથન કરતાં કહે છે કે–

* मूलम् :

**सम्मत्तं सम्मं खलु अचिंतचिंतामणिव्व [जो] लहइ ।**
**सिवसग्गमणुअसुहं [सो] पावइ धणसत्थवाहव्व ॥६२॥**

* छाया :

सम्यक्त्वं सम्यक् खलु अचिन्त्यचिन्तामणिवद् यो लभते ।
शिव - स्वर्ग - मनुज सुखं सः प्राप्नोति धनसार्थवाहवत् ॥६२॥

* **ગાથાર્થ :**

અચિંત્ય ચિંતામણિરત્ન જેવા સમ્યક્ત્વને જે સુંદર રીતે આરાધે છે તે ધના સાર્થવાહની જેમ સ્વર્ગીય સુખો, માનવીય સુખો અને (અંતે) મોક્ષ સુખને પામે છે. ॥૬૨॥

* **'बोधिपताका' वृत्तिः :**

सम्मत्तमिति । 'अचिंतचिंतामणिव्व सम्मत्तं' रत्नेषु चिन्तामणिवद् धर्मेष्वेतस्य प्राधान्यात् सम्यक्त्वमचिन्त्यचिन्तामणिसमं, यदुपमीतं पूर्वाचार्यैर्हर्षसूरिभिः रत्नसञ्चयप्रकरणे,

**जह गिरिवराण मेरू सुराण इंदो गहाण जह चंदो ।**
**देवाणं जिणचंदो तह धम्माणं च सम्मत्तं ॥५००॥**

'जो सम्मं लहइ' सम्यक्त्वमेतद् यो महानुभावः सम्यक्-शास्त्राऽप्रतिकूलेन मनोभावेन धारयति । 'सो धणसत्थवाहव्व सिव-सग्ग-मणुअसुहं पावइ' पश्चानुपूर्व्यैतानि परिभाव्यानि, सम्यक्त्वधरोऽसौ मोक्षावधिबोधिसौलभ्यसहायान्मनुष्यभवोपपन्नं स्वर्गसम्भवञ्च सुखं परम्परावद्धतयाऽवाप्नोति, चेद् विशिष्टं तथाभव्यत्वन्तीर्थकृत्पदवीमपि लभते,

यदुद्गीर्णं योगशास्त्रवृत्तौ कलिकालसर्वज्ञैः

**ज्ञान - चारित्रहीनोऽपि श्रूयते श्रेणिकः किल ।**
**सम्यग्दर्शनमाहात्म्यात् तीर्थकृत्त्वं प्रपत्स्यते ॥ इति ॥६२॥**

* **ટીકાનો ભાવાર્થ :**

૧. રત્નોમાં જેમ ચિંતામણિ રત્નનું પ્રાધાન્ય રહેલું છે તેમ સકળ ધર્માનુષ્ઠાનોમાં સમ્યગ્દર્શનની પ્રધાનતા રહેલી છે તેથી જ સમ્યગ્દર્શનને અચિંત્યચિંતામણિ રત્ન કહી દઈએ તો તે અતિશયોક્તિ નથી. પૂ. પૂર્વાચાર્ય શ્રી હર્ષસૂરિ મહારાજે रत्नसञ्चय પ્રકરણમાં લખ્યું છે કે—

जह गिरिवराण मेरू सुराण इंदो गहाण जह चंदो ।

देवाणं जिणचंदो तह धम्माणं च सम्मत्तं ॥५००॥

સારાર્થ : જેમ પર્વતોમાં મેરુ, ગ્રહોમાં ચંદ્ર, દેવોમાં ઇંદ્ર, પૂજ્ય પુરુષોમાં જિનેશ્વર પ્રધાનભૂત છે તેમ ધર્મોમાં સમ્યક્ત્વનું પ્રાધાન્ય છે. ॥૫૦૦॥

૨. આવા સમ્યક્ત્વને જે મહાનુભાવ શાસ્ત્ર - અપ્રતિકૂળ મનોભાવો દ્વારા ધારણ કરે છે તે ધનસાર્થવાહની જેમ બોધિસુલભતાનો સહકાર પ્રાપ્ત કરી મનુષ્ય લોકના અને સ્વર્ગલોકના સુખો શૃંખલાબદ્ધ રીતે પામતો રહે છે. જો તથાભવ્યત્વ સાનુકૂળ હોય તો સમ્યક્ત્વના બળે આત્મા તીર્થંકરપદને પણ સ્પર્શી જાય છે.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્ર સૂ. મહારાજે 'योगशास्त्र-वृत्ति' માં ફરમાવ્યું છે કે–

**ज्ञान - चारित्रहीनोऽपि श्रूयते श्रेणिकः किल ।**

**सम्यग्दर्शनमाहात्म्यात् तीर्थकृत्त्वं प्रपत्स्यते ॥**

સારાર્થ : સંભળાય છે કે જ્ઞાન અને ચારિત્રથી હીન એવો પણ શ્રેણિક રાજા સમ્યક્ત્વના પ્રભાવે તીર્થંકર પદને પામશે.

✡ ✦ ✡

* **विषयनिर्देशिका :**

लब्धिसम्पत्तयः सुरसद्माधिपतित्वञ्चैतस्मादेवेति निर्देशयन्नाह–

* **ભાવાર્થ :**

સકળ લબ્ધિઓ તેમજ દેવવિમાનોનું સ્વામીપદ સમ્યક્ત્વથી જ મળે એવો નિયમ સૂચવતાં કહે છે કે–

* **मूलम् :**

**जेहिं लद्धा लहिस्संति पुलागाइयसंपया ।**

**सक्किंदु - सुररिद्धिउ, सम्मत्ताउ न अन्नहा ॥६३॥**

* **छाया :**

यैर्लब्धा लप्स्यन्ते पुलाकादिकसम्पदः ।

शक्रेन्द्रसुरर्द्धयः सम्यक्त्वान्नाऽन्यथा ॥६३॥

* **ગાથાર્થ :**

પુલાક વિગેરે લબ્ધિઓ તેમજ શક્રેન્દ્ર વિગેરે દૈવી ઋદ્ધિઓ જેમને મળી છે અને મળશે તે સમ્યક્ત્વના પ્રભાવથી જ. અન્ય રીતે નહીં. ॥૬૩॥

* **'बोधिपताका' वृत्तिः :**

जेहिमिति । 'जेहिं पुलागाइय संपया सक्किंदु सुररिद्धिउ लद्धा लहिस्संति' यैस्तपोधनैः पुलाकादिलब्धिसम्पत्तयः सुरलोके शक्रेन्द्रादिमहर्द्धिक-ऋद्धयोऽर्थाज्ज्योतिष्कादारभ्य-वैमानिकान्तेषु सुरसद्मसु देवेन्द्रत्वं विमानाधिपतित्वञ्च लब्धा लप्स्यन्ते च । 'सम्मत्ताउ' ताः सम्यक्त्वबलादेव,

यदुक्तम्प्रतिमाशतकवृत्त्यां संवेगमुनिगम्भीरविजयैः,

**"अत्र देवानां ज्योतिष्कविमानाधिपतिपर्यन्तानां विमानाधिपतीनां सर्वेषां सम्यक्त्वं द्रव्यसम्यक्त्वादिकं भवत्येव, XX मिथ्यादृष्टिनां तु विमानाधिपतित्वन्नास्त्येवेत्यादि XX"**

'न अन्नहा', तास्त्वापुन्नालम्मिथ्यात्विनो मिथ्यात्वबलाद् ॥६३॥

* **ટીકાનો ભાવાર્થ :**

જેમને જેમને પુલાક વિગેરે લબ્ધિઓ પ્રાપ્ત થઇ છે અને પ્રાપ્ત થશે તે સમ્યક્ત્વના પ્રભાવે. મિથ્યાત્વની હાજરીમાં લબ્ધિઓ પ્રગટતી નથી. દેવલોકમાં પણ જ્યોતિષ નિકાયથી આરંભીને વૈમાનિક દેવલોકના અંત સુધી સર્વત્ર દેવેન્દ્રનું પદ તેમજ વિમાનપતિ ઇન્દ્રનું પદ સમ્યગ્દષ્ટિને જ મળે છે. મિથ્યાત્વીને મળતું નથી.

પ્રતિમાશતક ની વૃત્તિમાં સંવેગીમુનિ શ્રી ગંભીરવિજય મહારાજે નોંધ્યું છે કે—

**"अत्र देवानां ज्योतिष्कविमानाधिपतिपर्यन्तानां विमानाधिपतीनां सर्वेषां सम्यक्त्वं द्रव्यसम्यक्त्वादिकं भवत्येव, XX मिथ्यादृष्टिनां तु विमानाधिपतित्वन्नास्त्येवेत्यादि XX"**

સારાર્થ : જ્યોતિષ્કથી લઇને બધા જ વિમાનપતિ ઇન્દ્રોને સમ્યક્ત્વ / દ્રવ્યસમ્યક્ત્વાદિક હોય છે. મિથ્યાદૃષ્ટિઓ વિમાનપતિ ઇન્દ્ર તરીકે પણ પેદા થઇ શકતાં નથી.

✡ ✦ ✡

* **विषयनिर्देशिका :**

वरं प्राणान्तः, न सम्यक्त्वान्त इत्युत्साहयन्नाह—

* **ભાવાર્થ :**

પ્રાણનો અંત સારો પરંતુ સમ્યક્ત્વનો અંત સારો નહીં એવો ઉત્સાહ પેદા કરાવતાં કહે છે કે—

* मूलम् :

**मिच्छत्तकारणाइं करंति नो कारणे वि ते धन्ना ।**

**इह चिंतिज्जा मइमं कत्तियसेट्ठी उदाहरणं ॥६४॥**

* छाया :

मिथ्यात्वकारणानि कुर्वन्ति न कारणेऽपि ते धन्याः ।

इह चिन्तयतु मतिमान्, कार्तिकश्रेष्ठिन उदाहरणम् ॥६४॥

* **ગાથાર્થ :**

કારણ ઉપસ્થિત થઇ જાય છે તો પણ જેઓ મિથ્યાત્વનું સેવન નથી કરતાં તેઓ ધન્ય છે. આ વિષયમાં બુદ્ધિશાળીએ કાર્તિક શેઠના દૃષ્ટાંતનું ચિંતન કરવું. ॥૬૪॥

* **'बोधिपताका' वृत्तिः :**

मिच्छत्तेत्ति । 'कारणे वि' प्राप्ते विपत्समूहे प्रातिकूल्ये चाऽपि प्राणान्तमवगणय्य । 'मिच्छत्तकारणाइं नो करंति' ये मिथ्यात्वसेवनन्न हि विदधते । 'ते धन्ना' तीर्थकृद्गिर्गणधरेन्द्रैर्महर्षिभिरपि ते श्लाध्याः, यावद् नरकवासेऽपि ये सम्यक्त्ववन्तस्ते पुण्य-श्लोका दिवि चाऽपि तद्धीना निष्पुण्यकास्ते,

यदभिहितं दिगम्बराचार्यैः कुलभद्रैः 'सारसमुच्चय' ग्रन्थे,

**वरं नरकवासोऽपि सम्यक्त्वेन हि संयुतः ।**

**न तु सम्यक्त्वहीनस्य निवासो दिवि राजते ॥३८॥**

'इह मइमं' अत्र बुद्धिमान् - क्षीर नीर विभाजनपरः । कत्तियसेट्ठी उदाहरणं चिंतिज्जा' मिथ्यात्वत्यागविषयकं कार्तिकश्रेष्ठिन उदन्तश्चिन्तयतु । इदमत्र हार्दम्, मिथ्यात्वं कदन्नवदकुशलकरम्, यथा कदन्नं द्रव्याऽऽमयानां सर्वेषां भावाऽऽमयानां जनकत्वं मिथ्यात्वस्य । भुक्तमपि वमनीयं यथा कदन्नं प्रतिज्ञातमपि मिथ्यात्वं सम्यक्त्वौषधासेवनेन परिहर्तव्यम्, शास्त्रोपदेशचयस्य सारमिदम्, यदाख्यातं विवेकमञ्जर्याम्,

**आमयकारि विसायं मिच्छत्तं कयसणं व जं भुत्तं ।**

**तं वमसु विवेगोसहमुवभुंजिय जीव ! कुसलकए ॥१३६॥**

एवं निमित्तान् विजित्य मिथ्यात्वसेवामतिक्रमन्तु ॥६४॥

* **ટીકાનો ભાવાર્થ :**

૧. જેઓ વિપત્તિની પરંપરા વચ્ચે કે પ્રતિકૂળતાથી ઘેરાયાં પછી પણ મિથ્યાત્વનું સેવન નથી કરતાં, પ્રાણનો અંત થઇ જાય તો ય મિથ્યાત્વને સ્વીકારતાં નથી તેઓ તીર્થંકર ભગવંતો દ્વારા સ્તુતિ પામે છે, ગણધર દ્વારા પ્રશંસા પામે છે, પૂર્વાચાર્યો દ્વારા શ્લાઘા પામે છે... **નરકમાં રહેલાં પણ સમ્યગ્દષ્ટિઓ ધન્ય છે અને દેવલોકમાં વિલસનારાં પણ મિથ્યાદષ્ટિઓ કમનસીબ છે.**

દિગંબરાચાર્ય કુલભદ્રે सारसमुच्चय ગ્રંથમાં લખ્યું છે કે–

**वरं नरकवासोऽपि सम्यक्त्वेन हि संयुतः ।**

**न तु सम्यक्त्वहीनस्य निवासो दिवि राजते ॥३८॥**

સારાર્થ : સમ્યક્ત્વ સાથેનો નરકવાસ પણ શ્રેષ્ઠ છે પરંતુ સમ્યક્ત્વ વિનાનો સ્વર્ગ નિવાસ શુભ નથી.

મિથ્યાત્વનો ત્યાગ કેવા સત્ત્વપૂર્વક કરવો જોઇએ એ સમજવા માટે કાર્તિક શ્રેષ્ઠીના દૃષ્ટાંતનું અધ્યયન કરવું જોઇએ. જેમની પ્રજ્ઞા ક્ષીર-નીરનો વિવેક કરી શકે છે તેવા ધીમંતો આ દૃષ્ટાંત દ્વારા મિથ્યાત્વ ત્યાગની જરૂરીયાત સમજી શકશે...

૨. આ અંતિમ ઉપદેશ ગાથા છે અને તેનું હાર્દ કંઇક આવું છે. મિથ્યાત્વ તો કદન્ન જેવું છે જે એકાંતે આત્માનું અકુશળ જ કરે છે. કદન્ન ખાનારની કાયાનું કુશળ તે પેટમાં છે ત્યાં સુધી થતું નથી તેમ જ્યાં સુધી મિથ્યાત્વનું અસ્તિત્વ આત્મપ્રદેશોમાં છે ત્યાં સુધી આત્માનું પણ કુશળ થતું નથી. જેમ પેટમાં ગયેલું કદન્ન સઘળા શારીરિક રોગોનું જનેતા બને છે તેમ આ મિથ્યાત્વ નામનું પાપ સકળ ભાવરોગોનું જનેતા બને છે. ઇચ્છાપૂર્વક આરોગેલું પણ કદન્ન જેમ વમન કરાવનારાં ઔષધો લઇને વમી દઇએ તેમાં જ હિત સમાયેલું છે તેમ ક્યારેક અજ્ઞાનતાને વશ પરંપરાથી સ્વીકારેલું અને પ્રતિજ્ઞાબદ્ધ કરેલું પણ મિથ્યાત્વ ત્યજી દઇએ તેમાં જ સ્વયંનું હિત છે.

મિથ્યાત્વને ત્યજવા માટે સમ્યક્ત્વ નામનું ઔષધ લેવું જોઇએ. સઘળા ય શાસ્ત્રોના ઉપદેશનો આ સાર છે.

'**विवेकमञ्जरी**' માં કહ્યું છે કે–

**आमयकारि विसायं, मिच्छत्तं कयसणं व जं भुत्तं ।**

**तं वमसु विवेगोसहमुवभुंजिय जीव ! कुसलकए ॥१३६॥**

સારાર્થ : કદન્નની જેમ (આત્મિક) રોગોની ઉત્પત્તિના કારણ સમાન જે મિથ્યાત્વનું તમે સેવન કર્યું છે તેને વિવેક નામનું ઔષધ સ્વીકારીને વમી દો ! તો જ કુશળતા પ્રાપ્ત થશે. ॥

આ રીતે મિથ્યાત્વસેવનના નિમિત્તોને જીતીને મિથ્યાત્વનો ત્યાગ કરવો જોઇએ.

✡ ✦ ✡

* विषयनिर्देशिका :

ग्रन्थमुपसंहरतस्तत्प्रामाण्यम्माहात्म्यञ्च निर्देषयन्नाह—

* ભાવાર્થ :

ગ્રંથનો ઉપસંહાર કરતાં ગ્રંથની પ્રામાણિકતાની અને માહાત્મ્યની ઘોષણા કરી રહ્યાં છે.

* मूलम् :

**इय [इ] सम्मत्तरहस्सं सासय सिवसुक्खसाहगं रम्मं ।**

**कहिय मिणं भव्वाणं सम्मत्तरहस्स नाम तु [नामेणं] ॥६५॥**

**उद्धरिअं समयाओ संखित्तं सिद्धसेणसूरीहिं ।**

**जे पालंति णियमा ते सिग्घं जंति निव्वाणं ॥६६॥**

* छाया :

इति सम्यक्त्वं रहस्यं शाश्वतशिवसुखसाधकं रम्यम् ।

कथितमिदम्भव्येभ्यः 'सम्यक्त्वरहस्य' नाम्ना ॥६५॥

उद्धृतं समयेभ्यः संक्षिप्तं सिद्धसेनसूरिभिः ।

ये पालयन्ति नियमात् ते शीघ्रं यान्ति निर्वाणम् ॥६६॥

* ગાથાર્થ :

શાશ્વતા મોક્ષસુખને આપનાર અને અદ્‌ભૂત એવા સમ્યક્ત્વ ગુણના રહસ્યને સિદ્ધસેનસૂરિએ શાસ્ત્ર રાશિમાંથી ઉદ્ધૃત કરીને 'સમ્યક્ત્વ રહસ્ય' એવા નામ વડે ભવ્ય જીવો માટે પ્રકાશિત કર્યું છે. જેઓ તેનું પાલન કરે છે. તેઓ શીઘ્ર નિર્વાણને પામે છે. ॥૬૫-૬૬॥

* **'बोधिपताका' वृत्तिः :**

इईति । 'सिद्धसेण सूरीहिं' शास्त्रज्ञ - गीतार्थैः सिद्धसेनसूरिभिः । 'समयाओ उद्धरिअं' शास्त्रराशिभ्यः समुद्धृतन्न तु नवरचितम्मतिकल्पनाविलासमात्रम्, एवमत्रोक्तानामागम वचन - पूर्वधरवचनत्वेन परमम्प्रामाण्यं संसिद्धम् । 'सासय सिवसुक्खसाहगं' मोक्ष एव परमसुखं शाश्वतकालीनन्तत्प्रापकमेतद् । 'रम्मं' भवसिद्धिकानाम्मनोहरम् । 'इइ सम्मत्त-रहस्सं' अत्र ग्रथिता सम्यग्दर्शनगुणस्य प्रतिपत्तिः । 'सम्मत्तरहस्स नामेणं' 'सम्मक्त्वरहस्य' मिति ग्रन्थनामाऽभियोज्य । 'भव्वाणंकहियं' भव्येभ्य उपदिष्टम् ।

'ते सिग्घं नियमा निव्वाणं जंति' एते तु नियमेन तूर्णमेव निर्वाणं - भवान्तस्वरूपं सम्पद्यते,

यदुक्तं सम्यक्त्वसप्तत्याम्भगवद्भिर्हरिभद्राऽऽचार्यैः,

**'सुद्धम्मि दंसणम्मि करपल्लवसंठिओ मुक्खो'**

के पुनरेते ? 'जे इणं पालंति' ये मुमुक्षव उपदिष्टं सम्यक्त्वमाराधयन्ति ।।६५-६६।।

*** ટીકાનો ભાવાર્થ :**

આ ઉપદેશ પૂર્વાચાર્ય શ્રી સિદ્ધસેનસૂરિ મહારાજે આપ્યો છે. જેઓ શાસ્ત્રવેદી હતાં અને ગીતાર્થ હતા. આ મહાપુરુષે શાસ્ત્રરાશિમાંથી જુદી-જુદી ગાથાઓને ઉદ્ધૃત કરીને આ ગ્રંથ રચ્યો છે. એથી આ ગ્રંથમાં અપાયેલી મોટા ભાગની ગાથાઓ આગમવચન છે કે પછી પૂર્વધરની વાણી છે અને તેથી જ આ ગ્રંથની પ્રામાણિકતા નિઃશંક પૂરવાર થઇ રહી છે. અહીં મતિકલ્પનાઓને કોઇ સ્થાન નથી.

અહીં એવા સમ્યક્ત્વ ગુણનું રહસ્ય કહેવાયું છે જે શાશ્વતકાલીન મોક્ષ સુખની પ્રાપ્તિ કરાવનારું છે તેમજ આસન્ન ભવ્ય જીવોના મનને રંજિત કરનારું છે. આ પ્રકારના સમ્યક્ત્વના રહસ્યનું 'સમ્યક્ત્વ રહસ્ય પ્રકરણ' એવું નામકરણ કરીને ભવ્ય જીવોને તેનો ઉપદેશ અપાયો છે. જેઓ આ સમ્યક્ત્વ ગુણનું સુંદર આરાધન કરે છે તે મુમુક્ષુઓ વિના વિલંબે સંસારના અંત સ્વરૂપ નિર્વાણપદને પામે છે.

सम्यक्त्वसप्तति ગ્રંથમાં પૂ. પૂર્વાચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજે પણ કહ્યું છે કે—

**'सुद्धम्मि दंसणम्मि करपल्लवसंठिओ मुक्खो'**

સારાર્થ : સમ્યક્ત્વની નિર્મળતા થાય એટલે મોક્ષ તો જાણે હથેળીમાં આવી પહોંચે છે.

✡ ✦ ✡

*** प्रशस्तिः :**

[उपजातिः]

यातेन गच्छस्य तपोऽभिधस्य, संविग्न निर्ग्रन्थ परम्परायाम् ।

उदाहृताऽसौ हितवर्धनेन बोधेर्विलासं विदधीत वृत्तिः ।।

સારાર્થ : તપાગચ્છની સંવેગી પરંપરામાં આવેલાં મુનિ હિતવર્ધન વિજયે રચેલી આ 'बोधिपताका' વૃત્તિ સમ્યગ્દર્શનનાં વિલાસને ફેલાવો ! ।।

✡ ✦ ✡

## પરિશિષ્ટ-૧

# સાક્ષી પાઠોની સૂચિ

| સંદર્ભ ગ્રંથનું નામ | સાક્ષી પાઠોના આદિ પદ | પ્રસ્તુત ગ્રંથનો ગાથા નંબર | ગુજરાતી ભાવાનુવાદમાં પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| उपदेशमाला | (१) पडिरूओ तेअस्सी xx | २ | ३३ |
| | (२) अपरिस्सावी सोमो xx | २ | ३३ |
| पञ्चवस्तुक प्रकरण | (१) पव्वज्जा जोग्ग गुणेहिं xx | २ | ३३ |
| | (२) सम्मं अहीअ सुत्तो xx | २ | ३४ |
| | (३) सत्त हिअरओ xx | २ | ३४ |
| | (४) तह पवयणत्थवत्ता xx | २ | ३४ |
| | (५) जिणवयणमेव तत्तं xx | ५ | ५६ |
| | (६) सम्मं अन्नाय गुणो xx | ५ | ५६ |
| गुरूतत्त्वविनिश्चय | (१) ववहारं जाणंतो xx | २ | ३४ |
| उत्तराध्ययन सूत्र | (१) कुसग्गे जह ओस xx | ३ | ३७ |
| | (२) भूअत्थेणाहिगया xx | ७ | ७४ |
| | (३) जो जिणदिट्ठे भावे xx | ७ | ७४ |
| | (४) एए चेव उ भावे xx | ७ | ७४ |
| | (५) रागो दोसो मोहो xx | ७ | ७५ |
| | (६) जो सुत्तमहिज्जंतो xx | ७ | ७५ |
| | (७) एगेण अणेगाइं xx | ७ | ७५ |
| | (८) सो होइ xx | ७ | ७६ |
| | (९) दव्वाणं सव्वभावा xx | ७ | ७६ |
| | (१०) दंसण नाण चरित्ते xx | ७ | ७६ |
| | (११) अणभिग्गहीअ xx | ७ | ७७ |
| | (१२) जो अत्थिकायधम्मं xx | ७ | ७७ |

| સંદર્ભ ગ્રંથનું નામ | સાક્ષી પાઠોના આદિ પદ | પ્રસ્તુત ગ્રંથનો ગાથા નંબર | ગુજરાતી ભાવાનુવાદમાં પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| सम्बोधप्रकरण | (१) अंतमुहुत्तेण वि कोइ xx | ४ | ४४ |
| | (२) भव्वो वाऽभव्वो वा xx | ४ | ४८ |
| | (३) दव्वसुयस्स लाहो xx | ४ | ४८ |
| | (४) एवं भव्वाणं चिय xx | ४ | ४८ |
| | (५) गंठित्ति सुदुब्भेओ xx | ४ | ४९ |
| | (६) उवसमसम्मदिट्ठी xx | ६ | ६६ |
| | (७) पुव्वमपुव्वकरणेणं xx | ६ | ६८ |
| | (८) मिच्छत्तं जमुइण्णं xx | ६ | ६९ |
| | (९) मिच्छत्तं तत्थदुहा xx | ११ | ९३ |
| | (१०) भव्वाण भिन्नगंठीण xx | ११ | ९४ |
| | (११) एगंतिय संसइय xx | ११ | ९७ |
| | (१२) अह अट्ठममिच्छत्तं xx | ११ | ९८ |
| | (१३) सामाइयं चउध्धा xx | ५७ | १६३ |
| | (१४) तिण्हं सहसपुहुत्तं xx | ५७ | १६३ |
| | (१५) तिण्हमसंखसहस्सा xx | ५७ | १६३ |
| बृहत् कल्प-भाष्य | (१) गिरिसरियपत्थरेहिं xx | ४ | ४५ |
| | (२) जा गंठि ता पढमं xx | ४ | ५० |
| | (३) उवसम्मा पडमाणत्तो xx | ६ | ६७ |
| | (४) आसादेउं व गुलं xx | ६ | ६७ |
| | (५) जो चरम पोग्गले xx | ६ | ७० |
| | (६) दंसणमोहे खीणे xx | ६ | ७० |
| धर्मविधिप्रकरण | (१) मिच्छत्तमोहएगूण xx | ४ | ४६ |
| | (२) एवं गिरिसिरि० xx | ४ | ४६ |
| | (३) तत्तो अपुव्वविरिय xx | ४ | ४९ |

| સંદર્ભ ગ્રંથનું નામ | સાક્ષી પાઠોના આદિ પદ | પ્રસ્તુત ગ્રંથનો ગાથા નંબર | ગુજરાતી ભાવાનુવાદમાં પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| विशेषावश्यकभाष्य-वृत्ति | (१) कार्मग्रन्थिकास्त्विदमेव xx | ४ | ५२ |
| | (२) अनादिमिथ्यादृष्टि xx | ४ | ५४ |
| वृहत् कल्प भाष्य-वृत्ति | (१) कोद्रवदृष्टान्तेन xx | ४ | ५४ |
| उपदेशप्रासाद | (१) सम्यक्त्वञ्चैकधा जीवः xx | ६ | ६३ |
| तत्त्वार्थाधिगम सूत्र | (१) तत्त्वार्थ श्रद्धानं xx | ६ | ६३ |
| सिरि सिरिवालकहा | (१) सव्वन्नुपणीयागम xx | ६ | ६३ |
| नवतत्त्वप्रकरण | (१) सव्वाइं जिणेसर भासियाइं xx | ६ | ६४ |
| सम्यक्त्वस्तवप्रकरण | (१) निच्छयओ सम्मत्तं xx | ६ | ६४ |
| योगशास्त्र | (१) रूचिर्जिनोक्ततत्त्वेषु xx | ६ | ६५ |
| | (२) अदेवे देवबुद्धिर्या xx | ११ | ९३ |
| त्रिषष्टिशलाकापुरुषचरित्र | (१) सम्यग्दर्शनमेतच्च xx | ६ | ७१ |
| | (२) तत्र श्रुतोक्ततत्त्वेषु xx | ६ | ७१ |
| | (३) दीपकन्तद् xx | ६ | ७१ |
| सम्यक्त्वसप्तति | (१) दंसणमिहसम्मत्तं xx | ६ | ६५ |
| | (२) भाविज्जमूलभूयं xx | १० | ८५ |
| | (३) देइ लहु मुक्खफलं xx | १० | ८५ |
| | (४) नंदइ वयपासाओ xx | १० | ८५ |
| | (५) सम्मत्तमहाधरणी xx | १० | ८५ |
| | (६) सुध्धम्मि दंसणम्मि xx | ६६ | १७९ |
| प्रवचन सारोद्धार | (१) खइयाई सासायण xx | ६ | ६५ |
| | (२) वेययसंजुत्तं xx | ६ | ६५ |

| સંદર્ભ ગ્રંથનું નામ | સાક્ષી પાઠોના આદિ પદ | પ્રસ્તુત ગ્રંથનો ગાથા નંબર | ગુજરાતી ભાવાનુવાદમાં પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| विशेषावश्यकभाष्य | (१) उवसमसेढिगयस्स xx | ६ | ६६ |
| | (२) खीणम्मि उइण्णम्मि xx | ६ | ६६ |
| भक्तपरिज्ञा पइण्णयं | (१) दंसणभट्ठो भट्ठो xx | ८ | ७९ |
| | (२) दंसणभट्ठो भट्ठो xx | ९ | ८१ |
| अध्यात्मउपनिषद् | (१) क्षायोपशमिके भावे xx | ९ | ८१ |
| षोडशकप्रकरण | (१) वचनाराधनया खलु xx | १० | ८४ |
| उपदेशकल्पवल्लि | (१) मिथ्यात्वं वस्तु xx | ११ | ९२ |
| नवपदप्रकरण | (१) मइभेया पूव्वुग्गह xx | ११ | ९५ |
| | (२) अभिग्गहियमणाभिग० xx | ११ | ९७ |
| सम्यक्त्वप्रकरण-वृत्ति | (१) लोका जिनमतबहिर्वर्तिनः xx | ११ | ९५ |
| स्थानाङ्गसूत्र | (१) दसविधं मिच्छत्ते पन्नत्ता xx | ११ | ९९ |
| मिथ्यात्वशल्यसज्झाय | (१) धम्मे अधम्म अधम्मे xx | ११ | ९९ |
| | (२) अभिग्रहिक निज xx | ११ | ९९ |
| | (३) लोक लोकोत्तर भेदे xx | ११ | १०० |
| | (४) एम एकवीशमिथ्यात्व xx | ११ | १०० |
| हितोपदेशमाला | (१) मिच्छत्त पडल संच्छन्न xx | १२ | १०२ |
| | (२) ता मिच्छ पडिच्छंद xx | १२ | १०२ |
| | (३) दढधम्मारायरता xx | ५५ | १६० |
| | (४) अखुद्दा य अकिंविणो xx | ५५ | १६० |
| | (५) धम्म पडिकूलकुलगण xx | ५५ | १६० |
| अष्टकप्रकरण | (१) यस्तु शासनमालिन्ये xx | १८ | ११४ |
| ज्ञानसार प्रकरण | (१) कर्मणां तापनात् xx | ३७ तः ४० | १३६ |

| સંદર્ભ ગ્રંથનું નામ | સાક્ષી પાઠોના આદિ પદ | પ્રસ્તુત ગ્રંથનો ગાથા નંબર | ગુજરાતી ભાવાનુવાદમાં પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| रत्नसञ्चयप्रकरण | (१) विस-वेसानर-विसहर xx | २२ | १२० |
| | (२) लब्भइ सुर सामित्तं xx | ४३ | १४३ |
| | (३) जह गिरिवराण मेरू xx | ६२ | १७४ |
| योगशास्त्र-स्वोपज्ञवृत्ति | (१) यम-प्रशमजीवातु xx | ३७ थी ४० | १३४ |
| | (२) ज्ञानचारित्रहीनोऽपि xx | ६२ | १७४ |
| अध्यात्मसार | (१) कनीनिकेव नेत्रस्य xx | ३७ थी ४० | १०६ |
| | (२) सम्यक्त्वसहिता एव xx | ४४ थी ५१ | १५० |
| दर्शनशुद्धिप्रकरण | (१) एगविह दुविह तिविहं xx | ३७ थी ४० | १३५ |
| | (२) कुणमाणो वि निविर्त्ति xx | ४४ थी ५१ | १४९ |
| | (३) भासामइ-बुद्धि xx | ५५ | १६० |
| | (४) जिणगुरुसुयभत्तिरओ xx | ५५ | १६० |
| भगवतीआराधना (दि.ग्रं.) | (१) णगरस्स जह दुवारं xx | ३७ थी ४० | १३५ |
| | (२) सम्मत्तस्स य लंभो xx | ४२ | १४१ |
| ज्ञानार्णव (दि.ग्रं.) | (१) सद्दर्शनमहारत्नं xx | ३७ थी ४० | १३६ |
| | (२) सुलभमिहसमस्तं xx | ४१ | १४० |
| सम्यक्त्वकौमुदी | (१) सम्यक्त्वरत्नान्न xx | ३७ थी ४० | १३८ |
| विवेकमञ्जरी | (१) रक्खेज्जसु जीव ! तुमं xx | ४३ | १४४ |
| | (२) आमयकारि विसायं xx | ६४ | १७७ |
| प्रज्ञापनासूत्र | (१) जस्स पुण मिच्छादंसण xx | ४४ थी ५१ | १४९ |
| उपदेशपद | (१) णाणस्स होइ भागी xx | ४४ थी ५१ | १५० |
| अध्यात्मसार-वृत्ति | (१) सम्यग्दर्शनहीनो० xx | ४४ थी ५१ | १५० |
| ओघनिर्युक्ति | (१) नाणं व दंसणं वा xx | ४४ थी ५१ | १५१ |
| आदिपुराण (दि.ग्रं.) | (१) चारित्रं दर्शनज्ञान xx | ४४ थी ५१ | १५१ |

| સંદર્ભ ગ્રંથનું નામ | સાક્ષી પાઠોના આદિ પદ | પ્રસ્તુત ગ્રંથનો ગાથા નંબર | ગુજરાતી ભાવાનુવાદમાં પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| दर्शनप्राभृत | (१) दंसणमूलो धम्मो xx | ૪૪ થી ૫૧ | १५१ |
| रयणसार (दि.ग्रं.) | (१) सम्मं विणा सण्णाणं xx | ५२ | १५३ |
| | (२) किं बहुणा भो ! xx | ५७ | १६४ |
| योगशतक | (१) सण्णाणं वत्थुगओ xx | ५२ | १५३ |
| सूयगडांगसूत्र | (१) जे याऽबुध्धा xx | ५३ | १५५ |
| | (२) जे य बुध्धा xx | ५३ | १५५ |
| रत्नकरण्ड (दि.ग्रं.) | (१) न सम्यक्त्वसमं किञ्चित् xx | ५४ | १५७ |
| मनुस्मृति (हिन्दुग्रंथ) | (१) सम्यग्दर्शनसम्पन्नः xx | ५७ | १६५ |
| उत्तराध्ययन-निर्युक्ति | (१) सम्मदिट्ठिजीवो xx | ५८ | १६६ |
| धवला (दि.ग्रं.) | (१) दंसण अत्तागम xx | ५८ | १६६ |
| पुष्पमाला प्रकरण | (१) अरिहं देवो गुरुणो xx | ५९ | १६८ |
| | (२) अंतोमुहुत्तमित्तंपि xx | ५९ | १६९ |
| गच्छाचार पयन्ना | (१) जइ वि न सक्का xx | ५९ | १६८ |
| | (२) ओसन्नो वि विहारे xx | ५९ | १६८ |
| पञ्चसङ्ग्रह | (१) तइय चउत्थे तम्मि व xx | ५९ | १६९ |
| आउरपञ्चक्खाणपयन्ना | (१) मिच्छद्दंसणरता xx | ६१ | १७१ |
| | (२) सम्मद्दंसणरता xx | ६१ | १७१ |
| उपदेशरहस्य | (१) साहाविअं खलु सुहं xx | ६१ | १७२ |
| उपदेशरहस्य-स्वोपज्ञवृत्ति | (१) न चैतदाभ्यन्तर सुखं xx | ६१ | १७२ |
| प्रतिमाशतक-वृत्ति | (१) अत्र देवानां ज्योति० xx | ६३ | १७५ |
| सारसमुच्चय (दि.ग्रं.) | (१) वरं नरकवासोऽपि xx | ६४ | १७७ |


## પરિશિષ્ટ-૨

# સંદર્ભ ગ્રંથો અને ગ્રંથકારોની સૂચિ

| સંદર્ભ ગ્રંથનું નામ | | ગ્રંથકારશ્રી |
|---|---|---|
| ✦ ઉપદેશમાલા | :- | અવધિજ્ઞાની પૂ. ધર્મદાસગણી |
| ✦ પંચવસ્તુક પ્રકરણ | :- | પૂ.આ.દે.શ્રી હરિભદ્ર સૂ.મ. |
| ✦ ગુરુતત્ત્વ વિનિશ્ચય | :- | મહોપાધ્યાય પૂ. યશો વિ.મ. |
| ✦ ઉત્તરાધ્યયન સૂત્ર | :- | પૂર્વધરાદિ સ્થવિર મુનિઓ |
| ✦ સંબોધ પ્રકરણ | :- | પૂ.આ.દે.શ્રી હરિભદ્ર સૂ.મ. |
| ✦ બૃહત્ કલ્પ-ભાષ્ય | :- | પૂર્વધર આ. સંઘદાસગણી ક્ષમાશ્રમણ |
| ✦ ધર્મવિધિ પ્રકરણ | :- | પૂ.આ.શ્રી શ્રીપ્રભ સૂ.મ. |
| ✦ વિશેષાવશ્યકભાષ્ય-વૃત્તિ | :- | પૂ.આ.શ્રી કોટિ સૂ.મ. |
| ✦ બૃહત્ કલ્પ ભાષ્ય-વૃત્તિ | :- | પૂ.આ.શ્રી મલયગિરિ સૂ.મ. |
| ✦ ઉપદેશપ્રાસાદ | :- | પૂ.આ.શ્રી લક્ષ્મી સૂ.મ. |
| ✦ તત્ત્વાર્થ સૂત્ર | :- | પૂર્વધર આ.શ્રી ઉમાસ્વાતિ સૂ.મ. |
| ✦ સિરિ સિરિવાલ કહા | :- | પૂ.આ.દે.શ્રી રત્નશેખર સૂ.મ.. |
| ✦ નવતત્ત્વ પ્રકરણ | :- | પૂ.આ.શ્રી ભાવદેવ સૂ.મ. |
| ✦ સમ્યક્ત્વ સ્તવ પ્રકરણ | :- | પૂ. ન્યાયસાગરજી મ. |
| ✦ યોગશાસ્ત્ર | :- | કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય |
| ✦ ત્રિષષ્ટિ શ.પુ. ચરિત્ર | :- | કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય |
| ✦ સમ્યક્ત્વ સપ્તતિ | :- | પૂ.આ.શ્રી હરિભદ્ર સૂ.મ. |
| ✦ પ્રવચન સારોદ્ધાર | :- | પૂ.આ.શ્રી નેમિચન્દ્ર સૂ.મ. |
| ✦ વિશેષાવશ્યક ભાષ્ય | :- | પૂ.આ.શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણ |
| ✦ ભક્તપરિજ્ઞા સૂત્ર | :- | પૂ.આ.શ્રી વીરભદ્રગણી ક્ષમાશ્રમણ |
| ✦ અધ્યાત્મ ઉપનિષદ્ | :- | મહોપાધ્યાય પૂ. યશો વિ.મ. |
| ✦ ષોડશક પ્રકરણ | :- | પૂ.આ.શ્રી હરિભદ્ર સૂ.મ. |
| ✦ ઉપદેશકલ્પવલ્લિ | :- | પૂ. ઈન્દ્રહંસગણી |
| ✦ નવપદ પ્રકરણ | :- | પૂ.આ.શ્રી દેવગુપ્ત સૂ.મ. |
| ✦ સમ્યક્ત્વ પ્રકરણ-વૃત્તિ | :- | પૂ.આ.શ્રી તિલક સૂ.મ. |
| ✦ સ્થાનાંગ સૂત્ર | :- | પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામી |
| ✦ મિથ્યાત્વ શલ્યની સજ્ઝાય | :- | પૂ. મહોપાધ્યાય યશો વિ.મ. |

- હિતોપદેશમાલા :- પૂ.આ.શ્રી પ્રભાચન્દ્ર સૂ.મ.
- અષ્ટક પ્રકરણ :- પૂ.આ.શ્રી હરિભદ્ર સૂ.મ.
- રત્નસંચય પ્રકરણ :- પૂ.આ.શ્રી હર્ષ સૂ.મ.
- યોગશાસ્ત્ર-સ્વોપજ્ઞવૃત્તિ :- કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય
- અધ્યાત્મસાર :- મહોપાધ્યાય પૂ. યશો વિ.મ.
- દર્શનશુદ્ધિ પ્રકરણ :- પૂ.આ.શ્રી ચન્દ્રપ્રભસૂ.મ.
- ભગવતીઆરાધના (દિ.ગ્રં.) :- દિગંબરાચાર્ય શિવકોટી
- જ્ઞાનાર્ણવ (દિ.ગ્રં.) :- દિગંબરાચાર્ય શુભચન્દ્ર
- સમ્યક્ત્વ કૌમુદી :- પૂ. જિનહર્ષગણી
- જ્ઞાનસાર :- પૂ. મહો૦ યશો વિ.મ.
- વિવેકમંજરી :- મહાકવિ આયડ
- પ્રજ્ઞાપના સૂત્ર :- પૂ. પૂર્વધર આ. શ્યામ સૂ.મ.
- ઉપદેશપદ :- પૂ.આ.શ્રી હરિભદ્ર સૂ.મ.
- અધ્યાત્મસાર-વૃત્તિ :- પૂ. ગંભીરવિજયગણી
- ઓઘ નિર્યુક્તિ :- પૂ. શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુ સૂ.મ.
- આદિપુરાણ (દિ.ગ્રં.) :- દિગંબરાચાર્ય જિનસેન
- યોગશતક :- પૂ.આ.શ્રી હરિભદ્ર સૂ.મ.
- રયણસાર (દિ.ગ્રં.) :- દિગંબરાચાર્ય કુંદકુંદ
- દર્શનપ્રાભૃત :- —
- સૂયગડાંગસૂત્ર :- પૂ. પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામી
- રત્નકરંડ (દિ.ગ્રં.) :- દિગંબરાચાર્ય સામંતભદ્ર
- મનુસ્મૃતિ (હિન્દુગ્રંથ) :- મનુઋષિ
- ઉત્તરાધ્યયન-નિર્યુક્તિ :- પૂ. શ્રુતકેવલી ભદ્રબાહુ સૂ.મ.
- ધવલા (દિ.ગ્રં.) :- દિગંબરાચાર્ય પુષ્પદન્ત ભૂતબલિ
- પુષ્પમાલા પ્રકરણ :- મલધારી પૂ. હેમચન્દ્ર સૂ.મ.
- ગચ્છાચાર પયન્ના :- શ્રુતકેવલી પૂર્વાચાર્યો
- પંચ સંગ્રહ :- ચંદ્રમહત્તરાચાર્ય (પૂર્વધર)
- આઉર પચ્ચક્ખાણ પયન્ના :- પૂ. પૂર્વધર આ. વીરભદ્રગણી ક્ષમાશ્રમણ
- ઉપદેશ રહસ્ય :- મહો૦ પૂ. યશો વિ.મ.
- ઉપદેશ રહસ્ય-સ્વોપજ્ઞવૃત્તિ :- મહો૦ પૂ. યશો વિ.મ.
- પ્રતિમા શતક-વૃત્તિ :- પૂ. ગંભીરવિજયગણી
- સાર સમુચ્ચય (દિ.ગ્રં.) :- દિગંબરાચાર્ય કુલભદ્ર

✡ ✦ ✡


'તત્ત્વરુચિ' ટીકા અને ભાવાનુવાદ દ્વારા સમલંકૃત
ગૂર્જરેશ્વર કુમારપાળ પ્રણીત
આત્મનિંદા દ્વાત્રિંશિકા
-: ટીકા રચના :-
પૂ. મુનિરાજ શ્રી હિતવર્ધનવિજયજી મહારાજ

# અભિપ્રાય પત્રો

શ્રા.વ.૧૦, દિલ્લી

आत्मनिन्दाद्वात्रिंशिका નું સુંદર નજરાણું હમણાં જ મળ્યું. પ્રભુશાસનને તમારાં તરફથી આવું સુંદર નજરાણું મળ્યું છે એ બદલ તો આનંદ અનુભવાય જ છે પરંતુ પ્રત્યેક શ્લોક પર 'तत्त्वरूचि' ટીકા તમે લખી છે એ બદલ વિશેષ આનંદ અનુભવાય છે.

- રત્નસુંદરસૂરિ

✡ ✦ ✡

ભા.સુ.૧૦, વાપી

તમારા દ્વારા રચિત 'तत्त्वरूचि' ટીકા અને ભાવાનુવાદ દ્વારા સમલંકૃત 'આત્મનિન્દાદ્વાત્રિંશિકા' મળેલ છે. વિશેષ અનુમોદનીય છે. વિવિધ ટીકારચનાની પ્રવૃત્તિમાં આગળ વધો એ જ અભિલાષા.

- આ. કુલચંદ્રસૂરિ

✡ ✦ ✡

૧-૧૦-૨૦૦૮, મુંબઇ

તમારી રચેલી સંસ્કૃત ટીકા સાથેનું 'આત્મનિંદા દ્વાત્રિંશિકા' પુસ્તક મળ્યું. વાંચીને ખૂબ-ખૂબ આનંદ થયો છે. સંસ્કૃત ભાષામાં ટીકા રચીને જે મંગલ શરુઆત કરી છે તેને આગળ વધારો અને 'રત્નાકર પચ્ચીશી' જેવી બે-ત્રણ કૃતિઓ પર ટીકાની રચના કરો તો તે એક અતીવ ઉપયોગી કૃતિઓ બનશે.

- રત્નભૂષણસૂરિ

✡ ✦ ✡

કોઇમ્બતૂર, આસો સુદ-૫

आत्मनिन्दाद्वात्रिंशिका ગ્રંથ મળ્યો.

સંસ્કૃત વૃત્તિ દ્વારા એક નવતર ક્ષેત્રે પદાર્પણ કર્યું. ખૂબ આનંદ. ટાઇટલ નં.-૪ નું લખાણ અંદરનું લખાણ વાંચવા પ્રેરે તેવું છે. હાલ તો ઉપધાનસ્થળે જવાની પૂર્વ તૈયારીમાં વ્યસ્તતા વશ 'तत्त्वरूचि' નો અભ્યાસ નથી થઇ શક્યો પરંતુ અનુકૂળતાએ તેનું વાંચન કરવાની ઇચ્છા છે.

- મોક્ષરતિવિજય

- તત્ત્વદર્શનવિજય

✡ ✦ ✡

આસો વદ-૫, પૂના

રાજર્ષિ કુમારપાળ રચિત સાધારણ જિન સ્તવના (આત્મનિંદા દ્વાત્રિંશિકા) મળી. મન પુલકિત બન્યું. કેવળ પ્રવચન, પ્રસંગ અને પ્રચારના આ યુગમાં પ્રાચીન મહાપુરુષોના અંતરંગ ભાવોને ટીકા દ્વારા અભિવ્યક્ત કરી શાશ્વતીમાં સ્થાન આપવાનો પ્રયાસ અભિનંદનને પાત્ર છે.

તમારી રચનાથી શાસનને સમુદાયને અને તમારી ગુરુપરંપરાને ગૌરવ પ્રાપ્ત થયું છે. તમારી સશક્ત કલમે નિત નવી રચના થતી રહે એ જ મંગલ કામના.

- વૈરાગ્યરતિવિજય

✡ ✦ ✡

શ્રા.વ.૫, ગાંધીનગર

ગ્રંથ મળ્યો. તત્ત્વરૂચિ ટીકા રચવા બદલ અભિનંદન ! અભ્યાસીઓને વિશેષ ઉપયોગી બનશે.

- આ. મુનિચન્દ્રસૂરિ

✡ ✦ ✡

૨૨-૧૦-૦૮, ઉદયપુર

'આત્મનિંદા દ્વાત્રિંશિકા' મળી. સટીક વાંચી. ઘણો આનંદ થયો. આજના કાળમાં આવા પુસ્તકોની ખાસ જરુર છે. આ પુસ્તક વાંચીને જે કોઇ આત્મનિંદા કરશે તેનું અવશ્ય આત્મકલ્યાણ થશે.

- મુનિરત્નત્રયવિજય

✡ ✦ ✡

गूर्जरेश्वर - जीवदयाप्रतिपालक - परमार्हतकुमारपालमहाराजप्रणीता आत्मनिन्दाद्वात्रिंशिका तस्याश्च टीका दृष्टे पठिते च। हर्षोजातः ।

प्रायः विषयस्यैतस्योपरि टीकेयं प्रथमा स्यादिति मतिर्मे । भवतः प्रयासोऽयं प्रशंसनीयोऽस्ति । ग्रन्थोऽयं संस्कृतपाठिनां बालादिजीवानामुपकारकोभूयादिति कामयेऽहम् ।

- लि. : हरेशस्य नतिततयः

पादलिप्तपुरात् (પાલીતાણા), आश्विन शु. प्रतिपदा २०६४

✡ ✦ ✡

લગભગ ૯૦૦ વર્ષ પૂર્વે થઇ ગયેલાં કુમારપાળ ભૂપાળના નામ, કામ આજે પણ ભૂંસાયાં નથી, રાજવી તરીકે એમણે સંસ્કૃતમાં સર્જેલી સ્તવના 'आत्मनिन्दा द्वात्रिंशिका' ભાવિકોને દુષ્કૃતગર્હા - આત્મનિંદા કરવા માટે અદ્‌ભુત આલંબન પુરું પાડે છે. આની ઉપર પહેલ વહેલી 'तत्त्वरूचि' નામક સંસ્કૃત ટીકાનું સર્જન પૂ. વિદ્વાનમુનિશ્રી દ્વારા થવા પામ્યું છે અને ગુજરાતી ભાવાનુવાદ સાથે તેનું પ્રકાશન થયું છે.

સંસ્કૃત ભાષામાં ટીકા-વૃત્તિ આદિની રચનાનો પ્રવાહ આજે લુપ્તપ્રાયઃ જેવો જ બની ગયો છે ત્યારે આ પ્રકાશન આ ક્ષેત્રે આશાસ્પદ ભાવિના એંધાણ સમું બની રહે તેમ છે. પરમાત્માની ભક્તિના અને આત્માની આલોચનાના જે અદ્‌ભુત ભાવો અહિં ભર્યા છે એમાં ભીંજાઇ જવા જેવું છે. આવું ભાવસ્નાન કરવા માટે આ પ્રકાશનં ખૂબ ઉપયોગી - ઉપકારક નીવડશે એમ નિઃશંક કહી શકાય.

સ્વચ્છ, સુઘડ, શુદ્ધ મુદ્રણ અને આકર્ષક ગેટ અપની દૃષ્ટિએ પણ પ્રસ્તુત પુસ્તક અનોખું તરી આવે છે.

**- 'કલ્યાણ' માસિક**

**સપ્ટેમ્બર-૨૦૦૮, ભાદ્રપદ, વિ.સં. ૨૦૬૪**

✡ ✦ ✡

'આત્મનિંદા દ્વાત્રિંશિકા' પુસ્તક મળ્યું. એકી બેઠકે જોઇ ગયો. ખૂબ જ ગમ્યું. આનંદ થયો. આ ગ્રંથ ઉપર પહેલ વહેલી ટીકા બની છે તેથી વધુ આદર મળશે. ૩૨ શ્લોકો ઉપર જેમ ટીકા લખી છે તેવી રીતે ચિંતનાત્મક વિવેચન પણ થાય તો સોનામાં સુગંધ...

**- પંન્યાસ રવિરત્નવિજયની વંદના (ડહેલાવાળા)**

✡ ✦ ✡

આત્મનિંદા બત્રીશી ઉપર લખેલ 'તત્ત્વરુચિ' ટીકાનું પુસ્તક મળ્યું. થોડું વાંચતા કલ્પના થઇ કે તમારા ભવ્યપુરુષાર્થ દ્વારા આ નિર્માણ પામેલ છે. ખૂબ-ખૂબ અનુમોદના.

**- ગણી નયભદ્રવિજયની અનુવંદના**

✡ ✦ ✡

# પૂ. મુનિરાજશ્રી
## દ્વારા સર્જિત સાહિત્ય

*** લિખિત :**

- સિદ્ધાંતોના ધનુર્ધારી ........ અપ્રાપ્ય
- નહિ જોઇએ, ૨૬૦૦ની રાષ્ટ્રીય ઉજવણી ........ અપ્રાપ્ય
- ૬ માસથી અધિક ઉપવાસ જૈન શાસનને માન્ય ખરાં ? ........ અપ્રાપ્ય
- ૨૬૦૦નું ઝેરીલું આક્રમણ ........ અપ્રાપ્ય
- મારી બાર પ્રતિજ્ઞાઓ (ત્રણ આવૃત્તિ) (શ્રાવકના ૧૨ વ્રતની ટૂંકી અને સરળ સમજ) .... રૂ. ૧૦/-
- હાંકી કાઢો, ગિરનાર રોપ-વેને ........ અપ્રાપ્ય
- સીમંધર સ્વામીની ભાવયાત્રા (ત્રણ આવૃત્તિ) ........ રૂ. ૧૦/-
- ભાવાચાર્ય વંદના (બે આવૃત્તિ) ........ રૂ. ૫/-
- જપો નામ, સૂરિરામ ........ રૂ. ૬૦/-
- શ્રદ્ધાંજલિ ........ સાદર...
- સમેતશિખરની ભાવયાત્રા ........ રૂ. ૧૫/-
- નૂતન અરિહંત વંદનાવલી ........ રૂ. ૫/-
- પૂર્વ પુરુષોની અંતિમ આરાધના ........ સાદર...
- કેટલાંક પૂર્વજન્મો ........ સાદર...
- અષ્ટાપદતીર્થની ભાવયાત્રા ........ રૂ. ૧૦/-
- કેટલાંક પૂર્વજન્મો-૨ ........ રૂ. ૨૫/-
- કેટલાંક પૂર્વજન્મો-૩ ........ સાદર...

*** પ્રાચીન ગ્રંથ + નૂતન ટીકા :**

- आत्मनिंदाद्वात्रिंशिका + तत्वरुचि टीका + અન્વય + શબ્દાર્થ + ભાવાર્થ
- रत्नाकरपञ्चविंशतिका + मङ्गलमाला टीका + અન્વય + શબ્દાર્થ + ભાવાર્થ
- सम्यक्त्वरहस्यप्रकरणम् + बोधिपताका टीका + સટીકગૂર્જરાનુવાદ

*** અનુવાદિત :**

- તપા-ખરતર ભેદ ........ રૂ. ૫૦/-

*** સંપાદિત :**

- સ્તુતિનંદિની ........ રૂ. ૬૫/-
- ગાયું, માનતુંગ સૂરિએ... ........ અપ્રાપ્ય
- धन्यचरित्रम् (ગદ્ય) પ્રત ........ રૂ. ૧૦૦/-
- कादम्बरी - ૧ અને ૨ (સંસ્કૃત વોલ્યુમ) ........ રૂ. ૩૬૫/-
- શોભન સ્તુતિ (અન્વય-અનુવાદ સાથે) ........ રૂ. ૨૦૦/-
- शोभनस्तुति-वृत्तिमाला ખંડ-૧ અને ૨ (૫ ટીકા + ૧ અવચૂરિ સહિત) ........ રૂ. ૪૦૦/-

*** સૂચના :**

પ્રાપ્ય પુસ્તકો / ગ્રંથો પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને તેમજ જ્ઞાનભંડારને ભેટ આપવામાં આવે છે. જેમને ખપ હોય તેમણે એક P.C. કુસુમ-અમૃત ટ્રસ્ટ, વાપીના સરનામે લખી પુસ્તક મંગાવી લેવા.

મિથ્યામતિના મંદિર–મઠ વિગેરે સ્થાનોમાં જનારો શ્રાવક કુલિંગિઓ અને તેમના અનુયાયીઓનું મિથ્યાત્વ વધારી દે છે. તેમના બોધિબીજની હત્યા કરે છે.

– सम्यक्त्वरहस्यप्रकरणम् – ૧૭ મી ગાથા

શ્રાવકે મિથ્યાત્વીના મંદિર વિગેરે સ્થાનોમાં ગમનાગમન શરુ કર્યું એથી મિથ્યાત્વીઓનો મિથ્યાભિનિવેશ વધ્યો. એ વધ્યો એટલે તેમનું ભાવમિથ્યાત્વ વધ્યું. ભાવમિથ્યાત્વ વધ્યું એટલે ભાવપ્રાણોની હિંસાની પરંપરા શરુ થઇ ગઇ. ભાવપ્રાણોની હિંસાની પરંપરા પ્રવર્તી એટલે બોધિબીજની હત્યાની પરંપરા પ્રવર્તી. ભાવપ્રાણોની હત્યા અને બોધિબીજની હત્યા અપેક્ષાએ એક છે, જુદાં નથી. આ રીતે આ શ્રાવકને તેમના બોધિબીજની હત્યાનો દોષ લાગ્યો. સમ્યક્ત્વ ભાવપ્રાણોના સામૂહિકકરણ સમાન છે. મિથ્યાત્વ ભાવપ્રાણોની સામૂહિક હિંસા સમાન છે.

– 'बोधिपताका' टीका (૧૭મી ગાથાના વિવરણમાં)

Tejas Printers
AHMEDABAD M. 98253 47620